દેશ-પરદેશની
# આજકાલ
રાજકોટ, જામનગર, ભાવનગર, પોરબંદર અને અમદાવાદથી એક સાથે પ્રગટ થતું એક માત્ર દૈનિક
આજકાલ 24th YEARS OF SUCCESS
Dhanraj Group
શહેર આવૃત્તિ
પાના-૧૪
મંગળવાર-રાજકોટ
Dt. 02.07.2024
અંક : ૨૦૧ ▸ વર્ષ - ૨૮ ▸ જેઠ વદ - ૧૧ ▸ સં. : ૨૦૮૦ ▸ કિંમત રૂા. ૪.૦૦ ▸ ફોન : ૦૨૮૧-૨૪૮૧૫૫૭-૫૮ ▸ RNI No. 66361/97 ▸ Postal Reg. No. 541/2019-2021 POST AT RMS RAJKOT www.aajkaaldaily.com dgaajkaal@gmail.com

જીતુભાઈ અદાણી મસાલા વાળાની પસંદ
અપ્પુ ચણાદાળ
દયાલ દાલ-રાજકોટ

# સાગઠિયાની ઓફિસમાંથી ૩ કરોડ રોકડા, ૨૨ કિલો સોનું ઝબ્બે

## એસીબીની ટીમે આરોપી સાગઠિયાને સાથે રાખી સીલ કરાયેલી ટવીન ટાવરની ઓફિસ ખોલીઃ ઈન્કમટેકસ પણ હવે ઝંપલાવશે

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના આરોપી રાજકોટ મહાનગરપાલિકાના સસ્પેન્ડેડ પુર્વ ટીપીઓ મનસુખ સાગઠીયાના એક પછી એક કાળાચીઠ્ઠા ખુલ્લી રહ્યા છે. ૧૧ કરોડ જેવી બેનામી સંપતિના આરોપી સાગઠીયાની સીલ કરાયેલી ખાનગી ઓફિસ એસીબી દ્વારા ખોલવામાં આવતા તિજોરીમાંથી ૩.૨૫ કરોડથી

(અનુ. ૧૧મા પાને)





તસવીર : દર્શન ભટ્ટી

### સાગઠિયાના હાથે જ ફિંગર લોક ખોલાવાયું

પુર્વ ટીપીઓ સાગઠીયાએ ઓફિસના દસ્તાવેજમાં કરામત કરાવી હતી. દસ્તાવેજ પોતાના નાના ભાઈના નામનો કરાવ્યો હતો અને ત્યાર બાદ પાવર ઓફ એટર્નીની પોતાના નામની લઈ માલીકી હકક લીધા હતા. જે તે સમયે તપાસ દરમિયાન ટવીન ટાવરની ઓફિસ સીલ કરાવાઈ હતી. અંદર રહેલી તોતીંગ તિજોરી ફિંગર પ્રિન્ટથી ખુલતી હોવાથી ગઈકાલે જેલમાંથી કબજો લેવાયા બાદ સાગઠીયાના હાથે જ તેના ફિંગરથી તિજોરી ખોલવામાં આવી હતી.

### બિસ્કિટ-ઘરેણાંનો ઢગલો

નાના રૂમ જેવડી તિજોરી ખોલતા જ અંદર સોનાના બિસ્કીટ અને ઘરેણાનો ઢગલો મળી આવ્યો હતો. ગણતરી કરવા માટે આ બધી વસ્તુઓ બહાર કાઢીને ગોઠવતા ગોલ્ડનો આ પથારો (ઢગલો) જોઈને હાજર સૌ કોઈ ચકિત થઈ ગયા હતા. સોનાના મોટા શોરૂમમાં હોય તેટલા ઘરેણા અને બિસ્કીટ આ તિજોરીમાં સંગ્રહ કરાયેલા હતા.

### પૈસા ગણવા મશીનો મગાવવા પડયા

એસીબીની ટીમ સાગઠીયા તેમજ સરકારી પંચો, સોની વેલ્યુઅર સાથે ટવીન ટાવરમાં ગઈકાલે સાંજે પહોંચી હતી. તિજોરી ખુલતા જ રૂપિયાનો ઢગલો મળ્યો હતો. નાણા ગણવા માટે કાઉન્ટીંગ મશીન પોલીસે મગાવવા પડ્યા હતા. ૫૦૦ના બંડલોના ઓફિસમાં ઢગલા કરાયા હતા. આવી જ રીતે અલગ અલગ ઘાટના સ્ત્રી-પુરૂષના સોનાના ઘરેણા તેમજ સોનાના બિસ્કીટો અને ચાંદીના ઘરેણા કે પાટ પણ હોવાનું જાણવા મળી રહ્યું છે. સત્તાવાર રીતે હજુ કંઈ જાહેર થયું નથી.

# બાર્બાડોસમાં ફસાઈ ગયેલી ટીમ ઈન્ડિયા આજે રાતે નીકળી શકશે

## સમગ્ર વિસ્તારમાં કર્ફ્યુ જેવો માહોલઃ આગામી કલાકોમાં બધું શાંત થશે તો તમામ સુવિધાઓ ફરી શરૂ થશે

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

વર્લ્ડ ચેમ્પિયન બન્યા બાદ ટીમ ઈન્ડિયા તોફાનના કારણે બાર્બાડોસમાં અટવાઈ ગઈ હતી. સમગ્ર વિસ્તારમાં કર્ફ્યુ જેવો માહોલ હતો અને એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યા હતા. જેના કારણે આખી ટીમને હોટલમાં જ રોકાવું પડ્યું હતું. તાજેતરના અહેવાલો અનુસાર, બાર્બાડોસમાંથી હરિકેન બેરીલ તોફાન પસાર થઈ ગયું છે અને તેની વધુ અસર જોવા મળી નથી. હવે તોફાનની અસર ધીરે ધીરે પૂર્ણ થઈ રહી છે. જો આગામી કેટલાક કલાકોમાં બધું શાંત થઈ જશે તો એરપોર્ટ સહિતની તમામ સુવિધાઓ ફરી શરૂ થઈ જશે. ત્યારબાદ રોહિત શર્મા સાથે સમગ્ર ટીમ સાથે ભારત માટે રવાના થઈ શકે છે.



ભારતીય ટીમ ઉપરાંત વેસ્ટ ઈન્ડિઝના પ્રવાસે ગયેલા ઘણા વિદેશી અને ભારતીય પત્રકારો પણ બાર્બાડોસમાં અટવાઈ ગયા છે. તેણે સોશિયલ મીડિયા પર જણાવ્યું છે કે હાલમાં ટીમ ઈન્ડિયા અને બીસીસીઆઈ સેક્રેટરી જય શાહ તેમની હોટલમાં રોકાયા

(અનુ. ૧૧મા પાને)

'આજકાલ'ને
જન્મદિવસની શુભેચ્છા...



Central ®
સેન્ટ્રલ
પ્રદિપભાઈ ગજજર
સેન્ટ્રલ એન્જીનીયરીંગ કોર્પોરેશન
સેન્ટ્રલ એન્જીનીયરીંગ એકસપોર્ટ
ન્યુ એડ્રેસ : ચૈતન્ય ઈન્ડસ્ટ્રીયલ એરીયા, પ્લોટ નં. ૪, ગંગા ફોર્જીંગ એરીયા, ગંગા ગેટ, તા. કોટડા સાંગાણી, જી. રાજકોટ. મું. શાપર-૩૬૦૦૨૬
જુનું એડ્રેસ : ભક્તિનગર સ્ટેશન મેઈન રોડ, શેરી નં. ૪ કોર્નર, રાજકોટ-૩૬૦૦૦૨

# ધર્માંતરણ સભાઓ પર પ્રતિબંધ મુકો નહીં તો બહુમતી વસ્તી લઘુમતીમાં હશે

## અલ્હાબાદ હાઈકોર્ટની મોટા પાયે થઈ રહેલા ધર્મ પરિવર્તન પર કડક ટિપ્પણી, અદાલતે ખાસ નોંધ્યું કે બંધારણ ધર્મના પ્રચારની સ્વતંત્રતા આપે છે, ધર્મ બદલવાની મંજૂરી નહીં

આજકાલ પ્રતિનિધિ
પ્રયાગરાજ

અલ્હાબાદ હાઈકોર્ટે ધર્મ પરિવર્તન પર મોટી ટિપ્પણી કરી છે. ધર્માંતરણ કેસમાં અરજદારની જામીન અરજી પર સુનાવણી કરતી વખતે કોર્ટે મામલાને ગંભીર ગણાવ્યો હતો. કોર્ટે કહ્યું કે યુપીમાં ધાર્મિક કાર્યક્રમો દ્વારા નિર્દોષ ગરીબ લોકોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે અને તેમને ખ્રિસ્તી બનાવવામાં આવી રહ્યા છે. આરોપની ગંભીરતાને ધ્યાનમાં લઈને અરજદારને જામીન પર છોડવામાં ન આવે તેવું જણાવાયું હતું.

અલ્હાબાદ હાઈકોર્ટે ધર્મ પરિવર્તન કેસના વલણ પર ગંભીર ટિપ્પણી કરી છે. હાઈકોર્ટનું કહેવું છે કે જો ધાર્મિક મેળાવડાઓમાં ધર્મ પરિવર્તનનો સિલસિલો ચાલુ રહેશે તો એક દિવસ ભારતની બહુમતી વસ્તી લઘુમતી બની જશે.કોર્ટે કહ્યું કે ધર્મ પરિવર્તન કરાવતા ધાર્મિક મેળાવડા પર તાત્કાલિક પ્રતિબંધ મુકવો જોઈએ. કોર્ટે કહ્યું કે આવી ઘટનાઓ બંધારણના અનુચ્છેદ ૨૫ દ્વારા આપવામાં આવેલા ધાર્મિક સ્વતંત્રતાના અધિકારની વિરુદ્ધ છે.બંધારણની આ કલમ કોઈપણ વ્યક્તિને તેના ધર્મનું પાલન, પૂજા અને પ્રચાર કરવાની સ્વતંત્રતા આપે છે. ધર્મનો પ્રચાર કરવાની સ્વતંત્રતા કોઈને પણ ધર્મ પરિવર્તન કરવાની મંજૂરી આપતી નથી.ખ્રિસ્તીઓનું બળજબરીથી ધર્માંતરણ કરવામાં આવી રહ્યું છે.

અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલે હિંદુઓને ખ્રિસ્તી બનાવવાના આરોપી મૌદ્દહા, હમીરપુરના કૈલાશની જામીન અરજી ફગાવી દીધી હતી. રામકલી પ્રજાપતિએ

(અનુ. ૧૧મા પાને)




*Since 2021. | #in terms of capacity.

**Disclaimer: Bansal Wire Industries Limited** is proposing, subject to, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offer of its Equity Shares and has filed the DRHP dated January 18, 2024 with SEBI on January 19, 2024 and the RHP dated June 27, 2024 with the RoC, Delhi and Haryana at New Delhi. The RHP is available on the website of the Company at www.bansalwire.com, SEBI at www.sebi.gov.in, as well as on the websites of the BRLMs, i.e. www.sbicaps.com and www.damcapital.in and the websites of National Stock Exchange of India Limited and BSE Limited at www.nseindia.com and www.bseindia.com, respectively. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see "Risk Factors" of the RHP, on page 34. Potential investors should not rely on the DRHP for making any investment decision but can only rely on the information included in the Red Herring Prospectus.
This announcement does not constitute an offer of Equity Shares for sale in any jurisdiction, including the United States, and the Equity Shares offered in the Issue may not be offered or sold in the United States absent registration under the U.S. Securities Act of 1933 or an exemption from registration. Any public offering of the Equity Shares to be made in the United States will be made by means of a prospectus that may be obtained from the Company and that will contain detailed information about the Company and management, as well as financial statements. However, the Equity Shares offered in the Issue are not being offered or sold in the United States.

BANSAL
www.bansalwire.com
Adfactors

# અદાણી કેસમાં હિંડનબર્ગને શો કોઝ નોટિસ કોટક બેંકની પણ સંડોવણી હોવાનું દેખાયું

## રિસર્ચ ફર્મે સેબી પર જ લાગાવ્યો આરોપઃ છેતરપિંડી કરનારાઓને બચાવી રહ્યું હોવાનો દાવો

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

સેબીએ અદાણીના સામ્રાજ્યને હચમચાવી નાખનાર અમેરિકન શોર્ટ સેલર કંપની હિંડનબર્ગ રિસર્ચને ૪૬ પાનાની કારણદર્શક નોટિસ મોકલી છે. આ અંગે, કંપનીએ સેબી પર જ આરોપ લાગાવ્યો છે કે, તે છેતરપિંડી કરનારાઓને બચાવી રહ્યું છે. જાન્યુઆરી ૨૦૨૩માં હિંડનબર્ગે અદાણી ગ્રૂપ વિરુદ્ધ સ્ટોકમાં હેરાફેરીથી લઈને મની લોન્ડરિંગ સુધીના આરોપો લગાવ્યા હતા. આ રિપોર્ટ બાદ અદાણીને ઘણું નુકશાન વેઠવું પડ્યું છે, જે બાદ હવે હિંડનબર્ગને આ મામલે શો કોઝ નોટિસ આપવામાં આવી છે.

હિન્ડેનબર્ગે ખુલાસો કર્યો હતો કે સેબીએ તેમને ગયા વર્ષે અદાણી ગ્રૂપ સામેના તેમના રિપોર્ટ પરના શંકાસ્પદ ઉલ્લંઘનનો ખુલાસો કરતો પત્ર મોકલ્યો હતો. હિન્ડેનબર્ગે એમ પણ જણાવ્યું હતું કે કોટક બેંક ફર્મે ઓફશોર ફંડ સ્ટ્રક્ચર બનાવ્યું હતું અને તેનું નિરીક્ષણ કર્યું હતું કે તેના ઈન્વેસ્ટર પાર્ટનર્સ ગ્રૂપ સામે દાવ

(અનુ. ૧૧મા પાને)

લેડીઝ નર્સીંગ સ્ટાફ જોઈએ છે
હરસ, ભગંદર, ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
ડૉ. વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ-૧
૯૩૭૪૧ ૦૪૭૨૭, ૯૮૨૪૦ ૬૬૩૨૧
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

### જસદણના નાની લાખાવડમાં આધેડની હત્યામાં પુત્ર પણ આરોપી

# પુત્રએ પિતાને પકડયા, પત્નીએ ધારીયા, હથોડીના ઘા મારી હત્યા કરી

## પરસ્ત્રી સાથેના સંબંધોને લઈ ઝઘડો થયા બાદ લોહિયાળ ખેલ ખેલાયો: હત્યા કરી પત્ની જ પોલીસને જાણ કરવા ગઈ, પુત્ર રાજકોટ ભાગી ગયો હતો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

જસદણ તાલુકાના નાની લાખાવડ ગામે કોળી આધેડની પત્નીએ ધારીયા અને હથોડીના ઘા ઝીંકી હત્યા કર્યાના બનાવથી ચકચાર મચી જવા પામી છે. હત્યાના આ બનાવમાં પોલીસ તપાસમાં આધેડને પરસ્ત્રી સાથેના સંબંધને લઈ પત્ની સાથે ઝઘડો થયા બાદ પુત્ર સમજાવવા જતા આ આધેડે તેની સાથે પણ ઝઘડો કર્યો હતો. દરમિયાન પુત્રે ઉશ્કેરાઈ જઈ પિતાને પકડી રાખ્યા હતા. બાદમાં પત્નીએ ધારીયા અને હથોડીના ઘા મારી હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. હત્યા કર્યા બાદ પત્ની જ પોતાના પતિની હત્યા થયાની પોલીસને જાણ કરવા ગઈ હતી. જ્યારે પુત્ર ડરના લીધે રાજકોટ ભાગી ગયો હતો. આ મામલે


મૃતક વલ્લભભાઈ બાવળીયા

પોલીસે મૃતકના ભાઈની ફરિયાદ પરથી બંને સામે ગુનો નોંધી બંનેની ધરપકડ કરી રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે.

હત્યાના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, જસદણના નાની


આરોપી ભાનુબેન બાવળીયા

લાખાવડ ગામે રહેતા વલ્લભભાઈ અરજણભાઈ બાવળીયા (ઉ.વ ૪૮) નામના કોળી આધેડની ગઈકાલે રાત્રિના ઘરે ખાટલામાં પત્ની ભાનુ વલ્લભભાઈ બાવળીયા અને પુત્ર જયેશ બંનેએ મળી હત્યા કરી હતી.

આ બનાવ અંગે મૃતકના મોટાભાઈ વસંત અરજણભાઈ બાવળીયા દ્વારા જસદણ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પોતાના ભાભી ભાનુબેન અને ભત્રીજા જયેશના નામ આપ્યા છે. વસંતભાઈ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ચાર ભાઈ છે જેમાં વલ્લભભાઈ વચેટ હતા તેને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે.

ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, ગઈકાલે સવારના સાતેક વાગ્યા આસપાસ તેઓ ઘરે હતા ત્યારે વલ્લભના પુત્ર જયેશના સસરા લાખાભાઈએ ઘરે આવીને વાત કરી હતી કે વલ્લભ તેની પત્ની ભાનુ અને પુત્ર જયેશ રાત્રિના ઝઘડો કરી રહ્યા હતા. જેથી વસંતભાઈ વલ્લભના ઘરે ગયા હતા અહીં જઈ જોતા વલ્લભ ખાટલા પર લોહીલુહાણ હાલતમાં ઉંધા માથે સુતેલ હોય અને માથા પર કાપા પડી ગયા હોય તેનું મોત થયું હોવાનું માલુમ પડ્યું હતું.

દરમિયાન ભત્રીજાએ વાત કરી હતી કે, રાત્રિના એકાદ વાગ્યા આસપાસ મારા મમ્મીને પપ્પાને કોઈ અન્ય મહિલા સાથે આડા સંબંધની ઘણા સમયથી શંકા હોય જેથી આ બાબતે અવારનવાર ઝઘડો કરતા હતા અને આજે પણ ફરી બંને વચ્ચે ઝઘડો થતાં હું રૂમમાં ગયો હતો અને બંનેને ઝઘડો નહીં કરવાનું કહેતા મારા પપ્પાએ મારી સાથે બોલાચાલી કરી હતી જેથી મને ગુસ્સો આવતા મેં મારા પપ્પાના હાથથી પકડી રાખ્યા હતા અને મારી મમ્મીને મારવાનું કહેતા તે રૂમમાંથી ધારીયુ લઈને આવી હતી અને ધારીયાના ઘા માથામાં મારી દીધા હતા બાદમાં હથોડી લઈ આવી હથોડીના ઘા માર્યા હતા જેથી મારા પિતાનું મોત થયું હતું. બાદમાં ડરી જઈ હું અને મારી પત્ની બાઈકમાં મારા સસરાના ઘરે રાજકોટ ગયા હતા. ત્યારબાદ અહીં પાછો આવ્યો છું. જ્યારે બીજી તરફ મૃતકની પત્ની ભાનુ ખુદ પોલીસને જાણ કરવા પોલીસ સ્ટેશન ગઈ હતી. આ અંગે મૃતકના ભાઈની ફરિયાદ પરથી પોલીસે મૃતકની પત્ની ભાનુ બાવળીયા અને તેના પુત્ર જયેશ બાવળીયા બંને સામે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી બંનેની ધરપકડ કરી હતી તેમજ આજરોજ બંને આરોપીઓને રિમાન્ડ માંગણી સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. બનાવ અંગે વધુ તપાસ જસદણ પોલીસ મથકના પી.આઈ ટી.બી. જાની ચલાવી રહ્યા છે.

## આવતીકાલનું રાશી ભવિષ્ય

**મેષ (અ.લ.ઈ.)**
ભાગીદારો સાથે ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખજો. ધાર્મિક કાર્યનું આયોજન સફળ થાય.

**વૃષભ (બ.વ.ઉ.)**
થોડા હળવાશમાં રહેવાની સલાહ છે. નોકરીમાં સ્થીરતા રાખજો. મિલકતના પ્રશ્નોમાં ઉતાવળ ન કરવી.

**મિથુન (ક.છ.ઘ.)**
નોકરીમાં થોડી અગવડતાનો સામનો રહેવાનો. સાંજ પછીનો સમય અનુકુળતાવાળો જોવા મળે. રાજકીય લાભ રહે.

**કર્ક (ડ.હ.)**
ભૌતિક સુખ સગવડતાઓ વધવાની છે. નવી ઓળખાણ થાય. સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થવાનો.

**સિંહ (મ.ટ.)**
સબંધો ગાઢ બનાવવાની ઈચ્છા ફળવાની. મિલકતના પ્રશ્નોમાં ધીરજ રાખજો. કર્જ ન કરવું. પ્રવાસ થાય.

**કન્યા (પ.ઠ.ણ.)**
તમોને લોકો સમજી શકતા નથી તેવો અહેસાસ થવાનો. હરીફો ઉપર વર્ચસ્વ વધવાનું લગ્નની ઈચ્છા ફળવાની.

**તુલા (ર.ત.)**
વિદેશ વસતા મિત્ર તરફથી આર્થિક લાભ રહે. કાનુની પ્રશ્નોમાં સમાધાન વૃત્તિ અપનાવો. મિલકતથી લાભ.

**વૃશ્ચિક (ન.ય.)**
લકઝરી ચીજ વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે. મિત્રો સાથે નાણાકીય બાબતોમાં સર્તકતા રાખવી. પ્રવાસ થાય.

**ધન (ભ.ધ.ઢ.ફ.)**
સીઝનલ ધંધામાં અનુકુળતા રહે. લગ્નજીવનમાં ગેર સમજો ટાળજો. નવા સંબંધો બાબત ઉતાવળ ન કરવી.

**મકર (ખ.જ.)**
નોકરીમાં ચીવટ રાખજો. શેર સટ્ટામાં જાળવજો. વિદેશ સાથેના બીઝનેસમાં સફળતા મળવાની. પ્રવાસ થાય.

**કુંભ (ગ.સ.શ.ષ.)**
અનુભવોનો લાભ મેળવશો. લખાણ દસ્તાવેજોના કાર્યોમાં સફળતા રહે. સંગીત કલાક્ષેત્રે ખેચાણ રહે.

**મીન (દ.ચ.ઝ.થ.)**
મહત્વના નિર્ણયો લેવા પડે. ધાર્મિક કાર્યમાં સફળતા. ભાઈ-બહેનો સાથે પ્રવાસનું આયોજન થાય.

### ગોચરના ગ્રહો

| | | | |
|---|---|---|---|
| સૂર્ય-મિથુન | મંગળ-મેષ | રાહુ-મીન | કેતુ-કન્યા |
| બુધ-કર્ક | ગુરૂ-વૃષભ | હર્ષલ-વૃષભ | પ્લુટો-મકર |
| શુક્ર-મિથુન | શનિ-કુંભ | નેપચ્યુન-મીન | ચંદ્ર-વૃષભ |

### તારીખીયું

તા.૦૩-૦૭-૨૦૨૪ વાર ★ બુધવાર
તિથિ જેઠ વદ-૧૨, સૂર્યોદય ૬-૦૮
સૂર્યાસ્ત ૭-૩૩, જૈન નવકારશી ૬-૫૬

બાળકોની રાશિ: વૃષભ

## શિક્ષણ, સ્કીલ ડેવલપમેન્ટ થકી વિકાસમાં યોગદાન આપતું અદાણી ફાઉન્ડેશન



આજકાલ કાર્યાલય
રાજકોટ

વિકસીત ભારતનીયાત્રામાં સકારાત્મક પરિવર્તનમાટેઅદાણી ફાઉન્ડેશન આશાના દેશના ૧૯ રાજયોમાં ૬,૭૬૯ ગામડાંઓના ૯૧ લાખ લોકોનાજીવનમાંહકારાત્મક બદલાવ દ્વારા સમાજીક જવાબદારીનું ઉદાહરણ પુરું પાડ્યું છે.જનસામાન્યના સશક્તિકરણની પ્રત્યેક કહાની સામાજીક વિકાસની અનોખી યાત્રા છે. શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને હેલ્થકેર ક્ષેત્રમાં અદાણી ફાઉન્ડેશને કાર્યો કરી આગવી ઓળખ ઉભી કરી છે.

અદાણી ફાઉન્ડેશનની ૩૫ શાળાઓમાં ૧.૫ લાખ વિદ્યાર્થીઓએ ઉચ્ચ ગુણવત્તાવાળું, મૂલ્ય આધારિત શિક્ષણ પ્રાપ્ત કર્યુંછે.અદાણી કૌશલ્ય વિકાસ કેન્દ્ર ઓપરેશનલ ફૂટપ્રિન્ટમાં બિહાર અને આસામના ઉમેરા સાથે એક નોંધપાત્ર સીમાચિહ્ન પર પહોંચ્યું છે.દેશના ૧૫ રાજ્યોમાં સક્ષમ કેન્દ્રોની કુલ સંખ્યા ૪૦+ પહોંચી ગઈ છે.'અદાણી કૌશલ્ય વિકાસ કેન્દ્ર' દ્વારા ૧.૬૯ લાખ યુવાઓ કારગત કૌશલ્યો સાથે સક્ષમ બન્યા છે.

### સ્વામિનારાયણ સંસ્થાને વધુ એક નોટિસ

# મોરબી: ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા ૨૪ કલાકનું અલ્ટીમેટમ

## અગાઉ ૨ નોટિસ છતાં સ્વામિનારાયણ સંસ્થાએ દાદ નથી આપી તો હવે શું વધુ એક નોટિસથી સંસ્થા નમતું જોખશે? મોટો સવાલ સાથે ભારે ચર્ચા

આજકાલ પ્રતિનિધિ
મોરબી

મોરબીના મચ્છુ નદીના પટમાં સ્વામીનારાયણ સંસ્થા દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવી રહ્યું હોય જે મામલે અગાઉ તંત્રએ ૨-૨ નોટીસ આપ્યા છતાં સંસ્થા મચક આપતી નથી અને બાંધકામ જેમનું તેમ જોવા મળી રહ્યું છે તો બહાદુર તંત્ર એ વધુ એક નોટીસ આપી ૨૪ કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે પરંતુ સવાલ એ છે કે અગાઉ ૨ નોટીસ છતાં બાંધકામ ના હટાવનાર સંસ્થાના સંચાલકો આ નોટીસથી માનશે ખરા ?મોરબીના મચ્છુ નદીના પટમાં સ્વામીનારાયણ સંસ્થા દ્વારા ગેરકાયદે બાંધકામ મામલે નગરપાલિકા તંત્ર દ્વારા વધુ એક નોટીસ આપવામાં આવી છે જેમાં સ્વામીનારાયણ મંદિરના વહીવટકર્તા, ભરતભાઈ બોપ્લીયા, નરેન્દ્રભાઈ વડાવીયા, અતુલ ઘોડાસરા, હરેશકુમાર વામજા, પ્રવીણભાઈ કકાસણીયા, જીતેશનજી ચારોલા, રમેશભાઈ પાંચોટિયા, દિનેશચંદ્ર નાયગપરા, વિઠ્ઠલભાઈ ગોધાણી, મનહરલાલ ફેફર અને અરવિંદ ભાઈ જીવાણી એમ ૧૨ આસામીઓને નોટીસ ફટકારી છે જેમાં જણાવ્યું છે કે મોરબી નગરપાલિકાની કોઈ બાંધકામ મંજુરી કે પ્લાન મંજુર કરાવેલ હોય તો તે રજુ કરવા જાણ કરવામાં આવેલ છતાં તમે રજુ કરેલ ના હોય અને પુન: ન્યાયના હિતમાં સ્થળ પર પાલિકાની કોઈ જ પ્રકારની પૂર્વ મંજુરી સિવાય કરવામાં આવેલ ગેરકાયદેસરનું બિન અધિકૃત બાંધકામ દુર કરવા પુરતો સમય આપી અને ગેરકાયદેસર બાંધકામ દુર કરવા તક આપવામા આવી હતી

ગેરકાયદેસર બાંધકામ દુર કરવા જાણ કરાયેલ અને કલેકટરને પત્ર સંદર્ભે હાલની વરસાદની સ્થિતિને ધ્યાને લઈને અને મોરબીના લોકોના જીવનું જોખમ ઉભું ના થાય તે માટે તમને તાત્કાલિક ગેરકાયદે બાંધકામ દુર કરવા જાણ કરવામાં આવી હતી પરંતુ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવેલ દરેક નોટીસોની કોઈ જ દરકાર કર્યા સિવાય નાના પિલરનું દબાણ દુર કરવા નાના મશીનથી કામગીરી શરુ કરી અને તમારા દ્વારા ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની પ્રક્રિયા કરો છો તેવું બતાવવા માટે આ કાર્ય તમે કરી રહ્યા છો

અધિકૃત પ્રતિનિધિ દ્વારા મીડિયાના માધ્યમથી એવી બાહેંધરી આપવામાં આવી હતી કે પ્રશાસન જે નિર્ણય કરે તે અમને સંપૂર્ણપણે માન્ય છે તેમાં કોઈ પ્રશ્ન નથી.

## ડો.શ્યામાપ્રસાદ બલિદાન દિવસ અંતર્ગત યુવા ભાજપ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

આજકાલ કાર્યાલય
રાજકોટ

પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ ડો.પ્રશાંતભાઈ કોરાટના માર્ગદર્શન હેઠળ ગુજરાતભરમાં ભાજપ યુવા મોરચા ધ્વારા ડો.શ્યામાપ્રસાદ મુખરજી બલિદાન દિવસ નિમિતે રક્તદાન કેમ્પનુ આયોજન કરવામાં આવેલ હોય, બલિદાન સપ્તાહ અંતર્ગત તાજેતરમાં શહેરના નવ વોર્ડમાં રક્તદાન કેમ્પ પૂર્ણ કરવામાં આવ્યા હતા. આ રક્તદાન કેમ્પો થકી બહોળી સંખ્યામાં રક્ત એકત્ર કરવામાં આવેલ. આ તકે યુવા મોરચાના પ્રમુખ કિશન ટિલવાની આગેવાનીમાં વોર્ડ નં. ૩, ૪, ૮, ૯, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૭માં રકતદાન કેમ્પ યોજાયેલ આ રકતદાન કેમ્પમાં દીપપ્રાગટય કરી રક્તદાન શરૂ કરાવેલ હતું. આ તકે રાજકોટ સાંસદ



પરશોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, શહેર યુવા ભાજપ મોરચાના પ્રમુખ કિશન ટીલવા સહિત બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# ઉનાનાં લામધાર ગામે નાના ભાઈએ મોટા ભાઈની ધોળા દિવસે હત્યા કરી

## બન્ને ભાઈઓ દારૂનાં બંધાણી હોવાથી અવારનવાર ઝઘડતા હોવાનો પરિવારનો સુર

આજકાલ પ્રતિનિધિ
ઉના

ઊનાનાં લામધાર ગામે પાણીનાં ટાંકા નજીક ધોળા દિવસે બે સગાં ભાઈઓ વચ્ચે ખુનની હોળી ખેલાતા સગાં મોટાં ભાઈને નાનાં ભાઈએ બોથડ પદાર્થ વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધાની ઘટના બનતાં પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે તેમજ હોસ્પિટલ ખાતે પહોંચી તપાસ ધમધમતી કરી હતી.



લામધાર ગામે રહેતા અને ખેત મજૂરી કરી ગુજરાન ચલાવતાં વશરામભાઇ લાખાભાઇ શિંગડ ઉવ ૬૫ની લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવતાં પોલીસ પહોંચી હતી અને તપાસ કરતાં મરનારની પત્નિ અને પુત્ર દ્વારા વશરામભાઈની હત્યા બોથડ પર્દાથ મારી મરનારનાં નાના ભાઈ રાજુભાઈ લાખાભાઈ શિંગડે કરી હોવાની પોલીસ સમક્ષ ફરીયાદ કરતાં રાજુ શિંગડની પોલીસ શોધખોળ શરૂ કરી હતી.

બંને ભાઈઓ સાથે જમતાં ઊઠતા'તા'ને આવો બનાવ બન્યો. આમતો મૃતકનાં પાંચ ભાઈઓ હોય બધાં સંયુકત એક બીજા સાથે હળીમળીને રહે છે પરંતુ વશરામભાઈ અને રાજુભાઈ બન્ને દારૂની ટેવ ધરાવતા હતાં તેનાંથી પરીવારનાં સભ્ય અલગરહેતાં હોય બન્ને ભાઈઓ પણ અસર પરસ એક બીજા સાથે જમતાં ઊઠતાં અને દારૂ પણ સાથે પીતા નાની મોટી બોલાચાલી પણ કરતાં પરંતુ પરીવારનાં સભ્યો સમજાવટ કરી દેતાં હતાં.

હત્યાની ઘટના બનતાં પીઆઈ એમ. એન. રાણા બનાવ સ્થળે સ્ટાફ સાથે પહોંચી હત્યા કરી નાશી છુટેલા રાજુ શિંગડને ગણતરીની કલાકોમાં પકડી લઈ વધુ તપાસ હાથ ધરી છે. આમ, હત્યાનો બનાવ બનતા પોલીસ કાંફલો સ્થળ પર દોડી ગયો હતો અને જીણવટભરી તપાસ હાથ ધરી હતી. અને આરોપીની પુછપરછ શરૂ કરી હતી.

શુક્રવારે હત્યારા રાજુના પુત્રનાં લગ્ન થયા'તા ઊના હોસ્પિટલમાં મૃતક વસરામભાઈ શિગડનાં પત્નિ તેમજ હત્યારા નાં પત્નિ પુત્ર અને પરિવારજનો એક સાથે દુઃખદ ઘટનામાં શોકમય વાતાવરણ વચ્ચે એક બીજાનાં પુરક સાથી મદદ કરતાં હતાં અને ખરેખર આ બન્ને ભાઈ વચ્ચેની બાબત પોલીસ મીડિયા સમક્ષ વર્ણવી હતી અને રાજુ શિગડનાં જુલ્મ સામે પોલીસ ફરીયાદનોંધાવી હતી. શુક્રવારે જ વરરાજા બનેલાં પુત્ર લાલજીભાઈ પોતાનાં પિતાએ મોટાં બાપાની હત્યા કર્યાનું જાણતાં પોલીસને સાથે રહીં તપાસ માં સહયોગ કરીને આરોપીની શોધખોળ કરવા મદદરૂપ બન્યો હતા.

## લેક્ચરર બન્યા ડિજિટલ અરેસ્ટનો શિકાર સાયબર ઠગોએ રૂા.૧૪ લાખ પડાવી લીધા

### મુંબઈ કસ્ટમ ડિપાર્ટમેન્ટ અને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ તરીકે પોતાની ઓળખાણ આપી લેક્ચરર અને તેની પત્ની પર ખોટા આરોપ લગાવી છ દિવસ સુધી સતત ઓનલાઈન રહેવા દબાણ કર્યું

આજકાલ પ્રતિનિધિ
જૂનાગઢ

જૂનાગઢના એક કોલેજ લેક્ચરર ડિજિટલ અરેસ્ટનો શિકાર બન્યા હતા. તેના પર આંતરરાષ્ટ્રીય ડ્રગ હેરફેરનો આરોપ લગાવી અધિકારીના વેશમાં સાયબર ઠગોએ ૧૪ લાખ રૂપિયાની છેતરપીંડી કરી છે. મુંબઈ કસ્ટમ ડિપાર્ટમેન્ટ અને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ તરીકે પોતાની ઓળખાણ આપી છેતરપિંડી કરનારાઓએ પીડિત અમિતાભ મપદારને વીડિયો કોલિંગ એપ ઝૂમ પર લાઈવ રહીને પોતાને અને તેની પત્નીને છ દિવસ સુધી તેમના ઘરમાં બંધ રહેવા દબાણ કર્યું હતું.

જૂનાગઢની સરકારી આયુર્વેદિક કોલેજમાં છેલ્લાં પાંચ વર્ષથી લેક્ચરર તરીકે ફરજ બજાવતા મપદારને ૧ જૂનના રોજ એક અજાણ્યા વ્યક્તિનો ફોન આવ્યો કે જેણે પોતાની ઓળખ કુરિયર્સની તપાસના ચાર્જમાં કસ્ટમ અધિકારી તરીકે આપી હતી.

તેણે મપદારને જણાવ્યું હતું કે તેના આધાર કાર્ડનો ઉપયોગ કરીને એક પાર્સલ મુંબઈથી તાઈવાન મોકલવામાં આવ્યું હતું અને તેમાં ડ્રગ્સ સાથે ક્રેડિટ કાર્ડ, રૂ. ૩૫,૦૦૦ રોકડા અને ચાર કિલો કપડા હતા. જ્યારે મેપદારે કોઈપણ કુરિયર મોકલવાનો ઈનકાર કર્યો, ત્યારે ફોન કરનારે તેને અન્ય વ્યક્તિ સાથે જોડ્યો જેણે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીનો ઢોંગ કર્યો હતો અને તેને કહ્યું હતું કે ડ્રગ્સની તપાસ શરૂ થયા પછી તેણે ૯૦ દિવસ જેલમાં પસાર કરવા પડશે.

જ્યારે મપદાર ડરી ગયો, ત્યારે ફોન કરનારે તેને જો તપાસમાં સહકાર આપે તો ૯૦ દિવસ જેલની સજા હળવી કરવાની ઓફર કરી. ત્યારબાદ કોલ કરનારે મપદાર અને તેની પત્નીને છ દિવસ સુધી સતત ઓનલાઈન રહેવા દબાણ કર્યું. લેક્ચરરને સ્કાયપ એપ ડાઉનલોડ કરવા અને ઓળખનો પુરાવો આપવા માટે સૂચના આપવામાં આવી હતી. મપદારે પોલીસને જણાવ્યું કે તે નિર્દોષ હોવાથી અને તપાસમાં સહકાર આપવા તૈયાર હોવાથી તેણે તેનું પાલન કર્યું. સ્કાયપ પર જે વ્યક્તિનો ચહેરો દેખાતો ન હતો તેણે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચનું નકલી આઈડી બતાવ્યું અને મેપદારને કહ્યું કે કર્ણાટક અને ગોવામાં તેના આધાર કાર્ડનો ઉપયોગ કરીને ઘણા બેંક ખાતા ખોલવામાં આવ્યા હતા અને તેમની પાસેથી ગેરકાયદેસર રીતે વિદેશમાં પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

કોલ કરનારે તેમને આરબીઆઈ દ્વારા વેરિફિકેશન માટે આઈસીઆઈસીઆઈ એકાઉન્ટમાં તમામ ફંડ ટ્રાન્સફર કરવાનું કહ્યું હતું. ત્યારબાદ મપદારે તેના મ્યુચ્યુઅલ ફંડ્સ અને શેરબજારના રોકાણોને ફડચામાં લીધા અને કોલર દ્વારા આપવામાં આવેલા ખાતામાં રૂ. ૧૪.૧૮ લાખ ટ્રાન્સફર કર્યા.

## વિજય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્કની ૪૯મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

આજકાલ કાર્યાલય
રાજકોટ

વિજય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્કની ૪૯ મી વાર્ષિક સાધારણ સભાસંપન્ન થઈ. આ સાધારણ સભામાં મોટા પ્રમાણમાં બેન્કના ડેલીગેટો, આમંત્રિતો ઉપસ્થિત રહયા હતા.

બેન્કે આ તકે અદ્યતન ટેકનોલોજીમાં એક પીછુ ઉમેરી ઈન્સ્ટા એ.ટી.એમ્ કાર્ડ લોન્ચ કરેલ છે. જે માટે હાજર આમંત્રીતો તથા ડેલીગેટઓએ અભિનંદન પાઠવેલ છે.

હાલમાં બેન્કે ખુબ જ સ્પર્ધાત્મક એફ.ડી.ના વ્યાજદર બે વર્ષથી વધુ અને પાંચ વર્ષ સુધી ૮.૧૫% ના દરે આપવાનું શરૂ કરેલ છે.

આ સાધારણ સભામાં અશોકભાઈ ખંધાર- પૂર્વ બોર્ડ ઓફ નોમીની, જીમ્મીભાઈ દક્ષિણી- કાર્યકારી ચેરમેન, રાજકોટ નાગરીક સહકારી બેન્ક લી., વિશેષ ઉપસ્થિત રહયા હતા.



આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ પૂર્વ બોર્ડ ઓફ નોમીનીનાં અધિકારી અશોકભાઈ ખંધારે બેન્કની ઘણા વર્ષો પહેલા પડતી જોઈએલ છે. તેમાં વર્તમાન બોર્ડ દ્વારા અથાગ પ્રયત્ન કરી પ્રગતિનાં પંથ ઉપર ચડેલ બેન્કનો ઉત્તરોતર વિકાસ થાય તે માટે ખૂબ જ સારી સમજ ઉમદા વાત કરેલ છે. બેન્કનાં વાઈસ ચેરમેન દિપકભાઈ પટેલએ આભાર વિધી કરી હતી. એ.જી.એમ્ પછી મળેલ નુતન નિર્વાચીત બોર્ડ ઓફ ડીરેકટરની મીટીંગમાં વિજય બેન્કની પરંપરા મુજબ સર્વાનુમતે નિકુંજભાઈ ધોળકીયાને ચેરમેન તરીકે તથા ધિરેનભાઈ પારેખનો વાઈસ ચેરમેન તરીકે સર્વાનુમતે ચૂંટવામાં આવ્યા હતા.આ ચૂંટણીની વિશેષતા એ હતી કે બેન્કનાં ગતવર્ષના ચેરમેન ગોપાલભાઈ માકડીયાએ ચેરમેન તરીકે નિકુંજભાઈનાં નામનો પ્રસ્તાવ મુકી તેમજ ગત ટર્મનાં વાઈસ ચેરમેન દિપકભાઈ પટેલએ ધિરેનભાઈ પારેખનું વાઈસ ચેરમેન તરીકે નામનો પ્રસ્તાવ મુકી સહકારીતાનું પ્રેરક ઉદારણ પુરૂ પાડેલ હતુ.

Printer and Publisher : Chandresh Dhanraj Jethani, Owner : Dhanraj News & Media Pvt. Ltd., Printed at Aajkaal Printing Press, 1 - Rajput Para, Near Gaisford Talkies, Rajkot.
and Published from Aajkaal Karyalaya, 9th Floor, Dhanrajni Bldg., Dr. Yagnik Road, Rajkot, Gujarat. *Editor Kana Bantva, Responsible for Selection and Publication of News under PRB Act.

# સરકારી કચેરીઓમાં વધતો જતો ઘોડિયા ઘરનો કન્સેપ્ટ

## બહુમાળી ભવન પછી પોસ્ટ ઓફિસ, પોલીસ ડિપાર્ટમેન્ટ, ફેમિલી કોર્ટ, કલેકટર કચેરી સહિત અનેક જગ્યામાં ઘોડિયા ઘર શરૂઃ ન્યુક્લિયર ફેમિલી યુગમાં પતિ પત્ની બંને સર્વિસ કરતા હોય ત્યારે આ પ્રકારની વ્યવસ્થા વરદાનરૂપઃ ફી પેટે વસુલાતી મામુલી રકમ અને બાળક નજર સામે તે બંને મોટા ફાયદા

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

ઘરમાં કોઈ વડીલ ન હોય....'અમે બે અને અમારા બે' ના સૂત્ર મુજબ પતિ પત્ની અને બે બાળકો હોય. તેવા પરિવારને ન્યુકલર ફેમિલી તરીકે ઓળખવામાં આવતા હોય છે. જોકે

**આજકાલ સ્પેશિયલ**

અત્યારે તો બે ના બદલે એક બાળક હોય તેવા ઘરોની સંખ્યા ઘણી વધારે છે. આમાં પણ જાણે દિન પ્રતિદિન નવા નવા આયામો સેટ કરવા હોય તેમ હવે ડીઆઈએનએસ એટલે કે ડીન્સ યુગ આવી ગયો છે. ડબલ ઈન્કમ નો ચાઈલ્ડના આજના યુગમાં દંપતીને સંતાન તો જોઈતું હોય છે પરંતુ તેની સાર સંભાળ રાખનાર વડીલો ઘરમાં ન હોવાથી પ્રશ્નો ઊભા થતા હોય છે. જ્યારે પતિ અને પત્ની બંને જોબ કરતા હોય ત્યારે આ સમસ્યા ઘણી વધારે જટિલ બની જતી હોય છે.

સર્વિસ કપલને રાહત મળે તે માટે સરકારમાં પણ છેલ્લા કેટલાક વર્ષોથી નોકરીના સ્થળે સરકારી કચેરીઓમાં ઘોડિયા ઘરનો આસ્પેક્ટ ઊભો થયો છે અને તેના કારણે મહિલા કર્મચારીઓને ઘણી રાહત જોવા મળે છે. પોતાનું સંતાન પોતાની ઓફિસના પ્રીમાઈસીસમાં જ હોય અને પાંચ દસ મિનિટનો નવરાશનો સમય હોય તો પણ બાળકને ભોજન કરાવવાથી માંડી રમાડવા અને ફીડિંગ કરાવવા જેવી બાબતો થઈ શકે તે મહિલા કર્મચારીઓ માટે અનુકૂળતાવાળું બની રહે છે.

દાયકાઓ પહેલા તો માત્ર બહુમાળી ભવનમાં જ આવું ઘોડીયા ઘર હતું.






પરંતુ અત્યારે રાજકોટમાં ઘટેશ્વર નજીક આવેલ નજીક આવેલા એસઆરપી કેમ્પમાં, જનરલ પોસ્ટ ઓફિસમાં, ફેમિલી કોર્ટમાં અને જિલ્લા કલેકટર કચેરીમાં આવી વ્યવસ્થા છે. જિલ્લા કલેકટર કચેરીમાં તો થોડા સમય પહેલા જ એટલે કે તારીખ ૧૩ માર્ચ ૨૦૨૪ થી શરૂ કરવામાં આવી છે. પરંતુ તેને સારો પ્રતિસાદ પ્રારંભથી જ મળી રહ્યો છે. માત્ર કલેક્ટર કચેરીમાં જ કે રેવન્યુ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓના સંતાનો માટે આ વ્યવસ્થા નથી. પરંતુ રાજકોટ શહેરમાં આવેલી કોઈપણ સરકારી કચેરીના સ્ટાફ આ વ્યવસ્થાનો લાભ લઈ શકે છે.

જો કોઈ કર્મચારી પોતાના સંતાનને સવારે ૧૦:૩૦ થી સાંજના છ વાગ્યા સુધી નવી કલેક્ટર કચેરીના ઘોડિયા ઘરમાં રાખવા માંગતો હોય તો તેમણે પોતે સરકારી કર્મચારી છે તેના આધાર પુરાવા, આધાર કાર્ડની નકલ વગેરે આપવાના હોય છે પોતાના સંતાનને જે કાંઈ ખવડાવવું હોય તે ઘરેથી લાવવાનું હોય છે અને અહીં ફ્રિજની વ્યવસ્થા છે તેમાં આવી વસ્તુઓ રાખવામાં આવતી હોય છે. બાળકોની સંભાળ માટે બે મહિલાઓને જવાબદારી સોંપવામાં આવી છે અને આ બધા ખર્ચ પેટે પ્રતિ માસ માત્ર રૂપિયા ૨૦૦ વસૂલવામાં આવે છે. કલેકટર કચેરીના આ ઘોડિયા ઘરમાં ૧૪ બાળકોનું રજીસ્ટ્રેશન થયું છે.

ખાનગી પ્લે હાઉસ કે નર્સરી કરતા પણ અનેક ગણું ચડિયાતું નવી કલેકટર કચેરીમાં આવેલું આ ઘોડિયાઘર થોડા સમયમાં જ શ્રેષ્ઠ પસંદગી પામી ચૂક્યું છે. અહીં વર્ષાબેન વેગડા, સોનલબેન ત્રિવેદી જેવા મહિલા નાયબ મામલતદારો મદદરૂપ થતા હોય છે. ઘોડીયા ઘરમાં બાળકો માટે રમતગમતના જુદા જુદા સાધનો, પુસ્તકો, રમકડા સહિતની અનેક વસ્તુઓ છે. નાનું એવું કિચન પણ છે અને બાળકો માટે ગરમાગરમ વસ્તુઓ બનાવી શકાય તેમ છે. બાળકો પડી ન જાય અને તેમને લાગે નહીં તે માટે તેમની સાઈઝને ધ્યાનમાં રાખી બેડ પણ બનાવવામાં આવ્યા છે.

મહિલા કર્મચારીઓના જણાવ્યા મુજબ અહીં ઘોડિયા ઘરની વ્યવસ્થા હોવી જોઈએ તેવી અમારી જૂની માગણી હતી પરંતુ વર્તમાન કલેક્ટર પ્રભવ જોશી સમક્ષ માત્ર એક વખત રજૂઆત કરતા જ તેનો નિકાલ આવી ગયો છે. લોકમેળા સમિતિની ગ્રાન્ટમાંથી આ ઘોડીયા ઘર બનાવવામાં આવ્યું છે અને તેના કાયમી નિભાવ માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

'આજકાલ'ને જન્મદિવસની શુભેચ્છા
સાંધ્ય અખબારોમાં ''ધનરાજ ગ્રુપ''ના અખબાર ''આજકાલ''ને જન્મદિવસની શુભેચ્છા...

એક શુભેચ્છક

'આજકાલ' ને જન્મદિવસ પ્રસંગે હાર્દિક શુભેચ્છા...
डॉक्टर बीज
Empowering Growth Together
ઉત્પાદક :-
સોલાર એગ્રો ટેક પ્રા. લી.

હર હાલ મેં ખુશહાલ
ઓમેગા
બોલગાર્ડ-II હા. કપાસ
ડો. સિદ્ધ કોમ્પલેક્ષ, ભાઈચંદભાઈ મહેતા ઈન્ડસ્ટ્રીયલ એરીયા, હોટેલ ક્રિષ્ના પાર્કની પાછળ, ગોંડલ રોડ, રાજકોટ

With Best Compliments
Most progressive and trustworthy news paper
દેશ-પરદેશની આજકાલ

One Wellwisher

'આજકાલ'ને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છા...

રાજદિપસિંહ એમ. જાડેજા (રાજાભાઈ વાવડી)
ઉપપ્રમુખ : રાજકોટ શહેર ભાજપ
સામાજીક, સહકારી, ધાર્મિક, રમતગમત સહીત અનેક સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા

# સાગઠિયાએ કરોડો રૂપિયા સોનાના ઘરેણા, બિસ્કિટોમાં રોકયા

**જમીનોના કામો, ટી.પી. રિઝર્વેશન જગ્યાઓ ઉલટ-સૂલટ કરવા, મકાનોથી લઈ હાઈરાઈઝ બિલ્ડિંગોના પ્લાન પાસ કરવા, ગેરકાયદે બાંધકામો, ઈમ્પેકટ ફી સુધીના સેટલમેન્ટ, કામોના ભાવ બાંધણામાં કમાયેલા કરોડોના કાળા નાણાના સોના-ઝવેરાત ખરીદ કર્યાની આશંકાએ તપાસ**











તસવીર : દર્શન ભટ્ટી

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

અગ્નિકાંડથી ભ્રષ્ટ અધિકારીઓ, તંત્રના એક પછી એક કાંડ પણ ખુલી રહ્યા છે. કાયદાના સાણસામાં પોલીસ કસ્ટડીમાં રહેલા પૂર્વ ટી.પી.ઓ સાગઠિયાએ તેના હોદાનો દુરઉપયોગ કરી આચરેલા કરોડોના ભ્રષ્ટાચારનું રોકાણ પ્રોપર્ટીઓ ઉપરાંત સોના, ચાંદી, ઝવેરાતમાં પણ કર્યું હોવાનું બહાર આવી રહ્યું છે. એસીબીએ તિજોરીમાંથી ૧૫ કરોડથી વધુના સોનાના ઘરેણા, બિસ્કીટ તેમજ બે કિલો જેવી ચાંદી કબજે કરી છે.

સાગઠિયા સામે એસીબીમાં અપ્રમાણસર મિલકતના નોંધાયેલા ગુનામાં ગઈકાલે સાગઠિયાનો જેલમાંથી કબજો લઈ તેની ટવીન ટાવર ઓફિસે રાત્રે લઈ જઈને હાથ ધરાયેલા ઓપરેશનમાં એસીબીની ટીમને સાગઠિયાની છૂપી તિજોરીમાંથી ૨૦ કિલોથી વધુના સોનાના ઘરેણા અને બિસ્કીટોનો ઢગલો તથા ચાંદી મળી હતી જેની અંદાજીત કિંમત પણ ૧૫ કરોડથી વધુ થવા જઈ રહી છે. એસીબીનો સતાવાર ફાઈનલ ફીગર હજી જાહેર થયો નથી.

જે રીતે સોનાનો ઢગલો મળી આવ્યો તેના પરથી એવું અનુમાન લગાવાઈ રહ્યું છે કે સાગઠિયા ભ્રષ્ટાચારમાંથી આવતી લાખો રૂપિયાની રકમ સોનાના ઘરેણાઓ, બિસ્કીટો કે ચાંદીમાં રોકી દેતો હતો. નોટોના બંડલો સાચવવા થોડા અઘરા કે જગ્યા પણ વધુ રોકે માટે સોના-ચાંદીમાં લાખો, કરોડોનું રોકાણ કરતો હોવાનું સૂત્રોનું અનુમાન છે.

મહાપાલિકાના અંદરમાં આવતા રાજકોટ શહેર, સર્વેના એરિયામાં ટી.પી.ના કોઈપણ કામોમાં નિવૈધ ધરવાનો સીસ્ટમનો ભાગરૂપ બની ગયા હતા જેવું હતું. જમીનના કામો ટી.પી. સ્કીમમાં રોડ-રસ્તા ચેન્જ કરવા, રિઝર્વેશનની જગ્યાઓ સસ્તી જગ્યાઓ કે દબાણવાળી જગ્યાઓમાં રિઝર્વેશન બતાવી તેના બદલામાં કિંમતી જગ્યાઓ ફાળવી દેવાના ઉલટ-સૂલટના કરોડોના કામો થતાં હતા.

મકાન, બંગલાથી લઈ હાઈરાઈઝ બિલ્ડિંગોના પ્લાન પાસ કરવાથી કમ્પ્લિશન આપવા સુધીના લાખોના ભાવ બાંધણા હતા તેમજ ગેરકાયદે બાંધકામો ઈમ્પેકટ હેઠળ સમાવીને કાયદેસરના કરી આપવામાં પણ પારંગતતા હતી. સાગઠિયાની સિન્ડીકેટવાળા અધિકારીઓ, કેટલાક આર્કિટેકટ કે બિલ્ડર, જમીનના ધંધાર્થીઓ થકી કરોડોના વહીવટો થતા હતા.

સાગઠિયા ભ્રષ્ટાચારમાં આવતી રોજિંદી જેવી લાખોની રકમોનો આંક કરોડોમાં પહોંચે તેવો બની ગયો છે. આ રકમો પોપર્ટીઓ ઉપરાંત સોના-ચાંદીમાં રોકાણ થતી.

એસીબી દ્વારા જપ્ત કરાયેલી ૩.૨૫ કરોડ જેવી રોકડ અને ૨૦ કિલોથી વધુના સોનાના અંકોડા મેળવવા ફીકસ આંક નક્કરી કરવા કસરત કરાઈ રહી છે. ગઈકાલે મોડી સાંજથી આજ બપોર સુધીમાં ચાલતા સર્ચ દરમિયાન હજી એસીબીનો કોઈ સત્તાવાર આંક જાહેર થયો નથી. અધિકારીઓથી લઈ કર્મચારીઓ સુધીના ૨૦થી ૨૫નો સ્ટાફ સાગઠિયાની આ કાર્યવાહીમાં રોકાયેલો છે.

### એસીબીએ પણ સાગઠિયાની શરમ ભરી? મોં ઢાંકવા રૂમાલ સવલત?

**રાજકોટ શહેર ક્રાઈમ બ્રાંચના કબજામાં સાગઠિયા હતા ત્યારે તેની હાથકડી દેખાય નહીં તે માટે હાથકડી છૂપાવવા માટે ફાઈલની સવલત આપી હતી. જો કે, સતાવાર એવો બચાવ થયો હતો કે તેણે ટંકિલા મુદ્દાઓ રજૂ કરવાની ફાઈલ હતી. અને શરત ચૂકથી તેના હાથમાં રહી ગઈ હતી. ગઈકાલે એસીબી જયારે સાગઠિયાને લઈને આવી ત્યારે એસીબીએ પણ સાગઠિયાની શરમ ભરી હોય, અલબત આવી હોય તે મુજબ સાગઠિયાનો ચહેરો ઢાંકવા કે મોં છૂપાવવા ચહેરા પર રૂમાલ બાંધેલો હતો. કદાચ તેમની તબિયત બરોબર ન હોય વાયરલ ઈન્ફેકશન કે આવા કારણોસર પણ મોં પર રૂમાલ બાંધવા દીધો હોઈ શકે, પરંતુ રૂમાલથી ચર્ચા એ ચાલી હતી કે એસીબી પણ તપાસના આરંભથી શરમ ભરવા લાગી કે ખુલ્લેઆમ પણ આવી સવલત આપવા લાગી કે તે તો બંધ બારણે શું નહીં થતું હોય? સત્યતો એબીસી જ જાણતી હશે.**

### ઘરેણા, રોકડ ભરવા માટે બેગો, બોકસ મગાવવા પડયા

**ખુલજા સીમ સીમની માફક ટવીન ટાવરની ઓફિસ નં.૯૦૧ની તિજોરીમાંથી ૩.૨૫ કરોડની રકમના ૫૦૦ની દરના થપ્પાઓ અને ઢગલો એક સોનું નીકળી પડતા એસીબી પણ આ બધુ કબજે કરીને લઈ કેમ જવું તે માટે એક તબક્કે માથુ ખંજવાળવા લાગી હતી. સોનાના ઘરેણા, બિસ્કિટો (લગડીઓ) તેમજ નોટોના બંડલો ભરવા માટે બહારથી બેગો, થેલાઓ તથા બોકસ મગાવવા પડયા હતા.**

### એસીબીએ ગૂપચૂપ તપાસ માટે રાતનો સમય પસંદ કર્યો

**એસીબીની ટીમ દ્વારા સાગઠિયાની ઓફિસ રાત્રીના ખોલવામાં આવી હતી. બિલ્ડિંગમાં અન્ય ઓફિસો બંધ થઈ જાય. કોઈ ચહલ પહલ ન રહે અને શાંતિથી તપાસ થઈ શકે કોઈ ડિસ્ટર્બન્સ ન આવે કે મીડિયાને પણ જાણ ન થઈ શકે તેવા આશયથી કદાચ રાત્રીનો સમય પસંદ કરાયો હશે. સાગીઠને પણ કોઈ ઓળખી ન શકે તે માટે ચહેરા પર રૂમાલ બાંધીને લઈ જવાયા. ખાનગી કારનો ઉપયોગ કરાયો હોવાની ચર્ચા ચાલી છે.**

# મહમદીબાગમાં ગૃહકલેશથી કંટાળી પરિણીતાનો ફાંસો ખાઈ આપઘાત

## મુંજકા નજીક બાંધકામની સાઈટ પર સગીરા છતના હૂંકમાં દુપટો બાંધી લટકી જતા મોત

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ



શહેરમાં આપઘાત અને આપઘાતના પ્રયાસ કરવાના બનાવોમાં ચિંતા જનક વધારો જોવા મળી રહ્યો છે. ગોંડલ રોડ પરના મહમદી બાગમાં રહેતી પરિણીતાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે. સાહીનાબેન રિયાઝભાઈ રાઠોડ (ઉ.વ.૨૭)ની પરિણીતા સાંજે ઘરે હતી ત્યારે રૂમમાં પંખામાં દુપટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો બનાવની જાણ પરિવારજનોને થતા નીચે ઉતારી તાકીદે બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલએ ખસેડવામાં આવી હતી જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરતા પોલીસ સ્ટાફ હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરી હતી. મૃતક સાહીનાબેનનું માવતર દૂધ ડેરી રોડ પર છે, અને લગ્ન થયાને પાંચ વર્ષ જેટલો સમય થયો હતો. સંતાનમાં પાંચ વર્ષની એક પુત્રી છે. પતિ રિયાઝભાઈ રીક્ષા હંકારી પરિવારજનું ગુજરાન ચલાવે છે. ઘરમાં અવાર નવાર થયા ઝગડાથી કંટાળી પગલું ભરી લીધાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. વધુ તપાસ તાલુકા પોલીસે હાથ ધરી છે. પરિણીતાના આપઘાતથી પાંચ વર્ષની પુત્રીએ માતાની હૂંફ ગુમાવી દેતા પરિવારમાં માતમ છવાયો છે.

બીજા બનાવમાં શહેરના કાલાવડ રોડ પર કોસ્મોપ્લેક્સ સિનેમાના પાછળ ભાગે આવેલા ન્યુ સેરેનેટી ગાર્ડન રોડ પર નવી બનતી બાંધકામની સાઈટ પર ૧૬ વર્ષીય સગીરા લટકી જતા શ્રમિકોમાં અરેરાટી મચી જવા પામી હતી.

મૂળ મધ્યપ્રદેશની અને કટારીયા ચોકડીથી મૂંજકા ગામ વચ્ચે નવી બનતી બિલ્ડીંગની સાઈટ પર કામ કરતા અને ત્યાં જ રહેતા ભાઈ ભાભી સાથે રહેતી મનિતા મગનભાઈ શિંગાળા (ઉ.વ.૧૬)નામની સગીરાએ રાત્રીના સમયે બિલ્ડિંગના પહેલા માળે છતના હૂંકમાં ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. વહેલી સવારે વરસાદ આવતા મોટોભાઈ ચોથા માળેથી નીચે આવતો હતો ત્યારે બહેનને લટકતી હાલતમાં જોઈ જતા દેકારો કરતા અન્ય શ્રમિકો પણ દોડી આવ્યા હતા અને ૧૦૮ને જાણ કરતા ૧૦૮ની ટિમ સ્થળ પર પહોંચી ઈએમટીએ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં ગમગીની છવાઈ હતી. બનાવની જાણ યુનિવર્સીટી પોલીસને કરવામાં આવતા પોલીસ સ્ટાફે સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલએ ખસેડ્યો હતો.

મૃત્યુ પામનાર મનીતા અઠવાડિયા પહેલા જ વતનથી ભાઈ સાથે રાજકોટ આવી હતી અને તેના નાના સંતાનોનું ધ્યાન રાખતી હતી. તેણીના પિતા પણ હયાત નથી. ક્યાં કારણોસર પગલું ભરી લીધું તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

# બાળા સાથે બિભત્સ હરકત કરનાર ૫૪ વર્ષના ઢગાની હવસ ઉતારતી પોલીસ

## નિર્વસ્ત્ર હાલતમાં પાડોશીના ઘરમાં ઘૂસી ૧૦ વર્ષની બાળાને આલિંગન કર્યું

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

સામાકાંઠા વિસ્તારમાં માનવતાને શર્મશાર કરતી ઘટના બની હતી.જેમાં ૧૦ વર્ષની બાળકી પોતાના ઘરે હતી ત્યારે પાડોશમાં રહેતો ૫૪ વર્ષનો વિકૃત શખ્સ નિર્વસ્ત્ર હાલતમાં ઘરમાં ઘૂસી જઈ બાળકીને બાથ ભરી લીધી હતી.બાળાએ દેકારો કરતાં નરાધમ અહીંથી નાસી ગયો હતો.બાદમાં બાળાના પરિવારે પોલીસને જાણ કરતા પોલીસે આ વિકૃત શખસને ઝડપી લઈ તેની સામે પોકસો એકટ હેઠળ ગુનો નોંધી તેની આકરી સરભરા કરી તેના પર સવાર હવસખોરીનું ભૂત ઉતારી નાંખ્યું હતું.

આ ધૃણાસ્પદ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, બપોરના સુમારે ૧૦ વર્ષની બાળકી તેના ઘરે નવેરામાં વાસણ ધોઈ રહી હતી, તેની માતા કામ સબબ બહાર હતી અને બાળકીની મોટી બહેન ઘરના ઉપરના માળે હતી. ત્યારે આજ વિસ્તારમાં રહેતો જયદીપ હર્ષદરાય જોબનપુત્રા (ઉ.વ.૫૪) નિર્વસ્ત્ર હાલતમાં ઘરમાં ઘૂસી ગયો હતો અને વાસણ ધોઈ રહેલી બાળકી કંઈ સમજે તે પહેલા તેને બાથ ભરી લીધી હતી. દાદા જેવી વયના જયદીપ જોબનપુત્રાએ નિર્વસ્ત્ર હાલતમાં આલિંગન કરી લેતા બાળકી ગભરાઈ ગઈ હતી અને તેણે બૂમાબૂમ કરતાં તેની મોટી બહેન અવાજ સાંભળતાં જ તે નીચે દોડી આવી હતી.સગીરા નાની બહેન પાસે પહોંચે તે પહેલા જ જયદીપ જોબનપુત્રા દોડીને ભાગી ગયો હતો.

બનાવને લઈ વિસ્તારના લોકો પણ એકઠા થઈ ગયા હતા અને તમામ લોકો જયદીપ જોબનપુત્રાના ઘરે પહોંચ્યા હતા. જોકે ત્યાં સુધીમાં તે મકાનને તાળાં મારી ભાગી ગયો હતો. લતાવાસી મહિલાઓએ રોષભેર જણાવ્યું હતું કે,જયદીપ જોબનપુત્રા એકલો રહે છે, તે આખો દિવસ ઘરની બહાર બેઠો રહેતો અને ત્યાંથી પસાર થતી મહિલાઓ સામે અભદ્ર ઈશારા કરતો હતો.ઘટના અંગે જાણ કરાતા બી.ડિવિઝન પોલીસે ગુનો નોંધ્યો હતો અને પીએસઆઈ એ.બી.ચૌધરી સહિતની ટીમે જયદીપને ગણતરીની મિનિટોમાં ઝડપી લીધો હતો. જયદીપ જોબનપુત્રાના માતા-પિતા હયાત નથી. તેની ચારેય બહેન સાસરે છે. ૫૪ વર્ષનો જયદીપ અપરિણીત છે અને એકલો રહે છે.પોલીસે આ ઢગાની આકરી સરભરા કરી તેના પર સવાર હવસખોરીનું ભૂત ઉતારી નાંખ્યું હતું.બનાવને લઈ આ વિકૃત શખસ પ્રત્યે ફિટકારની લાગણી વરસી જવા પામી હતી.

# રેલનગરમાં મહિલા ટ્રાફિક બ્રિગેડને પતિએ ફડાકો મારી કાનનો પડદો ફાડી નાખ્યો

## પુત્રના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં જવાનું કહેતા પતિએ ગુસ્સે થઈ મારકૂટ કરી: પતિના ત્રાસથી બે મસાથી પરિણીતા માવતરના ઘરે ચાલી ગઈ હતી

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રેલનગર વિસ્તારમાં રહેતી અને ટ્રાફિક બ્રિગેડમાં ફરજ બજાવનાર પરિણીતાને પતિએ ફડાકો મારી કાનનો પડદો ફાડી નાંખતા આ અંગે પરિણીતાએ પ્ર.નગર પોલીસ મથકમાં પતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

રેલનગરમાં ભગવતી હોલ પાછળ સમર્પણ પાર્ક શેરી નં.૨ માં રહેતા અને મહિલા ટ્રાફિક બ્રિગેડમાં નોકરી કરતા ઉર્મિલાબેન કમલેશભાઈ દેવમુરારીએ તેના પતિ કમલેશ ધીરજલાલ દેવમુરારી સામે પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે, ૧૨ વર્ષ પહેલાં તેના લગ્ન કમલેશ સાથે થયા હતા અને સંતાનમાં ૧૧ વર્ષનો પુત્ર પ્રણવ છે. બે માસ પહેલાં પતિ મારકૂટ કરી ત્રાસ આપતો હોય જેથી તે પિયરમાં માતા-પિતા સાથે રહે છે.

તા.૨૯-૬ના રોજ તેના પતિના ઘેર ગયા હતા અને તેના પુત્રની શાળામાં પ્રવશેઉત્સવ અનુસંધાને મિટિંગ હોય જેમાં કોઈ વાલી ગયા ન હોય જેથી તમે શાળાએ જઈને આવજો કહેતા તેના પતિએ કહ્યું કે, તારે જવું હોય તો જાજે નહીંતર ન ભણાવવો હોય તો તેને સ્કૂલમાંથી ઉઠાડી લે.

જેથી તેને પુત્ર પ્રણવની જિંદગી થોડી બગાડાઈ તેમ કહેતાં તેની સાથે ઝઘડો કરી તારે એને ભણાવો હોય તો ભણાવ નહીંતર કાંઈ નહીં જેથી તેને કહ્યું કે, મને પણ શાંતિથી નથી રાખતા અને માનસિક ત્રાસ આપતા હોય જેથી હું મારા માવતરના ઘેર જતી રહી હતી. તેમ કહેતા પતિએ ઉશ્કેરાઈ જઈ ફડાકા ઝીંકી દેતા તેને તેના પિતાને ફોન કરી માર માર્યાની વાત કરતાં તેનો ભાઈ આવીને તેને તેડી ગયો હતો.

ત્યારબાદ તેની નોકરી પરાબજાર ખાતે હોય ફરજ પર હતા ત્યારે અચાનક કાનમાં દુખાવો થતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જેમાં તબીબે તેના કાનનો પડદા તૂટી ગયાનું જણાવતા તેની સારવાર કરાવ્યા બાદ તેણે ફરિયાદ નોંધવતા પોલીસે પરિણીતાના પતિ સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.બનાવ અંગે વધુ તપાસ પીએસઆઈ પી.કે.પઢીયાર ચલાવી રહ્યા છે.

# પિતાએ ત્રણ વર્ષના પુત્રને છરીના હાથાથી માર માર્યો

## માસૂમને ઈજા થતા સિવિલમાં સારવાર અપાવી થોરાળાના કસ્તુરબા હરિજનવાસનો બનાવ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

શહેરના થોરાળા રોડ પરના કસ્તુરબા હરિજનવાસમાં રિસામણે રહેલી પત્ની પાસે રહેલા સંતાનને લેવા આવેલા પતિએ નશાની હાલતમાં ત્રણ વર્ષના પુત્રને તેડીને લઈ જતી વખતે માથાકૂટ કરી પુત્રને છરીના હાથા વડે માથા અને શરીરના ભાગે ઘા મારતા માસુમ પુત્રને ઈજા થતા સારવારમાં ઘસેડવામાં આવ્યો હતો.

બનાવની મળતી વિગત મુજબ કુબલિયાપરામાં રહેતો વિજય રાજેશ પરમાર ગઈકાલે થોરાળા રોડ પર આવેલા કસ્તુરબા હરિજનવાસમાં સસરાના ઘરે આવી પત્ની કિરણબહેન પાસે રહેલા સંતાનો લઈ જવા માટે ઝગડો કરી ઘરમાં રમતો ત્રણ વર્ષનો પુત્ર શિવમ રમતો હોઈ તેને તેડીને લઈ જવાનો પ્રયાસ કરતા પત્ની અને સાડા વિજયભાઈ રોકવા જતા પુત્ર શિવમને છરીના હાથા વડે માર મારતા શરીરના ભાગે ચાંઠા પડી જતા બાળકને સારવાર માટે સિવિલ હોસ્પિટલએ ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરી હતી. પરિવારજનોના કહેવા મુજબ વિજય દારૂની ટેવ ધરાવતો હોવાથી ઘરે પત્ની સાથે ઝગડો કરતો હોય જેનાથી કંટાળી પત્ની કિરણબેન ચારેક મહિનાથી થોરાળામાં માવતરના ઘરે બે દીકરી અને એક પુત્રને લ;લઈ રિસામણે આવી ગઈ હતી. પરંતુ ગઈકાલે નશાની હાલતમાં આવી સંતાનને લઈ જવા માથાકૂટ કરતો હતો. આગળની તપાસ થોરાળા પોલીસે હાથ ધરી છે.

# પડધરીના થોરિયાળીમાં જુગાર રમતા છ શખસો પકડાયા

## બાઘી ગામના પાટિયા પાસે મોબાઈલમાં લુડો ગેમ ઉપર પૈસાની હારજીત કરતા બે ઝબ્બે

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

પડધરી પોલીસે થોરિયાળી અને બાઘી ગામે જુગાર રમતા આઠ શખ્સોને ઝડપી લીધા હતા જયારે ધોરાજી પોલીસે ટાઉન વિસ્તારમાં પાના ટીચતાં છ શખ્સોને ઝડપી લઈ કાર્યવાહી કરી છે.

પડધરી થોરીયાળી ગામની સીમમાં જાહેરમાં ગોડ કુંડાળું વળી કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમી પડધરી પોલીસને મળતા બાતમીના આધારે થોરીયાળીની સીમમાં દરોડો પાડતા ડાયા મોહન વેકરીયા, ભાવેશ રાણાભાઈ બોરીચા (રહે. બંને થોરિયાળા), વિજાણંદ નારણભાઈ કેશુર (રહે.લતીપર, તાલુકો ધ્રોલ), નારણ પ્રેમજીભાઈ શાપરા (રહે.બંગાવાડી તા.ટંકારા), મેઘજી ગોવિંદભાઈ શિયાળ (રહે.થોરિયાળી), ગંભીરસિંહ ચનુભા જાડેજા (રહે.ટીંબડી, તા.જોડિયા), બચુભાઈ ખીમાભાઈ શિંગાળા (રહે.થોરિયાળી) તમામને ઝડપી પાડી રોકડ ૧૫,૧૫૦ની મત્તા અને મોબાઈલ મળી કુલ રૂ.૧૬,૧૫૦નો મુદામાલ કબ્જે કરી પડધરી પોલીસે ગુનો નોંધ્યો છે.પડધરી પોલીસના બીજા દરોડામાં શિવશકિત હોટેલ સામે બાધી ગામના પાટિયા પાસે જાહેરમાં મોબાઈલમાં લુડો ગેમ પર નસીબ આધારિત જુગાર રમી પૈસાની હારજીત કરતા પ્રવિણસિંહ પોપટભા ગોહિલ (રહે.તરઘડી), ઉદય હસમુખભાઈ કણસાગરા (રહે-શિવપુર,તા.પડધરી)ને પકડી પાડી રોકડ અને મોબાઈલ મળી કુલ રૂ.૧૮,૩૫૦નો મુદામાલ કબ્જે લઈ ગુનો નોંધ્યો છે.

### ધોરાજીમાં પાના ટીચતાં ૬ પકડાયા

**ધોરાજીમાં ગુલઝાર પાર્ક શેરાની કોલોનીમાં તીનપતીનો જુગાર જાહેરમાં ચાલતો હોવાની જાણ ધોરાજી પોલીસને કરવામાં આવતા પોલીસે દરોડો પાડી અફાન અજીમભાઈ મોટલીયા, એજાઝ બશીરભાઈ મકરાણી, ચકુન સલીમભાઈ સતરાણી, ઈમ્તિયાઝ અનવરમિયાં બુખારી, મોહસીન અબ્દુલભાઈ કુરેશી, સમીર સલીમભાઈ પટેલ તમામને રોકડ ૩૩૩૦ની મત્તા સાથે ઝડપી લઈ કાર્યવાહી કરી હતી.**

# ભાદરમાં એક ફૂટ સહિત ૫૦ ડેમમાં ૨૨ ફૂટ સુધી આવક

## આજી-૨, ઉમિયાસાગર, બ્રાહ્મણી-૨, વગડિયા અને વાંસલ સહિત પાંચ ડેમ ઓવરફ્લો: સાર્વત્રિક વરસાદથી રાજકોટ સિંચાઈ વર્તુળના ફ્લડ સેલનો કન્ટ્રોલ રૂમ રાતભર ધમધમી ઉઠ્યો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં મેઘ મહેર વરસતા સર્વત્ર લીલા લહેર થઈ ગયા છે, ગત સવારે આઠથી આજે સવારે આઠ વાગ્યે સુધીના છેલ્લા ૨૪ કલાક દરમિયાનમાં રાજકોટ શહેરને પીવાનું પાણી પૂરું પાડતાં ભાદર-૧માં એક ફૂટ સહિત સૌરાષ્ટ્રના કુલ ૫૦ ડેમમાં ૨૨ ફૂટ સુધી નવા નીરની ધીંગી આવક નોંધાઈ છે. જ્યારે રાજકોટનો આજી-૨ ડેમ, સીદસરનો ઉમિયાસાગર ડેમ, હળવદ પંથકનો બ્રાહ્મણી-૨ ડેમ, જામનગરનો વગડીયા ડેમ અને સુરેન્દ્રનગરનો વાંસલ ડેમ સહિતના પાંચ ડેમ ઓવરફ્લો થયા છે.

વિશેષમાં રાજકોટ સિંચાઈ વર્તુળના ફ્લડ સેલના કન્ટ્રોલ રૂમના સૂત્રોએ જણાવ્યું હતું કે રાજકોટ શહેરને પીવાનું પાણી પુરૂ પાડતા અને સૌરાષ્ટ્રના બીજા ક્રમના સૌથી મોટા ભાદર-૧માં એક ફૂટ નવા નીરની આવક થઈ છે. કુલ ૩૪ ફૂટની ઉંડાઈ ના ભાદર-૧માં એક ફૂટ પાણીની આવક થતા આજે સવારની સ્થિતિએ સપાટી ૧૦.૫૦ ફૂટે પહોંચી છે. આજે સવારે આ લખાય છે ત્યારે પણ ભાદર-૧માં નવા નીરની આવક ચાલુ છે અને ૫૭૬ ક્યુસેકનો ઈન ફ્લો છે. રાજકોટ સિંચાઈ વર્તુળ હેઠળના કુલ ૮૦ પૈકી અમુક ડેમ ૭૦થી ૮૦ ટકા સુધી ભરાઈ ગયા છે, હવે મેઘરાજાનો એક જોરદાર રાઉન્ડ વરસે તો તુરંત ઓવરફ્લો થાય તેવી શક્યતા છે. આજે સવારે અનેક ડેમ સાઈટ ઉપર વરસાદ વરસી રહ્યો છે અને નવા નીરની આવક ચાલુ છે.

### સૌરાષ્ટ્રના કયા ડેમમાં નવા નીરની કેટલી આવક

| ડેમ | ૨૪ કલાકમાં આવક |
|---|---|
| **રાજકોટ જિલ્લો** | |
| ભાદર-૧ | એક ફૂટ |
| મોજ | ૪.૨૦ ફૂટ |
| ફોફળ | ૨.૪૦ ફૂટ |
| વેણુ-૨ | ૭.૩૫ ફૂટ |
| આજી-૨ | ઓવરફ્લો |
| આજી-૩ | ૩.૪૧ ફૂટ |
| સોડવદર | ૫.૫૮ ફૂટ |
| સુરવો | ૧૬ ફૂટ |
| વેરી | ૦.૧૦ ફૂટ |
| ન્યારી-૨ | ૦.૩૩ ફૂટ |
| ફાળદંગ બેટી | ૧.૮૦ ફૂટ |
| ખોડાપીપર | ૧.૪૮ ફૂટ |
| છાપરવાડી-૨ | ૪.૫૯ ફૂટ |
| ભાદર-૨ | ૧૫.૨૬ ફૂટ |
| **મોરબી જિલ્લો** | |
| મચ્છુ-૨ | ૦.૭૨ ફૂટ |
| ડેમી-૨ | ૬.૨૩ ફૂટ |
| ઘોડાધ્રોઈ | ૩.૪૪ ફૂટ |
| બંગાવડી | ૦.૬૬ ફૂટ |
| બ્રાહ્મણી | ૦.૬૨ ફૂટ |
| બ્રાહ્મણી-૨ | ઓવરફ્લો |
| મચ્છુ-૩ | એક દરવાજો ખોલાયો |
| **જામનગર જિલ્લો** | |
| સસોઈ | ૧.૯૭ ફૂટ |
| પન્ના | ૧.૧૮ ફૂટ |
| ફુલઝર-૧ | ૧૫.૨૬ ફૂટ |
| સપડા | ૫.૭૪ ફૂટ |
| વિજરખી | ૨.૨૬ ફૂટ |
| ડાઈ મીણસર | ૨.૧૭ ફૂટ |
| ફોફળ-૨ | ૨ ફૂટ |
| ઉન્ડ-૩ | ૦.૮૨ ફૂટ |
| આજી-૪ | ૬.૩૦ ફૂટ |
| ઉન્ડ-૧ | ૧.૫૪ ફૂટ |
| વાડીસંગ | ૧૧.૫૫ ફૂટ |
| ફુલઝર કો.બા. | ૧૩.૨૯ ફૂટ |
| રૂપાવટી | ૩.૬૧ ફૂટ |
| રૂપારેલ | ૩.૯૪ ફૂટ |
| ઉમિયાસાગર | ૧૨.૬૩ ફૂટ |
| સસોઈ-૨ | ૪.૬૯ ફૂટ |
| વગડીયા- | ઓવરફ્લો |
| **દ્વારકા જિલ્લો** | |
| ઘી | ૩.૨૮ ફૂટ |
| વર્તુ-૧ | ૧૧.૪૮ ફૂટ |
| ગઢકી | ૧૫.૨૬ ફૂટ |
| વર્તુ-૨ | ૪.૯૨ ફૂટ |
| સોનમતી | ૧૦.૧૭ ફૂટ |
| શેઢા ભાડથરી | ૧૩.૯૪ ફૂટ |
| વેરાડી-૧ | ૪.૧૩ ફૂટ |
| સિંધણી | ૨૨.૨૪ ફૂટ |
| કાબરકા | ૧.૧૫ ફૂટ |
| વેરાડી-૨ | ૨.૯૫ ફૂટ |
| મીણસાર | ૧૩.૭૮ ફૂટ |
| **સુરેન્દ્રનગર જિલ્લો** | |
| મોરસલ | ૬.૫૬ ફૂટ |
| વાંસલ | ઓવરફ્લો |
| **અમરેલી જિલ્લો** | |
| સાંકરોલી | ૧૩ ફૂટ |

# રાજકોટ જિલ્લામાં આજથી રેશનકાર્ડની ઓનલાઈન સેવાઓ તા. ૬ સુધી બંધ

## ડેટાબેઝ અન્ય સર્વર પર માઈગ્રેટ કરવાનો હોવાથી કામગીરી બંધ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રેશનકાર્ડને લગતા ડેટાબેઝ અન્ય સર્વર પર માઈગ્રેટ કરવાનો હોવાથી તા. ૨થી ૬ જુલાઈ સુધીના સમયગાળા દરમિયાન રેશનકાર્ડને લગતી ઓનલાઈન સેવાઓ બંધ રહેશે તેમ જિલ્લા પૂરવઠા અધિકારીએ જણાવાયું છે.

રેશનકાર્ડ ધારકોને હાલાકીનો સામનો ના કરવો પડે તે હેતુથી સર્વર પર ડેટાબેઝ અપડેટ કરવા અંગે નાયબ નિયામક અન્ન અને નાગરિક પૂરવઠા કચેરી-ગાંધીનગર તરફથી સૂચના આવી છે કે, હાલમાં રેશનકાર્ડને લગતો જૂનો ડેટાબેઝ સર્વર પર રહેલો છે. જેનો સમયગાળો ખૂબ વધારે થઈ ગયો હોવાથી માઈક્રોસોફ્ટ દ્વારા તેના પર સપોર્ટ બંધ કરાયો છે. જેના લીધે સર્વર ધીમું હોવા બાબતે જિલ્લા-તાલુકા કક્ષાએ હાલાકીનો સામનો કરવાના પ્રશ્ન ઊભા થાય છે. જેથી તા.૨થી ૬ જુલાઈ સુધીના સમયગાળામાં રેશનકાર્ડને લગતી સિસ્ટમ માઈગ્રેટ-મેઈન્ટેનન્સ હેઠળ હોવાથી, આ સમયગાળામાં રેશનકાર્ડને લગતી ઓનલાઈન સેવાઓ બંધ રહેશે. આ બાબતની નોંધ તમામ વ્યાજબીભાવની દુકાનના સંચાલકો તથા રેશનકાર્ડ ધારકોને લેવા જણાવાયું છે.

# ભારે વરસાદથી ૮૮ ગામોમાં વીજળી પુરવઠો ખોરવાયો

## ત્રણ સ્ટેટ હાઈવે અને ૧૧૧ ગામના રસ્તા બંધ

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

સમગ્ર રાજ્યમાં મેઘરાજા મન મુકીને વરસી રહ્યા છે અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. ધરતીપુત્રોમાં પણ વરસાદને જોઈને એક અનેરો આનંદ જોવા મળી રહ્યો છે. ત્યારે બીજી તરફ વરસાદના કારણે ઠેરઠેર પાણી ભરાયા છે અને અનેક ગામડાઓ સંપર્કવિહોણા પણ બન્યા છે ભારે વરસાદના કારણે વીજ પુરવઠો પણ ખોરવાયો છે. રાજ્યના ૮૮ ગામમાં વીજ પુરવઠો ઠપ્પ થયો છે.ભાવનગર જિલ્લા વરસાદને પગલે ૩૬ ગામમાં વીજ પુરવઠો બંધ થયો છે અને કચ્છના ૨૯ અને જુનાગઢ જિલ્લાના ૧૬ ગામમાં વીજ પુરવઠા પર અસર જોવા મળી છે.ભાવનગરના મહુવા તાલુકામાં જ સૌથી વધુ ૨૮ ગામમાં અને કચ્છના લખપત તાલુકાના ૨૯ ગામમાં વીજ પુરવઠો ખોરવાયો છે. ભારે વરસાદ વચ્ચે વીજ પુરવઠો ખોરવાતા જનજીવનને મોટી અસર થવા પામી છે.

ભારે વરસાદના કારણે ગુજરાતમાં ૧૧૬ રોડ સહિત ૩ સ્ટેટ-હાઈવે બંધ છે. હાલમાં વરસાદી સ્થિતિને જોતા જૂનાગઢના ૨ અને પોરબંદરનો ૧ સ્ટેટ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો છે. આ સિવાય ૯૯ પંચાયત હસ્તકના રસ્તાઓ બંધ કરી દેવાયા છે તો જૂનાગઢમાં કુલ ૪૪ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. અનેક રસ્તાઓ બંધ કરી દેવાતા લોકો ફરીને જવા મજબૂર બન્યા છે તો સાથે વાહનચાલકોને વધારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

મધ્ય ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૪૮ કલાક વરસાદ વરસતાં રાજ્યમાં ઈમરજન્સી રિસ્પોન્સ ટીમો ખડેપગે તૈનાત કરાઈ છે. રાજ્યમાં ભારે વરસાદની આગાહીના પગલે એનડીઆરએફની ૧૦ ટીમો તૈનાત કરાઈ છે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહીને પગલે ભરૂચ જિલ્લામાં ૩ ટીમો મોકલવામાં આવી છે તો નર્મદા જિલ્લામાં એનડીઆરએફની ૨ ટીમો તૈનાત કરવામાં આવી છે. એટલું જ નહીં આવનારા ૨૪ કલાકમાં રાજકોટ, જૂનાગઢ, વડોદરા અને પંચમહાલમાં પણ ભારે વરસાદની સ્થિતિને લઈ તમામ જિલ્લામાં ૧-૧ ટીમ મોકલવામાં આવી છે. ઉત્તર ગુજરાતના અરવલ્લી જિલ્લામાં પણ ૧ એનડીઆલએફની ટીમ મોકલવામા આવી છે.

# ધોરાજી પાસેનો ભાદર-૨ ડેમ ૧૦૦ ટકા ભરાયો: હાઈએલર્ટ જારી

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકા પાસે આવેલો ભાદર-૨ ડેમ તેની પૂર્ણ સપાટીએ ૧૦૦ ટકા ભરાઈ ગયો છે. આથી રૂલ લેવલ જાળવવા પાણી છોડવામાં આવે ત્યારે નદીના પટમાં તથા કાંઠા વિસ્તારમાં અવરજવર નહીં કરવા હાઈ એલર્ટ જારીકરવામાં આવ્યું છે.

રાજકોટ સબ ડિવિઝન નંબર-૧ના નાયબ કાર્યપાલક ઈજનેર-ક્વોલિટી કંટ્રોલની યાદીમાં જણાવાયું છે કે, ધોરાજીના ભોળા ગામ ઉપરાંત ભાદર-૨નાહેઠવાસમાં આવતા વિસ્તારો ભોળા સિંચાઈ યોજના, ભોળગામડા, છાડવાવદર, સુપેડી, ઉપલેટા, ડુમીયાણી તથા આસપાસના વિસ્તારો, ચિખલિયા, સમઢિયાળા, ગાણોદ, ભીમોરા, ગાઢા, ગાંદોદ, હાફડોડી, ઈસરા, કુંડેત, લાઠ, ૧૬. મેલી (મજેઠી), નિલાખા, તલગાણા, ઉપલેટા, પોરબંદર, કુતિયાણાના ભોગસર, બિલડી, છુટા, છત્રાવા, કટવાણા, કુતિયાણા, માંડવા, પસવારી, રોઘડા, સેગ્રાસ, થાપડા માણાવદર, ચીલોદરા, રોઘડા, વડાસડા, વેકરીપોરબંદર, ચીકાસા, ગારેજ, મિતરાળા, નવીબંદર ગામ માટે ખાસ ચેતવણી સંદેશ જારી કરવામાં આવે છે કે, આ ગામોના લોકોએ નદી કાંઠા વિસ્તાર તથા નદી પટમાં અવરજવર કરવી નહીં. આ ડેમની હાલની સ્થિતિ ફુલ રિઝર્વિયર લેવલ ૫૩.૧મીટર છે. જ્યારે લેવલ ૫૨ મીટર છે. ઈનફ્લો ૬૫૬ ક્યુસેક છે.

ઉપરાંત ધોરાજી મામલતદાર તથા ધોરાજી તાલુકા વિકાસ અધિકારી દ્વારા ભાદર-૨ ડેમ ૧૦૦ ટકા ભરાતા નીચાણવાળા વિસ્તારના લોકોને માલ-મિલકતને સલામત સ્થળે ખસેડી લઈ જવા તથા તકેદારી રાખવા અનુરોધ કરાયો છે.

આ સાથે જો કોઈ બનાવ બને તો તાત્કાલિક જિલ્લા કંટ્રોલ રૂમ ખાતે માહિતી મોકલી આપવા જણાવાયું છે.

### આજી-૨ ડેમના ૨ દરવાજા ૦.૧૫ મીટર ખોલાયા

**રાજકોટ જિલ્લાના આજી-૨ સિંચાઈ યોજનામા ઉપરવાસમાં પડેલ ભારે વરસાદના કારણે ડેમ ભરાતા રૂલ લેવલ સપાટી જાળવવા ડેમના ૨ દરવાજા બપોરે ૧૨.૨૫ વાગ્યે ૦.૧૫ મીટર ખોલવામાં આવ્યા છે. આથી ડેમની હેઠવાસમાં આવેલા પડધરી તાલુકાના અડબાલ્કા, બાઘી, દહીં સરડા, ડુંગરકા, ગઘાડા, હરીપર, ખંઢેરી, નારણકા, સખપર અને ઉકરડા ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા મામલતદાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની યાદીમાં જણાવાયું છે.**

# સિનિયર સિટીઝન્સને મ્યુનિસિપલ લાઈબ્રેરીઓમાં ફ્રી મેમ્બરશિપ મળશે

## આજથી અમલ: મામલતદારનું સર્ટિફિકેટ રજૂ કરવું ફરજિયાત

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ મહાપાલિકા દ્વારા બજેટમાં જાહેર કરાયેલી યોજનાઓની તબક્કાવાર અમલવારી શરૂ કરાઈ છે જેમાં આજથી તમામ મ્યુનિસિપલ લાઈબ્રેરીઓમાં સિનિયર સિટીઝન, દિવ્યાંગો, થેલેસેમીયાગ્રસ્તો અને જુવેનાઈલ ડાયાબીટીસગ્રસ્તોને પણ ફ્રી મેમ્બરશીપ આપવાની યોજનાની અમલવારી શરૂ કરાઈ છે, અલબત્ત ફ્રી મેમ્બરશીપ યોજનાનો લાભ લેવા જરૂરી સર્ટિફિકેટ અને ડોક્યુમેન્ટ્સ ફરજિયાત રજૂ કરવાના રહેશે. સિનિયર સિટીઝન્સએ મામલતદાર દ્વારા અપાતું સિનિયર સીટીઝન હોવા અંગેનું સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે.

રાજકોટ મહાપાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલ બજેટના અનુસંધાને ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા ગત સપ્તાહે તમામ લગત શાખાધિકારીઓ સાથે બજેટમાં જાહેર થયેલ યોજનાઓની અમલવારીનાં સ્ટેટસ રીવ્યુ અંગે મીટીંગ કરવામાં આવેલી જેના ભાગરૂપે લાયબ્રેરી વિભાગ અંગે સ્ટે.કમિટી ચેરમેન દ્વારા વિસ્તૃત માહિતી મેળવવામાં આવી હતી. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વયસ્ક નાગરીકો (સીનીયર સીટીઝન), દિવ્યાંગો, થેલેસેમિયા તથા જુવેનાઈલ



ડાયાબીટીક નાગરીકોને રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત લાઈબ્રેરીઓમા પુસ્તકનુ સભ્યપદ ફ્રી(મફત) આપવાની જાહેરાત કરવામાં આવેલ હોય, જેના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત લાઈબ્રેરીઓમા સીનીયર સીટીઝન, દિવ્યાંગો, થેલેસેમીયાગ્રસ્ત, જુવેનાઈલ ડાયાબીટીસગ્રસ્તને લાઈબ્રેરીમાં પુસ્તકનુ સભ્યપદ ફ્રીમાં આપવાની પ્રથાનું અમલીકરણ તાત્કાલિક ધોરણે શરૂ કરાવવા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરે સબંધીત અધિકારીઓને આ મીટીંગમાં સુચનાઓ આપી હતી.

વિશેષમાં આ અંગેની વિગતો જાહેર કરતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરએ જણાવ્યું હતું કે, સિનીયર સીટીઝન્સ, દિવ્યાંગો, થેલેસેમિયા તથા જુવેનાઈલ ડાયાબીટીસગ્રસ્તને પુસ્તકના સભ્યપદ માટે ચુકવવા પાત્ર રકમમાં મુક્તિ આપવામાં આવશે, જેમાં સભ્ય થવાનાં અરજીપત્રક માટેની રકમ (પુસ્તક માટે)ની હાલની ફી રૂ.૫માં મુક્તિ, દાખલ ફી (પુસ્તક માટે)ની હાલની ફી રૂ.૧૫માં મુક્તિ, માસિક લવાજમ એક પુસ્તકની હાલની ફી રૂ.૮માં મુક્તિ તેમજ માસિક લવાજમ બે પુસ્તકની હાલની ફી રૂ.૧૨માં મુક્તિ આપવામાં આવશે. જેમાં હાલમાં પ્રવર્તમાન અનામત રકમ એક પુસ્તકનાં (રીફંડેબલ) રૂ.૫૦, અનામત રકમ બે પુસ્તકનાં (રીફંડેબલ) રૂ.૧૦૦, અતિદેય (પ્રતિ દિવસ-૧ પુસ્તક માટે લેઈટ ફી, નોન-રીફંડેબલ) રૂ.૧ મુજબ યથાવત રહેશે. આ ઉપરાંત, નીચે મુજબની શરતો અને નિયમો મુજબ પુસ્તકનુ સભ્ય પદ મેળવવા માટે અરજી પત્રક, દાખલ ફી તથા વાર્ષિક લવાજમ સિવાયની અન્ય રકમ ચુકવવાની રહેશે. આ માટે જરૂરી આધાર પુરાવા સાથે નજીકની લાઈબ્રેરીનો રૂબરૂમાં સંપર્ક કરી મહત્તમ લાભ લેવા અપિલ કરવમાં આવી છે.

### આટલા ડોક્યુમેન્ટ્સ રજૂ કરવાના રહેશે

**(૧) ફકત રાજકોટ શહેરમાં વસતા સીનીયર સીટીઝન, દિવ્યાંગો, થેલેસેમીયાગ્રસ્ત, જુવેનાઈલ ડાયાબીટીસ ગ્રસ્તને જ લાઈબ્રેરીમાં પુસ્તકનુ સભ્યપદ ફ્રી આપવામાં આવશે.**
**(૨) સીનીયર સીટીઝન નાગરીકોએપુસ્તકનું ફ્રી સભ્યપદ મેળવવા માટે સક્ષમ ઓથોરીટી દ્વારા સીનીયર સીટીઝન અંગેનુ પ્રમાણ પત્ર રજુ કરવાનુ રહેશે.**
**(૩) દિવ્યાંગ નાગરીકોએ પુસ્તકનુફ્રીસભ્યપદ મેળવવા માટે માન્ય સરકારી હોસ્પિટલના ડોક્ટરી પ્રમાણપત્ર મુજબ અંધજનને ૧૦૦% તથા અપંગ અને બહેરા-મુંગા દિવ્યાંગોને મીનીમમ ૪૦% નું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.**
**(૪) થેલેસેમીયા ગ્રસ્ત નાગરીકોએ પુસ્તકનુફ્રીસભ્યપદ મેળવવા માટે માન્ય સરકારી હોસ્પિટલના ડોક્ટરી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.**
**(૫) જુવેનાઈલ ડાયાબીટીક નાગરીકોએ પુસ્તકનુ સભ્યપદ મેળવવા માટે માન્ય સરકારી હોસ્પિટલના ડોક્ટરી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.**
**(૬) સીનીયર સીટીઝન, દિવ્યાંગો, થેલેસેમીયાગ્રસ્ત, જુવેનાઈલ ડાયાબીટીસ નાગરીકોએ આધારકાર્ડ/ ઈલિક્શન કાર્ડ અથવા કોઈપણ એક રાજકોટ શહેરના રહેઠાણના પુરાવાની ઝેરોક્ષ નકલ રજુ કરવાની રહેશે.**
**(૭) આ સિવાય લાઈબ્રેરીનાં તમામ પ્રકારના સામાન્ય નીતિ અને નિયમો આ ચારેય કેટેગરીને લાગુ પડશે.**

### આટલી લાઈબ્રેરીમાં વિનામૂલ્યે મેમ્બરશિપ

**-વોર્ડ નં.૭માં કેનાલ રોડ સ્થિત શ્રીમતિ પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય**
**-વોર્ડ નં.૭માં મહાત્મા ગાંધી મ્યુઝીયમ લાઈબ્રેરી**
**-વોર્ડ નં.૨માં શ્રોફ રોડ સ્થિત દત્તોપંત ઠેંગડી પુસ્તકાલય - વોર્ડ નં.૮માં નાનામવા સર્કલ પાસે મહિલા એક્ટીવીટી સેન્ટરમાં મહિલા વાંચનાલય**
**-વોર્ડ નં.૯માં રૈયા રોડ સ્થિત બાબુભાઈ વૈદ્ય લાઈબ્રેરી - વોર્ડ નં.૧૪માં જિલ્લા ગાર્ડનમાં આવેલ ડો.બાબા સાહેબ આંબેડકર પુસ્તકાલય**
**-વોર્ડ નં.-૬મા ચાણક્ય પુસ્તકાલય, ગોવિંદબાગ શાક માર્કેટ પાસે**
**-બહેનો તથા બાળકો માટેનાં ફરતા પુસ્તકાલય યુનીટ નં.૧ અને યુનીટ નં.૨**

# ફાયર બ્રિગેડની કામગીરી સ્ટેશન મુજબ નહીં વોર્ડવાઈઝ કરવા નવો હુકમ જારી

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ શાખાના ફાયર સ્ટેશન દ્વારા કરવામા આવતી તમામ પ્રકારની કામગીરી વહીવટી સરળતા ખાતર હવેથી વોર્ડ વાઈઝ કરવામાં આવશે છે. કુદરતી આપત્તિ, હોનારત, ગંભીર આગ લાગવાના બનાવો વિગેરે જેવા કિસ્સામાં ચીફ ફાયર ઓફિસરની સુચના મુજબ ફાયર સ્ટેશન દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. પ્રતિ ફાયર સ્ટેશન હેઠળ બે થી ત્રણ વોર્ડનો સમાવેશ કરાયો છે.

### હવેથી કયો વોર્ડ કયા સ્ટેશન હેઠળ આવશે

| ફાયર સ્ટેશન----- | વોર્ડ હેઠળના વિસ્તારો |
|---|---|
| -કનક રોડ ફાયર સ્ટેશન | વોર્ડ નં.૭ અને ૧૪ |
| -કાલાવડ રોડ ફાયર સ્ટેશન | વોર્ડ નં.૮,૧૦ અને ૧૧ |
| -બેડીપરા ફાયર સ્ટેશન | વોર્ડ નં.૫,૬ અને ૧ |
| -મવડી ફાયર સ્ટેશન | વોર્ડ નં.૧૨ અને ૧૩ |
| -રામાપીર ફાયર સ્ટેશન | વોર્ડ નં.૧ અને ૯ |
| -કોઠારીયા ફાયર સ્ટેશન | વોર્ડ નં.૧૬, ૧૭ અને ૧૮ |
| -રેલનગર ફાયર સ્ટેશન | વોર્ડ નં.૨ અને ૩ |
| -ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર | વોર્ડ નં.૪ |

# રાજકોટ માર્કેટ યાર્ડના નવા ચેરમેન કોણ ? ભાજપ કાલે સેન્સ લેશે

## જયેશ બોઘરા અને પરસોતમ સાવલિયાના બોલાતા નામ: પ્રદીપ ખીમાણી, અમીબેન પરીખ અને હસમુખ હિંડોચા સેન્સ લેશે

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ માર્કેટયાર્ડના વર્તમાન ચેરમેન જયેશભાઈ બોઘરાની ટર્મ પૂરી થતી હોવાથી નવા ચેરમેન તરીકે કોની પસંદગી કરવી તે મામલે આવતીકાલે ભાજપ દ્વારા સેન્સ લેવામાં આવનારી છે.

પ્રદેશ ભાજપ તરફથી સેન્સ લેવા માટે જુનાગઢના ભાજપના સિનિયર આગેવાન પ્રદીપભાઈ ખીમાણી જામનગરના પૂર્વ મેયર અમીબેન પરીખ અને જામનગર શહેર ભાજપના પૂર્વ પ્રમુખ હસમુખભાઈ હિંડોચા આવતીકાલે બપોરે ત્રણ વાગ્યે ઢેબર રોડ પર આવેલા જીલ્લા ભાજપ કાર્યાલયમાં સેન્સ લેવાના છે.

આ પ્રક્રિયામાં તાલુકા ભાજપના પ્રમુખ મહામંત્રીઓ જિલ્લા ભાજપના પ્રમુખ મહામંત્રીઓ માર્કેટ યાર્ડના ડાયરેકટરો વગેરેને આમંત્રણ આપવામાં આવ્યું છે.

માર્કેટ યાર્ડના વર્તમાન ચેરમેન જયેશભાઈ બોઘરા ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા જૂથના છે. તેને રીપીટ કરવા માટે પ્રયત્નો થઈ રહ્યા છે તો પ્રથમ ટર્મમાં જ્યારે સેન્સ લેવામાં આવી ત્યારે ટોચ પર રહેલા પરશોતમભાઈ સાવલિયા પણ દાવેદારોના લિસ્ટમાં ટોચ પર છે.

આવતીકાલે બપોરે ૦૩:૦૦ વાગ્યાથી સેન્સની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. પરંતુ સેન્સમા જે નામ બહાર આવશે તેને જ ચેરમેન બનાવવામાં આવશે તેવું હોતું નથી. ભૂતકાળના આ અનુભવના આધારે હવે સેન્સની પ્રક્રિયા પછી પણ નવાજૂની થવાની શકયતા નકારાતી નથી. તાજેતરમાં યોજાયેલી ઈફકોની ચૂંટણીમાં વર્તમાન ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા પાર્ટીના મેન્ડેડની એસીતેસી કરી ચુટાઈ આવ્યા છે ત્યારે રાજકોટ માર્કેટયાર્ડમાં ભાજપ દ્વારા સેન્સમા જેનું નામ જાહેર થાય તેના નામનો જ મેન્ડેટ નીકળે છે કે કેમ ?અને મેન્ડેટ નીકળ્યા પછી બળવો થાય છે કે નહીં તે જોવાનું રહેશે.રાજકોટ માર્કેટ યાર્ડના ચેરમેનની ચૂંટણી તારીખ ૫ ના રોજ રાખવામાં આવી છે. ચૂંટણીપૂર્વે ભાજપ તરફથી મેનડેટ આવે છે કે ઈલેકશન માટેના બોર્ડમાં સીધા જ કોઈ નામની દરખાસ્ત આવે છે ?તે બાબત સહકારી ક્ષેત્રમાં ભારે ચર્ચાસિપદ બની છે.

# જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિએ ૩૭ કરોડના કામ કારોબારી તરફ રવાના કર્યા

## રસ્તા, રી-સરફેસિંગ જેવા કામો માટે ૩૧.૪૦ લાખ મંજૂર

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિની બેઠક ચેરમેન દક્ષાબેન રાદડિયાના અધ્યક્ષ સ્થાને મળી હતી અને તેમાં ૩૭.૯ કરોડના કામ અંતિમ મંજૂરી માટે તથા ટેન્ડર પ્રક્રિયા સહિતની કામગીરી માટે કારોબારી સમિતિની તરફ મોકલવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતમાં ૧૫ લાખ કે તેથી ઓછી રકમના કામ જે તે કમિટીની બેઠકમાં મંજૂર કરવામાં આવતા હોય છે. ૧૫ લાખથી વધુ રકમના કામ હોય તો તેની અંતિમ મંજૂરી માટે જે તે સમિતિ દ્વારા કારોબારી સમિતિને મોકલવામાં આવતા હોય છે. આગામી તારીખ ૮ ના રોજ કારોબારી સમિતિની બેઠક મળવાની છે અને તેમાં બાંધકામ સમિતિ તરફથી મોકલવામાં આવેલા ૩૭.૯ કરોડના કામને મંજૂરી ટેન્ડર પ્રક્રિયા સહિતના નિર્ણયો લેવામાં આવશે.બાંધકામ સમિતિની બેઠકમાં નવા રસ્તા બનાવવા અને રી સરફેસિંગ જેવા કામ માટે રૂપિયા ૩૧.૪૦ લાખ મંજૂર કરવામાં આવ્યા છે.બાંધકામ સમિતિની આ બેઠકમાં ચેરમેન દક્ષાબેન રાદડિયા ઉપરાંત સુમિતા ચાવડા, સહદેવસિંહ જાડેજા અમૃત મકવાણા સીમા લુણાગરિયા અને કાર્યપાલક ઈજનેર એસ. બી. મહાલા ઉપસ્થિત રહ્યા હતા.જિલ્લા પંચાયતની મોટાભાગની કમિટીઓની બેઠક મળી ગઈ છે અને હવે આગામી તારીખ ૪ ના રોજ શિક્ષણ સમિતિની બેઠક મળશે. ત્યાર પછી તારીખ ૮ ના રોજ કારોબારી સમિતિની બેઠક મળવાની છે. જુદી જુદી કમીટીઓ તરફથી આવેલી દરખાસ્તો કારોબારી સમિતિમાં મૂકવામાં આવશે અને જિલ્લા પંચાયતના જુદા જુદા વિભાગો તરફથી પણ સીધી દરખાસ્તો કારોબારી સમિતિમાં મૂકવામાં આવનારી છે. આ જોતા કારોબારી સમિતિનો એજન્ડા ઘણો મોટો બની જવાની શક્યતા છે. લોકસભાની ચૂંટણીના કારણે જિલ્લા પંચાયતમાં એક પણ સમિતિની બેઠક આચાર સહિતના બે મહિનાથી લાંબા સમયગાળામાં મળી ન હોવાથી દરખાસ્તોનો ભારે ભરાવો થયો છે. તેનો નિકાલ તારીખ ૮ના રોજ કારોબારી સમિતિની બેઠકમાં કરવામાં આવશે. આ ઉપરાંત તારીખ ૧૨ આસપાસ જિલ્લા પંચાયતની સામાન્ય સભા પણ મળવાની છે અને તેમાં આ તમામ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવશે.

# રાજકોટ શહેરમાં જાહેરમાં ગંદકી ફેલાવતી પાનની આઠ દુકાન સીલ કરતી મહાપાલિકા

## ખોડલ, માધવ ડિલકસ, પટેલ, પ્યાસા, ઉમિયાજી, આદ્યશક્તિ, બજરંગ પાન અને ક્રિષ્ના પાન શોપ સીલ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ







રાજકોટ શહેરમાં જાહેરમાં ગંદકી ફેલાવવા બદલ પાનની વધુ આઠ દુકાનો સીલ કરવામાં આવી હતી. વિશેષમાં મહાપાલિકાના અધિકારી સૂત્રોએ વિગતો જાહેર કરતા જણાવ્યું હતું કે, રાજકોટ શહેરમાં ઉમીયા ચોક, ૧૫૦ ફિટ રીંગ રોડ પર આવેલ (૧) ખોડલ પાન, (૨) માધવ ડીલકસ પાન, (૩) પટેલ પાન, (૪) પ્યાસા પાન, (૫) શ્રી ઉમિયાજી પાન, (૬) આદ્યશકિત હોટલ, (૭) બજરંગ પાન અને (૮) ક્રિષ્ના પાન એમ, કુલ ૮ શોપ દ્વારા જાહેરમાં સ્વચ્છતા જાળવતા ન હોવાથી અને ગંદકી સબબ ન્યુસંન્સ ફેલાવતા હોવાથી જાહેર આરોગ્યને નુકસાન કરે તે રીતે જાહેર ગંદકી તેમજ કચરો કરવામાં આવતો હોય, આ બાબતે નોટીસ આપી, વહીવટી ચાર્જની વસુલાત કરવામાં આવેલ. આ ઉપરાંત આ શોપના સંચાલકોને જાહેરમાં ગંદકી ન કરવા તેમજ સ્વચ્છતા જાળવવા અવાર-નવાર સુચના આપવામાં આવેલ. તેમ છતાં જાહેર સ્વચ્છતા ન જાળવતા તા.૧-૭-૨૦૨૪ના રોજ સ્થળ તપાસ કરતાં શોપની આસપાસ ખુબજ ગંદકી તેમજ કચરો જોવા મળેલ હતો. જેથી તા.૧-૭-૨૦૨૪ ના રોજ સાંજે (૧) ખોડલ પાન, (૨) માધવ ડીલકસ પાન, (૩) પટેલ પાન, (૪) પ્યાસા પાન, (૫) શ્રી ઉમિયાજી પાન, (૬) આદ્યશકિત હોટલ, (૭) બજરંગ પાન અને (૮) ક્રિષ્ના પાન એમ, કુલ ૮ શોપના સંચાલકોને નોટીસ આપીને ધી જીપીએમસી એક્ટ-૧૯૪૯ની કલમ-૩૭૬ એ હેઠળ સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

દેશ–પરદેશની **આજકાલ**

**તંત્રી સ્થાનેથી**

# ભયંકર ગરમી અને પછી અત્યંત વરસાદઃ હવામાન આકરું થતું જાય છે

આ વખતે હવામાને આવા રંગો બતાવ્યા પછી આપણે જાગવું જોઈએ. પહેલાં ભયંકર ગરમી અને પછી શહેરો ડુબાડી ડે એવો વરસાદ. દેશભરમાં આવી જ હાલત છે પણ સૌરાષ્ટ્રમાં કૈંક વધુ છે. જુનાગઢ અને વંથલી માથે આભ ફાટ્યું છે. બાર પંદર ઈંચ વરસાદથી પુરની સ્થિતિ છે. આપણે ત્યાં કહેવાય છે કે ઉનાળો વધુ પાકે તો ચોમાસું પણ સારું જાય. આ વખતે પહેલો વરસાદ ગુજરાતમાં એક અઠવાડિયું મોડો આવ્યો પણ ખુબ જ સારો આવ્યો છે. અને ખેડૂતોની ચિંતા હલાવી થઈ ગઈ છે પણ પ્રયાવરણવિદોની ચિંતા ઓછી થતી નથી. જે રીતે હવામાન આત્યંતિક રૂપ લેતું જાય છે તે જોતા આગામી થોઅડા વર્ષોમાં તે માનવજાત માટે ખતરારૂપ બની જશે એ નક્કી.

જળવાયુ પરિવર્તનનો ખતરો, જેના વિશે પર્યાવરણવિદો અને વૈજ્ઞાનિકો ઘણા વર્ષોથી ચેતવણી આપી રહ્યા છે, તે હવે માથે આવી ગયું છે. જો આ અંગે કંઈ કરવામાં નહીં આવે તો અહીંથી સ્થિતિ વધુ ખરાબ થશે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને દેશના અન્ય ઘણા શહેરોએ જૂન મહિનામાં જ બે ચરમસીમાનો સામનો કરવો પડ્યો હતો. પહેલા જીવલેણ ગરમી હતી. દિલ્હીમાં જૂનમાં સરેરાશ મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસની આસપાસ હતું. હવે વિચારવા જેવું છે કે જે શહેરો થોડા દિવસો પહેલા પાણીની તંગીનો સામનો કરી રહ્યા હતા તે શહેરો અચાનક પાણીમાં કેવી રીતે ડૂબવા લાગ્યા ગરમીના રેકોર્ડ તોડવા હવે સામાન્ય બની ગયા છે. અત્યાર સુધી નોંધાયેલા ચાર સૌથી ગરમ જૂન મહિનામાંથી ત્રણ છેલ્લા ૧૩ વર્ષમાં થયા છે. દર વર્ષે એવું લાગે છે કે ગત વર્ષની સરખામણીએ ગરમી વધુ છે. શિયાળાની ઋતુ ઘટી રહી છે, જ્યારે વરસાદ અનિયમિત થઈ ગયો છે. આ તમામ ચિહ્નો ડરામણી હોવાની સાથે ચેતવણી પણ છે આબોહવા પરિવર્તનના મુદ્દા પર, આપણે બે સ્તરે કામ કરવાની જરૂર છે – પહેલો ઉકેલ લાંબા ગાળાનો હોવો જોઈએ અને બીજો તાત્કાલિક હોવો જોઈએ. એક્શન પ્લાન અને ગાઈડલાઈન પર કામ કરવું પડશે. આપણે આંધ્રપ્રદેશનું ઉદાહરણ લઈ શકીએ, જ્યાં દર વર્ષે હીટવેવનો સામનો કરવા માટે સરકારી યોજના બનાવવામાં આવે છે. આમાં લાંબા ગાળાની સાથે ટૂંકા ગાળાના ઉપાયો પણ રાખવામાં આવ્યા છે. જો બગડતા હવામાનને નિયંત્રિત કરવું હોય તો કેટલાક કડક પગલાં લેવા પડશે. આપણા મહાનગરોમાં નદીઓ અને તળાવો પર ઝડપથી અતિક્રમણ થઈ રહ્યું છે. વેટલેન્ડ્સ પર ઈમારતો બાંધવામાં આવી રહી છે, જે કુદરતી જળ રિચાર્જ સિસ્ટમ તરીકે કામ કરે છે. આને રોકવું પડશે. હરિયાળી વધારવી પડશે. સુશોભન વૃક્ષોને બદલે લીમડો, પીપળ, જામુન, કેરી જેવા વૃક્ષો વાવવા જોઈએ. ઘરોના બાંધકામમાં જૂની શૈલી અપનાવવી જોઈએ એટલે કે જાડી અને ઊંચી દિવાલો, પર્યાપ્ત વેન્ટિલેશન. મૂળ તરફ પાછા ફરીને અને પ્રકૃતિને માન આપીને જ આ સમસ્યાને ટાળી શકાય છે. જવાબદારી મોટી છે અને સામે વિકારની જરૂરિયાત પણ એટલી જ મોટી છે. બંને વચ્ચે સંતુલન જાળવવું મુશ્કેલ છે પણ અશક્ય નથી.

# પકડી રાખશો એટલા વધુ દુઃખી થશો તમે

## દુઃખને આપણે સૌથી પ્રિય વસ્તુની જેમ ગળે લગાડીને ફરતા રહીએ છીએ. દુઃખને ઝાલી રાખવું, મમળાવ્યા કરવું, રીવિઝિટ કરતાં રહેવું એટલે શાશ્વત પીડામાં રહેવુંઃ ક્ષણમાં જીવી શકે તે છોડી શકે, છોડી શકે તે મુકત રહી શકે

**વિચાર**

**કાના બાંટવા**

એક ગજબ વાર્તા છે. એક ગુરુએ પોતાના શિષ્યોમાંથી એકને ઉભો કર્યો અને તેના હાથમાં થોડું પાણી ભરેલો એક લોટો આપ્યો. શિષ્યને કહ્યું, 'આ લોટો ઉંચો પકડી રાખ.' શિષ્યએ સરળતાથી લોટો ઉઠાવી લીધો અને કહ્યું કે 'એમાં શું બહુ જ સરળ કામ છે. સાવ હળવો છે લોટો, લગભગ ખાલી જ છે.' ગુરુએ જવાબ આપ્યો કે 'જ્યાં સુધી હું તને આદેશ ન આપું ત્યાં સુધી હાથ આમ જ ઉંચો રાખવાનો છે અને લોટો પકડી રાખવાનો છે.' શિષ્ય કળશ પકડીને ઉભો રહ્યો. થોડી મિનિટો થઈ તો હાથમાં પીડા થવા માંડી. સમય જરા વધુ વિત્યો એટલે પીડા બમણી થઈ ગઈ. એક સમય એવો આવ્યો કે શિષ્યનો હાથ એટલો દુઃખવા માંડયો કે તેણે ગુરુની આજ્ઞાની અવજ્ઞા કરીને કળશ નીચે મુકી દીધો. ગુરુએ પૂછયું કે 'વજન તો બહું હતું નહીં, કળશ સાવ હળવો હતો, પાણી બહુ જ ઓછું ભરેલું હતું છતાં કેમ તેં મારા આદેશ વગર લોટાને નીચે મૂકી દીધો ?' શિષ્યએ જવાબ આપ્યો કે 'વજન ભલે નહોતું પણ લાંબો સમય કળશ પકડી રાખવાને લીધે હાથ દુઃખવા માંડયો. છેલ્લે તો પીડા એટલી સઘન થઈ ગઈ કે મારા માટે હાથ ઉંચો રાખવો અસંભવ બની ગયું.'


જેને પણ પકડી રાખીએ છીએ તે પીડા આપે છે. છોડી દેતાં શીખીએ તો સુખી થઈ શકીએ. પણ આપણે સંઘરાખોર છીએ. બધું જ સાચવી રાખીએ. ભરી રાખીએ મનમાં. આપણું મન ભંગારખાનું બની જાય, ઉકરડો બની જાય, જંકયાર્ડ બની જાય છે. આપણે કોઈ બાબતને જતી કરતા નથી. છોડી દેતાં નથી. છોડી દઈએ તો તેનાથી મુકત થઈ શકીએ. પણ પકડી રાખવાની ટેવ પડી ગઈ છે. કોઈ સ્વજને કાંઈક કહ્યું, આપણે એને યાદ રાખીશું. આપણું વર્તન એ સ્વજન પ્રત્યે બદલાઈ જશે. પણ, યાદ રાખવાનો અને એ પ્રમાણે વર્તવાનો બોજ આપણને જ પીડા આપતો રહેશે. સામેની વ્યકિત તો કદાચ તમારા નિર્ણયથી સાવ અજાણ પણ હોય. અથવા તમારા નિર્ણયથી તેને કશો ફરક પડતો ન હોય. અથવા તેને તમારી સાથેનો અનુબધં જ એટલો મજબૂત ન હોય અથવા એને તમારી કશી પડી જ ન હોય. એ તો તમારી સાથે જોડાયેલ ન જ હોય. જરા પણ એટેચ્ડ ન હોય. એણે તમને પકડેલા જ ન હોય, તમે જ પકડી રાખ્યા હોય તેને તો જરાય પીડા ન પહોંચે.

નાનું એવું દુઃખ હોય તો એને પણ આપણે પકડી રાખીએ છીએ. નાનકડી સમસ્યાને પણ કચકચાવીને મુઠ્ઠીમાં ભીંસી રાખીએ છીએ. જરા અમથી બાબતને છાતીએ વળગાડીને ફરતા રહીએ છીએ. દુઃખ પોતે મોટું નથી હોતું, આપણે જેટલી જગ્યા આપીએ એટલા કદનું તે બને છે. તમે જો દુઃખને વિશાળ જગ્યા આપશો તો તે વિકરાળ બનીને તમારી સામે ઉભું રહેશે. તમને ડરાવશે. પજવશે. પણ જો એને તમે જગ્યા નહીં આપો તો તે જતું રહેશે. દુઃખ શાશ્વત નથી, આપણે બનાવી દઈએ છીએ. પીડા નિશ્ચિત સમયમાં દૂર થઈ જતી હોય છે. પણ, આપણે એ પીડાને પકડી લઈએ છીએ, તેને પોષણ આપીએ છીએ, તેનું સંવર્ધન કરીએ છીએ. અને પછી જયારે એ દુઃખ પહાડ જેવડું થઈ જાય છે ત્યારે માથું પકડીને રડીએ છીએ. છોડતા શીખવું બહું અઘરૂ છે. તેમાં તમારે તમારો અહંકાર પણ છોડવો પડે. ક્ષમા કરતાં થવું પડે. માફ કરવાનું શરૂ કરવું પડે. સાંભળી લેતાં શીખવું પડે. તમે કહેશો કે શા માટે સાંભળી લેવું ? શા માટે માફ કરી દેવા ? જેવા સાથે તો તેવા જ થવાય. માટીના દેવને ગારાની આંખો. લાતોં કે ભૂ બાતોં સે નહીં માનતે. ટીટ ફોર ટેટ. તમે કહેશો કે આ જમાનો જ એવો છે, જેમાં જતું કરનાર તો જીવી જ ન શકે. ફાડી ખાય આ દુનિયા તેને. કોઈ સહકર્મચારી આડું અવળું બોલે અને જવાબ ન આપીએ તો તો ઓફિસમાં છાપ કેવી બગડી જાય. બધા માથે ચડી જાય. ધંધામાં જતું કરીએ તો બજારમાં ઉભા જ ન રહી શકીએ. સંબંધોમાં જતું કરીએ તો કોઈ ગણનામાં જ ન લે. શા માટે જતું કરવું ? પ્રશ્નો તમારા સાચા છે. પરિસ્થિતિઓ પણ સાચી છે. માન્યતાઓ આવી જ છે. આજુબાજુ લોકો પણ આવા જ છે. દુનિયા આટલી જ ક્રૂર છે. અહીં તો તમને ખતમ કરી નાખવા માટેના કારસા સતત ઘડાતા રહે છે. એકદમ સાચી વાત છે. પણ, મુદ્દો અહીં લોકોને નહીં તમારો છે. લોકોના દુઃખનો નહીં તમારા દુઃખનો છે. છોડવાનો અર્થ અહીં તમારા દુઃખ, તમારી ગ્રંથીઓ, તમારા પૂર્વગ્રહો છોડવાનો છે.

તમારે સુખી રહેવું છે કે દુઃખી રહેવું છે તે મુદ્દો છે. સુખી થવું હોય તો દુઃખ છોડો. તમને તમે જ દુઃખી કરી શકો એ વાતનો વિસ્તાર એ છે કે તમે બીજાને દુઃખી કરી શકો નહીં. કોઈ બીજાને દુઃખી કરી શકે નહીં. ત્રાસ આપી શકે. પજવી શકે. મારી શકે. ઈજા પહોંચાડી શકે. પણ દુઃખી ન કરી શકે. પેલા આનંદી કાગડાને રાજાએ કેટલી જાતની સતામણી કરી ? કાગડો તો ગાતો રહ્યો, હસતો રહ્યો. મન્સુરને યારે અનહલક કહેવા બદલ તડપાવી તડપાવીને મારવામાં આવ્યો ત્યારે પણ તે હસતો રહ્યો હતો. આંખો ફોડી નાખવામાં આવી છતાં, હાથપગ કાપી નાખવામાં આવ્યા છતાં, પથ્થરોથી શરીને ટોચી નાખવામાં આવ્યું છતાં મન્સુર હસતો રહ્યો. મોત પછી પણ એના ચહેરા પર હાસ્ય હતું. તમે યાં સુધી દુઃખને પકડી રાખશો ત્યાં સુધી જ એ તમને દુઃખી કરી શકશે. અને દુઃખ તમને બહારનું કોઈ પકડાવી નહીં શકે, તમે પોતે જ પકડી શકશો. નિર્ણય તમારે કરવાનો છે, પકડી રાખવું કે છોડી દેવું. એક સુંદર કથા છેઃ બે બ્રહ્મચારી સાધુઓ પગપાળા એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા. રસ્તામાં એક નદી આવી. નદીના કિનારે એક યુવાન સ્ત્રી ઉભી હતી. સ્ત્રીએ સાધુઓને વિનંતિ કરી કે નદી પાર કરવા માટે કોઈ નાવ નથી એટલે તેને સામે પાર જવા માટે મદદ કરે. બંને સાધુઓમાંથી જે યુવાન સન્યાસી હતો તેણે પેલી મહિલાને ખભે ઉંચકીને નદી પાર કરાવી દીધી. બંને સાધુઓ આગળ ચાલ્યા. થોડો સમય થયો એટલે વૃદ્ધ સાધુથી રહેવાયું નહીં. તેણે પેલા યુવાન સન્યાસીને ટોણો મારતાં કહ્યું કે તેં સ્ત્રીને ખભે ઉંચકી એટલે તારૂં બ્રહ્મચર્ય વ્રત તૂટી ગયું હતું. ધર્મભ્રષ્ટ થઈ ગયો. યુવાન સન્યાસીએ જવાબ આપ્યો કે મેં તો એ સ્ત્રીને કિનારે જ ઉતારી દીધી હતી, તમે હજી એને મનમાં ઉંચકીને ચાલી રહ્યા છો. અદ્દભુત વાર્તા છે. આ વૃદ્ધ સાધુએ હજી એ ભાર ઉંચકેલો હતો. તેના ખભા પર હતી એ સ્ત્રી. એનું મન એ જ વિચારો કરતું હતું. પેલો યુવાન સાધુ તો ક્ષણમાં જીવતો હતો. સ્ત્રી જયારે તેના ખભા પર હતી ત્યારે જ હતી, કિનારે મૂકી અને મુકત. ન એને સ્ત્રીને ઉઠાવવાનો આનદં હતો, ન છોડવાનું દુઃખ.

કેટકેટલું ઠાંસી રાખીએ છીએ આપણે મનની અંદર. એમાં ને એમાં જ ભટકતાં રહીએ છીએ આપણે. દસ વર્ષ પહેલાં જે ઘટના આપણી સાથે ઘટી ગઈ હોય એને આજે યાદ કરીને દુઃખી થઈએ. અવડાતાં કૂટાતાં છ મહિના પછી મનના કબાડખાનામાં ફરી એ ઘટના સાથે અથડાશું ત્યારે ફરી દુઃખી થઈશું. જે વ્યકિત જીવનમાં નથી એનો સાથ છૂટયો તે વેળા પીડાદાયક હતી. હોય જ. પણ, એ ક્ષણને વળગી રહેવાથી અવસાદ સિવાય શું મળવાનું હતું ? છતાં, ધરાર એ ક્ષણની રીવિઝિટ આપણે કરીએ છીએ. દુઃખી થવાની ટેવ પડી ગઈ હોય છે ઘણાને. કેટલાકને પીડામાં જ મજા આવતી હોય છે. કેટલાકને પોતાને દુઃખી બતાવવાની અને સહાનુભૂતિ મેળવવાનો આનદં આવતો હોય છે. તમારે એવું બનવું છે ? જો નથી બનવું તો છોડતાં શીખો. ક્ષણમાં રહેતા શીખો. સ્પોન્ટેનિયસ બનો. અદભૂત શબ્દ છે સ્પોન્ટેનિયસ. એના માટે યોગ્ય ગુજરાતી શબ્દ શોધવો મુશ્કેલ છે. સૌથી નજીકનો શબ્દ સ્વયંસ્ફુર્ત છે. પણ આ શબ્દ ગુજરાતીઓને જ અઘરો લાગે તેવો છે. બીજો દૂરનો શબ્દ છે સહજ. આમ તે સ્પોન્ટેનિયસનો તરજુમો ભલે નથી છતાં તેના ભાવને પકડી શકે છે. વધુ નજીકના શબ્દ પણ કદાચ મળી આવે ભાષાપંડિતોને. આપણો મુદ્દો અત્યારે ભાષા નહીં, ભાવ છે. જયારે જે બને તેને જીવી લઈને તેમાંથી બહાર નીકળી જવું. એના અનુભવમાંથી જે શીખી શકાય તે શીખી લેવું. જે અનુભૂતિ થાય તેને માણી લેવી. બોધપાઠ લેવો હોય તે લઈ લેવો. વાત અહીં પૂરી થવી જોઈએ. સુખી થવાની આ ચાવી છે. બહું સરળ ચાવી છે. પણ, એ મેળવવાની શરત એ છે કે તેના માટે સરળ બનવું પડે. અને, સરળ બનવું સૌથી અઘરૂ છે, આજના જમાનામાં. તમે ઈચ્છો તો પણ તમને સરળ નહીં બનવા દેવા માટેની વ્યવસ્થા છઠ્ઠીના સંસ્કારથી લઈને ભણતર, ગણતર અને વ્યવહાર સુધીના દરેક તબક્કે છે. એ તમામ કોઠા વીંધીને પણ જો સરળ રહી શકો તો તમારા જેટલો સુખી આ જગતમાં બીજો કોઈ માણસ નહીં હોય.

## ક્રોસ વર્ડ



**આડી ચાવી**

૧. ઉત્સુક, અધીરું (૩)
૪. એક અંગ્રેજી મહિનો (૧)
૫. અડધું નહિ તેવું (૨)
૬. હીજડો, નપુંસક (૨)
૭. ચિહ્ન, લક્ષ્ય (૩)
૮. વેરાન, ઉજ્જડ (૩)
૯. આછો ખ્યાલ આપતી રેખા (૪)
૧૨. મિત્ર, દોસ્ત (૨)
૧૪. રહેવાનું સ્થળ, ઠેકાણું (૨)
૧૫. આડુંઅવડું, અવ્યવસ્થિત (૪)
૧૬. માછલીના આકારનું (૫)
૧૮. પુત્રની પત્ની (૨)
૧૯. મરજીયાતનું વિરોધી (૫)
૨૧. કાળા રંગનો કીડી જેવો જીવડો (૩)
૨૩. ચીરી, કકડો (૨)
૨૫. ...સંસારનો નિયમ છે (૫)
૨૭. પારણા જેવી ડોલીમાં બેસીને ગોળ ફરવાનો ફાળકો (૪)
૨૮. ખાર (૨)
૨૯. વહાણને ગતિમાં રાખતું કપડું (૨)

**ઉભી ચાવી**

૧. છીછરામનનું (૪)
૨. મનનો તરંગ (૨)
૩. મસાણ (૩)
૫. અંદાજે, અડસટ્ટે (૩)
૭. જરાવિનાનું, અજર (૩)
૮. સંચાલક, વ્યવસ્થા કરનાર (૪)
૧૦. ઉત્તમ (૩)
૧૧. ખાડા–ટેકરાવાળું (૬)
૧૩. અનિચ્છા, મરજી ન હોવી (૪)
૧૪. ભારે તૈયારી, ધમાલ (૪)
૧૫. આકૃતિ, ઘાટ (૩)
૧૭. સાપ કે ઉંદરનું ઘર (૩)
૨૦. સ્થળાંતર કરનાર પક્ષી (૪)
૨૨. સમસ્યા, ઉખાણું (૩)
૨૩. કાચનો પોટાવાળો દીવો (૩)
૨૪. અધમ, હલકું (૨)
૨૬. ત્રણ પૈડાંવાળું વાહન (૨)

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વે | સ્ટ | ઈ | ન્ડિ | ઝ | | આ | | સ | ડો |
| વા | વ | | | ભ | રા | વ | દા | ર | |
| ઈ | | સ | હે | લું | | ર | | ભ | વ |
| | ક | | રા | | ઉ | દા | હ | ર | ણ |
| બ | ળ | વા | ન | | જા | | ણ | | ક |
| હા | શ | | ગ | | ગ | | હ | જા | ર |
| ર | | પ | તિ | પ | રા | ય | ણ | | |
| ગા | જ | ર | | થ | | | વું | | ભૂં |
| મ | ત | વા | લું | | બો | લ | | જ | ગ |
| | | નો | | ક | ડ | ક | બં | ગા | ળી |

# બાઈડન કે ટ્રમ્પ? ભારત માટે કોણ વધુ સારું?

## દુનિયાભરના દેશો પર અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણીની અસર પડશેઃ બધા માટે બંને ઉમેદવાર એક સરખા ખરાબઃ ચોરનો ભાઈ ઘંટીચોર

માય ડીયર ફ્રેન્ડ ટ્રમ્પ અને જો બાઈડેન બેમાંથી કોણ અમેરિકાના રાષ્ટ્રપતિ બને તો ભારતને ફાયદો થાય? જવાબ છે, બેમાંથી કોઈ પણ આવે, ભરત સાથેના સંબંધો એવાને એવા જ રહેશે. અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણી પર દુનિયાભરની નજર મંડાયેલી હોય છે. અમેરિકી વિદેશનીતિ અને વ્હાઈટ હાઉસના નિર્ણયોથી દુનિયાભરના અલગ–અલગ દેશો પર તેનો પ્રભાવ પડે છે. એટલા માટે જ્યારે ૨૮મી જૂને જો બાઈડન અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે પહેલી ડિબેટ થઈ ત્યારે નિશ્ચિતપણે તેમાં દુનિયાભરમાં અમેરિકા પ્રભાવની ભૂમિકા જોવા મળી. પરંતુ આ ચૂંટણીની અસર યુક્રેન, ઈઝરાયલ અને ગાઝા પર જ થશે એવું માનવું ભૂલભરેલું છે.

અમેરિકાની નજરમાં ભારતની ભૂમિકા મહત્ત્વની છે. કારણ કે અમેરિકા ભારતને પોતાના ભૂરાજકીય સહયોગી તરીકે અને ચીનના વિકલ્પ અને સમકક્ષ તરીકે જુએ છે. ચીનની સામે ભારતને મૂકી દેવાની અમેરિકાની ચાલને ભરત પણ સમજે છે. ભારત દુનિયાની પાંચમી મોટી અર્થવ્યવસ્થાવાળો દેશ પણ છે. ભારતે ૨૦૩૦ સુધીમાં દુનિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાનું લક્ષ્ય પણ નક્કી કર્યું છે. જોકે, સ્થાનિક સ્તરે લોકશાહીને ખતમ કરવા અને અર્થવ્યવસ્થાને લઈને ખોટી જાણકારી આપવાના આરોપોને લઈને સરકારને આકરી ટીકાનો સામનો કરવો પડ્યો છે. પરંતુ આ બધી બાબતોની ભારત અને અમેરિકાના સંબંધો પર કોઈ ખાસ અસર જોવા મળી નથી.

વૈશ્વિક દૃષ્ટિકોણથી પણ જોવામાં આવે તો અમેરિકી ચૂંટણીની ભારત પર વધુ અસર થવાની સંભાવના દેખાતી નથી. અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં બંને ઉમેદવારો ટ્રમ્પ અને બાઈડને તેમની પ્રાથમિકતા વિશે સ્પષ્ટીકરણ આપી દીધું છે. જો બાઈડન રાષ્ટ્રપતિ બને તો ભારત અને અમેરિકા વચ્ચે જેવા સંબંધો હાલમાં છે તેવા જ સંબંધો રહેવાની આશા છે. તેનો મતલબ એ છે કે બંને દેશો વચ્ચેના કારોબારી સંબંધો યથાવત જ રહેશે.

જો ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિપદે ચૂંટાય તો પણ ભારત અને અમેરિકાના સંબધોમાં કોઈ મોટો બદલાવ જોવા નહીં મળે. જોકે, એવી સંભાવના છે કે બંને દેશો વચ્ચે વાતચીતના સ્તરે નાનામોટા ફેરફારો જોવા મળી શકે છે. ટ્રમ્પ હાલમાં જ મોદીનાં વખાણ કરી ચૂક્યાં છે. વર્ષ ૨૦૨૦માં ડોનાલ્ડ ટ્રમ્પ નરેન્દ્ર મોદી સાથે ગુજરાતપ્રવાસ કરી ચૂક્યા છે જ્યાં અમદાવાદમાં હજારો લોકોએ તેમનું સ્વાગત કર્યુ હતું. એવામાં એમ કહી શકાય કે અમેરિકી ચૂંટણીનાં પરિણામો જે પણ આવે, ભારત માટે પરિસ્થિતિઓમાં કોઈ મોટા ફેરફારની સંભાવના નથી.

જો કોઈ વ્યક્તિ પોતાને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની જગ્યાએ રાખે અને વિચારે કે તે અમેરિકાના રાષ્ટ્રપતિપદે કોને જોવા ઈચ્છશે? એ સ્પષ્ટ છે કે એ વ્યક્તિ એવા માણસને તો બિલકુલ રાષ્ટ્રપતિપદે નહીં ઈચ્છે કે જેણે પુતિનને હત્યારા કહ્યા હોય અને યુક્રેનનો સાથ આપવાની કસમ ખાધી હોય. જો બાઈડને આ બધું કર્યું, કહ્યું છે.

ટ્રમ્પે તો યુક્રેનને આપવામાં આવી રહેલી મદદની પણ ટીકા કરી હતી. ટ્રમ્પનું કહેવું હતું કે નાટોનો સદસ્ય દેશ યુક્રેન ડીફેન્સ સંબંધિત ખર્ચની જોગવાઈને માનતો નથી. રશિયાને એ દેશ સાથે જે પણ કરવું હોય તેનો તેને અધિકાર છે. જોકે, કાયમ દુનિયાને ચોંકાવનારા પુતિન ઑન રેકોર્ડ એવું કહી ચૂકેલા છે કે તેઓ વ્હાઈટ હાઉસમાં બાઈડનને જોવા વધારે પસંદ કરશે. કારણ કે બાઈડનના નિર્ણયો વિશે અનુમાન લગાવવું વધુ સરળ હોય છે. જોકે, મોટા ભાગના લોકો પુતિને બાઈડન પર આપેલા આ નિવેદનને કટાક્ષ જ ગણે છે.નાટો અને યુક્રેનને શંકાની નજરે જોનારા ટ્રમ્પ પાસેથી રશિયા એમ પણ કંઈ ખાસ અપેક્ષા રાખી શકે તેમ નથી. આનું કારણ એ છે કે તેનાથી રશિયાનું ભાગ્યે જ ભલું થશે. ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન પણ રશિયાને નિરાશા જ હાથ લાગી હતી. એવી અટકળો છે કે ટ્રમ્પ તેમના બીજા કાર્યકાળમાં રશિયાને નિરાશ નહીં કરે. જોકે, અમેરિકી પ્રમુખપદની ચૂંટણીમાં કોઈ પણ જીતે, પરંતુ ચૂંટણી પછી રશિયા રાજકીય અસ્થિરતા અને ધ્રુવીકરણના સંકેતો પર બારીક નજર રાખીને તેનો ફાયદો ઉઠાવવાની કોશિશ કરશે.

બાઈડન હોય કે ટ્રમ્પ, બંનેનું ચીન પ્રત્યેનું વલણ સખત જ છે. ચીનને લઈને બંનેની આર્થિક નીતિઓ એકસમાન છે. બંનેની નીતિઓમાં સસ્તાં ચીની ઉત્પાદનો પર ટેક્સ વધારવાની વાત સામેલ છે. પરંતુ ચીનના ક્ષેત્રીય પ્રભાવનો સામનો કરવાની રીત જોઈએ તો બંનેની રીત અલગ છે.

બાઈડને ચીનના પ્રભાવક્ષેત્રમાં પોતાના સંબંધોને મજબૂત કર્યા છે. તેમને એવી આશા છે કે એક સંયુક્ત ફ્રન્ટ ઝડપથી આગળ વધી રહેલા ચીનને આકરો સંદેશ આપશે. જ્યારે રાષ્ટ્રપતિ તરીકે ટ્રમ્પ તેમની બેસ્ટ ડીલ પોલિસીને અપનાવી રહ્યા હતા. તેમણે વધુ પૈસા વસૂલવા માટે દક્ષિણ કોરિયાથી અમેરિકી સૈનિકોને હઠાવવાની ધમકી આપી હતી. બાઈડન અને ટ્રમ્પ વચ્ચે જો કોઈ સૌથી મોટું નીતિગત અંતર હોય તો એ તાઈવાને લઈને તેમનું વલણ છે. અનેક વાર બાઈડને શી જિનપિંગની તાઈવાનને ચીનમાં ભેળવી દેવાની કોશિશોને લઈને તાઈવાનનો સાથ આપવાનું વચન આપ્યું છે. બાઈડને કહ્યું હતું કે જો જરૂર પડી તો અમે તેના માટે બળપ્રયોગ પણ કરીશું. પરંતુ જો આ મુદ્દે ટ્રમ્પનું વલણ જોઈએ તો તેમણે તાઈવાન પર અમેરિકી વ્યવસાયોને નબળાં પાડવાનો આરોપ લગાવ્યો છે. તેમણે તાઈવાનને અમેરિકી સહાયતા આપનાર બિલનો વિરોધ કર્યો છે. જેના કારણે એ સવાલ યથાવત છે કે શું તેઓ જરૂર પડ્યે તાઈવાનની સહાયતા માટે રાજી થશે?

ચીન અનુસાર, ટ્રમ્પ ચીની ક્ષેત્રમાં અમેરિકાના સહયોગીઓને વધુ નબળાં કે વિભાજિત કરી શકે છે. પરંતુ તેમના નિર્ણયોથી ટ્રેડ વોરનો ખતરો પણ પેદા થઈ શકે છે જોકે, બાઈડન બીજીવાર રાષ્ટ્રપતિ બનશે તોપણ ચીન વધારે ખુશ નહીં થાય. ચીનના દૃષ્ટિકોણથી જોઈએ તો બાઈડન બીજી વખત જીતશે તો તેમના કારણે એક નવું જ કોલ્ડ વોર શરૂ થઈ શકે છે. અમેરિકી રાષ્ટ્રપતિપદની ચૂંટણીની સૌથી વધુ અસર જો કોઈ એક દેશ પર થશે તો એ યુક્રેન છે . બધા જાણે છે કે યુક્રેનના યુદ્ધમાં પૈસૈ અને હથિયારોની અમેરિકા તરફથી મળતી મદદ કેટલી જરૂરી અને મહત્ત્વની છે. જોકે, કેટલાક લોકોનું એ પણ માનવું છે કે તેમાં કશું ઓછું પડશે તો યુરોપ તરફથી મદદ મળશે. પરંતુ યુક્રેનમાં મોટા ભાગના લોકોનો રસ અમેરિકન ચૂંટણીમાં જોવા મળી રહ્યો નથી. એક યુક્રેની નાગરિકે તેનું કારણ દર્શાવતાં કહ્યું હતું કે નવેમ્બર મહિનાને હજુ ઘણી વાર છે. યુક્રેનના લોકોને મોટી ચિંતા રશિયાના ગ્લાઈડ બોમ્બ હુમલાને લઈને છે. ત્યાંના લોકોને એ વાતની પણ ચિંતા છે કે શું યુક્રેનની સેના રશિયાની આગળ વધતી સેનાને રોકી શકશે કે નહીં?

બ્રિટિશ સરકાર અમેરિકન ચૂંટણીને થોડી આશંકાની નજરે જોઈ રહી છે. અમુક અંશે અમેરિકાના સંભવિત નિર્ણયોને લઈને બ્રિટનમાં ગભરાટ છે જેની અસર બ્રિટન પર જોવા મળશે. શું ટ્રમ્પના વ્હાઈટ હાઉસમાં પરત ફરવાથી યુક્રેન માટે અમેરિકી સૈન્યસમર્થન નબળું પડશે અને શું અમેરિકા વ્લાદિમીર પુતિનની નજીક આવશે? શું તેઓ નાટો લશ્કરી જોડાણને લઈને યુરોપ સાથે બીજી લડાઈ શરૂ કરશે? શું તેઓ ચીન સાથે વેપાર યુદ્ધ છેડશે?

અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણીની સૌથી વધુ અસર મધ્યપૂર્વના ખાડીદેશોમાં થશે એ નક્કી છે. જેના કારણે આ દેશોમાં રાષ્ટ્રપતિચૂંટણીને લોકો બારીક નજરે જોઈ રહ્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને ૭ ઑક્ટોબરે થયેલા હુમલા પછી ઈઝરાયલનું મજબૂતીથી સમર્થન કર્યું છે. સશસ્ત્ર સંઘર્ષના કઠોર ટીકાકાર હોવા છતાં અને મોટી સંખ્યામાં પેલેસ્ટાઈનના નાગરિકોનાં મૃત્યુ પછી પણ બાઈડને ઈઝરાયલને સૈન્ય હથિયારો આપવાનું શરૂ રાખ્યું હતું. જોકે, તેમ છતાં પણ સર્વેક્ષણોમાં એ સતત સામે આવતું રહ્યું છે કે મોટા ભાગના યહૂદી લોકો બાઈડનની સરખામણીમાં ટ્રમ્પને ઈઝરાયલ માટે વધુ સારા ગણે છે.ટ્રમ્પે ગાઝામાં યુદ્ધનું સમર્થન કર્યું છે પણ આ સાથે જ ઈઝરાયલને જલદી જ યુદ્ધમાંથી બહાર નીકળવાની અપીલ કરી છે. તેમના અનુસાર, તેના કારણે ઈઝરાયલની છબીને નુકસાન થઈ રહ્યું છે. જ્યારે બીજી તરફ પેલેસ્ટિનિયન નાગરિકોને બાઈડનના બીજા કાર્યકાળથી થોડી આશા છે. પેલેસ્ટિનિયન લોકો અનુસાર, ટ્રમ્પના આવવાથી તેમની મુશ્કેલી વધશે. ટ્રમ્પે એલાન કર્યું છે કે તેઓ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાશે તો તેઓ પેલેસ્ટિનિયનોને અપાતી આર્થિક સહાય બંધ કરી દેશે.


**અવનવું**

# મસમોટા ઘરની કિંમત માત્ર ૧૦૫ રૂપિયા ખરીદનારને મળશે ૭ લાખનું ઈનામ!



જો કોઈ તમને કહે કે ઘર માત્ર ૧૦૦ રૂપિયામાં વેચાઈ રહ્યું છે, તો આ જમાનામાં આવી વાત પર વિશ્વાસ કરવો શક્ય નથી. જો કે, અમે તમને આવા જ એક ઘર વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જેની કિંમત ૨૦૦ રૂપિયાથી પણ ઓછી નક્કી કરવામાં આવી નથી. એ અલગ વાત છે કે ઘર ઘણું મોટું છે અને તેની સાથે ઘણી બધી જગ્યા અને કિંમતી ચીજવસ્તુઓ પણ મફતમાં મળે છે. જ્યાં લોકો પોતાનું આખું જીવન આલીશાન ઘર બનાવવા માટે પૈસા કમાવવામાં જ વિતાવે છે. કેટલાક લોકો એવા હોય છે જેમની પાસે એટલી બધી સર્જનાત્મકતા હોય છે કે તેઓ સૌથી સસ્તી જગ્યાને પણ અદ્ભુત બનાવી દે છે. આવા ક્રિએટિવ લોકો માટે ઘર વેચાઈ રહ્યું છે, તે પણ માત્ર ૧૦૫ રૂપિયામાં. પેટિસન એસ્ટેટ એજન્સી દ્વારા આ ઘર વેચાણ માટે મૂકવામાં આવ્યું છે. ઈંગ્લેન્ડના ન્યૂકેસલમાં સ્થિત આ ઘરમાં ૪ બેડરૂમ છે. તે એકદમ હવાદાર છે. તેમાં બે ફ્લોર, બે બાથરૂમ, એક લાઉન્જ અને કિચન છે. એટલું જ નહીં, બાળકો રમી શકે તેવું યાર્ડ પણ છે. એક અલગ ગેરેજ પણ છે અને ઘર જાહેર પરિવહનથી દૂર નથી. આમ છતાં ઘર વેચતી વખતે તેની શરૂઆતની કિંમત માત્ર ૧૦૫ રૂપિયા રાખવામાં આવી છે. હવે સવાલ એ છે કે આટલી બધી વિશેષતાઓ હોવા છતાં ઘરની કિંમત આટલી ઓછી કેમ છે? ખરેખર, દરેક વ્યક્તિ માટે ઘરની અંદર પગ મૂકવો શક્ય નથી કારણ કે તે ખૂબ જ ગંદુ છે. ભોંયતળીયાનું ફ્લોરિંગ ઉખડી ગયા છે, વોલપેપર ખરી ગયા છે, બાથરૂમ સહિત દરેક રૂમમાં ગંદકી છે. દરવાજા અને બારીઓ પણ તૂટી રહી છે. ઘરની હાલત જોઈને જ તેની હરાજી માટે પ્રારંભિક કિંમત ૧૦૫ રૂપિયા રાખવામાં આવી છે. જો કે, ઘરમાં એક કીમતી વસ્તુ પણ છે, જે બેબી ગ્રાન્ડ પિયાનો છે, જેની બજાર કિંમત ૭૦૦૦ પાઉન્ડ એટલે કે રૂ. ૭ લાખથી વધુ હોવાનું કહેવાય છે. ઘર ખરીદનારને આ બોનસ તરીકે મળશે.

# મહિલા વેઈટરએ પોતાની હેરસ્ટાઈલ ચેન્જ કરી અને બદલાઈ ગયું નસીબ !



જો તમે કોઈ સારી અને મોટી રેસ્ટોરન્ટ કે હોટેલમાં જમવા જશો તો દેખીતી રીતે તમે વેઈટરને અમુક ટિપ ચોક્કસ આપશો, કારણ કે તે તમારા માટે ભોજન સર્વ કરે છે અને જ્યારે પણ તમે બોલાવો ત્યારે દોડીને આવે છે. એવા ઘણા લોકો છે જેઓ વેઈટરોને હજારો અને લાખો રૂપિયાની ટિપ આપે છે, જે મળ્યા બાદ તેઓ પણ ખુશ થઈ જાય છે. હાલમાં આવી જ એક મહિલા વેઈટર સમાચારમાં છે. વધુ ટિપ્સ મેળવવા માટે તેણે એવી પદ્ધતિ અપનાવી કે થોડા જ દિવસોમાં તેને ગ્રાહકો પાસેથી લાખો રૂપિયાની ટિપ્સ મળી ગઈ. ઘણીવાર એવું જોવા મળે છે કે વેઈટર્સની સારી સેવા અને ગ્રાહકો પ્રત્યેનું તેમનું નમ્ર વલણ વધુ ટિપ્સ મેળવવામાં મદદ કરે છે. આ ઉપરાંત, વેઈટર્સનો આકર્ષક દેખાવ પણ ઘણીવાર ગ્રાહકોને ખુશ કરવામાં મદદ કરે છે, પરંતુ આ મહિલાને ફક્ત તેની હેરસ્ટાઈલ બદલીને એટલી ટિપ મળી કે તમે કલ્પના પણ નહીં કરી શકો. મહિલાએ તેની શિફ્ટ દરમિયાન ઘણી અલગ–અલગ હેરસ્ટાઈલ બદલી અને તેને ટિપ તરીકે લગભગ ૧.૩ લાખ રૂપિયા મળ્યા. રિપોર્ટ અનુસાર, સેમ મેકકોલ નામની આ મહિલાએ પોતાના ટીક ટોક હેન્ડલ પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં લખ્યું છે કે, 'હું સર્વર હેર થિયરી અજમાવી રહી છું કે મને કઈ રીતે વધુ ટિપ્સ મળે છે'. વિડિયો મુજબ, તેણીએ તેના લાંબા ભુરા વાળને રંગબેરંગી હેડસ્કાર્ફ સાથે સ્ટાઈલ કર્યા અને તેને ટિપ તરીકે ૩૧૦ ડોલર મળ્યા, જ્યારે બીજા દિવસે તેણીએ તેના કપાળ પર બેન્ડ વડે ડચ બન બનાવી, જેના પછી તેણીને ૪૨૮ ડોલર એટલે કે આશરે રૂ. ૩૬ હજારની ટિપ મળી. તેવી જ રીતે, ત્રીજા દિવસે તેણે મેસી બન અજમાવ્યો અને તેમાંથી તેને ૩૯૨ ડોલર એટલે કે લગભગ ૩૩ હાજર ટીપ તરીકે મળ્યા. આ પછી પણ એક દિવસ તેણે પોતાની હેરસ્ટાઈલનો બીજો પ્રયોગ કર્યો અને આ વખતે તેને ૪૬૫ ડોલર એટલે કે લગભગ ૩૯ હજાર રૂપિયા ટીપમાં મળ્યા. સેમનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ લોકોએ અલગ–અલગ પ્રકારની પ્રતિક્રિયાઓ આપવાનું શરૂ કરી દીધું હતું. કેટલાક યુઝર્સે કહ્યું કે તેમને વ્યવસ્થિત હેરસ્ટાઈલવાળા સર્વર્સ ગમે છે, જ્યારે એક યુઝરે લખ્યું હતું કે, 'મેં પણ એક વખત આવી જ હેરસ્ટાઈલનો પ્રયોગ કર્યો હતો અને તે કામ કર્યું હતું, પરંતુ મને પુરુષોની નજર ગમતી નહોતી.'

# મહિલાએ એક સાથે ૬૦ લોકો સાથે કર્યા લગ્ન!



કહેવાય છે કે પ્રેમ એ ચેસની રમત જેવો છે, બસ એક ખોટી ચાલ અને સીધા લગ્ન! આ જ કારણ છે કે લોકો તેમના લગ્નને ખૂબ જ સમજી વિચારીને કરે છે. પોતાના જીવનમાં કોઈને જીવનસાથી બનાવતા પહેલા વ્યક્તિ ઘણું વિચારે છે, ત્યારે જ તે લગ્નના અંતિમ નિર્ણય પર પહોંચે છે. જો કે, કેટલાક લોકો એવા છે કે જેઓ આવા મહત્વપૂર્ણ નિર્ણયને મજાક માને છે અને તેની રમત સમજે છે. આવી જ એક મહિલાની કહાની આ દિવસોમાં લોકોમાં ઝડપથી વાયરલ થઈ રહી છે. જેણે પોતાના લગ્ન માટે એક–બે નહીં પરંતુ ૬૦ લોકોને પસંદ કર્યા અને તેમની સાથે લગ્ન કર્યા.

અમે વાત કરી રહ્યા છીએ ઓસ્ટ્રેલિયાની રહેવાસી ૪૦ વર્ષની કાર્લી સારેની, જે વ્યવસાયે વેડિંગ ફોટોગ્રાફર છે. જેણે પોતાના કામ દરમિયાન ઘણા લોકોને એકસાથે પ્રોમિસ કરતા, પ્રેમ વ્યક્ત કરતા અને બંધનમાં બાંધતા જોયા છે. પરંતુ જ્યારે પોતાની વાત આવી તો તેણે પોતાના જીવનસાથી તરીકે માત્ર એક જ વ્યક્તિને પસંદ નથી કરી, બલ્કે તેણે એકસાથે ૬૦ લોકોને પસંદ કર્યા અને તેમની સાથે લગ્ન કર્યા. પોતાના નિર્ણય વિશે તેણે કહ્યું કે આ બધા લોકો મારા જીવનમાં ખૂબ જ મહત્વપૂર્ણ છે, તેથી મેં આ બધા સાથે લગ્ન કર્યા.

પોતાના લગ્ન વિશે તે કહે છે કે માત્ર એક જ વ્યક્તિ સાથે લગ્ન કરવાનો ખ્યાલ મને શોભતો નથી. એવું લાગે છે કે આપણે આખું જીવન ફક્ત એક વ્યક્તિને સમર્પિત કર્યું છે. મેં મારા મિત્રો સાથે લગ્ન કર્યા, જેમાં મહિલાઓ અને પુરુષો બંનેનો સમાવેશ થાય છે. ઘણા લોકો તેના આ નિર્ણયને ખોટો માને છે, પરંતુ કાર્લી કહે છે કે તેનાથી તેને કોઈ ફરક પડતો નથી.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ લગ્ન ત્રણ દિવસ સુધી ચાલ્યા. લગ્ન ખૂબ જ પરંપરાગત રીતે યોજાયા હતા અને તેણે તેના તમામ મિત્રો માટે પ્રેમ, આદર અને પ્રતિબદ્ધતાની પ્રતિજ્ઞા લીધી હતી.

# સોરઠમાં મેઘરાજાનું પ્રચંડ સ્વરૂપ: વંથલીમાં ૧૪ ઈંચ

## વિસાવદરમાં ૧૩, મેંદરડામાં ૧૨, જૂનાગઢમાં ૧૨, કેશોદમાં ૧૩ અને માણાવદરમાં ૧૨ ઈંચ વરસાદ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

સુરત જિલ્લામાં મેઘરાજાનુ પ્રચંડ સ્વરૂપ જોવા મળ્યું છે. સમગ્ર રાજ્યમાં વરસાદ વરસ્યો છે પરંતુ સૌથી વધુ પ્રમાણ જુનાગઢ જિલ્લામાં જોવા મળે છે. જુનાગઢ શહેરમાં ૧૨ ઈંચ વરસાદ છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસ્યો છે અને સમગ્ર જિલ્લામાં સૌથી વધુ વરસાદ વંથલીમાં ૧૪ ઈંચ પાણી પડ્યું છે. કંટ્રોલ રૂમના જણાવ્યા મુજબ મેંદરડામાં ૧૨ વિસાવદરમાં ૧૩, કેશોદમાં ૧૩ અને માણાવદરમાં ૧૨ ઈંચ વરસાદ પડ્યો છે. ગીરના જંગલ વિસ્તારમાં પણ ભારે વરસાદ પડ્યો છે અને તેના કારણે કમલેશ્વર ડેમમાં નવા પાણીની જોરદાર આવક થઈ છે. જુનાગઢનો દામોકુડ, નરસિંહ સરોવર અને વિલિંગડન ડેમ ઓવરફ્લો થઈ ગયો છે. સોરઠની તમામ નદીઓમાં ઘોડાપુર આવ્યા છે. ગિરનાર પર્વતના પગથિયા પરથી પાણીનો જોરદાર ફ્લો વહી રહ્યો છે અને જંગલ વિસ્તારમાં પણ ભારે વરસાદના કારણે પાણી ભરાયા છે. ભારે વરસાદના કારણે માણાવદર તાલુકાના ૧૯ ગામો સંપર્ક વિહોણા બની ગયા છે જ્યારે ઉપલેટા તાલુકાના બે ગામ પણ

વિખુટા પડી ગયા છે. અનેક જગ્યાએ પાણી ભરાયા છે. માળિયા હાટીના અને ભેસાણમાં સાડા આઠ ઈંચ વરસાદ થયો છે. જુનાગઢ જિલ્લાના અનેક રસ્તાઓ બંધ પડ્યા છે.

**અમદાવાદ-મુંબઈ વચ્ચેના રેલ વ્યવહારને અસર**

નવસારીમાં તોફાની પવન ખાતે વરસાદ ખાબકતા પતરાઓ ઉડીને રેલવે ટ્રેક પર પડ્યા છે અને સાથો સાથ ટ્રેક પર પાણી પણ ભરાયા છે. જેના કારણે રેલવે વ્યવહાર મુંબઈ –અમદાવાદ વચ્ચે અસરગ્રસ્ત બન્યો છે.


(તસવીર : શૈલેષ પારેખ-જૂનાગઢ)

**શાળા ધરાશયી**

અમરેલી જિલ્લામાં ભારે વરસાદને કારણે ખાખબાઈ ગામે આવેલી શાળાનું જર્જરીત મકાન પડી ગયું છે. જોકે જાનહાનિના કોઈ અહેવાલો નથી.

### આઠ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ

આગામી ૨૪ કલાક દરમિયાન કચ્છ જામનગર દ્વારકા પોરબંદર જુનાગઢ સુરત નવસારી અને વલસાડ જિલ્લામાં આગામી ૨૪ કલાક દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા હોવાથી ઓરેન્જ એલર્ટ અપાયું છે.

### આજે સવારથી ૧૦૪ તાલુકામાં વરસાદ

૨૪ કલાક દરમિયાન ગુજરાતના ૨૧૭ તાલુકામાં સામાન્યથી ૧૪ ઈંચ સુધીનો વરસાદ થયો છે. જોકે, સવારથી વરસાદનું જોર ઘટ્યું છે અને મોટા ભાગના વિસ્તારોમાં વરાપ નીકળી છે. આજે સવારે ૬:૦૦ વાગ્યાથી ફરી મેઘરાજાની પધરામણી ૧૦૪ તાલુકામાં થઈ છે.

### જૂનાગઢ જિલ્લાની શાળાઓમાં રજા

છેલ્લા ૨૪ કલાકથી ભારે વરસાદ વરસી રહ્યો છે અને હજુ પણ આગામી ૨૪ કલાક દરમિયાન ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ હવામાન વિભાગે આપ્યું હોવાથી શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે.

### નદીઓમાં ઘોડાપૂર ડેમ ઓવરફ્લો

ભારે વરસાદના પગલે સોરઠની મોટાભાગની નદીઓમાં નવા પાણીની આવકના કારણે ઘોડાપુર આવ્યા છે. દામોકુંડ, નરસિંહ સરોવર અને વિલીંગડન ડેમ ઓવરફ્લો થયા છે.

### જૂનાગઢ એસટી ડિવિઝન દ્વારા ગ્રામ્ય વિસ્તારના ૧૭ રૂટ બંધ કરાયા

જુનાગઢ જિલ્લામાં ચોમાસુ ખરા અર્થમાં જામ્યું છે રવિવાર મધરાત્રીથી જિલ્લામાં તમામ તાલુકાઓમાં વરસાદ વરસી રહ્યો છે.માણાવદર વિસ્તારમાં ઘેડ પંથક તરફના માર્ગો પર નદી નાળા અને ઓજતનું પાણી ફરી વળતા માર્ગો બંધ થવાથી વાહન વ્યવહારને પણ અસર થઈ હતી.એસટી ડિવિઝન દ્વારા ગ્રામ્ય વિસ્તારના ૧૭ રૂટ પર ૪૭ ટ્રીપ રદ કરવામાં આવતા મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જે પૈકી બાંટવા, માણાવદર, કુતિયાણા , ઉપલેટા, પીપળીયા સહિતના વિસ્તારોના રૂટ તરફ જતી બસોને બંધ કરવામાં આવી છે.

# નવસારીમાં સાડા આઠ, સુરતમાં ચાર ઈંચ વરસાદ

## નવસારીમાં રેલવે ટ્રેક પર પતરા પડતા ટ્રેન વ્યવહારને વિપરીત અસર

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

જૂનાગઢની માફક ગુજરાતમાં સુરત નવસારી અને તાપી જિલ્લામાં વરસાદનું જોર પ્રમાણમાં વધુ રહ્યું છે. નવસારીમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સાડા આઠ ઈંચ વરસાદ થયો છે. જ્યારે જિલ્લાના જલાલપુરમાં આઠ ગણદેવીમાં ચાર ખેરગ્રામમાં ત્રણ વાંસદામાં પોણા બે ઈંચ વરસાદ પડ્યો છે.

સુરત શહેરમાં ચાર ઈંચ વરસાદ પડ્યો છે ત્યારે સુરત જિલ્લાના પલસાણામાં આઠ મહુવામાં સાત કામરેજમાં ચાર માંડવીમાં સાડા ત્રણ ઈંચ પાણી પડ્યું છે. ઉંમરપાડામાં અને માંગરોળમાં બે ઈંચ વરસાદ વરસ્યો છે. તાપી જિલ્લાના વાલોડમાં સાડા ચાર વ્યારામાં ત્રણ અને સોનગઢમાં સવા બે ઈંચ પાણી પડ્યું છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૨૧૭ તાલુકામાં વરસાદ પડ્યો છે અને તેમાં ૧૦૪ તાલુકા એવા છે કે જ્યાં એક ઈંચ કે તેનાથી વધુ વરસાદ પડ્યો છે. હજુ આગામી તારીખ ૫ સુધી ભારે વરસાદનું એલર્ટ હવામાન વિભાગ દ્વારા આપવામાં આવ્યું છે અને તેના કારણે સમગ્ર તંત્ર સાબદુ બની ગયું છે.

# તમામ સરકારી કર્મચારીઓનું રજિસ્ટ્રેશન કર્મયોગી એપ્લિકેશન પર કરવું ફરજિયાત

## વર્ગ-૩ના કર્મચારીઓએ મિલકત પત્રક તા.૧૫ જુલાઈ પહેલાં જાહેર કરવું પડશે

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

અત્યાર સુધી ગુજરાત સરકારના વર્ગ-૧ અને વર્ગ -૨ ના કર્મચારીઓએ તેમની મિલકતોના પત્રકો ભરવાના ફરજિયાત હતા પરંતુ હવે વર્ગ ૩ના કર્મચારીઓએ આગામી ૧૫ જુલાઈ ૨૦૨૪ પહેલાં વાર્ષિક મિલકત પત્રક ભરી દેવાની તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત સરકારના તમામ કર્મચારીઓનું રજીસ્ટ્રેશન કર્મયોગી એપ્લિકેશન પર કરવા તમામ વિભાગના વડાઓને આદેશ કરવામાં આવ્યા છે.

રાજ્યના સામાન્ય વહીવટી વિભાગ દ્વારા કરવામાં આવેલા આદેશ અનુસાર હવે સરકારના તમામ કર્મચારીઓનું રજીસ્ટ્રેશન કરવા કર્મયોગી એપ્લિકેશન પર ફરજિયાત કરાયું છે. આ માટે તમામ વિભાગના વડાઓને સૂચના આપવામાં આવી છે કે વર્ગ ત્રણના કર્મચારીઓ દ્વારા ૧૫ જુલાઈ ૨૦૨૪ પહેલા તેમના વાર્ષિક મિલકતનું પત્રક ભરીને અપલોડ કરી દેવું ફરજિયાત છે.આંતર જિલ્લા ફેરબદલી ઓનલાઈન વેબ પોર્ટલના માધ્યમથી કરવાનો નિર્ણય લેવાયો છે. તેથી કર્મીઓ હવેથી આંતર જિલ્લા ફેરબદલીની અરજી ઓનલાઈન કરી શકશે. તમામ ઓનલાઈન અરજીની બદલી સમયપત્રક મુજબ મેરીટ લીસ્ટ પ્રમાણે કામચલાઉ યાદી ઓનલાઈન પ્રસિદ્ધ કરવામાં આવશે. તે જોઈને કર્મચારી અરજી પરત ખેંચવા, રદ કરવા સુધારા-વધારા કરવા માટેની રજૂઆત ઓનલાઈન વેબ પોર્ટલના માધ્યમથી કરી શકે તેવી સુવિધા પણ આપવામાં આવી છે. જે કર્મચારી પ્રતિનિયુક્તિ કે લોન સેવાથી અન્ય જિલ્લા કચેરીમાં ફરજ બજાવતા હોય તેમણે પોતાના મૂળ જિલ્લાની કચેરીને અરજી કરવાની રહેશે તેવી સ્પષ્ટતા પંચાયત વિભાગના ઠરાવમાં કરવામા આવી છે.

બીજી તરફ વહીવટી તંત્રમાં બદલીઓનો દોર ચાલી રહ્યો છે. મહેસૂલ વિભાગ દ્વારા વિવિધ જિલ્લાના ૩૦ મામલતદારોની સામૂહિક બદલી અરસપરસ-કરવામાં આવી છે. માનવ સંસાધન પ્રણાલિના ભાગરૂપે તૈયાર કરવાની ઈન્ફર્મેટિક્સ દ્વારા તેમાં રાજ્યના તમામ થાય તે સુનિશ્ચિત સહિતની કચેરીઓને સુચના આપવામા આવી છે. ઉપરાંત બિનરાજ્યપત્રિત કર્મચારીઓની વ્યવસ્થાપન કર્મયોગી એપ્લિકેશન કામગીરી ચાલી રહી છે. કર્મીઓનું રજિસ્ટ્રેશન સમયસર કરવા જિલ્લા કક્ષા ઉચ્ચ અધિકારીઓ રાજ્યના સામાન્ય વહીવટી વિભાગ દ્વારા જણાવાયું છે.

# મદદનીશ શિક્ષણ નિરીક્ષકોની ખાલી જગ્યા ભરવા રાજ્યમાં નિમણૂક કેમ્પ યોજાશે

## જેમની સામે ખાતાકીય તપાસ હોય તેમને નિમણૂક નહીં મળે, ૯ અને ૧૦ જુલાઈએ કેમ્પ યોજાશે

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

ગુજરાતના જિલ્લાઓમાં મદદનીશ શિક્ષણ નિરીક્ષકોની ખાલી જગ્યા ભરવા માટે રાજ્યમાં નિમણૂક કેમ્પ યોજાશે. જેમની સામે ખાતાકીય તપાસ ચાલતી હોય તેમને આ નિમણૂક નહીં મળે. ૯ અન ૧૦ જુલાઈએ એમ બે દિવસનો કેમ્પ યોજાશે.

શિક્ષણ વિભાગના નિર્ણય પ્રમાણે ખાતાકીય તપાસ ઉપરાંત હાલમાં મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકે ફરજ બજાવે છે તેમને આ કેમ્પનો લાભ મળશે નહીં. કમિશનર ઓફ સ્કૂલ્સની કચેરી તરફથી આ કેમ્પ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે.

મદદનીશ શિક્ષણ નિરીક્ષકની નિમણૂક માટેની કાર્ય પદ્ધતિ અને સૂચનાઓ અગાઉ તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને મોકલવામાં આવી છે. કેમ્પના આયોજન પછીની ખાલી જગ્યાની વિગતો અને અરજી ફોર્મ ૩જી જુલાઈ સુધી પહોંચતા કરવા જણાવાયું છે.

ખાલી જગ્યા બાબતે, શિક્ષકોની સેવાકીય બાબતે કે પરિણામ બાબતે ચકાસણી વગર વિગતો પ્રમાણિત કરેલી હશે અને તેને ધ્યાને લઈને રાજ્યકક્ષાના કેમ્પમાં ઓર્ડર થશે તો તેની ઊભી થનારી તમામ સ્થિતિ બાબતે જવાબદારી નક્કી કરાશે.

મદદનીશ શિક્ષક કે શિક્ષક સહાયક તરીકે ઓછામાં ઓછા પાંચ વર્ષ પૂર્ણ કર્યા હોય તેઓને સરકારના ૨૦૨૧ના ઠરાવને આધીને મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકેની નિમણૂક આપવાની પાત્રતા યાદીમાં સમાવેશ કરવાનો રહેશે.મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકે વિચારણામાં લેવા પાત્ર મદદનીશ શિક્ષકોને કેમ્પની તારીખે નિવૃત્તિના ઓછામાં ઓછા ૩ વર્ષ બાકી હોવા જોઈએ. મદદનીશ શિક્ષક તરીકે જે વિષય માટે નિમણૂક થઈ હોય કે શીખવતા હોય તે વિષયનું છેલ્લા ૩ વર્ષનું સરેરાશ પરિણામ ૩૦ ટકા કે તેથી વધુ હોય તે બાબતને પણ ધ્યાનમાં લેવાની રહેશે.

# ૩૦ જિલ્લામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં ખાલી મામલતદારોની જગ્યા ભરાઈ

## સૌરાષ્ટ્રના પાંચ સહિત ૨૯ મામલતદારોની રેવન્યુ વિભાગે કરેલી બદલી: રાહ જોઈ બેઠેલા એકને અપાયું પોસ્ટિંગ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

વરસોથી ચાલી આવતી પરંપરા મુજબ તારીખ ૧ જૂનથી સમગ્ર રાજયમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગમાં કંટ્રોલરૂમ શરૂ કરી દેવામાં આવતો હોય છે. પરંતુ રાજયના ૩૦ જિલ્લામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગમાં મામલતદારોની ખાલી પડેલી જગ્યાઓ મોડે મોડે છેક ગઈકાલે મોડી સાંજે ભરવામાં આવી છે.

જિલ્લા કક્ષાએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગમાં ૨૮ અને રાહત કમિશનરની કચેરીમાં ગાંધીનગર ખાતે બે જગ્યાઓ ખાલી પડી છે તે ગઈકાલે મોડી સાંજે કરવામાં આવેલા હુકમ દ્વારા ભરવામાં આવી છે.

૩૫ જેટલા મામલતદારોને સવૈચ્છિક નિવૃત્તિના હુકમો કરાયા પછી ગઈકાલે મોડી સાંજે ગુજરાત સરકારના રેવન્યુ ડિપાર્ટમેન્ટ દ્વારા સૌરાષ્ટ્રના પાંચ સહિત રાજયના ૨૯ મામલતદારોની બદલી કરવામાં આવી છે કેટલાક સમયથી પોસ્ટિંગની રાહ જોઈને બેઠેલા મામલતદાર વાઈ.પી.ગઢવીને અરવલ્લી જિલ્લામાં પોસ્ટિંગ અપાયું છે.

સૌરાષ્ટ્રના જે મામલતદારોને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટના કંટ્રોલરૂમમાં મૂકવામાં આવ્યા છે તેમાં જામનગરના બી.ટી. સવસાણી, કલ્યાણપુરના બી.વી.ચાવડા, રાજકોટના એચ.એલ ચૌહાણ સુરેન્દ્રનગરના હરેશ ભીમસિંહ વાડાનો સમાવેશ થાય છે.જે મામલતદારોની બદલી કરવામાં આવી છે તેમને તાત્કાલિક ફરજ પર હાજર થઈ જવા અને જોઈનિંગ પિરિયડનો ઉપયોગ નહીં કરવા માટે પણ સરકાર દ્વારા સૂચના આપવામાં આવી છે.

**શ્રી જે. જે. પટેલ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ માળીયા હાટીનાની કોર્ટમાં મું. માળીયા હાટીના**

નં. મજસ/કે.નં. ૬૩૫/૨૦૨૩, તા. ૧૪-૦૬-૨૦૨૪

શ્રી સમીરા હસન બાબવાણી વા/ઓ બરકત કમલાણી
રહે. કરીમાબાદ સોસાયટી, મું માળીયા હાટીના..........અરજદાર

:: વિરૂધ્ધ ::

શ્રી જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, માળીયા હાટીના......સામાવાળા

**વિષય : જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે જન્મ/મરણ નોંધ કરાવવા માટે હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

:: નોટીસ ::

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે. અરજદારશ્રી પોતે સમીરા હસન બાબવાણીનો જન્મ તા. ૨૧-૦૧-૧૯૭૦ મું. માળીયા હાટીના, તા. માળીયા હાટીના, જિ. જુનાગઢ મુકામે થયેલ હોવાનું જણાવી રજુઆત કરેલ છે કે, તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમોને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફતે મુદત તા. ૦૪-૦૭-૨૦૨૪ ના રોજ ૧૨:૦૦ કલાકે બપોરે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, માળીયા હાટીના ખાતે બીનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર કરશો તો આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

નોંધ : અરજદારે મુદતના દિવસે નોટરી રૂબરૂ કરાવેલ અસલ સોગંદનામુ તેમજ પેપરમાં આપેલ જાહેરાતની નકલ સાથે લાવવાની રહેશે.

(એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટનો સિક્કો) સહી અવાચ્ય
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
માળીયા હાટીના

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ગોંડલની કોર્ટ સમક્ષ 'તાલુકા સેવા સદન' ૨૧, સ્ટેશન પ્લોટ, ગોંડલ**
**ફોન : ૦૨૮૨૫-૨૨૦૦૦૮, ફેક્સ : ૦૨૮૨૫-૨૨૬૬૦૮**

નં. એમ.એ.જી./જન્મ-મરણ/રજી. કેસ નં. ૧૦૮/૨૦૨૪, તા. ૦૧-૦૭-૨૦૨૪

:: જાહેર નોટીસ ::

(૧) શ્રી સ્મિતા લાભશંકર જોશી વા/ઓ અશોકભાઈ ભટ્ટ,
ભાટીયા શેરી, દરબારગઢ સામે, વાંકાનેર, જી. મોરબી..........................અરજદાર

:: વિરૂધ્ધ ::

(૨) રજિસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ-મંત્રીશ્રી ગોમટા ગ્રામ પંચાયત, તા. ગોંડલ........સામાવાળા

**વિષય : જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ**

આ જાહેર નોટીસથી લાગતા-વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, **અરજદારશ્રી સ્મિતા લાભશંકર જોશીનો જન્મ તા. ૩૧-૧૨-૧૯૭૩** ના રોજ ગોમટા મુકામે થતાં, તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઇ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઇને વાંધો-તકરાર હોય તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે **ફેર મુદત તા. ૦૫-૦૮-૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે** પ્રાંત કચેરી, તાલુકા સેવા, પ્રથમ માળ, ૨૧ સ્ટેશન પ્લોટ, ગોંડલ ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર/તમો સામાવાળા જે કોઇ આધાર-પુરાવા રજુ કરવા માંગતા હોય તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઇ કહેવાનું નથી તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે જાણશો.

(સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટનો સિક્કો) સહી અવાચ્ય
સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
ગોંડલ

**સીવીલ કોર્ટ નોટીસ**

રાજકોટના મહે.રજા અધિક સીનીયર સીવીલ જજ શ્રી વી.એચ.સાહેબની કોર્ટમાં **દિ.પ.અ.નં. ૧૩૬૯/૨૦૨૪** ના કામમાં અરજદાર શ્રી કાંન્તીલાલ ભીમજીભાઈ પરમારએ ગુજ.મોંઘીબેન ભીમજીભાઈ પરમાર, ડો.ઓ. જીવણભાઈ પરમારની મિલ્કત ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટના સબ ડીસ્ટ્રીકટ રાજકોટમાં આવેલ ડૉ. ભીમરાવ આંબેડકર મ્યુનિ.કર્મચારી કો–ઓપ.હાઉસીંગ સોસાયટી લી. રાજકોટ (રજી.નં.ઘ.૧૨૪૪૪, તા. ૨૮/૦૩/૧૯૯૫) નગર યોજના ટી. પી. સ્કીમ નં. ૨ ના અંતિમ ખંડ નં.૪૮૩ પૈકીની જમીન કરણ પાર્કની બાજુમાં નાના મૈવા રોડ ખાતે આવેલ જેના પ્લોટ નં. ૩૮ ની જમીન ચો.મી.આ.૬૦–૦૦ આવેલ છે. જેના ઉપર આવેલ ઉભા ઈમલા સહિતના મકાન આવેલ છે. જે ગુજ. મોંઘીબેન જીવણભાઈ પરમારના સોસાયટીના શેર સર્ટીફીકેટ નં.૩૨ થી સભાસદ શેર રજીસ્ટ્રર પાનું નં.૩, ખાતાવહી પાના નં.૩૫, તા.૧૫/૧૨/૧૯૯૭ તેમજ સોસાયટીના પ્રમાણપત્ર તા. ૦૧/૦૨/૧૯૯૮ થી સ્વતંત્ર માલીકી હકક ધરાવે છે. જે મિલ્કતનું વારસા સર્ટીફીકેટ મેળવવા હાલની અરજી દાખલ કરેલ છે. મિલ્કતોનું વારસાઈ સર્ટીફીકેટ મેળવવા તેમના **વકીલ શ્રી ભાવસિંહ જે. પરમાર તથા શ્રી મહિંપતસિંહ બી.પરમાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય, તેમને **મુદત તારીખ ૦૫/૦૮/૨૦૨૪** ના રોજ સવારે ૧૦–૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની સ્પષ્ટપણે નોંધ લેશો.

આજ તારીખ ૨૫ માહે જુન સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટ સિકકા કરી આપ્યુ.

તૈયાર કરનાર (બી.ડી. મકવાણા) આસીસ્ટન્ટ — કોર્ટનો સિકકો — હુકમથી (જે.જે.ચાવડા) રજીસ્ટ્રાર
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, રાજકોટ.

**સીવીલ કોર્ટ નોટીસ**

રાજકોટના મહે.૧૫ માં એડી. સીનીયર સીવીલ જજ શ્રી એ. જે. સંઘવી સાહેબની કોર્ટમાં **દિ.પ.અ. નં.૧૩૬૪/૨૦૨૪** ના કામમાં અરજદાર વિરલ અવિનાશ વૈશ્નવ એ ગુજ. દેવયાની અવિનાશ વૈશ્નવની મિલ્કત ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ–ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરમાં રાજકોટ મહાનગરપાલીકાની હદમાં આવેલ કિશાનપરા ચોકથી મહિલા કોલેજ તરફ જતી રેલ્વે લાઈનની પુર્વે રાજકોટ ના રેવન્યુ સર્વે નં. ૪૫૧ પૈકીની બીનખેડવાણ થયેલ જમીન જેના સીટી સર્વે વોર્ડ નં.૧૫, શીટ નં.૧૩૩, તથા સીટી સર્વે નં.૭૧૩ આવેલ છે. તે જમીન ઉપર બાંધવામાં આવેલ 'અજન્ટા એપાર્ટમેન્ટ' ના નામની બહુમાળી ઈમારત જેમાં વિભાગ–"એ", "બી", "સી" તથા "ડી" એમ ચાર વિભાગમાં જુદા જુદા માપના રહેણાંકના એપાર્ટમેન્ટોનું બાંધકામ આવેલ છે. જે માંહેથી વિભાગ–"સી" માંહેથી સેકન્ડ ફલોર ઉપર આવેલ એપાર્ટમેન્ટ (ફલેટ) નં. ૨૧ જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ.૫૫–૭૪ તથા સુપર બિલ્ટઅપ એરીયા ચો.ફુટ આશરે ૮૯૯–૦૦ જેમાં બાંધકામ પ્લાન મુજબની સગવડતા આવેલ છે. જે ગુજરનાર દેવયાની અવિનાશ વૈશ્નવના હીસ્સા પુરતુ વારસા સર્ટીફીકેટ મેળવવા હાલની અરજી દાખલ કરેલ છે તેમના **વકીલ શ્રી ભાવસિંહ જે. પરમાર તથા શ્રી મહિંપતસિંહ બી. પરમાર**, મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય, તેમને **મુદત તારીખ ૦૧/૦૮/૨૦૨૪** ના રોજ સવારે ૧૦–૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની સ્પષ્ટપણે નોંધ લેશો.

આજ તારીખ ૨૫ માહે ૦૬ સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટ સિકકા કરી આપ્યુ.

તૈયાર કરનાર (આર.વાય.ભટ્ટી) આસીસ્ટન્ટ — કોર્ટનો સિકકો — હુકમથી (જે.જે.ચાવડા) રજીસ્ટ્રાર
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, રાજકોટ.

**:: સીવીલ કોર્ટ નોટીસ ::**

રાજકોટ ના મહે. છઠ્ઠા એડીશનલ સીવીલ જજ સાહેબ **શ્રી દામિની દિક્ષિતે સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. ૧૩૭૩/૨૦૨૪**ના કામમાં **અરજદાર (૧) જગદીશભાઈ કેશવજીભાઈ સીતાપરા (૨) જેન્તીલાલ નાનજીભાઈ સીતાપરા** ઠે. રાજકોટનાએ સ્વ. નાનજીભાઈ દુદાભાઈ કુંભાર (સીતાપરા)ની સ્થાવર મિલકત કે જે ગુજરાત રાજયના રાજકોટ શહેરમાં બેડીપરા પાંજરાપોળ વિસ્તારમાં અઘાટ લેખ સ્વ. રા.હ.લે.બુ.નં. ૨૧૧, તા. ૩૦-૧૦-૧૯૧૬ થી ઠકોર સાહેબશ્રી લાખાજીરાજજી એ જમીન ચો.વા. ૫૦-૦૦ નાનજીભાઈ દુદાભાઈ કુંભારને લખી આપેલ છે. અને તેને લાગુ જમીન ચો.વા. ૬૦-૦૦ નાનજીભાઈ દુદાભાઈ કુંભારે પોતાના નામ જોગના વેચાણ લેખ નં. સ્વ.રા.વે.ર.બુ નં. ૯૦૩, તા. ૧૪-૦૭-૧૯૪૨ થી કુંભાર રતના ધના પાસેથી ખરીદ કરેલછે. એમ કુલ મળી જમીન ચો.વા. ૧૧૦-૦૦ ઉપરના રહેણાંક મકાન આવેલ છે. જેના સીટી સર્વે વોર્ડ નં. ૧૩/૧, સીટી સર્વે નં. ૭૯ છે. (સીટી સર્વે રેકર્ડ મુજબ જમીન ક્ષેત્રફળ ચો.મી. ૮૯-૩૪ થાય છે.) જેનું હેઅરશીપ સર્ટીફીકેટ મેળવવા માટે તેમના **વકીલ શ્રી ધર્મેશ યુ. વકીલ તથા શ્રી મનોજ એન. ભટ્ટ મારફત** અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિ.પ.અ. દાખલ કરેલ છે. તે સબંધે જે કોઇ વ્યક્તિને જાહેર નોટીસના અનુસંધાને વાંધા-જવાબ રજુ કરવા **મુદત તા. ૩૧-૦૭-૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે** અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા ગેરહાજર રહીએ યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ **તા. ૨૮-૦૬-૨૦૨૪** ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરીને આપ્યું.

તૈયાર કરનાર **સહી અવાચ્ય** આસીસ્ટન્ટ — કોર્ટનો સિકકો — હુકમથી **જે. જે. ચાવડા** રજીસ્ટ્રાર

**સીવીલ કોર્ટ નોટીસ**

રાજકોટના મહે.૧૦ માં અધિક સીનીયર સીવીલ જજ શ્રી આઈ. એમ. શેખ સાહેબની કોર્ટમાં **દિ.પ. અ.નં.૧૩૬૧/૨૦૨૪** ના કામમાં અરજદાર શ્રી સુરેશભાઈ છગનભાઈ રાવલીયાએ ગુજ. છગનભાઈ મેઘજીભાઈ રાવલીયાની ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ શહેરના ગામ રાજકોટના પરિવર્તિત વિસ્તારના રેવન્યુ સર્વે નં. ૪૦૬/૨, ૪૦૬/૩, ટી. પી. સ્કીમ નં. ૩, એફ. પી. નં. ૫૪, જેના સુચિત સોસાયટીના પ્લોટ નં. ૨૦એ૧ ની જમીન જેનુ ક્ષેત્રફળ ચો.મી.આ.૫૨–૨૫ છે. જે રહેણાંકના હેતુ માટે બાંધકામવાળી માયાણીનગર સોસાયટી તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલ સીટી સર્વે વોર્ડ નં.માયાણીનગર(SRS), સીટી સર્વે નં. ૦૦૧૦૪૪૮, શીટ નં. ૦૦૧, માં મકાન આવેલ છે. સદરહું મીલ્કત જે પરિવર્તિત વિસ્તારોમાં પૂરક મહેસુલ સેટલમેન્ટ ના ક્રમાંક : માયાણીનગર– દાવા પ્રમાણપત્ર ક્રમાંક–૧૦૮/૨૦૧૮ થી હુકમ સનદ ઈસ્યુ કરવામાં આવેલ છે. જે મકાન ગુજ. તે મિલ્કતનું વારસાઈ સર્ટીફીકેટ મેળવવા તેમના **વકીલ શ્રી ભાવસિંહ જે. પરમાર, તથા શ્રી મહિંપતસિંહ બી. પરમાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય, તેમને **મુદત તારીખ ૧૬/૦૭/૨૦૨૪** ના રોજ સવારે ૧૦–૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની સ્પષ્ટપણે નોંધ લેશો.

આજ તારીખ ૨૫ માહે ૦૬ સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટ સિકકા કરી આપ્યુ.

તૈયાર કરનાર (કે.કે.ચૌહાણ) આસીસ્ટન્ટ — કોર્ટનો સિકકો — હુકમથી (જે.જે.ચાવડા) રજીસ્ટ્રાર
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, રાજકોટ.

**ચાંદની એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ**
અલ-ફલાહ પ્રાથમિક શાળા અંગ્રેજી માધ્યમ-પ્રભાસપાટણ
P.T.C., B.ed. અને અનુભવી શિક્ષકોની ભરતી કરવાની છે
સરનામું : ચાંદની મસ્જિદ પાસે, પ્રભાસ-પાટણ
મો. ૮૭૮૦૨૧૦૭૫૦

**ચિસ્તીયા એજ્યુકેશન ટ્રસ્ટ મહેક સ્કૂલ - વેરાવળ**
P.T.C., B.ed. અને અનુભવી શિક્ષકોની ભરતી કરવાની છે
સરનામું : મહેક સ્કુલ હુસેની પાર્ક, મદીના મસ્જીદ રોડ, વેરાવળ
મો. ૯૯૨૪૬ ૩૪૭૮૯

**સંકુલ ધો. ૧૧ સ્કૂલ – FY કોલેજ પ્રવેશ ચાલુ**
★ આર્ટસ – મનોવિજ્ઞાન રાજ્યશાસ્ત્ર • સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર • ઈતિહાસ ભૂગોળ
★ કોમર્સ & સાયંસ બન્ને મિડીયમ – GM બાયોલોજી મેથ્સ – EM બાયોલોજી
★ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ ને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ મળશે.
★ B.Sc. - M.Sc. – માઈક્રોબાયોલોજી – બાયોટેક્નોલોજી – (બાયોકેમેસ્ટ્રી)
★ BA - MA સાયકોલોજી – સોસીયોલોજી – ઈંગ્લીશ – ગુજરાતી મિડીયમ
★ B.Com.-M.Com.(બન્ને મિડીયમ)-BBA-MBA-BCA-MCA-B.Ed.-DMLT- ફાર્મસી
**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:–શ્રીમતીશાંતાબેનહરિભાઈગજેરાશૈક્ષણિકગર્લ્સસંકુલ(લેઉવા પટેલ),ચક્કરગઢ રોડ -Ad 052

**સરદાર સરોવર નર્મદા નિગમ લિ.**
(ગુજરાત સરકારનુ સયુક્ત સાહસ)

કાર્યપાલક ઇજનેર, સૌરાષ્ટ્ર શાખા નહેર વિ.૩/૨, સુરેન્દ્રનગર હસ્તકનું કામ.
ટેન્ડર નોટીસ નં.૦૫ સને ૨૦૨૪-૨૫ ટેન્ડર I.D. No.:80139
કામનું નામ: Maintenance & Special repair work of Distributaries LD-7 to LD-8 and its Minors offtaking from Botad Branch Canal.
(૨) ટેન્ડર ઓન લાઇન સબમીશન કરવાની છેલ્લી તારીખ અને સમય: તા.૧૫/૦૭/૨૦૨૪, ૧૮.૦૦ કલાક સુધી
વધુ માહીતી માટે સંબધિત વેબ-સાઇટ જુઓ : tender.nprocure.com
માહિતિ/સુરેન્દ્રનગર/૭૦/૨૦૨૪-૨૫

દેશ-પરદેશની આજકાલ
નોટીસ છપાવો ફેંસલો લાવો આજકાલ માં
▸ જાહેર નોટીસ ▸ જાહેર ચેતવણી
▸ કોર્ટ નોટીસ ▸ દાવાનાં સમન્સ
રાજકોટ એડીશન
જાહેરખબરના ભાવ ફક્ત રૂા. 110 પ્રતિ કોલમ સે.મી. અંદર પાને
ઓલ એડીશન ફક્ત રૂા. 400 પ્રતિ કોલમ સે.મી. અંદર પાને
(રાજકોટ • જામનગર • ભાવનગર • પોરબંદર • અમદાવાદ)
સંપર્ક જીગર કોઠારી : Mo. 8401501299

**:: સોગંદનામુ ::**

હું નીચે સહી કરનાર **શ્રી પ્રશાંત સુરેશભાઈ ચૌહાણ**, ધર્મે : હિન્દુ, ઉ.વ. પુખ્ત, ધંધો : વેપાર, **રહે. રૂડા આવાસ સી-૮૦૨, સાંજા ચુલા હોટલ, કાલાવડ રોડ, રાજકોટ** વાળા આથી મારા ધર્મ અનુસાર સત્ય પ્રતિજ્ઞા ઉપર જણાવું છું કે..
અમો નીચે સહી કરનારની માલીકી મારૂતી સુજુકી ઈન્ડીયા લી. કંપનીની મારૂતી સ્વીફ્ટ વી. એકસ.આઈ., મેગ્મા ગ્રે કલરની ફોર વ્હીલ જેના રજી. નં. જીજે-૦૩ એલ એમ.-૮૨૦૧ કે જે આર.ટીઓ. રાજકોટ ખાતે નોંધાયેલ છે. જેના ચેસીસ નં. MBHCZC635LL681078, એન્જીન નં. K12MP1305000 અને જેનું મોડલ સને ૨૦૨૦ નું છે. ઉપરોકત ગાડીની ઓરીજનલ આર.સી. બુક આપેલ પરંતુ ઓરીજનલ આર.સી. બુક ખોવાઈ ગયેલ હોય, તો ડુપ્લીકેટ ઓરીજનલ આર.સી. બુક કાઢી આપવા સોગંદનામું કરેલ છે.
ઉપરોકત ઓરીજનલ આર.સી. બુક ની નકલ મને મળશે તો તેનો કોઈ દુરૂપયોગ કરીશ નહી. તેમજ જો અસલ ઓરીજનલ આર.સી. બુક મળી જશે તો ડુપ્લીકેટ ઓરીજનલ આર.સી. બુક પરત કરીશ.
ઉપર મુજબની બાબત સત્ય છે જે મારા ધર્મના સોગંદ ઉપર જણાવું છું. ખોટુ સોગંદનામું કરવુ એ ગુના પાત્ર છે તેની મને જાણ છે.
ઉપરોકત હકીકત સત્ય છે. તેવું હું સોગંદ ઉપર જણાવું છું
**સ્થળ : રાજકોટ**
**તારીખ : ૦૧-૦૭-૨૦૨૪**
સહી/-
**શ્રી પ્રશાંત સુરેશભાઈ ચૌહાણ**

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-જેતપુર**
જૂનાગઢ રોડ, રેલવે ફાટક પાસે, મું. જેતપુર

**ફ્રુટ એન્ડ વેજીટેબલ શોપ નં. ૧ ની ભાડાચીઠ્ઠી તબદિલ કરવા અંગેની જાહેરાત**

બજાર સમિતિ-જેતપુરની માલીકીની ફ્રુટ એન્ડ વેજીટેબલ શોપ નં. ૧ ના ભાડુઆત શ્રી સીતારામ ટ્રેડર્સના પ્રોપ્રાઇટરશ્રી શ્રી હરસુખભાઈ ભગવાનજીભાઈ સોલંકી રહે. ટાકુડીપરા, શેરી નં. ૧૨, મું. જેતપુર તા. જેતપુર જિ. રાજકોટ ભાડુઆત દરજ્જો ધરાવે છે. તેઓ તરફથી સદરહું દુકાનની ભાડાચિઠ્ઠી શ્રી સંગીતાબેન રાજેશભાઈ મેર રહે. સોમનાથ સોસાયટી, જેતપુર રોડ, મું. ધોરાજી તા. ધોરાજી જિ. રાજકોટના નામે ટ્રાન્સફર કરવા માટે અરજી આવેલ છે.
જેથી સદરહું ફ્રુટ એન્ડ વેજીટેબલ શોપ નં. ૧ ની ભાડાચીઠ્ઠી ટ્રાન્સફર સામે કોઇને વાંધા-વાચકા કે નાણાકીય લેતી-દેતી હોય કે કોઇને વંશ-વારસે વાંધા-તકરાર હોય તો આ જાહેરાત પ્રસિદ્ધ થયે દિવસ-૧૦ માં લેખીત આધાર પુરાવા સાથે બજાર સમિતિ-જેતપુરની કચેરીએ રજુઆત કરવી. મુદત બાદ આવેલ કોઈપણ વાંધો, તકરાર કે રજુઆતો ધ્યાને લેવામાં આવશે નહી અને સદરહું દુકાનની ભાડાચીઠ્ઠી જણાવ્યા મુજબ તબદીલ કરી આપવામાં આવશે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

શ્રી ભીમજીભાઈ બી. સરવૈયા — ઈન. સેક્રેટરી
શ્રી જયંતીલાલ જી. હિરપરા — ચેરમેન
શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ જેતપુર

# એરપોર્ટની ઘટના મુદ્દે કોંગ્રેસની આક્રમક રજૂઆત

## એપીડી બોરાહને રૂબરૂ મળી જવાબદારો સામે તાત્કાલિક પગલાં ભરવા અને ૧૧ સવાલોનાં જવાબો આપવા કરી માગણી

આજકાલ કાર્યાલય
રાજકોટ

હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટનું લોકાર્પણ થયું ત્યાંથી જ કંઈક ને કંઈક અજુગતું બની રહ્યું છે. એરપોર્ટના તંત્રવાહકો પેસેન્જર્સને સુવિધા આપવામાં નિષ્ફળ રહ્યા છે એટલું જ નહીં પરંતુ સલામતીનો અહેસાસ કરાવવામાં પણ નિષ્ફળ રહ્યા છે. હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ બદનામ થઈ જતાં મુસાફરો ફરી અમદાવાદ એરપોર્ટથી ટ્રાવેલ કરવા લાગ્યા છે. કેનોપી તુટી પડવાની ઘટના બીજી વખત બની છે. શું એરપોર્ટનું બાંધકામ જ નબળું થયું છે ? નહીં તો આવી ઘટનાઓ ન બને. તા.૨૯/૬ને શનિવારે કેનોપી તુટી પડવાની દુર્ઘટના અંગે શું



તપાસ કરાઈ ? કોની સામે પગલા લેવાયા ? તેની વિગતો જાહેર કરવા તથા આવી દુર્ઘટના કેમ બની અને તે મામલે કોની જવાબદારી ફીકસ થાય છે તે મુસાફર જનતાના વિશાળ જાહેર હિતમાં જણાવવા રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના સર્વે હોદેદારો, આગેવાનો અને કાર્યકરોએ માંગણી કરી છે.

હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટના ડીરેકટરને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ તરફથી એરપોર્ટ ડીરેકટર દિગંત બોરા મુસાફરોના ફોન કેમ રીસીવ કરતા નથી, ફરિયાદ કોને કરવી ? એરપોર્ટના જનરલ મેનેજર મુસાફરોના ફોન કેમ ઉપાડતા નથી ? તેમને લગતી ફરિયાદ કોને કરવી ? હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટના ટોઈલેટ અને વોશ બેસીનમાં અવારનવાર પાણી કેમ બંધ થઈ જાય છે ? કેનોપી તુટી જવાની દુર્ઘટનામાં કોની સામે શું પગલા લેવાયા ? ચોમાસાના ચાર મહિનામાં કોઈ દુર્ઘટના ન બને તે માટે તંત્રની શું તૈયારી છે ? એરપોર્ટનો પ્રિ-મોન્સુન પ્લાન શું છે ? એરપોર્ટ મુસાફરોની સલામતી માટેની એડવાઈઝરીનું પાલન કરે છે કે નહીં ? એરપોર્ટમાં જરૂરી સુવિધાઓ કેમ નથી ? એરપોર્ટનું બાંધકામ કેમ નબળું થયું છે ? એજન્સી સામે શું પગલા લીધા ? હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટનું બીયુપી અને ફાયર એનઓસી છે કે નહીં ? તેમ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી, પ્રદેશ કોંગ્રેસના આગેવાનો જશવંતસિંહ ભટ્ટી, રાજદીપસિંહ જાડેજા, ગોપાલભાઈ અનડકટ, મેઘજીભાઈ રાઠોડે એરપોર્ટ ઓથોરીટીને પ્રશ્નો પુછી લેખીતમાં જવાબ આપવા માંગ કરી છે.

# જુલાઈમાં રણછોડદાસજી હોસ્પિટલ દ્વારા ૧૧૩ વિનામૂલ્યે નેત્રયજ્ઞ

## ઉના, જામનગર, રાજકોટ, જૂનાગઢ, જેતપુર સહિત ૧૧૩ ગામમાં મોતીયાનાં ઓપરેશન કરી અપાશે નવી દ્રષ્ટિ

આજકાલ કાર્યાલય
રાજકોટ

રણછોડદાસજીબાપુ ચેરિટેબલ હોસ્પિટલ-રાજકોટ દ્વારા જુલાઈ-૨૦૨૪માં ૧૧૩ (એકસો તેર) વિનામૂલ્યે સદ્‌ગુરૂ સુપરમેગા નેત્રયજ્ઞ યોજાશે.

આ કેમ્પ જામનગર, રાણપુર, સુર્યપ્રતાપગઢ, વઢવાણ, ધારી, મોગલધામ ભાયલા, મહુવા, ટીંબી, માંગરોળ, મોરબી, અમદાવાદ, જામનગર, ધંધુકા, ખોરસાગીર, જામનગર, હિપાવડલી, ટંકારા, જેસર, રાજકોટ, જામનગર, જૂનાગઢ, કેશોદ, ભડી ભંડારીયા, ખંભાળીયા, હળવદ, થાન, લાલપુર, ત્રાંપજ, બાંટવા, લીલીયામોટા, જામનગર, પીથલપુર, ટીમાણા, જેતપુર, ચોરવાડ, બગસરા, હારીજ, ઢોકળવા, ગીરગઢડા, રાજકોટ, લાઠી, સુરત, વેરાવળ, તાલાલા, પોરબંદર, થરા, ઉના, બોટાદ, મેંદરડા, જૂનાગઢ, નખત્રાણા, માળીયાહાટીના, અમરેલી, સાવરકુંડલા, વઢવાણ, જામનગર, પ્રાંચી (ટીંબડી), જુનાગઢ, વડીયા, આલીદર, વંથલી, ગુંદરડા, માંડવી, વેરાવળ, પીપરલા, સુત્રાપાડા, રાજકોટ, દેવળી દેદાની, સુરત, ભુજ, ભાણવડ, મોટા ખુંટવડા, કેશોદ, ઉપલેટા, સુરેન્દ્રનગર, માધવપુર ઘેડ, જૂનાગઢ, શિહોર, અંજાર, જામજોધપુર, સથરા, કુતિયાણા, કોરડા, જામનગર, ગાંધીધામ, બગદાણા, માણાવદર, ટાણા, બગસરા, ચિત્તલ, મોટી પાનેલી, વિસાવદર, હાપા, ભચાઉ, રાજકોટ, ભાટીયા, ખંભાળીયા, વલ્લભીપુર, બોટાદ, સુરત, રાપર, દ્વારકા, બિલખા, અલીયાબાળા, રાણપુર, દામનગર, વિજપડી, ભાવનગર ખાતે કેમ્પ યોજાશે.

# લર્ન ટુ સ્પિક ઈંગ્લીશ એન્ડ સે બાય બાય ટુ ફિયર વિષય પર નિઃશુલ્ક ઓનલાઈન ટ્રેનિંગ

આજકાલ કાર્યાલય
રાજકોટ

કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટનાં ઉપક્રમે લાઈફ કોચ, હસ્તલેખન વિશ્લેષક, મોટીવેશનલ અને કોર્પોરેટ ટ્રેનર પ્રો. લલીત ચંદે દ્વારા 'લર્ન ટુ સ્પિક ઈંગ્લીશ એન્ડ સે બાય બાય ટુ ફિયર' વિષય પર નિઃશુલ્ક ઓનલાઈન ટ્રેનીંગનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ટ્રેનિંગ સેશનમાં ટેકિનકલ ઈંગ્લિશ શીખવવામાં આવશે જેથી અંગ્રેજી બોલવાનો ભય દૂર થશે. આ સાથે અંગ્રેજી શીખવા માટેની સ્ટ્રેટેજી, અંગ્રેજી ન આવડવાના કારણો અને અંગ્રેજી ઝડપથી કેવી રીતે શીખી શકાય તેવી પદ્ધતિ તથા ગ્રામર અને શબ્દભંડોળને સરળતાથી કેમ સમજવું તે શીખવવામાં આવશે.

આ નિઃશુલ્ક ઓનલાઈન ટ્રેનિંગ સેમિનારનું આયોજન તા. ૩ જુલાઈ બુધવારનાં રોજ સવારે ૧૦ થી ૨ વાગ્યા સુધી કરવામાં આવ્યું છે. એનિમલ હેલ્પલાઈન રાજકોટનાં ફેસબુક પેઈજ



facebook.com/Karuna Foundation Trust Official અને યુ ટ્યુબ ચેનલ https://www.youtube.com/@Karuna Foundation Trust Official પર લાઈવ કરવામાં આવશે. સૌ ને આ ઓનલાઈન ટ્રેનીંગ સેશનમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ પાઠવાયું છે.

# જુનિયર ફુટબોલ ટૂર્ના.ની ટીમ ૭મીએ પાટણ જશેઃ રાજકોટના મહિલા ખેલાડીઓની પસંદગી

આજકાલ કાર્યાલય-રાજકોટ

ગુજરાત સ્ટેટ ફુટબોલ એસોસિએશન દ્વારા પાટણ ખાતે તા.૪થી તા.૧૨ દરમિયાન રમાનાર જુનીયર (યુ-૧૭) બહેનોની ફુટબોલ ટુર્નામેન્ટ માટે રાજકોટ ડીસ્ટ્રીકટની ફુટબોલ ટીમ તા.૭ના રોજ સવારના પાટણ જવા રવાના થશે. રાજકોટ પ્રથમ મેચ તા.૮ના રોજ ભરૂચ સામે તથા બીજો મેચ તા.૯ના રોજ સુરત સામે રમશે તથા ત્રીજો મેચ તા.૧૦ના રોજ જામનગર સામે રમશે. સેમી ફાઈનલ મેચ તા.૧૧ના રોજ તથા ફાઈનલ મેચ તા.૧૨ના રોજ રમાશે. રાજકોટની ટીમમાં મીતલ સેવરા (કેપ્ટન), આરશી મેમણ (વા.કેપ્ટન), અશ્મા અછનાની, ત્રીશા બોદર, સ્વરા ઉસદાદ, પ્રિન્સી ટીંબડીયા, ક્રિશા કોટક, કુંજલ માધાણી, નૈત્રી સોરઠીયા, અશ્મા ખુંટ, માહી સોરઠીયા, રીના કોટક (મેનેજર), પ્રીણા પરમાર, હિયા મહેતા, ખુશી મકરાણા, નેત્રા પઢીયાર, હેત્વી નડીયાપરા, વેદાંશી રાવલ, નિર્જરા શાહ, જીયા નથવાણી, ક્રિશ્ના દવે, આશિષ ગુરુંગ (કોચ)ને હોદ્દેદારો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.

# દાનવીર મૌલેશભાઈ ઉકાણીના સહયોગથી દીકરાનું ઘર દ્વારા કાલે સેવાકીય પ્રકલ્પઃ ૧૩૦ થેલેસેમિક બાળકોને સાયકલ

## શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં વધુ એક છોગું ઉમેરાશે, ભૂલકાઓમાં આનંદની લહેર

આજકાલ કાર્યાલય
રાજકોટ

ઢોલરા ગામમાં છેલ્લા ૨૭ વર્ષથી દેશ-વિદેશમાં જાણીતું સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત રૂક્ષ્મણીબેન દીપચંદભાઈ ગારડી વૃધ્ધાશ્રમ દીકરાનું ઘર કાર્યરત છે. પ્રતિવર્ષ ૨૨ મા-બાપ વગરની દીકરીઓના લગ્ન વહાલુડીના વિવાહ, ગારડી એવોર્ડ, અનાજ-દવા સહાય, રકતદાન, ચક્ષુદાન, દેહદાન, થેલેસેમિયા જનજાગૃતિ અભિયાન, સાહિત્યિક પ્રવૃતિઓ, વૃક્ષારોપણ સહિતની અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે. જે અંતર્ગત ૧૩૦ થેલેસેમિયા પીડિત બાળકોનો સાયકલ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

થેલેસેમિયાગ્રસ્ત બાળકોને મહિનામાં બે વાર નિયમિત લોહી ચડાવવું પડે છે, ઈન્જેકશન-દવા લેવાની હોય છે. થેલેસેમિયા પીડિત બાળકોનું આયુષ્ય અલ્પ હોય છે. થેલેસેમિક બાળકોનો સમગ્ર પરિવાર આર્થિક, સામાજિક, માનસિક રીતે ભાંગી ગયેલ હોય છે. રાજકોટ શહેર અને જિલ્લામાં ૮૦૦થી વધુ થેલેસેમિક બાળકો છે, કુદરતે પણ જેમની સાથે અન્યાય કરેલ છે અને રકત જેમનો ખોરાક છે તેવા લોહીના વારસાગત રોગ થેલેસેમિનો ભોગ બનેલા થેલેસેમિક બાળકોના જીવનમાં આનંદનો ઉજાસ પાથરવાના શુભાશયથી શહેરના સફળ ઉદ્યોગપતિ બાન લેબ્સના ચેરમેન, ભગવાન દ્વારકાધીશની જેમના પર અસીમ કૃપા છે તેમજ શહેરની અસંખ્ય સંસ્થાઓ સાથે જોડાયેલા જાણીતા દાતા મૌલેશભાઈ પટેલના સંપૂર્ણ આર્થિક સહયોગથી રૂપિયા પાંચ લાખના ખર્ચે બાળ રાજાઓ રાજીના રેડ થઈ જાય તેવી સરસ મજાની નવી સાયકલો ૧૩૦ થેલેસેમિયા પીડિત બાળકોને સમાજ જીવનના વિવિધ ક્ષેત્રના મહાનુભાવોની ઉપસ્થિતિમાં તા.૩ને બુધવારે સાંજના પાંચ વાગ્યે શહેરના કાલાવડ રોડ પર આવેલ સૌરાષ્ટ્ર હાઈસ્કૂલમાં યોજવામાં આવેલ સાયકલ વિતરણ કાર્યક્રમમાં બાળકોને અર્પણ કરવામાં આવશે.

૧૩૦ થેલેસેમિક બાળકોને શહેરના સમાજ જીવનના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ બાન લેબ્સના ચેરમેન મૌલેશભાઈ પટેલ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, જાણીતા ઉદ્યોગપતિ મનસુખભાઈ પાણ, જાણીતા બિલ્ડર જગદીશભાઈ ડોબરીયા, બિલ્ડર ગુણવંતભાઈ ભાદાણી, જૈન અગ્રણી જયેશભાઈ શાહ સોનમ કવાર્ટઝ, જલારામ હોસ્પિટલના ટ્રસ્ટી શૈલેષભાઈ પાબારી, જાણીતા બિલ્ડર જોલીભાઈ હાલાણી, સફળ ઉદ્યોગપતિ દર્શનભાઈ નંદાણી, યુવા ઉદ્યોગપતિ સુમંગલ કાસ્ટીંગના પ્રમીતભાઈ પટેલ, સાગર બાયોકેરના સંચાલક વિમલભાઈ પટેલ, બ્રહ્મસમાજના અગ્રણી બંકિમભાઈ મહેતા, રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિના અગ્રણી સંજયભાઈ દવે, ગોલ્ડન સુપર માર્કેટના મહેન્દ્રભાઈ સોજીત્રા સહિતના મહાનુભાવોના હસ્તે સાયકલ વિતરણ કરવામાં આવશે.

થેલેસેમિક બાળકોનું જીવન નિરામય બની રહે વેદના હળવી થાય તેવા આશીર્વાદ વિવિધ સંપ્રદાયના સાધુ-સંતો તેમજ ધર્માચાર્યોએ પાઠવેલ છે. દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ દ્વારા આઠ વર્ષ પહેલા ૧૦૦ થેલેસેમિક બાળકોને સાયકલ ભેટ આપવામાં આવેલ, તેમજ ૨૦૨૬નું વર્ષ થેલેસેમિયા જનજાગૃતિ અભિયાન તરીકે ઉજવવામાં આવેલ. રકત જેમના ખોરાક છે તેવા આ બાળકો માટે રકતદાન શિબિર યોજવામાં આવે છે તેમજ ગુજરાત સરકારમાં સફળ રજૂઆત કરીને રાજયભરના થેલેસેમિક બાળકોને એસટી બસમાં વિનામૂલ્યે મુસાફરીની સુવિધા ઉપલબ્ધ કરાવેલ.

# ટાઈમ્સ ઓફ ઈન્ડિયા કોન્કલેવમાં ડોકટર સુરેશ જોશીપુરાને એવોર્ડ અપાયો

આજકાલ કાર્યાલય
રાજકોટ

ડો. જોશીપુરા છેલ્લા ૪૨ વર્ષથી રાજકોટમાં સ્કીન રોગના નિષ્ણાત તરીકે પ્રતિષ્ઠા પામેલ છે. ૧૦૦૦થી વધુ ગ્રામ્ય તથા પછાત વિસ્તારોમાં મફત નિદાન કેમ્પો કરી લોકસેવા કરેલ, હજુ પણ સોશિયલ મીડિયામાં વકતવ્યો આપે છે. ઈન્ટરનેશનલ લેવલે પણ નામના મેળવી છે, ૩૧ જેટલા દેશોમાં રિસર્ચ પેપર રજૂ કરેલ છે.

આ સેવાકીય પ્રવૃત્તિને લક્ષમાં લઈ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ ડર્મોટોલોજી બ્રાંચમાં એવોર્ડ માટે પસંદ કરેલ તેઓ ગુજરાતમાંથી સ્કીનના એવોર્ડ મેળવનાર એક જ હતાં. દરેક બ્રાંચનમાંથી ૧૫૦ જેટલા તબીબો હતાં. કોન્કલેવમાં મિલીટરી ચીફ હીથ સેક્રેટરી, અર્જુન




એવોર્ડ વિજેતા, મેમ્બર ઓફ પાર્લિયામેન્ટ, સેન્ટ્રલ મિનિસ્ટર્સ ઉપસ્થિત રહેલ.

# ગોમટા સ્વયંભૂ હનુમાન મંદિરે દાતાઓનું સન્માન

આજકાલ કાર્યાલય
રાજકોટ

ગોમટા ગામમાં બિરાજમાન સ્વયંભુ હનુમાનજી મંદિર-ગોમટાનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તાજેતરમાં યોજાયેલ આ શુભ પ્રસંગે બટુક ભોજનનું પણ આયોજન કરવામા આવેલ, ત્યાર બાદ સમાજ શ્રેષ્ઠી અતિથીઓ તેમજ દાતાઓનો સન્માન કાર્યક્રમ તેમજ ભોજન પ્રસાદનું આયોજન મંદિરે કરવામાં આવેલ.

સામુહિક આરતી તથા દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ. સ્વયંભુ હનુમાન મંદિર-ગોમટા આયોજન સમિતીના જેન્તીભાઈ શામજીભાઈ પાનસરાએ મહેમાનોનું શાબ્દિક અભિવાદન કરેલ, સદ વિદ્યાધામ સ્વામિનારાયણ મંદિર-વિરપુર (જલારામ) શાસ્ત્રી નિર્મળદાસ સ્વામીએ દાતાઓના સન્માન





કાર્યક્રમમાં બહેનોની ભાગીદારી અને પારિવારીક ભાવનાને મજબુત બનાવવાના ભાવ રજુ કરેલ મંદિર વિશે પ્રેરક પ્રવચન આપેલ અને પરિવારમાં વડિલોનાં મહત્વ વિશે પોતાના વિચારો વ્યકત કરેલ. મંદિરના મુખ્ય દાતા કાનજીભાઈ દેવજીભાઈ ભાણવડીયાએ યોગદાન આપીને ભાણવડીયા પરિવારનું ગૌરવ વધારેલ. આ કાર્યક્રમમાં તમામ દાતાઓનું સન્માન શાસ્ત્રી નિર્મળદાસ સ્વામીના હસ્તે કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં ગોમટા ગામના આગેવાનો, સંસ્થાઓના હોદ્દેદારો તેમજ ભાઈઓ-બહેનો હાજર રહેલ. કાર્યક્રમનું સફળ સંચાલન માટે આયોજન સમિતી ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી તેમજ કાર્યક્રમનો આભાર દર્શન આયોજક સમિતીના લલીતભાઈ વિનોદરાય ભાણવડીયા દ્વારા કરવામાં આવેલ.

## શહેરની રોજનીશી

### ફ્રી સ્ટાઈલ નનચકસ ચેમ્પિયનશિપમાં કૃતિકા તમિલ સેલવાન પ્રથમ



**રાજકોટ :** ટેકનોફાઈટ માર્શલ આર્ટ્સ મેનેજમેન્ટ રાજકોટ દ્વારા ફ્રી સ્ટાઈલ નનચકસ ટ્રેનિંગ સેમિનાર એન્ડ ચેમ્પિયનશિપ ૨૦૨૪નું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ રાજકોટ મુકામે આયોજન થયું હતું.જેમાં કર્મયોગી જુડો એન્ડ કરાટે ફ્રી કલાસ માંથી ભાગ લેતા ન્યુ એરા સ્કૂલમાં ભણતા કૃતિકા તમિલસેલવાનએ પ્રથમ ક્રમ અને શાળા નં.૯૮, રેલનગરમાં ભણતા માનવી રાજેશભાઈ વાઢેર એ ત્રીજો ક્રમ મેળવ્યો હતો.બન્ને એ પોતાના માતા-પિતા,સ્કૂલ અને જ્ઞાતિનુ ગૌરવ વધાર્યું હતું.

### ગૌશાળાઓ માટે સહાયકારી યોજનાઓની માહિતી આઈ-ખેડૂત પોર્ટલ પર મુકાઈ

**રાજકોટ :** રાજયની રજીસ્ટર્ડ ગૌશાળાઓ અને પાંજરાપોળો તથા ગ્રામ પંચાયતો નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે બોર્ડની વિવિધ સહાયકારી યોજનાઓ આઈ-ખેડૂત પોર્ટલ પરથી મેળવી શકશે યોજનાના ઠરાવ તેમજ શરતો અને બોલીઓની વિગતો બોર્ડની Website: http://gauseva.gujarat.gov.in પર ઉપલબ્ધ છે. આઈ-ખેડુત પોર્ટલ પર તા. ૦૧-૦૭-૨૦૨૪ થી તા.૩૦-૦૭-૨૦૨૪ દરમ્યાન અરજીઓ સ્વીકૃત કરવામાં આવશે. ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ કાઢી, પશુ ચિકિત્સા અધિકારી અને જીલ્લા નોડલ અધિકારીની ભલામણ સહીત અને અરજી ફોર્મમાં જણાવેલ બિડાણ સહિતની અરજી, ઓનલાઈન કર્યા તારીખથી દિન-૩૦ પહેલા બોર્ડને ઉક્ત સરનામે મોકલી આપવાની રહેશે.જિલ્લા નોડલ અધિકારીની યાદી બોર્ડની વેબસાઈટ પર ઉલબ્ધ છે.

### રાહત દરે ઓર્થોપેડિક ડોકટરોની સેવા

**રાજકોટ :** લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત કૃષ્ણ ચિકિત્સાલયમાં રાહત દરે ઓર્થોપેડિક નિષ્ણાત એમ.પી.રાજા દર ગુરૂવારે સવારે ૯થી ૧૦ તથા ડો.હિરેનભાઈ કોઠારી દર મંગળવાર તથા શુક્રવારે સવારે ૯થી ૧૦ સેવા આપશે.

### કરાટેમાં ગૌરવ



ફ્રી સ્ટાઈલ નનચકસ ટ્રેનિંગ સેમિનાર એન્ડ ચેમ્પિયનશિપ ૨૦૨૪નું સ્પોર્ટ્સમાં જેમાં કર્ણાવતી સ્કૂલ ,રેલનગર રાજકોટ માં માં ભણતા હર્ષવર્ધનસિંહ ચુડાસમાએ દ્વિતીય ક્રમ અને જયરાજસિંહ ચુડાસમાએ તૃતીય ક્રમ મેળવ્યો હતો. બન્નેએ પોતાના માતા હર્ષાબા-પિતા ધર્મેન્દ્રસિંહ , કર્ણાવતી સ્કૂલ અને ક્ષત્રિય રાજપૂત સમાજનું ગૌરવ વધાર્યુ હતું.

### બજરંગ ગ્રુપ દ્વારા નિઃશુલ્ક ચકલીના માળા અને ચણનું વિતરણ કરાશે

**રાજકોટ :** બજરંગ ગ્રુપ અને દિલીપભાઈ સોમૈયાના સૌજન્યથી વન વિભાગ રેંજ કચેરીના સહયોગથી સામાજીક જવાબદારીના ભાગરૂપે તાજેતરમાં સંસ્થાના કાર્યાલય ખાતે નિઃશુલ્ક ચકલીના, લાકડાના, માટીના માળા, ચણ, ફીડરનું વિતરણ કરવામાં સંસ્થાના કિશોરભાઈ કારીઆ, હસુભાઈ ગણાત્રા, ભગીરથસિંહ જાડેજા, હર્ષદસિંહ જાડેજા, બી.કે.જાડેજા, મનુભાઈ ભગત, બટુકભાઈ રાચ્છ, જયોતીબેન ભટ્ટ, વિજયભાઈ ભટ્ટ, સુનીલભાઈ મજેઠીયા વગેરે યોગદાન આપી રહ્યા છે.

## કંપની સમાચાર

### દાવંગેરે સુગર કંપની લિમિટેડે વર્ષ ૨૦૨૫ માટે ઈથેનોલ વ્યૂહરચનાનું અનાવરણ

**રાજકોટ :** નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫ દરમિયાન દાવંગેરે સુગર કંપની લિમિટેડ (: ૫૪૩૨૬૭, : ) ઓક્ટોબર ૨૦૨૪માં પિલાણની સિઝન શરૂ થાય ત્યાં સુધી મુખ્યત્વે મકાઈ અને અન્ય ક્ષતિગ્રસ્ત અનાજમાંથી ઈથેનોલનું ઉત્પાદન કરવાની યોજના ધરાવે છે. કંપની ઈથેનોલનું મહત્તમ ઉત્પાદન કરવા માટે સમગ્ર દેશમાં વિવિધ પ્રદેશોમાંથી મોટી માત્રામાં મકાઈની ખરીદી કરશે. સરકારી નીતિ હાલમાં મકાઈમાંથી ઈથેનોલ ઉત્પાદનને પ્રોત્સાહિત કરે છે અને કેન્દ્ર સરકાર ખેડૂતો પાસેથી મકાઈ મેળવવા અને તેને ઈથેનોલ ઉત્પાદન માટે ખાંડના કારખાનાઓને સપ્લાય કરવા માટે નેશનલ કોઓર્ડિનેટીંગ એજન્સીની કરાર કરવાની પ્રક્રિયામાં છે. આ પહેલ સતત, વર્ષભરની કામગીરી માટે મકાઈનો પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરીને અમારી ફેક્ટરીને અને અન્ય લોકોને લાભ કરશે.ખાંડ અને ઈથેનોલ ઉદ્યોગને અનાજમાંથી ઈથેનોલનું ઉત્પાદન કરવાની મંજૂરી આપતી સરકારી નીતિઓથી સતત ફાયદો થઈ રહ્યો છે.

### રિયલમી સેગમેન્ટમાં એક માત્ર વેગન લેધર ડિઝાઈન સાથે રિયલમી સી-૬૩

**રાજકોટ :** ભારતીય યુવાનોમાં સૌથી લોકપ્રિય સ્માર્ટ ફોન બ્રાન્ડ, રિયલમીએ આજે તેમની ચેમ્પિયન સિરીઝમાં નવીનતમ ઉમેરો, રિયલમી સી-૬૩ લોન્ચ કરવાની જાહેરાત કરી. રિયલમી સી-૬૩ બજેટ ફ્રેન્ડલી સ્માર્ટ ફોન છે. જે સેગ્મેન્ટમાં એકમાત્ર




વેગન લેધર ડિઝાઈન સાથે આવે છે. જે સ્ટાઈલ અને ટકાઉપણું બન્ને આપે છે. સી-૬૩ ૪૫ વોટ ફાસ્ટ ચાર્જિંગ સુવિધાથી સજ્જ છે, જે ઝડપી પાવર એપ્સને ઓછા ડાઉન ટાઈમને સુનિશ્ચિત કરે છે. તે એક મજબૂત ૫૦૦૦ એમએએચ બેટરી પણ ધરાવે છે, જેમાં મોબાઈલનો વધુ ઉપયોગ કરતા વપરાશકર્તાઓ માટે પણ, આખા દિવસના ઉપયોગ માટે લાંબાગાળાનો પાવર પ્રદાન કરે છે.

# વોર્ડ નં.૩ ભાજપનાં ઉપપ્રમુખ નેહાબેન રાચ્છે ધાર્મિક કાર્યક્રમ સાથે જન્મદિન ઉજવ્યો




આજકાલ કાર્યાલય
રાજકોટ

રાજકોટ શહેર ભાજપ વોર્ડ નંબર ત્રણના ઉપ-પ્રમુખ, અખિલ ભારતીય સર્વ દલીય ગૌરક્ષા સમિતિ સૌરાષ્ટ્ર ઝોન રાજકોટ જિલ્લાના ઉપપ્રમુખ, વીરબાઈમા ધામ આટકોટ, યમુના જલ સુધીકરણ, જય જલારામ માનવસેવા તેમજ રઘુવંશી મૈત્રી મહિલા મંડળ જેવા અનેક સામાજિક ગ્રુપ સાથે સંકળાયેલા સતત સમાજ સેવામાં વ્યસ્ત રહેતા નેહાબેન રાચ્છે જન્મદિવસની ઉજવણી કરી. માત્ર પરિવાર સાથે જ નહીં પરંતુ સમગ્ર હંસરાજ નગરને પોતાનો પરિવાર માનતા નેહાબેને તેમના નિવાસ્થાન નજીક આવેલ ગૌરવેશ્વર મહાદેવ મંદિરના ગોપી મંડળના વૃદ્ધાઓ તેમજ લતાવાસીઓ નાના-મોટા ૬૦ વ્યક્તિઓને પોતાના સ્વખર્ચે એક બસ ભરીને આટકોટ ખાતે આવેલ વીરબાઈ માતાજીના મંદિરે દર્શનાર્થે લઈ ગયા આનંદપૂર્વક બધાની સાથે સત્સંગ માતાજીની આરતી દર્શન કરી તેમજ બધાની સાથે પ્રસાદ ગ્રહણ કરી જન્મદિવસની ઉજવણી કરી.

# કાલે એથનો વેટરનરી મેડિસિનમાં પ્રગતિ વિષય પર વેબિનાર



આજકાલ કાર્યાલય
રાજકોટ

જીસીસીઆઈ દ્વારા કાઉ ટુરીઝમ વિષયની વધુ સમજણ અને ઉપયોગને પ્રોત્સાહન આપવાના પ્રયાસરૂપે કાલે સાંજે ૭ કલાકે ડો. એસ.કે.કુમારના વેબિનારનું આયોજન કરવામાં આવેલ છે. આ વેબીનારમાં પશુ આયુર્વેદ શું છે ? શા માટે આપણને પશુ આયુર્વેદની જરૂર છે. પશુ આયુર્વેદના ખ્યાલને પ્રોત્સાહન આપવા વાત કરવામાં આવશે.

વેબીનારનું સંચાલન જીસીસીઆઈના રાષ્ટ્રીય કારોબારી સભ્ય શતાબ્દી પાંડે દ્વારા કરવામાં આવશે. વધુ માહિતી માટે જીસીસીઆઈના જનરલ સેક્રેટરી મિતલ ખેતાણી, તેજસ ચોટલીયાનો સંપર્ક કરવા જણાવાયું છે.

## માનવ કલ્યાણ યોજના હેઠળ સાધન સહાય યોજના શરૂ: વિજય કોરાટ

**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**

ભારતીય જનતા પાર્ટીની સરકારે અનેક વિધ કૃષિલક્ષી અનેમાનવ કલ્યાણ લક્ષી નિર્ણયો લઈને રાજ્યના ખેડૂતો અને છેવાડાના માનવીના ઉત્થાન માટે યોગ્ય પગલા લઈને ગુજરાતના આર્થિક રીતે નબળા લોકો અને કિસાનોનેસમૃદ્ધ બનાવ્યા છે.



વિજયભાઈ કોરાટએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ખેડૂતોને બાગાયત ખેતીમાં વાવેતરમાં સહાય યોજના તેમજ વાવેતર બાદ ઉત્પાદન પછી વેલ્યુ એડીશન માટે હાલ ઘણી યોજનાઓ અમલમાં છે. જેમાં આંબા, કમલમ ફળ(ડ્રેગન) ફ્રુટ, નાળીયેરી, ટીસ્યુકલ્ચર ખારેક, લીંબુ, કેળ પાક, પપૈયા, દાડમ, જામફળ, ચીકુ, આમળા, જેવા વિવિધ ફળ અને પાકો ઉપર સહાય યોજના દ્વારા ખેડૂત આત્મનિર્ભર બની રહ્યો છે.વધુમાં,રાજ્યની ગૌશાળાઓ, પાંજરાપોળ અને ગ્રામ પંચાયતોને અનુલક્ષીને સરકારના ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ દ્વારા વિવિધ સરકારી સહાયકારી યોજનાઓ માટે તા. ૩૦ સુધી ઓનલાઈન અરજી કરી શકાશે.

વધુમાં વિજયભાઈ કોરાટએ જણાવ્યું હતું કે, ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના લોકોને સહાયભૂત થવા ગુજરાતની ભાજપા સરકાર દ્વારા માનવ કલ્યાણ યોજના હેઠળ સાધન સહાય યોજના શરુ કરવામાં આવનાર છે. જેમાં કડિયા કામ, સેન્ટીંગ કામ, મોચીકામ, દરજીકામ, જેવા કામો માટેસાધન સહાય યોજના માટે તા.૦૩-૦૭-૨૦૨૪થી ઓનલાઈન અરજી કરી શકશે.

ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટે વડાપ્રધાન મોદીની કેન્દ્ર સરકાર, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપાઅધ્યક્ષ સી.આર.પાટીલનો આભાર વ્યક્તકરી અભિનંદન પાઠવ્યા હતા.

## રાજકોટમાં નોંધાશે વર્લ્ડ રેકોર્ડ: સિંગર અલ્પેશ ડોડિયા નોનસ્ટોપ ૧૫ કલાક ગીત ગાશે

### અરિહંત ઈન્વેસ્ટમેન્ટના નેજા હેઠળ નોનસ્ટોપ મ્યુઝિકલ કાર્યક્રમ યોજાશે: આજકાલની શુભેચ્છા મુલાકાતે: ૧૭૦ જેટલાં મુકેશનાં ગીતો રજૂ થશે

**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**

રશીયામાં આવારા હું અને મેરા જુતા હે જાપાની જેવા ગીતોનો અર્થ જાણ્યા વગર જ લોકો તેને ગણગણતા હતા ત્યારે તા.૩/૭ના બુધવારના રોજ રાજકોટના આંગણે મેહુલભાઈ રવાણી સંચાલીત અરિહંત ઈન્વેસ્ટમેન્ટના નેજા હેઠળ એક અનોખો કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે. જેમાં જાણીતા સિંગર અલ્પેશભાઈ ડોડીયા તથા લાઈવ મ્યુઝીકલ ઓરકેસ્ટ્રા ગ્રુપ દ્વારા મુકેશના ૧૭૦ ગીતોને ૧૫ કલાક સુધી સ્વરબધ્ધ કરવામાં આવશે. આ કાર્યક્રમનું આયોજન અરિહંત ઈન્વેસ્ટમેન્ટના ફાઉન્ડર મેહુલભાઈ રવાણી દ્વારા કરવામાં આવ્યું છે. સંચાલન પણ તેઓ સતત ૧૫ કલાક સુધી કરવાના છે.

સમગ્ર કાર્યક્રમ અંગે વિગત આપતા મેહુલભાઈ રવાણીએ જણાવ્યું હતું કે, જીવનમાં કેટલીક ખુશીઓ દસ્તક દઈને આવે પણ ખુશીઓના વાદળ ઉમટી પડે ત્યારે બારે



તસવીર : દર્શન ભટ્ટી

મેઘ ખાંગા થાય તેમ વરસે છે. મુકેશજીનો અવાજ પણ અનેક દિલોને ઝણઝણાવી જાય તેવો છે. આ એજ અવાજ છે જેને અગણિત લોકોનો બેહિસાબ પ્રેમ મળ્યો છે. તા.૩ના રોજ સવારે ૯ થી રાત્રીના ૧૨ વાગ્યા સુધી શહેરના હેમુ ગઢવી હોલ ખાતે નોનસ્ટોપ સતત ૧૫ કલાક સુધી મ્યુઝીકલ કાર્યક્રમ યોજાશે.

મુકેશજીના કર્ણપ્રિય ગીતો રજુ કરનાર અને મુકેશજીના ૬૦૦થી વધુ ગીતો જેમને કંઠસ્થ છે એવા અલ્પેશભાઈ ડોડીયા આ કાર્યક્રમમાં મુકેશજીના કંઠે ગીતો રજુ કરશે જ્યારે મ્યુઝીકલ મેલોઝ રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા સંગીત નિર્દેશક કરવામાં આવશે. આ ઉપરાંત સહ ગાયીકાઓની વાત કરીએ તો રીટા ડોડીયા, કાજલ કાથરેચા, રીના ગજ્જર, રૂપાલી જાંબુચા, દેવયાની ગોહેલ, દીપા ચાવડા, હીના કોટડીયા, ઈમ્તીયાઝખાન સૈયદ, ભાર્ગવ ઉમરાણીયા, જીતામી વ્યાસ ગીટાર, પારસ વાઘેલા રીધમીસ્ટ, ભરત ગોહેલ રીધમીસ્ટ, ફીરોઝ શેખ રીધમીસ્ટ, દિલીપ ત્રિવેદી રીધમીસ્ટ, સંદીપ ત્રિવેદી પર્કર્યુસન, પ્રથમ વાઘેલા પર્કર્યુસન સહિતના સાજીંદાઓ સાથે સંગીતમય સફરમાં સુરતાલની તાલાવેલી સર્જાશે. જ્યારે પ્રાયોજક ભાવેશ પીત્રોડા અને તાજ સાઉન્ડના હબીબ ધાડા દ્વારા કાર્યક્રમને કર્ણપ્રિય બનાવવામાં આવશે. આ મ્યુઝીકલ કાર્યક્રમની નોંધ ઈન્ડીયા બુક ઓફ રેકોર્ડસમાં લેવામાં આવશે અને સંસ્થા દ્વારા લોંગેસ્ટ નોનસ્ટોપ સીંગીંગ રીલે ઓફ લેટ મુકેશ નામે એવોર્ડ નોંધવામાં આવશે અને આ વર્લ્ડ રેકોર્ડમાં સિંગીંગ માટે તમામ સિંગર્સને અને એન્કરીંગ માટે મેહુલભાઈ રવાણીને ટ્રોફી, શિલ્ડ અને પ્રમાણપત્ર પ્રદાન કરવામાં આવશે. જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ દ્વારા અલ્પેશભાઈ ડોડીયાને સન્માનીત કરવામાં પણ આવશે.

જેમાં સંગીત નિર્દેશક લલીતભાઈ ત્રિવેદીનું માર્ગદર્શન સાંપડયું હતું. સાથે સાથે ભાવેશભાઈ પીત્રોડા, પ્રવીણભાઈ પીત્રોડા, પરીનભાઈ પારેખ, હાર્દિકભાઈ પારેખ, હરેશભાઈ પરમાર, રાજેશભાઈ પરમાર, તીલકભાઈ પરમાર, ભરતભાઈ પટોડીયા, મીતેશભાઈ પીઠવા, હર્ષદભાઈ મહેતા, પરમાર પરિવાર, પીઠવા પરિવાર, સિધ્ધપુરા પરિવાર અને મકવાણા પરિવારનો સહયોગ સાંપડયો છે.

**હેપી બર્થ-ડે**

## ભૂસ્તર શાસ્ત્ર અને ખાણ ખનીજ કમિશનર ડો.ધવલ પટેલનો આજે જન્મદિવસ



ગુજરાત રાજયના ભૂસ્તર શાસ્ત્ર અને ખાણ ખનીજ વિભાગના કમિશનર ડો.ધવલ કે.પટેલનો આજે તા.૨ જુલાઈના રોજ જન્મદિવસ છે. તા.૨-૭-૧૯૮૫ના રોજ જન્મેલા ધવલ પટેલએ આજે સફળ જીવનના ૩૮ વર્ષ પૂર્ણ કરી ૩૯મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે.વર્ષ-૨૦૦૮ની બેચના યુવા આઈએએસ ઓફિસર અને મુળ ગાંધીનગર જિલ્લાના સરધવ ગામના વતની ડો.ધવલ પટેલ અગાઉ રાજકોટ ડીડીઓ તરીકે પ્રશંસનીય ફરજ બજાવી ચુક્યા છે. રાજકોટ જિલ્લા પંચાયતમાં જિલ્લા વિકાસ અધિકારી તરીકેનો તેમનો કાર્યકાળ ખુબ યાદગાર રહ્યો હોય રાજકોટ શહેર અને જિલ્લાની જનતા આજે પણ તેમને માનભેર યાદ કરી રહી છે. આજકાલ દૈનિક પરિવાર સાથે વર્ષોથી પારિવારિક નાતો ધરાવતા ડો.ધવલ પટેલ અનેક વખત આજકાલ દૈનિક કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લઇ ચુક્યા છે તેમજ આજકાલ દૈનિક આયોજિત નવરાત્રી ગરબા મહોત્સવ સહિત અનેક ઈવેન્ટ્સમાં અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહી ચુક્યા છે. જીવનના આગામી વર્ષોમાં તેઓ અપાર સફળતા અને લોકચાહના હાંસલ કરે તેવી જન્મદિવસે આજકાલ દૈનિક પરિવારે શુભેચ્છા પાઠવી છે. આજે સવારથી જ તેમના મોબાઈલ નંબર ૯૯૭૮૪ ૦૭૪૬૧ ઉપર રાજકોટ શહેર અને જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાંથી શુભેચ્છા વર્ષા થઇ રહી છે.

## જીરાવલા પાર્શ્વનાથ જિનાલયમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**



આનંદ મંગલ શ્વેતાંબર મૂર્તિપૂજક તગપચ્છ જૈન સંઘ-રાજકોટ દવારા જીરાવલા પાર્શ્વનાથ જિનાલયની પ્રથમ વર્ષગાંઠ નિમિતે ત્રિદિવસીય મહોત્સવનું આયોજન થયેલ છે. જેમાં પ્રથમ દિવસે થયું હતું. પ્રભુના અઢાર અભિષેક, બીજા દિવસે આજે પંચકલ્યાણક પૂજા તથા રાત્રે ૯:૦૦ કલાકે અભય ભારદવાજ હોલ ખાતે પ્રભુભકિત ભાવના અને ત્રીજા મહા મંગલકારી દિવસે આવતીકાલે સવારે ૯:૦૦ કલાકે આચાર્ય ભગવંત જયશેખર સુરીશ્વરજી મ.ની નિશ્રામા ધજાના સામૈયાનો વરઘોડો રાજપેલેસ ચોકથી જિનાલય સુધી ત્યારબાદ ૧૦:૦૦ કલાકે જિનાલયખાતે સતરભેદી પૂજા અને ૧૧:૦૭ કલાકે જિનાલયની ધજાઓ ચડાવવામાં આવશે. આ સમગ્ર ત્રિદિવસીય મહોત્સવના લાભાર્થી, ભાવીનભાઈ ખીમચંદભાઈ મહેતા પરીવાર છે.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ દિલીપભાઈ દેસાઈ (૭૯૯૦૫૭૦૮૧૧) તથા ટ્રસ્ટી મંડળનાં સર્વે વિરેન્દ્રભાઈ મહેતા, નરેન્દ્રભાઈ શાહ, અનિલભાઈ મહેતા, ગિરીશભાઈ શાહ, પ્રકાશભાઈ શાહ, જયેન્દ્રભાઈ શાહ, સમીરભાઈ કાપડીયા, જિનેશભાઈ શાહ, ડો. તેજસભાઈ શાહ, સિધ્ધાર્થભાઈ મહેતા, જનકભાઈ મહેતા તથા યુવક મંડળનાં તમામ ભાઈઓ અને મહીલા મંડળ તથા યંગ લેડી યુવા ગ્રુપના તમામ બહેનો અને સકળ સંઘના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

## ધર્મજીવનદાસ સ્વામીની જન્મજયંતી નિમિતે ગુરુકુલ દ્વારા વિદ્યાર્થીઓને ડ્રેસ કિટ વિતરણ

**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**

સ્વામિનારાયણ ગુરુકુલના સંસ્થાપક શાસ્ત્રી મહારાજ ધર્મજીવનદાસ સ્વામીની ૧૨૩મી જન્મ જયંતી અષાઢી બીજ રથયાત્રાના દિવસે આવતી હોય તેમના સામાજિક કાર્યોની સ્મૃતિમાં રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુલ સંસ્થાન દ્વારા અનેરી સામાજિક સેવા કરી શાસ્ત્રીજી મહારાજને ભાવાંજલી અર્પવાનો સંકલ્પ કરાયેલ.

ગુરુદેવના આવા ઉમદા કાર્યોની પરંપરા ચાલુ રાખી આ વર્ષે ગુરુકુલના સંતો દ્વારા આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને સ્કૂલ ડ્રેસ, સ્પોર્ટ્સ ડ્રેસ, સ્કૂલ બેગ, બૂટ, ફૂલ સ્કેપ ચોપડા, સ્ટેશનરી કીટ વિતરણ કરી ગરીબ બાળકો પ્રત્યે લાગણી દર્શાવી હતી.

ગુરુ મહારાજ દેવકૃષ્ણદાસ સ્વામી અને મહંત સ્વામી દેવપ્રસાદદાસ સ્વામીની



પ્રેરણાથી સંતો અને હરિભક્તો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીના સહયોગથી રાજકોટમાં સરકારી સ્કૂલો શાળા નં. ૮૮, ૬૯, ૬૫, ૫૧, ૨૮, ૮, ૨૦ વગેરેમાં અભ્યાસ કરતા ઝૂંપડપટ્ટીના બાળકો તથા ગરીબ ઘરના બધા જ બાળકોને ઉપરોક્ત વસ્તુ સંતોના હસ્તે વિતરીત કરવામાં આવી. આ ઉપરાંત રાજકોટની આજુબાજુના ગામડાઓ જેવા કે ગુંદાસરા, નોંઘણચોરા, ચાંદલી વગેરે ગામોની સ્કૂલમાં સ્કૂલબેગ, સ્પોર્ટ્સ ડ્રેસ, બૂટ, સ્ટેશનરી કીટ આપી બાળકોને સદાચારના પાઠો શીખવ્યા હતા.

આ અભિયાનમાં સંતવલ્લ ભ સ્વામી, કૃષ્ણસ્વરૂપ સ્વામી, જ્ઞાનજીવન સ્વામી,આનંદસ્વરૂપ સ્વામી વગેરે સંતો અને આશિષભાઈ સાકરિયા, દિલીપભાઈ સોરઠિયા, નિમિષભાઈ મુંગરા વગેરે હરિભક્તોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## રેલવે સેફટીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ ચાર કર્મચારીઓનું સન્માન

**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**

રેલવે સેફટીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ રાજકોટ ડીવીઝનના ૪ કર્મચારીઓનું આજે રાજકોટ ડીવીઝનના ડીવીઝનલ રેલવે મેનેજર અશ્વનીકુમાર દ્વારા ડીઆરએમ ઓફિસ રાજકોટના કોન્ફરન્સ રૂમમાં પ્રમાણ પત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ રાજકોટ ડિવિઝનના સેફ્ટી, ટ્રાફિક અને ટ્રેક્શન વિભાગના કર્મચારીઓને માર્ચ અને એપ્રિલ, ૨૦૨૪માં રેલવેસેફટીમાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ આપવામાં આવ્યો છે. એવોર્ડ મેળવનાર કર્મચારીઓમાં દિનેશ જાદવ (લોકો પાયલોટ ગુડ્સ-રાજકોટ), મુકેશ કુમાર સિંઘ (સેફ્ટી કૌન્સિલર ટ્રાફિક-રાજકોટ), અનિલ જી (લોકો પાયલોટ મેઈલ એક્સપ્રેસ-



રાજકોટ) અને દિનેશ દિનકર (ટ્રેન મેનેજર-હાપા)નો સમાવેશ થાય નો સમાવેશ થાય છે. ટ્રેકની બાજુમાં આગ લાગવાની સૂચનાઆપવી, ટ્રેકમાં લપસી પડવાનો અહેસાસ, ટ્રેનમાં કપલિંગ પીન તૂટવી વગેરે ઘટનાઓમાં ઉપરોક્ત રેલવે કર્મચારીઓ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી. આ રેલવે કર્મચારીઓની સતર્કતા અને તકેદારીએ સંભવિત રેલવે અકસ્માતોને રોકવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ સેફ્ટી ઓફિસર આર.સી.મીણા, સિનિયર ડિવિઝનલ ઑપરેશન મેનેજર સુનિલકુમાર ગુપ્તા અને સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (ટ્રેક્શન) મીઠાલાલ મીણા ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રધાનમંત્રીના મનકી બાતના ૧૧૧મા એપિસોડને નિહાળતું જિલ્લા ભાજપ

**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**

વડાપ્રધાન મોદીએ ત્રીજી વખત સત્તારૂઢ થયા બાદ મન કી બાત કાર્યક્રમમાં ૧૧૧મી વખત રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે, મેં તમને ત્રણ મહિના પહેલા કહ્યું હતું કે હું ફરી મળીશ. પીએમ મોદીએ કહ્યું કે આ વર્ષે પર્યાવરણ દિવસ પર દરેક દેશવાસીએ પોતાની માતાના નામ પર વૃક્ષારોપણ કરવું જોઈએ અને પૃથ્વી માતાને બચાવવી જોઈએ.

પીએમ નરેન્દ્ર મોદીએ આગામી ઓલિમ્પિક માટે ભારતીય ટુકડીને શુભેચ્છા પાઠવી હતી. તેણે કહ્યું કે હું ટૂંક સમયમાં ભારતીય ટીમને મળવાનો છું. આ સિવાય ટીમ ઈન્ડિયાને વર્લ્ડ કપ માટે ઘણી બધી શુભકામનાઓ




પાઠવી હતી.

મન કી બાત કાર્યક્રમના ૧૧૧માં એપિસોડ સંદર્ભે ગુજરાતપ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ, સંગઠન મહામંત્રી રત્નાકર, સૌરાષ્ટ્ર ઝોન મહામંત્રી વિનોદભાઈ ચાવડા, જીલ્લા । સંગઠન પ્રભારી ધવલભાઈ દવેના માર્ગદર્શન હેઠળ રાજકોટ જીલ્લા । ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા । મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયારાજકોટ જીલ્લા । ભાજપ ટીમના માઈક્રો પ્લાનિંગ મેનેજમેન્ટના આધારે કાર્યક્રમો યોજી જીલ્લા ।ના મહત્તમ સ્થાનો ઉપરમન કી બાત કાર્યક્રમનિહાળ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા રાજકોટજીલ્લા । ભાજપ ટીમ, બુથ સમિતિ, પેજ સમિતિ,શકિતકેન્દ્ર ઈન્ચાર્જ/સહ-ઈન્ચાર્જ,જીલ્લા । મોરચાના પદાધિકારી અને કારોબારી સભ્ય, સાંસદ, ધારાસભ્ય, જીલ્લા । અને મંડલના સેલના સભ્ય, જીલ્લા । તેમજ મંડલના ઈન્ચાર્જ અને સહ-ઈન્ચાર્જ, મંડલના પ્રમુખ-મહામંત્રીઓ, મંડલ પક્ષના પદાધિકારી,જીલ્લા । તેમજ મંડલના મોરચાના પદાધિકારી, જીલ્લા । પંચાયત, મીડિયાના ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જ, જીલ્લા ।ના સક્રિય સભ્ય ઓ સહીતનાઓએ કામગીરી કરેલ.

## અમદાવાદમાં નરસિંહ ભગત છાત્રાલય બ્લોક-એ બિલ્ડિંગનું ખાતમુહૂર્ત કરતા મંત્રી ભાનુબેન

### નરસિંહ ભગત છાત્રાલયમાં રૂા.૯.૭૯ કરોડના ખર્ચે પાંચ માળનું બિલ્ડિંગ નિર્માણ પામશે

**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**

અમદાવાદમાં પાલડી ખાતે આવેલા નરસિંહ ભગત છાત્રાલયમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબહેન બાબરીયાના હસ્તે બ્લોક-એ બિલ્ડિંગનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ પ્રસંગે મંત્રી ભાનુબહેન બાબરીયાએ જણાવ્યું હતું કે, સંકલ્પ એ સફળતાનું પ્રથમ પગથિયું છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદી જે પ્રકારે કામ કરી રહ્યા છે તેનો ડંકો સમગ્ર વિશ્વમાં વાગ્યો છે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અનુસૂચિત સમાજના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ ક્ષેત્રે વિવિધ યોજનાઓ સાર્થક કરી છે. એવું તેમણે ઉમેર્યું હતું.

નિર્માણ પામનાર હોસ્ટેલની વિશેષતા વિશે મંત્રી ભાનુબહેન બાબરીયાએ જણાવ્યું હતું કે બિલ્ડિંગ આશરે રૂા.૯.૭૯ કરોડના





ખર્ચે નિર્માણ પામશે, જેમાં ૨૭૦ જેટલા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવા/ જમવાની સગવડ આપી શકાશે તેમજ રમતગમતનાં સાધનો, સામયિકો વગેરે સરકાર દ્વારા પૂરા પાડવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા ચલાવાતી ડો. બાબાસાહેબ વિદેશ અભ્યાસ લોન યોજના વિશે વાત કરતાં મંત્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારના આર્થિક સહયોગથી આજે વિવિધ સમાજના અનેક દીકરા-દીકરીઓ વિદેશમાં અભ્યાસ કરી રહ્યા છે. ખાતમુહૂર્તના આ કાર્યક્રમમાં અમદાવાદનાં મેયર પ્રતિભાબહેન જૈન, દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષભાઈ પરમાર, અસારવાના ધારાસભ્ય દર્શનાબહેન વાઘેલા, અનુસૂચિત જાતિ કલ્યાણના નિયામક સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.છાત્રાલય વિભાગમાં વિદ્યાર્થીઓ માટે ૪૫ રૂમો, કોન્ફરન્સ હોલ, વિઝિટર રૂમ, જનરલ સ્ટોર, વોટર કુલર વિથ આર.ઓ. પ્લાન્ટ, વોશ એરીયા, ટોયલેટ બ્લોક વગેરે તેમજ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રીનું ક્વાર્ટરની તથા સિક્યુરિટી રૂમ જેવી આધુનિક સગવડતા ઊભી કરવામાં આવનાર છે. આ ઉપરાંત હાલમા નરસિંહ ભગત છાત્રાલય બ્લોક -બી બિલ્ડિંગમાં ૩૮ રૂમોમાં ૩૦૪ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવા-જમવાની સગવડ સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે.

## જેએસજી અને વિવેકાનંદ કલબના પ્રયાસથી ૧૧૩મું ચક્ષુદાન

રાજકોટ : રાજકોટ નિવાસી રઘુવંશી સમાજના સ્વ.હસમુખભાઈ ભીખાભાઈ સેદાણીનું અવસાન થતાં તેઓના પુત્રો નિપુલભાઈ અને મયુરભાઈએ સેવાભાવી યુવા અગ્રણી અમરીશભાઈ ગાદેશાની પ્રેરણાથી ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહિત બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચિંધેલ છે. વિવેકાનંદ યુથ કલબના માર્ગદર્શન મુકેશભાઈ દોશી અને કન્વીનર અનુપમભાઈ દોશી અને આઈ ડોનેશન ડ્રાઈવના ઉપેનભાઈ દ્વારા ચક્ષુદાન કરાવવામાં આવેલ. ડો.ધર્મેશ શાહ દ્વારા ચક્ષુનો સ્વીકાર કરેલ. બન્ને સંસ્થાઓનું ૧૧૩મુ ચક્ષુદાન છે.

## જસદણના પાંચવડાવાળા મામાદેવ મંદિરે અષાઢી બીજે ધાર્મિક કાર્યક્રમ

### ધજા ચડાવવાનું, બટુક ભોજન અને સમૂહ પ્રસાદ યોજાશે

**આજકાલ પ્રતિનિધિ**
**જસદણ**

જસદણ તાલુકાના પાંચવડા ગામની સીમમાં આવેલા પાંચવડવાળા મામા દેવના મંદિરે તારીખ ૭ જુલાઈ ના રોજ અષાઢી બીજ ઉત્સવ નિમિતે બાવન ગજની ધજા ચડાવવા નો કાર્યક્રમ યોજાશે. તેમજ અષાઢી બીજ નિમિતે બટુક ભોજન તથા સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં આવ્યુ છે.જેમાં દરેક ધર્મપ્રેમી જનતાને સવારે ૯ કલાકે પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.તેમ


(તસવીર : બિજલ ભેંસજાળીયા-જસદણ)

ભીમજી ભાઈના પુત્ર બાબુભાઈની યાદી જણાવે છે.વધુ વિગત માટે મો. નંબર ૯૮૭૯૫ ૯૮૪૦૩ તથા ૮૦૦૦૦૫૫૦૭૨ પર સંપર્ક કરવો.

## સેતાલુસ શાળામાં નાણા વિભાગના ઉ.સચિવ લાડાણીની ઉપસ્થિતિમાં પ્રવેશોત્સવ ઉજવાયો




**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**

સેતાલુસ પ્રાથમિક શાળામાં બાલવાટિકા અને ધોરણ ૧ ના બાળકોનો કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો.જેમાં રાજ્ય કક્ષાના નાણાં વિભાગના ઉપ સચિવ એકતાબેન લાડાણી મુખ્ય મહેમાન તરીકે હાજર રહેલ. સાથે લાલપુર તાલુકા પંચાયત શિક્ષણ શાખા ના ટી.પી.ઈ.ઓ સાહેબ અશોકભાઈ વાછાણી, લાલપુર તાલુકા પંચાયત સદસ્ય આલસૂરભાઈ ખરા,વિવેકાનંદ વિદ્યાલય મંડળના પ્રમુખ દિલીપભાઈ ભોજાણી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ભટ્ટી, કો.ઓર્ડીનેટર દિગ્વિજયસિંહ જાડેજા સી.આર.સી કાનાલુસ, ડિમ્પલબેન નિપુણ ભારત બીઆરપી લાલપુર તેમજ દાતા ધનજીભાઈ ગોલતર તેમજ અન્ય ગ્રામજનો ઉપસ્થિત રહ્યાહતા. મહેમાનઓ દ્વારા દીપ પ્રાગટય કરી બાલવાટિકા,ધોરણ ૧ અને ધોરણ ૯ ના બાળકોને કીટ આપી પ્રવેશ અપાવવામાં આવ્યો.આ અવસરમાં સેતાલુસ પ્રાથમિક શાળાના ગાયત્રીબેન દ્વારા પ્રવેશ પામતા દરેક બાળકોને વોટરબેગ અધ્યક્ષ સામતભાઈ ઠુંગા દ્વારા બાળકોને સ્કૂલ બેગ આપવામાં આવ્યા. વિવેકાનંદ વિદ્યાલયની દીકરીઓ દ્વારા બેટી બચાવો વિશે અમૃતવચન કરવામાં આવ્યું. શાળા દ્વારા દાતાઓનું સન્માન કરવામાં આવ્યું. ૧ થી ૩ નંબર આવેલ બાળકોને તેમજ સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ થનાર બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી બાબુ માટીયાનો આજે જન્મદિવસ



રાજકોટ શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી બાબુભાઈ માટીયાનો આજે તા.૨ જુલાઈના રોજ જન્મદિવસ છે માટીયા યુવાવયથી ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારાથી પ્રેરાઈને ભારતીય જનતા પાર્ટીમાં અનેકવિધ જવાબદારીઓનું વહન કરતા આવ્યા છે. બાબુભાઈ માટીયાએ રાજકોટ શહેર ભાજપમાં કારોબારી સદસ્ય તરીકે સતત બે ટર્મ જવાબદારી સંભાળેલ છે, સેવાકીય-સામાજિક પ્રવૃતિઓમાં પણ હંમેશા અગ્રેસર રહયા છે ત્યારે પોતાના સરળ,હસમુખા અને મિલનસાર સ્વભાવને કારણે બહોળુ મિત્રવર્તૃળ ધરાવતા બાબુભાઈ માટીયાને આજે તેમના જન્મદિવસે ભાજપ અગ્રણીઓ, પરિવારજનો, મિત્રવર્તૃળ, સ્નેહીઓ, શુભેચ્છકો તરફથી તેમના મોબાઈલ નં. ૯૬૩૮૦૦૦૨૦૦ ઉપર શુભેચ્છાઓ મળી રહી છે.

## નિધિ સ્કૂલના વિદ્યાર્થીઓને ડેંગ્યુ મેલેરિયા રોકવા માહિતગાર કરાયા



**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**

નિધિ સ્કૂલમાં વરસાદ પડવાને કારણે જે રોગચાળો ઉત્પન્ન થાય છે અને એમાં શું કાળજી રાખવી તેની માહિતી આપવા ડેન્ગ્યુ મેલેરીયા વિરોધી માસ જાગૃતિ અભિયાન અંતર્ગત કાર્યક્રમ મહાનગરપાલિકાની આરોગ્ય શાખાના મેલેરિયા વિભાગ દ્વારા રાખવામાં આવેલ હતો, ઘરમાં રહેલા માટીના કુંડા, ફ્રીજની ટ્રે, પંખીના પાણીના કુંડા, તેમજ ખુલ્લા । ટાકાની અંદર ડેન્ગ્યુના મચ્છર ઉત્પન્ન થાય છે અને ડેન્ગ્યુ ચિકનગુનિયા જેવી ગંભીર બીમારી આના દ્વારા ફેલાય છે, દરેક વિદ્યાર્થીને માહિતી દ્વારા એ સમજાવવામાં આવ્યું કે આ મચ્છર ઉત્પન્ન ન થાય અને ઘરમાં ચોખાઈ રહે, જેથી આપણે ગંભીર રોગોથી બચી શકીએ એની માહિતી રાજકોટ વોર્ડ નંબર .૧ ના સુપરવાઈઝર હરદેવભાઈ ચાવડા, અશોકભાઈ બોખાણી, મહેન્દ્રભાઈ વડોદરા, જાગૃતીબેન વાઘેલા, જાગૃતીબેન કારેલીયા વગેરે વિદ્યાર્થીઓને ડેન્ગ્યુ જાગૃતિ અંતર્ગત માહિતી આપેલ હતી. નિધિ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી યશપાલસિંહ ચુડાસમા, ટ્રસ્ટી હર્ષદબા ચુડાસમા,પ્રિન્સિપાલ બીના ગોહેલ, હર્ષદ રાઠોડ,જાનકી નકુમ,પૂનમ કણજારીયા, ભૂમિ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

# નાટ્યમ અને શેર વીથ સ્માઈલ દ્વારા અષાઢી બીજે ધર્મગાથા રજૂ કરાશે

## ભગવાન કૃષ્ણએ કળિયુગ વિશે કરેલી પાંચ વાતો રજૂ કરાશે: આયોજકો આજકાલની શુભેચ્છા મુલાકાતે

આજકાલ કાર્યાલય
રાજકોટ

રાજકોટની નાટ્યપ્રેમી જનતા માટે ટીમ નાટયમ અને શેર વિથ સ્માઈલ એનજીઓ દ્વારા ગત વર્ષે ઓકટોબર માસમાં ધર્મગાથા નાટક સફળતાપૂર્વક રજુ કરવામાં આવ્યું હતું. જેમાં મહાભારતના પ્રસંગો રજુ કરી સમાજની હાલની સમસ્યાઓ મુજબ માનસિક તણાવ અને તેનો ઉકેલ આપણા સાંસ્કૃતિક ગ્રંથોમાંથી જ મળી શકે છે તે વાતનું પ્રમાણ પુરું પાડ્યું હતું. આ પ્રથમ ચરણને મળેલ બહોળા પ્રતિસાદ બાદ ફરી એક વખત આગામી તા.૭ જુલાઈના રોજ હેમુ ગઢવી હોલ ખાતે ધર્મગાથા-દ્વિતીય ચરણ રજૂ કરવા જઈ રહ્યું છે. જેમાં પ્રથમ ચરણના પ્રસંગો સાથે આજની પેઢીને જાણવા, શીખવા અને સમજવા લાયક પ્રસંગો ઉમેરી, બહુ ઓછા સાંભળ્યા કે વાંચ્યા હોય તેવા પ્રસંગોને સમાવેશ કરી નાટયકલાના નવા યુગને ફરી ઉજાગર કરવામાં આવનાર છે.


તસવીર : દર્શન ભટ્ટી

મહાભારતના કેટલાક મહત્વના પ્રસંગો આજની યુવા પેઢીને જાણવા અને સમજી જીવનમાં ઉતારવા જરૂરી છે તેવા પ્રસંગોને નાટ્યના રૂપમાં દર્શાવવા તેમજ જનરેશનમાં ધર્મગાથાનુ સિંચન થાય તે માટે એક અનોખો પ્રયાસ ટીમ નાટયમના યુવાનો દ્વારા કરવામાં આવી રહ્યો છે. જેમાં મુખ્યત્વે યુવાનોમાં વધતા પ્રેમલગ્નના ચલણને મહાભારતના પ્રસંગ સાથે સરખાવી પ્રેમલગ્નની સાચી વ્યાખ્યા દર્શાવવા પ્રયાસ કરાયો છે અને ભગવાન કૃષ્ણએ કરેલી કળિયુગ વિશેની ખાસ ૫ વાતો લોકો સમક્ષ રજૂ કરી જાગૃતતા લાવવા પ્રયાસ કરાયો છે.

રાજકોટમાં ટીમ નાટયમ અન શેર વિથ સ્માઈલ એનજીઓ દ્વારા નાટયકલાને ફરી એક નવી રાહ બતાવવાના પ્રયાસથી ટીમ નાટયમના યુવાનો દ્વારા ધર્મગ્રંથો આધારે નાટકો રજૂ કરવાનો નિર્ણય લીધો છે. ધર્મગાથા-નાટયકલાનો નવો યુગ એ એક એવો નાટય પ્રોજેકટ છે, જેમાં મહાભારત જેવા ધર્મગ્રંથોના એવા પ્રસંગો પેશ કરવામાં આવી રહ્યો છે. જેના ઉલ્લેખ વધુ ન થાય તે સમાજના મોટા વર્ગ સુધી પહોંચવામાં અસફળ રહ્યો છે. ધર્મગાથા આગામી ૭ જુલાઈ અને રવિવારના રોજ રાત્રે ૯ વાગ્યે હેમુગઢવી હોલ, ટાગોર રોડ, રાજકોટ ખાતે પ્રસ્તુત કરવામાં આવશે. આ નાટકના ડિરેકટર દેવર્ષિ હરેશભાઈ પંડયા, કો-ડીરેકટર દુર્ગેશસિંહ જાડેજા, ક્રિએટીવ ડિરેકટર હર્ષ પંડયા અને લેખિકા હીના યાજ્ઞિક સાથે રાજકોટના ૧૫થી ૨૦ નામી કલાકારો દ્વારા આ નાટક ભજવવામાં આવનાર છે. જેનો મુળ ઉદેશ સમાજમાં ધર્મ રક્ષણ અને ગીતા જ્ઞાન પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. નાટક લગતી કોઈપણ પ્રકારની માહિતી અથવા પાસ મેળવવા માટે મો.૬૩૫૩૩ ૭૮૩૭૧ ઉપર સંપર્ક કરવા આજકાલની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ જણાવ્યું હતું.

### લવ મેરેજના લગ્નજીવનમાં દંપતી વચ્ચે અણબનાવ સંદર્ભે

# ફેમિલી કોર્ટમાં નવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા મુજબ ભરણ પોષણનો કેસ દાખલ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

લવ મેરેજ બાદ પુત્રજન્મ પછી પતિ પત્ની વચ્ચે અણબનાવ સંદર્ભે પરિણીતા દ્વારા ભરણ-પોષણ મેળવવા ગઈકાલથી અમલી બનેલા નવા સુધારેલ કાયદા ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા (બી. એન. એસ. એસ.) મુજબ રાજકોટ ફેમિલી કોર્ટમાં ભરણ પોષણનો પ્રથમ કેસ આજરોજ ફાઈલ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ મીનાક્ષી ધર્મેશભાઈ મકાતી (રહે. રાજકોટ)ના તા.૧૩/ ૪/ ૨૦૧૧ના રોજ ધર્મેશ ગુણવંતરાય મકાતી (રહે. રાજકોટ) સાથે લવ મેરેજ થયેલ હતા અને તે લગ્ન જીવનથી એક પુત્ર-શિવ (હાલ ઉ.વ.૧૧ )નો જન્મ થયો હતો. દરમિયાન પરિણીતા મીનાક્ષીના જણાવ્યા મુજબ ત્યારબાદ સંયુકત કુટુંબમાં પતિ



તથા તેના સાસુ સસરા વિગેરે કોઈપણ જાતના વાંકા ગુન્હા વગર શારીરીકમાનસીક ત્રાસ આપતા અને તે રીતે મારકુટ કરીને મીનાક્ષીબેન તથા પુત્રને વિના વાંકે પહેરેલ કપડે ૨૦ થી ૨૫ વખત કાઢી મુકયા હતા. એક તબક્કે સસરા સામે કુદ્રષ્ટિ અંગેની ફરીયાદ પણ તા.૧૧/ ૧૦/ ૧૮ના રોજ મહિલા પો. સ્ટે.માં કરેલ, જેના અનુસંધાને તેણીના સસરાની ધરપકડ પણ થયેલ હતી અને જામીન પર છુટેલ હતા. પરંતુ ત્યાર બાદ પણ સામાવાળા પતિ પોતાના માતા પિતાની ચડામણીમાં આવી અને વારંવાર પોતાને તથા પુત્ર શિવને ત્રાસ આપી પહેરેલ કપડે કાઢી મુકેલ ત્યારથી અરજદાર તથા તેમના પુત્ર પોતાના માતુશ્રીને ત્યાં ઓશીયાળુ જીવન જીવી રહયા છે. તેથી મીનાક્ષીબેને નાછુટકે પોતાના વકીલ મારફત ફેમિલી કોર્ટમાં નવા કાયદા અનુસાર બી એન એસ એસ (ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા) મુજબ ભરણ-પોષણ નો કેસ ફાઈલ કરી છે આ કામમાં અરજદાર વતી વકીલ અજય કે. જોબનપુત્રા તથા કિશન રાજાણી રોકાયા છે.

# ૯૦ હજારના ચેક રિટર્નના કેસમાં આરોપીનો નિર્દોષ છૂટકારો

## નાણા રિટેલ માલ ખરીદીના હોવાનું અને તે હપ્તેથી ચૂકવાઈ ગયા હોવાનું રેકર્ડ પર લવાયો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

શહેરના ગાયકવાડી પ્લોટમાં રહેતા કનૈયાલાલ ભીંડોરાએ આનંદનગર કોલોનીમાં રહેતા રમેશચંદ્ર મહેતાને મિત્રતાના દાવે રૂપિયા ૯૦,૦૦૦ આપ્યા હતા. જે રકમ ચૂકવવા આપેલો ચેક વગર વસૂલાતે બેંકમાંથી અંગે કાયદાકીય જોગવાઈ પ્રમાણે નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે અદાલતમાં ફરિયાદ કરી હતી. બાદ અદાલતમા કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષને રજુઆત રેકર્ડ પરનો દસ્તાવેજી પુરાવો તથા ઉલટ તપાસ દરમીયાન આરોપી તરફથી રેકર્ડ પર લાવવામાં આવેલ હકીકતો લક્ષે લેતા ફરીયાદી રેડીમેઈડ કપડા મગાવી રિટેઈલમાં વેપાર કરતા હોવાનુ અને આરોપીને ખરીદી માટે ફાઈનાન્સમાંથી રકમ અપાવી પોતાની રકમ વસુલી લેતા હોવાનું અને ફાઈનાન્સના માધ્યમથી હપ્તા વસુલ કરવામાં આવતા હોવા સબંધેની ડાયરી ઉલટ તપાસમાં રેકર્ડ પર આવતી હોય જેમાં ફરીયાદીના હસ્તાક્ષર હોવાનુ કબુલતા ડાયરી પુરાવામાં દાખલ થયેલ હોય તેમા હપ્તાની રકમ ચુકવાઈ ગયેલ છતા ફરીયાદીએ બદ્દાનતથી ચેક ખોટી રીતે બેંકમા રજુ કરેલ હોય અને સીકયુરીટીના ચેકનો દુરઉપયોગ કર્યાની હકીકતોને સમર્થન મળે છે. જે હકીકતો, દલીલો ધ્યાને લઈ અદાલતે આરોપી રમેશચંદ્ર મહેતાને નિર્દોષ ઠરાવી છોડી મુક્તો હુકમ કર્યો છે. આ કેસમાં બચાવ પક્ષ એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા, કિશન માંડલીયા, ભાવીક ફેફર, જય પીઠવા , મદદમાં યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, આર્યન કોરાટ, અભય સભાયા તથા જસ્મીન કોરાટ રોકાયા હતા.

# કોંગ્રેસ ઝૂલતા પુલકાંડના પીડિતોના વ્હારે

## અગ્નિકાંડ, ઝૂલતો પુલ, હરણી અને તક્ષશિલાના મામલે ગાંધીનગરમા પીડિતો સાથે આંદોલન: મેવાણી

આજકાલ કાર્યાલય
રાજકોટ

રાજકોટમાં અગ્નિકાંડ મામલે કોંગ્રેસના લડાયક ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી,પ્રદેશ અગ્રણીઓ લાલજી દેસાઈ,પાલ આંબલિયા સહિતના નેતાઓએ રાજકોટમાં એક મહિનો પડાવ નાખ્યા બાદ પીડિતોના પરિવારોને ન્યાય અપાવવા ત્રણ ત્રણ આંદોલનના સફળ પડાવ પ્રદેશ અને શહેર કોંગ્રેસના સંગઠનને સાથે રાખી પાર કર્યા બાદ ગાંધીનગર ઢાંકણીમા પાણી લઈને મુખ્યમંત્રી આવાસનો ઘેરાવનો કાર્યક્રમની જાહેરાત કરી છે.જો કે ઈતિહાસિક રીતે રાજકોટ બંધને સફળતા મળ્યા બાદ આ ત્રણેય નેતાઓ પોતાના ઘરે હજુ નથી પહોચ્યા ! સુરત,બરોડા,બોટાદમા દુર્ઘટનાઓના પીડિતોના પરિવારો સાથે મળ્યા બાદ ગઈકાલના મોરબીમા ઝૂલતાં પુલના પીડિતોના પરિવારોને મળીને સમગ્ર કેસની તાગ મેળવીને ચર્ચાઓ કરી આગામી સમયમા લડતોની તૈયારીઓ શરૂ કરી દીધી




છે. આ અંગે કોંગ્રેસના પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતે જણાવ્યુ હતુ કે મોરબીના ઝૂલતા પુલના દુર્ઘટનામા મૃત્યુ પામનારના પરિવારો સાથે આજે બે-ત્રણ કલાક સુધી ઊંડાણપૂર્વક ચર્ચાઓ કરીને સમગ્ર માહિતીનો તાગ મેળવીને કોર્ટમાં કેસની સ્થિતિ,પરિવારોની આર્થિક સ્થિતિ,તપાસમા અધિકારીઓની કેવી ભૂમિકાઓ જેવી બાબતોનો પણ પરામર્શ કર્યો હતો. ગુજરાતની તમામ મોટી દુર્ઘટનાઓ કે જેમા સરકાર અને વહિવટીતંત્રની લાપરવાહીના કારણે બની છે તેમા હવે કોંગ્રેસ પીડિતોના પરિવારોને ન્યાય મળે તે અર્થે સરકારને સપૂર્ણપણે ઘેરીને તપાસ નોનકરપ્ટેડ અધિકારીઓ પાસે સોંપવીને પીડિતોની માંગણીઓ જે જે છે તે પૂર્ણ કરવા આંદોલનો છેડવાના છે.આ અંગે કોંગ્રેસના સૂત્રોએ જણાવાયું હતુ કે અમે આ અંગે ગાંધીનગરમા તમામ દુર્ઘટનાઓના પીડિતોને સાથે રાખીને ૧૫૦૦૦ લોકોની સાથે સમગ્ર ગુજરાત કોંગ્રેસ મુખ્યમંત્રી આવસનો ઘેરાવ કરવાના છે જેથી સૂતેલી સરકાર જાગે અને પીડિતોની માંગણીઓ સ્વીકારાય. ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓમા કોઈ નિર્દોષ લોકોનો ભોગ ના બને તે માટે અમારો પ્રયાસ છે.આગામી સમયમા અમે તમામ દુર્ઘટનાઓના પીડિતોના પરિવારોને સાથે રાખી કોર્ટથી માંડી રસ્તાઓમા લડવા માટે તેઓના પડખે ઉભા રહી માનવતા ધર્મ નિભાવશું.

## તસવીર સમાચાર

### વી.એમ.મહેતા ઈન્સ્ટીટ્યુટમાં યોગની વિશિષ્ટતા વિષયક ગેસ્ટ લેકચર યોજાયો



ગાર્ડી વિદ્યાપીઠ સાથે સંકળાયેલ વી.એમ.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ આયુર્વેદ દ્વારા તાજેતરમાં આયુર્વેદના સ્વસ્થવૃત વિભાગ અંતર્ગત ચિકિત્સાની દ્રષ્ટીએ યોગની વિશિષ્ટતા વિષયક ગેસ્ટ લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જૂનાગઢ સ્થિત પ્રો. પાર્થિવ ભટ્ટને આમંત્રીત કરવામાં આવ્યા હતા. વૈદ્ય પાર્થીવ ભટ્ટે સૌપ્રથમ યોગ વિશેની માહિતી સમજાવીને આધુનિક સમયમાં યોગનું મહત્વ શા માટે છે તેની જાણકારી આપી હતી. ત્યારબાદ હાજર વિદ્યાર્થીઓ, પ્રધ્યાપકોને ૐનું સાચી રીતે ઉચ્ચારણ કરવાની પ્રેકટીસ કરાવી હતી. આ લેકચરનું સંચાલન વૈદ્ય રેવથી પીએસના માર્ગદર્શન હેઠળ ભારદ્વાજ શુકલા દ્વારા કરવામાં આવ્યું હતું.

### એક્સિસ બેંકે ગુજરાતમાં ૫૫૦થી વધુ એમએસએમઈને સન્માનિત કર્યા



ગતિશીલ અને સ્થિતિસ્થાપક માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝીસ (એમએસએમઈ) સેક્ટરને મહત્વ આપતાં ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંકો પૈકીની એક એક્સિસ બેંકે આંતરરાષ્ટ્રીય એમએસએમઈ દિવસે ગુજરાતમાં ૫૫૦થી વધુ એમએસએમઈ ગ્રાહકોને સન્માનિત કર્યા હતા. આ ઉજવણી અમદાવાદ, ભાવનગર, જૂનાગઢ, વડોદરા, સુરત, રાજકોટ, ભરૂચ, આણંદ, ગાંધીનગર, વલસાડ વગેરેમાં આવેલી એક્સિસ બેંકની ચોક્કસ બ્રાન્ચમાં કરવામાં આવી હતી. એક્સિસ બેંકના પ્રેસિડેન્ટ અને હેડ-બ્રાન્ચ બેંકિંગ, અર્નિકા દિક્ષીત, રિજનલ બ્રાન્ચ બેંકિંગ હેડ-વેસ્ટ ૨ રાકેશ ભોજનગરવાલા, નેશનલ સેલ્સ હેડ-વર્કિંગ કેપિટલ સુમિત જના, એસેટ્સ જ્યોગ્રાફી હેડ-કોમર્શિયલ બેંકિંગ કવરેજ ગ્રુપ (સીબીજી) રણજીત બર્નાવલ, સર્કલ હેડ-ગુજરાત ઈસ્ટ મૃગેશ સુથાર, સર્કલ હેડ-ગુજરાત વેસ્ટ રજ્જબેહ પોસ્ટવાલા અને સર્કલ હેડ-ગુજરાત નોર્થ એન્ડ સેન્ટ્રલ રાજેશ મહેતા સહિતના વરિષ્ઠ પ્રતિનિધિઓએ એમએસએમઈ ગ્રાહકોને પ્રશસ્તિપત્રો એનાયત કર્યા હતા.

### આકાર ઈવેન્ટસ દ્વારા એક તારો આધાર કાર્યક્રમ યોજાયા



**રાજકોટ :** ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી આકાર ઈવેન્ટસના નયન ભટ્ટ અને મૃણાલીની ભટ્ટ દ્વારા ભકિત સંગીત સમારોહ એક તારો આધાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની પરિકલ્પના, વિભાવના તેમજ સંચાલન ગુણવંત ચુડાસમા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગાયક કલાકાર ગીતા ચૌહાણ, ઉર્વશી પંડ્યા, સંદીપ પ્રજાપતિ, કુમાર પંડ્યા, અનીલ પટેલ, મનીષ જોષી, વિક્રમ સોલંકી, મિલન પંડ્યા, જીજ્ઞેશ ગોસ્વામી, કલ્પેશ કાચા સહિતના કલા પ્રસ્તુતી કરી હતી. કાર્યક્રમમાં મહેમાન તરીકે હિતેષભાઈ દિહોરા, ડો. અતુલ વ્યાસ તેમજ વિપુલ શુકલ હાજર રહ્યા હતા.

### કર્મયોગ ટ્રસ્ટ દ્વારા મહિલાઓ માટે નિઃશુલ્ક મેમોગ્રાફી અને બાળકો માટે નિદાન કેમ્પ યોજાયો

રાજકોટ તથા સૌરાષ્ટ્ર ની જનતા ના સ્વાસ્થ્ય માટે અવિરત કાર્યરત એવી કર્મયોગ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત યુનાઈટેડ કેર હોસ્પિટલ દ્વારા ચાલતા સ્વાસ્થ્ય સેવા યજ્ઞના ભાગ રૂપે રોટરી કલબ ઓફ રાજકોટ સાથે મહિલાઓ માટે સ્તન કેન્સરના સ્ક્રીનિંગ માટે ફ્રી મેમોગ્રાફી કેમ્પ તથા સ્વાસ્થ્ય સેવા યજ્ઞના ભાગ રૂપે આજે બાળકોની તપાસ અને નિદાનના ફ્રી કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પમા યુનિટેડ કેર હોસ્પિટલના પીડીયાટ્રીશીયન ડો.નિધિ ભાલોડીયા દ્વારા બાળકોની તપાસ અને સારવાર કરવામાં આવી. આ કેમ્પનો બહોળી સંખ્યામા બાળકો એ લાભ લીધો.



### એઈમ્સ ખાતે ડોક્ટર્સ-ડેની ઉજવણી, વિભાગના તમામ તબીબો જોડાયા

# દર્દી આપણને ભગવાન માને છે, આપણે ફરજનિષ્ઠાથી ઋણ ચૂકવવું જોઈએ: ડો. કટોચ



આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

૧ જુલાઈને આરોગ્ય ક્ષેત્રમાં ડોકટર્સ-ડે તરીકે મનાવવા આવે છે, આદિકાળથી લોકો ડોકટરને ભગવાનનું સ્વરૂપ માનતા આવ્યા છે, દર્દી હોસ્પિટલમાં દાખલ થાય એટલે સ્વજનો જીવન-મરણ ડોકટરના હાથમાં મૂકી વિશ્વાસ રાખતા હોઈ છે. ત્યારે સ્વજનની આશા અને અપેક્ષાઓ ઉપર ડોકટર્સએ પણ ખરું ઉતરવાની જવાબદારી હોઈ છે.

ગતરોજ નેશનલ ડોકટર્સ-ડે નિમિતે રાજકોટ એઈમ્સ ખાતે ડોકટર્સ-ડેની ઉજવણી કરવામાં આવી હતી આ તકે એઈમ્સના એકસઝીક્યુટીવ ડાયરેકટર પ્રો.કર્નલ સી.ડી.એચ કટોચએ તબીબોને જણાવ્યું હતું કે, દર્દીઓની કાળજી રાખવી એ આપણી ફરજ છે, જયારે દર્દીઓ આપણે ભગવાનનું રૂપ માની રહ્યા છે તો આપણે આપણી ફરજનિષ્ઠાથી તેમનું ઋણ ચૂકવવું જોઈએ કહી તબીબી સેવાઓ સહિતનું વિશેસ માર્ગદર્શન આપ્યું હતું.

આ તકે ડેપ્યુટી ડાયરેકટર કર્નલ પુનિત અરોરા, ડીન ડો.સંજય ગુપ્તા, ડો.સીમ્મી મહેરા, કર્નલ ડો.અશ્વિની અગ્રવાલ, ડો.સંજય ગુપ્તા તેમજ તમામ વિભાગના તબીબો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને એડમીન વિભાગની જહેમતથી સફળ બનાવવામાં આવ્યો હતો.

### સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળના પ્રમુખ પરાગ તેજૂરાનો જન્મદિવસ

રાજકોટ : અલગ સૌરાષ્ટ્ર કચ્છ રાજ્યની વિકાસ અને અન્યાયના મુદ્દે છેલ્લા ૨૪ વર્ષથી લડત ચલાવી રહેલ પરાગભાઈએ સૌરાષ્ટ્રના અનેક પ્રશ્નોનો ઉંડાણથી અભ્યાસ કરીને રજુઆતો કરેલ. ૨૦૦૦ની સાલમાં પરચુરણની અછત, સૌરાષ્ટ્ર વોટર ગ્રીડ યોજના, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, નાળીયેરના વાવેતરની યોજના, આઈટી પાર્કની માંગણી, કાર ઉત્પાદક કંપનીઓને રાજકોટ લાવવાના પ્રયત્નો, સૌરાષ્ટ્ર માટે એક મલ્ટી સ્પે. સરકારી હોસ્પિટલ સહિત અનેક વિકાસ લક્ષી રજુઆતો તેમને કરેલ. છેલ્લા ૧૦ વર્ષથી સૌરાષ્ટ્ર કચ્છને આંતરરાષ્ટ્રીય ઓળખ અપાવવા સતત વિદેશી પ્રતિનિ મંડળને રાજકોટ બોલાવી રહ્યા છે. અખીલ સૌરાષ્ટ્ર રઘુવીર સેનામાં પણ છેલ્લા ૧૩ વર્ષથી સક્રિય ભુમીકા ભજવેલ છે.

# રણછોડદાસબાપુ આશ્રમ ખાતે રામકથાનું આયોજન

આજકાલ કાર્યાલય
રાજકોટ

સદ્‌ગુરૂ સદન ટ્રસ્ટ રણછોડદાસજીબાપુ આશ્રમ ખાતે અષાઢ માસમાં ગુપ્ત નવરાત્રિ નિમિતે તા.૬ને શનિવારથી તા.૧૪ને રવિવાર સુધી રામ ચરિત માનસજીના નવાહ પાઠનું ભવ્ય આયોજન નીજ મંદિર હોલ, સદ્‌ગુરૂ આશ્રમ ખાતે કરવામાં આવેલ છે.



જેમાં તા.૬ને શનિવાર રામનવાહપાઠનો પ્રારંભ, નીજ મંદિર હોલમાં, તા.૭ને રવિવાર રામજન્મોત્સવ, સવારે ૧૧ વાગ્યે, તા.૮ને સોમવાર રામ વિવાહ, સવારે ૧૧-૧૫ કલાકે, તા.૧૪ને રવિવાર રામરાજ્યાભિષેક, સવારે ૮-૪૫ કલાકે, લઘુરામ યજ્ઞ તા.૧૪ને રવિવાર સવારે ૯ કલાકે પૂર્ણાહુતિ બપોરે ૧-૩૦ કલાકે વગેરે યોજાશે. વ્યાસપીઠ ઉપર વિદ્વાન શાસ્ત્રી પ્રભુદાસ અગ્નિહોત્રી વ્યાસ રામાણજીના નવાહપાઠનું સંગીતમય શૈલીમાં રસપાન કરાવશે.

રામચરિત માનસના પાઠ કરવાનું સદ્‌ગુરૂદેવ ભગવાન રણછોડદાસજીબાપુએ વધુ મહત્વ બતાવ્યું છે. રાજકોટના તમામ ધર્મપ્રેમી ભાઈ-બહેનોને તથા ગુરૂભાઈઓ-બહેનોને આ રામચરિતમાનસ નવાહ પાઠમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

રામચરિત માનસનાં પાઠ નિમિતે ભારતભરમાંથી અસંખ્ય સંત ભગવાન ઉપસ્થિત રહે છે, તેમનાં અલભ્ય દર્શનનો લાભ લેવા સવારે ૭થી ૮ બાલભોગ દર્શન તથા બપોરે ૧થી ૨-૦૦ ભંડારા દર્શન તથા સંત ભગવાનનું બ્યાવરૂ ભોજન રાત્રે ૮-૦૦ વાગ્યે વિગેરે દર્શનનો અમૂલ્ય લાભ લેવા જણાવાયું છે.

સંત ભગવાનની સેવામાં નારણદાસ જેઠાલાલ નથવાણી, મુકતાબેન છગનલાલ વસાણી પરિવાર, રીટાબેન નંદાણી, નરેન્દ્રભાઈ નથવાણી, અજયભાઈ નથવાણી, કિશોરભાઈ જસાણી, અમૃતલાલ મોરારજીભાઈ સેજપાલ, જાનકીબેન નંદાણી, નવનીતભાઈ કારીયા પરિવાર, રાજુભાઈ પોબારૂ, અનસુયાબેન જયંતિલાલ અકોલા સહિતના દાતાઓ સહભાગી થયા હતાં.

### રઘુવંશી સમાજ માટે બહેનો સંચાલિત સપ્તપદી મેરેજ બ્યુરો કાર્યરત

રાજકોટ : સપ્તપદી મેરેજ બ્યુરો રઘુવંશીઓ માટે બહેનો દ્વારા સંચાલીત દર બુધવારે સાંજે ૪ થી ૬ દરમ્યાન શ્રીનાથજી કૃપા સૌરાષ્ટ્રકલા કેન્દ્ર શેરી નં.૪, ધર્માલય બંગલાની સામે નિઃશુલ્ક કાર્યરત છે. લોહાણા સમાજના આ વૈવિશાળની કેન્દ્રની વિશેષ માહિતી માટે હર્ષાબેન કકકડનો સંપર્ક કરવા જણાવાયું છે.

### પીજીવીસીએલના મુખ્ય ઈજનેર (ટેકનિકલ) આર.સી.પટેલનો આજે જન્મદિવસ



રજનીકાંત સી.પટેલ જેમનું મુળ ગામ કાલાવડ (શિતળા) તા.કાલાવડ છે તેમનો અભ્યાસ બી.ઈ. (પાવર ઈલેક્ટ્રોનિકસ), સ્પેશીયલ એલએલબી, એમએસડબલ્યુ પૂર્ણ કરી છેલ્લા ૩૪ વર્ષથી જીઈબી અને હાલ પીજીવીસીએલ સાથે સંકળાયેલા છે. તેમની કારકિર્દીની શરૂઆત જુનીયર ઈજનેર તરીકે ૨૧-૪-૧૯૯૦ના રોજ આરઈસી-૨ સબ ડીવીઝન-કાલાવડ ખાતે કરેલ ત્યારબાદ સતત તેમની કુનેહ અને વહીવટી કાર્યદક્ષતા દ્વારા પ્રમોશન મેળવી નાયબ ઈજનેર, કાર્યપાલક ઈજનેર, અધિક્ષક ઈજનેર, વિશેષ મુખ્ય ઈજનેર અને હાલ મુખ્ય ઈજનેર તરીકે અવિરત સેવા આપી રહ્યા છે. તેઓએ તેમના કાર્યકાળ દરમિયાન કાલાવડ, વડીયા, શાપર વેરાવળ, કાલાવડ રોડ રાજકોટ, એચ.ટી.-૨ સબ ડિવિઝનો, રાજકોટ સીટી-૧, ધોરાજી અને મોરબી ડીવીઝન ઓફીસો તેમજ અધિક્ષક ઈજનેર તરીકે પ્રમોશન મેળવી જૂનાગઢ વર્તુળ કચેરી ખાતે ફરજ બજાવેલ ત્યાંથી વિશેષ મુખ્ય ઈજનેર તરીકે પ્રમોશન મેળવી રાજકોટ કોર્પોરેટ ઓફીસ ખાતે નિમણૂક મેળવેલ. હાલ આર.સી.પટેલ રાજકોટ કોર્પોરેટ ઓફીસ ખાતે પીજીવીસીએલના મુખ્ય ઈજનેર (ટેકનીકલ) તરીકે મહત્વની જવાબદારી વહન કરી રહ્યા છે. આર.સી.પટેલ વયમર્યાદાને લીધે આ મહિનાના અંતમાં ૩૧-૭-૨૦૨૪ના રોજ સેવા નિવૃત થઈ રહ્યા છે. તૌકતે વાવાઝોડા દરમિયાન તેમજ જુન-૨૦૨૩માં આવેલ બાયપરજોય વાવાઝોડા દરમિયાન સતત ફિલ્ડમાં રહી પ્રશંશનીય કામગીરી બજાવેલ. અધિકારીઓ, કર્મચારીઓ, મિત્રો, સ્નેહીઓ, સગા સબંધીઓ ચોમેરથી તેમના મો.નં.૭૫૬૭૬ ૪૪૯૨૯ ઉપર શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# ધી કો-ઓપરેટીવ બેંકના ૮૩ હજારથી વધુ સભાસદોને ભેટ વિતરણ

આજકાલ કાર્યાલય
રાજકોટ

વર્તમાન હરિફાઈયુકત બેંકીંગ વાતાવરણમાં ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી. - મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ બેંક ઉતરોતર પ્રગતિ કરી રહેલ છે. જેના કારણે બેંકે વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માં ૯૧ કરોડથી વધારેનો નફો કરેલ હોય અને તેનો લાભ સભાસદોને પણ મળે તે હેતુથી ૧૯૯૦થી સભાસદોને ભેટ આપવાની પ્રણાલિકા છે. આ પ્રણાલિકાને આગળ વધારતા સભાસદોને વર્ષ ૨૦૨૪ની સભાસદ ભેટનું વિતરણ બેંકના ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર અને બોર્ડ ઓફ ડીરેકટર્સ તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો હસ્તક આરંભ કરવામાં આવ્યું હતું. પહેલા તબક્કામાં વિતરણ બાદ બીજા તબક્કામાં તા. ૧૫.૦૭.૨૦૨૪ થી ૩૧.૦૭.૨૦૨૪ સુધી સોમવારથી શુક્રવાર દરમિયાન બપોરે ૨થી ૫ દરમિયાન આ ભેટનું વિતરણ કરાશે.



બેંકની લીડરશીપ ગ્રાહકોના પ્રતિભાવો અને અભિપ્રાયોને પણ શ્રેષ્ઠ રીતે મૂલવે છે, જ્યારે ગ્રાહકો તરફથી પ્રતિભાવો કે અભિપ્રાયો મળે છે ત્યારે બેંકની લીડરશીપ તેનો સ્વીકાર કરી તેનું યોગ્ય મૂલ્યાંકન કરી બેંકના હિતને ધ્યાને લઈ મળેલ પ્રતિભાવો કે અભિપ્રાયો ત્વરિત ધોરણે અમલમાં મૂકવાનો પ્રયાસ કરે છે.

### શહેર યુવા ભાજપ દ્વારા તમામ વોર્ડમાં રકતદાન કેમ્પ યોજાયો

રાજકોટ : રાજકોટના તમામ વોર્ડમાં શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિશનભાઈ ટીલવાની આગેવાનીમાં ડો. શ્યામાપ્રસાદ મુખરજી બલિદાન દિવસ નિમિતે શહેરના વિવિધ વોર્ડમાં તબકકાવાર મેગા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ રકતદાન કેમ્પો થકી ૮૦૦થી વધુ રકત બોટલ એકત્ર કરવામાં આવેલ હતું. આ તકે આ રકતદાન કેમ્પમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, સાંસદ પરશોતમભાઈ રૂપાલા, કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય ઉદય કાનગડ, ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ ડો.પ્રશાંત કોરાટ, પૂર્વ પ્રમુખ કમલેશ મીરાણી, પૂર્વ મેયર ડો.પ્રદિપ ડવ, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા સહીતના અગ્રણીઓએ ઉપસ્થિત રહી દીપ પ્રાગટ્ય કરી રકતદાન કેમ્પનો પ્રારંભ કરાવ્યો હતો. રકતદાન કેમ્પને સફળ બનાવવા કિશન ટીલવાની આગેવાનીમાં મહામંત્રી મીલન લીબાશીયા, સહદેવ ડોડીયા, સહીતના યુવા મોરચાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી.

# ચા વેચનાર ત્રીજી વખત પીએમ બન્યો તે સહન નથી થતું: મોદી

## સત્ર પહેલા પીએમ મોદીએ એનડીએ સંસદીય દળ સાથે બેઠક કરી, ગાંધી પરિવાર પર આકરા પ્રહારો

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી



વડાપ્રધાન મોદી આજે લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણનો જવાબ આપશે. ગઈકાલે રાહુલ ગાંધીના હિંદુઓ અંગેના નિવેદનને કારણે ભારે હોબાળો થયો હતો. પીએમ મોદી આના પર પણ પલટવાર કરી શકે છે. સત્ર પહેલા પીએમ મોદીએ એનડીએ સંસદીય દળ સાથે બેઠક કરી અને ઘણી મોટી વાતો કહી. પીએમ મોદીએ એમ પણ કહ્યું કે ગાંધી પરિવાર એ વાત પચાવી શકતો નથી કે એક ચા વેચનાર ત્રીજી વખત દેશના વડાપ્રધાન બન્યો છે.

મળતી માહિતી મુજબ સંસદીય દળની બેઠકમાં પીએમ મોદીએ રાહુલ ગાંધીનું ઉદાહરણ આપતા કહ્યું કે ગૃહમાં આવું વર્તન ન થવું જોઈએ. પીએમ મોદીએ કહ્યું કે સાંસદોનું વર્તન એવું હોવું જોઈએ કે તેઓ તેમના વિસ્તારના મુદ્દાઓને અસરકારક રીતે રજૂ કરે. લોકશાહી પ્રણાલીનું પાલન કરો.

સંસદીય દળની બેઠકમાં પીએમ મોદીએ કહ્યું કે ગાંધી પરિવાર એ સહન કરી શકતો નથી કે તેમના પરિવારની બહારની વ્યક્તિ કેવી રીતે વડાપ્રધાન બને. તેથી જ હવે તેમના વર્તનમાં ગુસ્સો દેખાય છે. માત્ર ગાંધી પરિવારે તેમના પરિવારને આગળ વધાર્યો અને અમે દેશના તમામ પીએમને સન્માન આપ્યું.

એનડીએની બેઠક પર કેન્દ્રીય મંત્રી એચડી કુમારસ્વામીએ કહ્યું કે પીએમએ તમામ સાંસદોને ગૃહમાં હાજર રહેવા અને ઘણી બાબતો શીખવાની સલાહ આપી. તેમણે તમામ સભ્યોને ગૃહમાં કેવી રીતે વર્તવું તેની સલાહ પણ આપી હતી. તે જ સમયે, એનસીપી સાંસદ પ્રફુલ્લ પટેલે કહ્યું કે પીએમ મોદીએ કહ્યું કે એનડીએ સાંસદોએ ગૃહ ચલાવવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ અને સ્પષ્ટ સંદેશ આપવો જોઈએ કે દરેક એક છે.

# રાહુલ ગાંધીના ભાષણથી ઉશ્કેરાયેલા બજરંગ દળના કાર્યકરોએ કોંગ્રેસ કાર્યાલયમાં કરી તોડફોડ

અમદાવાદ

કોંગ્રેસ નેતા અને લોકસભામાં સાંસદ રાહુલ ગાંધીએ ગઈ કાલે લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચા દરમિયાન હિંદુઓ વિશે વિવાદિત નિવેદન આપ્યા બાદ તેમની મુશ્કેલીઓ વધી રહી છે. ગઈકાલે લોકસભામાં રાહુલ ગાંધીના હિંદુઓ અંગેના નિવેદન બાદ દિલ્હીમાં ભાજપના અનેક નેતાઓએ તેમના નિવેદનની નિંદા કરી હતી અને રાહુલ ગાંધીની માફી માંગવાની માંગ કરી હતી. મોડી રાત્રે ગુજરાતમાં પણ રાહુલ ગાંધી વિરુદ્ધ વિરોધ શરૂ થયા હતા. બજરંગ દળના કાર્યકરોએ ગુજરાતમાં રાહુલ ગાંધી વિરુદ્ધ પોસ્ટર લગાવ્યા હતા.તેમજ કાર્યાલયમાં તોડફોડ કરી હતી.

દિલ્હીમાં વિપક્ષી નેતાઓના વિરોધનો સામનો કર્યા બાદ હવે રાહુલ ગાંધીને ગુજરાતમાં પણ વિરોધનો સામનો કરવો પડશે. મોડી રાત્રે બજરંગ દળના કાર્યકરો અમદાવાદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મુખ્યાલયમાં પ્રવેશ્યા હતા અને ત્યાં પોસ્ટરો લગાવ્યા હતા. આ સિવાય રાહુલ ગાંધીના ચહેરા પર પહેલાથી જ લગાવેલા બોર્ડ પર શાહી લગાવી હતી.

ગઈકાલે લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા થઈ રહી હતી જેમાં રાહુલ ગાંધીએ કહ્યું, તમામ ધર્મ અને આપણા બધા મહાપુરુષોએ અહિંસા અને નિર્ભયતાની વાત કરી છે. તેઓ કહેતા હતા કે ડરશો નહીં, ડરશો નહીં. શિવજી કહે છે ડરશો નહીં, ડરશો નહીં. તેઓ અહિંસાની વાત કરે છે પરંતુ જેઓ પોતાને હિંદુ કહે છે તેઓ ૨૪ કલાક હિંસા, નફરત અને અસત્યની વાત કરે છે.

રાહુલ ગાંધીએ આ ભાષણ આપતા જ ભાજપે તેમનો વિરોધ શરૂ કરી દીધો હતો. સંસદની અંદર અને બહાર વિરોધ પ્રદર્શનો થયા. વડાપ્રધાને કહ્યું કે રાહુલ ગાંધી સમગ્ર હિન્દુ સમાજને હિંસક બતાવી રહ્યા છે તે ગંભીર બાબત છે.

# રાહુલના ભાષણના કેટલાક અંશ ગૃહની કાર્યવાહીમાંથી હટાવાયા

## રાહુલ ગાંધીએ લગભગ ૧૦૦ મિનિટ સુધી ખૂબ જ આક્રમક રીતે ભાષણ આપ્યું: પીએમ મોદી અને બીજેપી પર નફરત ફેલાવવાનો આરોપ પણ લગાવ્યો

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

લોકસભામાં રાહુલ ગાંધીના ભાષણના કેટલાક અંશ ગૃહની કાર્યવાહીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. ગઈકાલે વિપક્ષ નેતાએ લગભગ ૧૦૦ મિનિટ સુધી ખૂબ જ આક્રમક રીતે ભાષણ આપ્યું હતું. આ દરમિયાન તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ અને સરકાર પર અનેક આરોપો લગાવ્યા હતા. તેમણે અગ્નિવીર યોજનાને સેનાની નહીં પણ પીએમઓની યોજના ગણાવી હતી. હવે તેની ઘણી વસ્તુઓ રેકોર્ડમાંથી હટાવી દેવામાં આવી છે. આ સિવાય પીએમ મોદી અને બીજેપી પર નફરત ફેલાવવાનો આરોપ પણ લગાવ્યો હતો. રાહુલ ગાંધીના ભાષણ દરમિયાન ગૃહમાં ભારે હોબાળો થયો હતો. શાસક પક્ષે રાહુલ ગાંધીનો જોરદાર વિરોધ કર્યો અને તેમની પાસેથી માફી માંગવાની માંગ કરી.

### આ બાબતોને હટાવી દેવામાં આવી

-હિંદુઓ અને હિંસા અંગે રાહુલ ગાંધીએ આપેલા નિવેદનો
-ભાજપ દ્વારા લઘુમતી સાથે અન્યાય કરવામાં આવે છે
-અગ્નવીર સેના નથી, પીએમઓની યોજના છે
-રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ભાજપ ૨૪ કલાક નફરત અને હિંસા ફેલાવે છે.
-રાહુલે કહ્યું હતું કે, જ્યારે હું પીએમ મોદીને જોઉં છું ત્યારે તેઓ હસતા નથી.
-રાહુલ ગાંધીએ અંબાણી અને અદાણી વિશે કરેલી ટિપ્પણીઓ
-કોટામાં નીટ પરીક્ષા સેન્ટ્રલાઈઝ્ડ છે અને અમીરોને ફાયદો થાય છે

નોંધનીય છે કે રાહુલ ગાંધીએ ગઈકાલે લોકસભામાં વિપક્ષના નેતા તરીકે પ્રથમ ભાષણ આપ્યું હતું. આ દરમિયાન તેમણે ભાજપ અને પીએમ મોદી પર આકરા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ શાસક પક્ષના નેતાઓ પર લોકોને સાંપ્રદાયિક ધોરણે વહેંચવાનો આરોપ લગાવ્યો. રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું કે પોતાને હિન્દુ ગણાવતા લોકો હિંસા અને નફરત ફેલાવે છે. આના પર પીએમ મોદીએ પોતાની સીટ પરથી ઉભા થઈને વિરોધ નોંધાવ્યો હતો. પીએમએ કહ્યું કે હિન્દુ સમાજને હિંસક કહેવું દુર્ભાગ્યપૂર્ણ છે. આ સિવાય ગૃહમંત્રી અમિત શાહ, રાજનાથ સિંહ અને શિવરાજ સિંહ ચૌહાણે પણ રાહુલ ગાંધીના ભાષણ દરમિયાન દરમિયાનગીરી કરી હતી.

# વોકહાર્ટમાં બ્રેઈનડેડ મહેન્દ્રકુમાર રાયચુરાનું અંગદાન કરાયું

રાજકોટ : ગુજરાતમાં મૃત્યુ પછી ચક્ષુદાન, અંગદાન કરવાની જાગૃતિ ઓછી છે. સામાજીક કે ધાર્મિક બંધનોમાં રહીને વ્યકિત આ અંગે કોઈ પહેલ કરતો નથી. શરીરમાં રહેલા અંગો દુનિયામાં વાસ કરી રહેલા કોઈ બીમાર કે નિઃસહાય વ્યકિતને કામ આવી શકે છે. મહેન્દ્રકુમાર (મનુભાઈ) ગોવિંદજી રાયચુરા ઉ.વ.૭૬ વોકહાર્ટ હોસ્પિટલમાં દાખલ થયા હતા. ત્યાર બાદ ડોકટરોની ટીમે બ્રેન ડેડ જાહેર કર્યા હતા. જેથી તેના પરિવારની ઈચ્છા અનુસાર અને ભાવનાબેન મંડલી, ડો. દિવ્યેશ વિરોજા, મિતલ ખેતાણીના સંકલનથી વોકહાર્ટ હોસ્પિટલ ખાતે કિડની, લીવર, ત્વચા તથા ચક્ષુદાન કરવામાં આવ્યું છે. ડો. વિકાસ જૈન, ડો. કેતન ચુડાસમા, ડો. કાંત જોગાણી, ડો. ભુમી દવે, ડો. ચિરાગ માત્રાવડીયા, ડો. વિવેક ઠકરાર, ડો. પાયલ ભદાણી, ડો. મનીષ રાગાણી, ડો. વિશાલ ભાલોડી, ડો. માધુરી ચાવડા, ડો. હર્ષલ ભટ્ટ સહિત હોસ્પિટલના તમામ મેડિકલ સ્ટાફ તથા નર્સિંગ સ્ટાફ સેવા કાર્યમાં ખડે પગે રહ્યા હતા. ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનના સહયોગથી આ ૧૧૪મું અંગદાન છે.

# યાજ્ઞિક રોડથી લાખાજીરાજ રોડ સુધીની બજારોએ મનપાની તિજોરી છલકાવી

## વોર્ડ નં.૭માં સૌથી વધુ ૩૧.૭૦ કરોડની આવક

## ૩૨૦૨૯ વેપારીઓએ ૩૧ કરોડનો વેરો ચૂકતે કર્યો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટેકસ બ્રાંચ દ્વારા પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ મિલકત વેરા વળતર યોજના લાગુ કરવામાં આવી હતી જેમાં એપ્રિલથી મે સુધીના બે મહિના ૧૦ ટકા વળતર અને ત્યાર બાદ તા.૧ થી ૩૦ જુન સુધી પાંચ ટકા વળતર આપવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૮ વોર્ડમાં ૩,૨૯,૭૨૯ કરદાતાઓએ કુલ રૂા.૨૪૪ કરોડની રકમ એડવાન્સ વેરા પેટે જમા કરાવી હતી. જેમાં ડો. યાજ્ઞીક રોડથી લાખાજીરાજ રોડ સુધીની બજારોના વિસ્તારને સમાવિષ્ટ કરતા વોર્ડ નં.૭માંથી સૌથી વધુ રૂા.૩૧.૭૯ કરોડની આવક થઈ હતી.

વિશેષમાં ટેકસ બ્રાંચના સુત્રોએ જણાવ્યું હતું કે, ત્રણેય ઝોનમાં સૌથી વધુ રૂા.૧૧૦ કરોડની વેરા આવક પશ્ચિમ ઝોનમાંથી થઈ હતી. જયારે બાવન કરોડની આવક ઉપલાકાંઠા વિસ્તારમાંથી થઈ હતી અને ૮૨ કરોડની આવક સેન્ટ્રલ ઝોન વિસ્તારમાંથી થઈ હતી. જયારે વોર્ડવાઈઝ આવકમાં સૌથી વધુ આવક વોર્ડ નં.૭માંથી રૂા.૩૧ કરોડની થઈ હતી. વોર્ડ નં.૭માં કુલ ૩૨,૦૨૯ કરદાતાઓએ વેરો ભર્યો હતો.

વોર્ડ નં.૭માં ડો. યાજ્ઞીક રોડ, ડો. દસ્તુર માર્ગ, મહાકાળી મંદિર માર્ગ, સરદારનગર મેઈન રોડ, જીમખાના રોડ, રામકૃષ્ણનગર મેઈન રોડ, લાખાજીરાજ માર્ગ, ધર્મેન્દ્ર રોડ, ગરેડીયાકુવા રોડ, કડીયા નવલાઈન, ભુપેન્દ્ર રોડ, પેલેસ રોડ, સોની બજાર, આશાપુરા મંદિર રોડ, પરાબજાર, દાણાપીઠ, જયુબેલી શાક માર્કેટ, ઢેબર રોડ વન-વે, ઢેબર રોડ, ગોંડલ રોડ, દરજી બજાર, કંસારા બજાર, બંગડી બજાર, રૈયાનાકા ટાવર, પ્રહલાદ ટોકીઝ આજુબાજુની બજાર સહિતની વર્ષો જુની બજારો સમાવિષ્ટ છે.

# ઘંટેશ્વરમાં ૪૦ વર્ષીય યુવકનું હાર્ટ એટેકથી મોત

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

શહેરના જામનગર રોડ પર ઘંટેશ્વર વિસ્તારમાં અરિહંત નગરના અમી હાઈટ્સમાં રહેતા હિરેનભાઈ અશોકભાઈ કમાણી (ઉ.વ.૪૦) નામના યુવક સાંજે પાંચેક વાગ્યે ઘરે હતા ત્યારે અચાનક ગભરામણ થવા લાગતા બેભાન થઈ ઢળી પડતા સિવિલ હોસ્પિટલએ ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. મૃત્યુ પામનાર હિરેનભાઈ પ્રાઈવેટ સેલ્સમેન તરીકે નોકરી કરતા હતા અને એક બહેનના એકના એક ભાઈ અને અપરણિત હતા. પરિવારજનોએ હાર્ટ અટેક આવી ગયાનું જણાવ્યું હતું. બનાવના પગલે યુનિવર્સીટી પોલીસે જરૂરી કાગળો કર્યા હતા.

# સોરઠીયાવાડી પાસે કારમાં દેશી દારૂના જથ્થા સાથે શખસ ઝડપાયો

## દારૂની બોટલ સાથે કારખાનેદારને ઝડપી લીધો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

શહેરના સોરઠીયાવાડી વિસ્તાર પાસેથી પોલીસે કારમાં દેશીદારૂના જથ્થા સાથે પીઠડ આઈ સોસાયટીમાં રહેતા શખસને ઝડપી લીધો હતો.

દારૂના આ દરોડાની જાણવા મળતી વિગતો મુજબ,ભકિતનગર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન કોન્સ્ટેબલ અરવિંદભાઈ ફતેપરા અને કરણભાઈ કોઠીવારની એવી બાતમી મળી હતી કે, ભીમજી ચૌહાણ નામનો શખસ સફેદ કલરની સ્વીફ્ટ કાર નંબર જીજે૩ એનએફ ૪૪૧૯ લઈ પવનપુત્ર ચોક સોરઠીયાવાડી બોમ્બે ફેશન નામની કપડાની દુકાનવાળી શેરી પાસેથી પસાર થનાર છે અને કારમાં દેશી દારૂનો જથ્થો ભર્યો છે. આ બાતમીના આધારે પોલીસની ટીમે વોચ ગોઠવી હતી. દરમિયાન શંકાસ્પદ કાર પસાર થતા પોલીસે તેને અટકાવી કારની તલાશી લેતા તેમાંથી ૧૦૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. જેથી પોલીસે કારચાલક ભીમજી ખેંગારભાઈ ચૌહાણ (ઉ.વ ૪૦ રહે. પીઠડઆઈ સોસાયટી શેરી નંબર નં.૧ મહિકા) ની અટકાયત કરી દારૂનો આ જથ્થો અને કાર સહિત કુલ રૂપિયા ૨.૦૭ લાખનો મુદ્દામાલ કબજે કરી આરોપી સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. ભકિતનગર પોલીસ મથકના સ્ટાફે અન્ય દરોડામાં બાબરીયા કોલોની શેરી નંબર ૪ સુમરા હોસ્ટેલની સામે પરેશ મનસુખભાઈ વસોયા (ઉ.વ ૪૨ રહે. મોરારીનગર, બાબરિયા કોલોની) નામના કારખાનેદારને એકિટવામાં દારૂની એક બોટલ સાથે ઝડપી લીધો હતો. પોલીસે દારૂની બોટલ અને કાર સહિત ૫૧,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી જરૂરી કાર્યવાહી કરી હતી. બી ડિવિઝન પોલીસ મથકના સ્ટાફે આરટીઓ પાછળ મચ્છાનગર શેરી નંબર ૫ માં ખાડા પાસેથી રૂ. ૬,૬૦૦ ની કિંમતનો ૬૬ બોટલ દારૂ જથ્થો ઝડપી લીધો હતો. દારૂનો આ જથ્થો અહીં રાખનાર ઈન્દુ લઘરાભાઈ વકાતર (રહે મચ્છાનગર શેરી નંબર ૫) હાજર મળી આવ્યો ન હોય પોલીસે તેની સામે ગુનો નોંધ્યો હતો.

# ૨૪ વર્ષ પહેલાંના

(છેલ્લા પાનાનું ચાલુ)

પરેખને ફઝલ ઉલ રહેમાનની ગેંગે મુક્ત કર્યો હતો.

જ્યારે સરધાર નજીક રાજન ઉર્ફે આસિફ રજખખાનને પીઆઈ જે.જે. ધ્રાંગા, સહિતની ટીમે એન્કાઉન્ટર કર્યું હતું. બાદ પરેશ લીલાધર શાહ દ્વારા તા.૨૬/૧૧/૨૦૦૦ માં આંતરરાષ્ટ્રીય ગેંગના સભ્યો સહિત ૪૭ શખસો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. તપાસ અધિકારી દ્વારા પૂરતો પુરાવો મળતા કોર્ટમાં ૭/૧/૨૦૦૨ ના રોજ ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૪ વિટનેસ હતા. ત્યારે આ કેસ કોર્ટમાં ચાર્જ ફ્રેમ થઈ શક્યો ન હતો.

બાદ અધિક જજ ડી.એસ. સિંઘની કોર્ટમાં કેસ ટ્રાન્સફર થતા માત્ર દોઢ જ મહિનામાં કેસને ચાર્જફ્રેમ કરવામાં આવ્યો છે. જેમાં ૧૧ લોકોના મૃત્યુ નીપજ્યા છે. બે શખસના એન્કાઉન્ટર થયા છે. કોર્ટે મહેન્દ્રસિંહ કિરીટસિંહ ગોહિલના નામનું પકડ વોરંટ ઈસ્યૂ કર્યું હતું જ્યારે સચિન માડમ સહિત ત્રણ આરોપીને ભાગેડુ જાહેર કરી કલમ ૮૨ મુજબ કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં બાકીના આરોપીઓને જુબાની માટે ટેલીફોનિક સમન્સની બજવણી કરવામાં આવી આવી હતી. અને પુરાવો નોંધ્યા બાદ આજે તા.૨ જુલાઈના રોજ ન્યાયાધીશ ડી.એસ.સિંઘની અદાલતમાં સુનાવણી હાથ ધરવામાં આવી છે.

આજરોજ ઉઘડતી કોર્ટે આફતાબ અન્સારી અને વિશાલ માડમ સહિતના આરોપીઓને રજૂ રાખવામાં આવ્યા હતા. ફરિયાદી અને સાહેદ જુબાની માટે કોર્ટમાં હાજર રહ્યા હતા. જુબાની દરમિયાન બંને અપહત દ્વારા ઘટનાનું વર્ણન કરવામાં આવ્યું હતું. ફરિયાદી પરેશ શાહની સરકારી વકીલ મહેશભાઈ જોષી દ્વારા સર તપાસ લેવાઈ હતી. જેમાં બનાવ કેવી રીતે બન્યો?, બનાવ પાછળનું કારણ? અને અપહરણ કેવી રીતે કરાયું તે અંગેના પ્રશ્નનો સર તપાસમાં પૂછવામાં આવ્યા હતા.

સર તપાસ પૂર્ણ થતા બચાવ પક્ષના લેવામાં આવશે. ત્યારબાદ અપહરણનો ભોગ બનેલ ભાસ્કર લીલાધર પારેખની પણ સર તપાસ અને ઉલટ તપાસ લેવામાં આવશે ત્યારબાદ અન્ય સાહેબોની પણ જુબાની લેવા માટે સમન્સ ઈસ્યુ કરવામાં આવશે. દરમિયાન જાણવા મળતી વિગત મુજબ સરકારી વકીલની સર તપાસમાં ફરિયાદી પરેશ શાહ અને સાહેદ ભાસ્કર પારેખ કોર્ટમાં હાજર આરોપીઓને ઓળખી શકેલ નહીં. ત્યારે બચાવ પક્ષ દ્વારા ફરિયાદી પરેશભાઈની ઉલટ તપાસ શરૂ થયાનું જાણવા મળે છે. આ કામમાં સરકાર પક્ષે મહેશભાઈ બચાવ પક્ષે વકીલ લલિતસિંહ શાહી, પી.એમ. શાહ,સુરેશ ફળદુ, પી.એમ. જાડેજા, આર.બી.ગોગિયા, કિરીટ નકુમ રોકાયેલા છે.

## ચકચારી કેસના ૪૭ આરોપીઓ

અમિષ ચંદ્રકાંત બુદ્ધદેવ, આફતાબ અહેમદ મુમતાઝ અહેમદ અંસારી, રાજેન્દ્રકુમાર વ્રજલાલ ઉનડકટ, જલાલુદ્દીન ઉર્ફે રાણા ઉર્ફે રફિક મહંમદ સુલતાન, મહેન્દ્રસિંહ કિરીટસિંહ ગોહિલ, શૈલેષ મહેન્દ્રભાઈ પાબારી, અજય ઉર્ફે તેટી ગુણુભાઈ મારૂ, બ્રિજમોહન હનુમનરાય શર્મા, વિશાલ વલ્લભ માડમ, કિશોર મહાદેવજી વેગડા, ફઝલ રહેમાન અબ્દુલ બાસિત શેખ ઉર્ફે ફઝલુ ઉર્ફે તનવીર ઉર્ફે અલી, ઉર્ફે ડોક્ટર ઉર્ફે ચંદ્ર મંડલ, નીતિનકુમાર ઉર્ફે મોહંમદ નદીમ ભોગીલાલ ઉર્ફે સલીમ દરજી શેખ, ભોગીલાલ ઉર્ફે મામા મોહનલાલ દરજી, શેલેન્દ્ર અતરંગસિંગ જાટ, મહંમદ સીદીક સમેજા, શાંતિલાલ ડાયાભાઈ વસાવા, રાજુ ઉર્ફે રાજેશ વ્રજલાલ ભીમજિયાણી, ઈમ્તિયાઝ નુરમામદ કારાણી, ભલાભાઈ કચરાભાઈ નારિયા, દિલીપ અમૃત પટેલ, કિનવભાઈ રમેશભાઈ ચૌધરી, રાજુ ઉર્ફે રૂપમ કાંતિભાઈ પોપટ, ભાવિન કિરીટભાઈ વ્યાસ, મહંમદ ઉર્ફે ડેનીહુસેન હાલા, આનંદ માડમ, ઈરફાનભાઈ અકીલભાઈ શેખ, મનોજ હરભમભાઈ સિસોદિયા, ઉસ્માનખાન ઈસ્માઈલખાન મુસ્લિમ, દીપકકુમાર નાગેશ્વર મંડલ, સચિન વલ્લભ માડમ, તેજસ રાણાભાઈ ડેર, દિગ્વિજયસિંહ પરબતસિંહ રાણા, મનોજભાઈ પ્રવીણભાઈ સંખાવડા, સંજય ઉર્ફે રાજેશ રામચંદ્ર જંત, પ્રદીપભાઈ ઉર્ફે ડોક્ટર અનરસિંગ ડાંગર, સૂરજ પ્રકાશ ઉર્ફે રાજેશ સાહેબસિંહ, જીગ્નેશભાઈ ઉમેશભાઈ પાંઉ, મેહુલભાઈ ઉમેશભાઈ પાંઉ

# ગેરકાયદે ધાર્મિક

(છેલ્લા પાનાનું ચાલુ)

છે. સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૧૩થી નોટિસની બજવણી શરૂ કરાઈ છે જેમાં ખોડિયારપરા વિસ્તારમાં અમુક ધાર્મિક બંધકામોને નોટીસની બજવણી કરાઈ છે. જ્યારે ઈસ્ટ ઝોનમાં હાલ સુધીમાં પાંચને નોટિસ અપાઈ છે અને વેસ્ટ ઝોનમાં બે દિવસ બાદ નોટિસો ફટકારાશે.

દરમિયાન આ અંગે રાજકોટ મહાપાલિકાના નવનિયુક્ત ઈન્ચાર્જ ટાઉન પ્લાનિંગ ઓફિસર એસ.એમ.પંડ્યાનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યું હતું કે નોટિસોની બજવણી શરૂ કરાઈ છે પરંતુ આ કામગીરી ઝોન લેવલથી કરાઈ રહી હોય તેમની પાસે વિશેષ માહિતી ઉપલબ્ધ નથી !

ટીપી બ્રાન્ચના સૂત્રોએ જણાવ્યું હતું કે મહાપાલિકા તંત્રએ ઉપરોક્ત મુજબની કામગીરી કરી જિલ્લા કલેકટર તંત્રને રિપોર્ટ કરવાનો છે અને કલેકટર તંત્ર આ અંગે રાજ્ય સરકારમાં રિપોર્ટ કરશે.

રાજકોટમાં આજથી ૧૪ વર્ષ પૂર્વે કોર્ટના આદેશના પગલે જાહેર માર્ગો, શેરીઓ, ગલીઓ, ચોક તેમજ પબ્લિક પર્પઝના પ્લોટ્સ વિગેરે સ્થળોએ દબાણ તેમજ ગેરકાયદે બાંધકામ કરીને નિર્માણ કરેલા ધાર્મિક બાંધકામોનો તલસ્પર્શી સર્વે કરાયો હતો, તે સર્વે રિપોર્ટમાં દર્શાવેલ ધાર્મિક બાંધકામોને હાલ નોટિસ આપવામાં આવી રહી છે. જો કે છેલ્લા ૧૪ વર્ષોમાં અનેક જુના ગેરકાયદે ધાર્મિક બાંધકામોનું ડિમોલિશન થયું હોય તેમજ અનેક નવા ગેરકાયદે ધાર્મિક બાંધકામો અસ્તિત્વમાં આવ્યા હોય વાસ્તવિક રીતે વર્તમાન સ્થિતિ જોતા જુના સર્વે મુજબ થતી કામગીરી કેટલી અસરકારક રહેશે તે જોવાનું રહેશે.

## ટીપીઓને મળવા વિઝીટર સ્લીપ ભરવી ફરજિયાત

અગ્નિકાંડ બાદ રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ બ્રાન્ચમાં ઈન્ચાર્જ ટીપીઓ તરીકે નિયુક્ત ટીપીઓ એસ.એન.પંડ્યાને મળવા માટે દરેક મુલાકાતીએ વિઝીટર સ્લીપ ભરવી ફરજિયાત છે. અલબત્ત આ એક ફોર્મલિટી છે જે દરેક ઉચ્ચ અધિકારીને મળતી વખતે પૂર્ણ કરવાની હોય છે પરંતુ ભૂતકાળમાં આવો કડક અમલ ક્યારેય કરાતો ન હતો. કોઈ પણ અરજદાર કે મુલાકાતી સરળતાથી મળી શકતા હતા.

# ૨૦૨૫માં ગુજરાતની

(છેલ્લા પાનાનું ચાલુ)

થશે. બીજીતરફ જુલાઈ મહિનામાં કૃષિ અને ગૃહ વિભાગના અધિક મુખ્યસચિવ એકે રાકેશ નિવૃત્ત થઈ રહ્યાં છે.

રાજ્યના ૧૯૮૭ બેચના અધિકારી રાજકુમાર નિવૃત્ત થયા પછી સિનિયોરિટી પ્રમાણે પંકજ જોશી મુખ્યસચિવના પ્રબળ દાવેદાર છે. હાલ તેઓ મુખ્યમંત્રી કાર્યાલયમાં ફરજ બજાવે છે પરંતુ ટૂંકસમયમાં અધિકારીઓની બદલી થવાની છે ત્યારે તેમનું પોસ્ટીંગ ગૃહ વિભાગના અધિક મુખ્યસચિવ તરીકે થાય તેવી સંભાવના છે. તેમની જેમ કે શ્રીનિવાસ પણ સિનિયર છે અને તેઓ ડિસેમ્બર ૨૦૨૫માં નિવૃત્ત થવાના છે. હાલ તેઓ દિલ્હીમાં ફરજ બજાવી રહ્યાં છે.

ગુજરાત કેડરના ઓફિસર રાજીવ ટોપનો અમેરિકા સ્થિત વર્લ્ડ બેન્કમાંથી પાછા આવી રહ્યાં છે. તેમની નિયુક્તિ દિલ્હીમાં થાય છે કે તેમને ગુજરાત મોકલવામાં આવે છે તે આગામી દિવસોમાં ખબર પડશે. સચિવાલયમાં અટકળો છે કે તેમની નિયુક્તિ ગુજરાતમાં મુખ્યમંત્રી કાર્યાલયમાં થવાની છે.

# કનુ દેસાઈ, બળવંતસિંહ

(છેલ્લા પાનાનું ચાલુ)

સીજે ચાવડા હિરા સોલંકીને નિમિશા સુથાર ના નામો બોલાઈ રહ્યા છે. ઘણા લાંબા સમયથી રાજ્યના બોર્ડ નિગમોમાં અધ્યક્ષની નિમણૂકને લઈને મામલો લટકી રહ્યો છે આ વખત પ્રદેશ કારોબારીની બેઠક બાદ આ નામોની પણ જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા જોવાઈ રહી છે તો હાલ મંત્રી મંડળના સભ્યોને કોઈ નવા કામ હાથ પર ન લેવાનું ફરમાન પણ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે રાજ્ય સરકાર દ્વારા રથયાત્રા બાદ મંત્રીમંડળના વિસ્તરણ કરવામાં આવે તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે વર્તમાન મંત્રી મંડળના કેટલાક મંત્રીઓને પડતા મૂકીને નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવે તેવી ચર્ચા થી ચાલી રહી છે.અહીં નોંધવું જરૂરી છે કે અષાઢી બીજ ની રથયાત્રા પૂર્વે કેન્દ્રીય મંત્રી અમિત શાહ અચૂક પણે જગન્નાથના દર્શન કરવા ગુજરાત આવે છે તે દરમિયાન આ મામલે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમની સાથે આખરી પરામર્શ કરીને નિર્ણય લેવામાં આવશે. એ વાત નક્કી છે.

# અદાણી કેસમાં

(પહેલા પાનાનું ચાલુ)

લગાવતા હતા. આનાથી સોદાની નવી વિગતો બહાર આવી, જેણે રોકાણકારોને આશ્ચર્યચકિત કર્યા.

ફર્મે જણાવ્યું હતું કે અમારા અહેવાલને પગલે અમને કહેવામાં આવ્યું હતું કે પડદા પાછળ સેબીએ બ્રોકરોને અદાણીના શેરમાં શોર્ટ પોઝિશન બંધ કરવા દબાણ કર્યું હતું. આના કારણે ખરીદીનું દબાણ સર્જાયું અને અદાણી ગ્રુપના શેરને મદદ મળી. શોર્ટ-સેલર ફર્મે એમ પણ જણાવ્યું હતું કે તેણે અદાણી શોર્ટ્સ સંબંધિત લાભો દ્વારા તે રોકાણકાર સંબંધમાંથી ૪.૧ મિલિયન ડોલરની કુલ આવક મેળવી હતી અને અદાણીના યુએસ બોન્ડ્સની શોર્ટ પોઝિશન દ્વારા ૩૧,૦૦૦ ડોલર પ્રાપ્ત કર્યા હતા. તેણે રોકાણકારનું નામ જાહેર કર્યું નથી.

સેબીની કારણદર્શક નોટિસને ડરાવવાનો પ્રયાસ ગણાવતા, હિંડનબર્ગે લખ્યું કે નિયમનકારે અસ્પષ્ટ આક્ષેપો કર્યા છે કે હિંડનબર્ગના અહેવાલમાં વાચકોને ગેરમાર્ગે દોરવા માટે રચાયેલ ખોટા નિવેદનો છે. શું તમે જાણો છો? માત્ર ૫% ભારતીયો જાણે છે કે તેમના નાણાંનું રોકાણ કેવી રીતે કરવું. અમારા મતે, સેબીએ તેની જવાબદારી છોડી દીધી છે, તે છેતરપિંડી કરનારાઓને રક્ષણ આપતી હોય તેવું લાગે છે, હિંડનબર્ગે વધુમાં જણાવ્યું હતું કે, ગયા વર્ષે, સુપ્રીમ કોર્ટે રેગ્યુલેટરને આરોપોની તપાસ કરવા માટે કહ્યું હતું તે પછી, સેબી અમારા અહેવાલના ઘણા મુખ્ય તારણો સાથે સંમત થયું હતું. પાછળથી, સેબીએ કહ્યું હતું કે તે વધુ તપાસ કરવામાં અસમર્થ છે. સેબીની નોટિસની જાહેરાત ગયા વર્ષે શરૂ થયેલી સ્ટોરીમાં નવો વળાંક લાવે છે, હિંડનબર્ગે અદાણી પર અયોગ્ય વ્યવહારનો આરોપ મૂક્યો હતો. અહેવાલ પછી, અદાણી જૂથના માર્કેટ કેપને ૧૫૦ બિલિયન ડોલર સુધીનું નુકસાન થયું છે. જો કે અદાણી ગ્રુપ હવે આ આંચકામાંથી બહાર આવી ગયું છે. અહેવાલો અનુસાર, હિંડનબર્ગ રિસર્ચએ જણાવ્યું હતું કે તે અદાણી અને હિંડનબર્ગ કેસમાં કામ કરતા સેબીના કર્મચારીઓના નામની માંગણી માટે આરટીઆઈ અરજી દાખલ કરશે.

# સાગઠિયાના દલ્લાનો

(છેલ્લા પાનાનું ચાલુ)

સંપૂર્ણ તપાસ કરવામાં આવશે. સાગઠીયાના ઈન્કમસોર્સ આઈટી રિટર્ન માં દર્શાવાતી રકમ ઉપરાંત મળેલી રકમ નો તફાવતના આધારે આ રકમ બિન હિસાબી નાણાં ગણી શકાય. આવકવેરા વિભાગ સાગઠીયાના ચિઠ્ઠા ખોલ્યા બાદ તેમાંથી જે લોકોના નામ જાહેર થશે અથવા તો સાગઠીયાએ આ સંપત્તિ ક્યાંથી આવી છે તેના નામ દર્શાવશે તો આવકવેરા વિભાગની તપાસ ત્યાં સુધી પણ પહોંચી શકે તો નવાઈ નહિ

# ધર્માંતરણ સભાઓ

(પહેલા પાનાનું ચાલુ)

એફઆઈઆર નોંધાવતા કહ્યું કે તેનો ભાઈ માનસિક રીતે બીમાર છે. અરજદાર તેને એક અઠવાડિયા માટે દિલ્હી લઈ ગયો. પરિવારજનોને કહ્યું કે સારવાર કરાવ્યા બાદ તેઓ તેમને ગામ પાછા મોકલી દેશે. તેનો ભાઈ પાછો આવ્યો ન હતો. જ્યારે ભાઈ પાછો ફર્યો, ત્યારે તે ગામના અન્ય લોકોને દિલ્હીમાં આયોજિત કાર્યક્રમમાં લઈ ગયો. ત્યાં તેણે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો.આરોપ છે કે આ માટે ફરિયાદીના ભાઈને પૈસા આપવામાં આવે છે. કેસની સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે બંધારણ ધર્મના પ્રચારની સ્વતંત્રતા આપે છે. ધર્મ બદલવાની મંજૂરી નથી. અરજદાર સામેના આરોપો ગંભીર છે. ગામના તમામ લોકો ખ્રિસ્તી ધર્મ અપનાવી ચૂક્યા છે.લાલચ દ્વારા રૂપાંતર કરવાની મંજૂરી નથી.

દલીલો સાંભળ્યા બાદ અલ્હાબાદ હાઈકોર્ટે બંધારણનો ઉલ્લેખ કર્યો. કોર્ટે સ્પષ્ટ કહ્યું કે બંધારણ કોઈપણ વ્યકિતને સ્વેચ્છાએ ધર્મ પસંદ કરવાની સ્વતંત્રતા આપે છે. બંધારણ કોઈ પણ વ્યકિતને લાલચ આપીને ધર્મ પરિવર્તન કરવાની મંજૂરી આપતું નથી. કોર્ટે કહ્યું કે કોઈના ધર્મનો પ્રચાર કરવાનો અર્થ એ નથી કે કોઈ અન્ય વ્યકિતને પોતાનો ધર્મ અપનાવવો.

# સાગઠિયાની ઓફિસમાંથી

(પહેલા પાનાનું ચાલુ)

વધુની રોકડ અને ૨૨ કિલો જેટલું સોનુ રૂા. ૧૪ કરોડનું સોનુ મળી આવતા આ વધારાની ૧૭ કરોડથી વધુની અસ્કયામત મિલકત અંગે સાગઠીયાની સામે હવે કાયદાનો સિકંજો વધુ મજબુત બનશે. આ સાથે હવે ઈન્કમટેકસ ડીપાર્ટમેન્ટ પણ કરોડપતિ કરપ્ટેડ અધિકારી સાગઠીયા સામે તપાસના ચક્રો ગતિમાન કરશે. રાજકોટની અતિ ગોઝારી ઘટના સવા માસ પહેલા તા.૨૫ મેના રોજ બની હતી. ૨૭ માનવ જીંદગીના ભોગ લેનારા આ અગ્નિકાંડ બાદ મહાપાલિકાની ગંભીર બેદરકારી ખુલ્લી હતી. ગેમઝોનનું ગેરકાયદે બાંધકામ ખડકવા દેનાર ટીપીઓ સાગઠીયા સહિતના અધિકારીઓ, આરોપીઓની ધરપકડ કરી રીમાન્ડ પર લેવાયા હતા. સાગઠીયાની ૧૫૦ ફુટ રીંગરોડ પર આવેલી ટવીન ટાવર નામની બિલ્ડીંગના ૯મા માળ પરની સાગઠીયાના ભાઈના નામની ઓફિસ નં. ૯૦૧ સીલ કરાઈ હતી. અંદર રહેલી તિજોરી પણ સીલ કરવામાં આવી હતી. સમાનતર રીતે એન્ટી કરપ્શન બ્યુરોએ પણ તપાસ હાથ ધરી હતી. સાગઠીયાની પેટ્રોલ પંપ, જમીનો, અન્ય મિલકતો મળી ૧૧ કરોડ જેવી અપ્રમાણસરની મિલકતો મળી આવતા રાજકોટ એસીબી દ્વારા સાગઠીયા વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

રાજકોટ ક્રાઈમ બ્રાંચ દ્વારા બબ્બે ગુનામાં સાગઠીયાની ધરપકડ અને રીમાન્ડ પુર્ણ થતાં જેલ હવાલે કરાયા હતા. ગઈકાલે રાજકોટ એસીબી દ્વારા સાગઠીયાનો જેલમાંથી તપાસના કામે કબજો લેવાયો હતો. સરકારી પંચો, સોની વેલ્યુઅર સહિતનાને સાથે રાખીને ગત સાંજે ટવીન ટાવરની ઓફિસ ખોલવામાં આવી હતી. તિજોરીમાં ફીંગર પ્રિન્ટ લોક હોવાથી સાગઠીયાના ફિંગરથી આ તિજોરી સાગઠીયા સમક્ષ જ ખોલાઈ હતી. ખુલજા સીમ સીમની માફક તિજોરી ખુલતા જ હાજર સૌ કોઈની આંખો ચકીત થઈ ગઈ હતી. તિજોરીમાં ચળકળાટ મારતો સોનાનો ઢગલો અને નોટોના બંડલો મળી આવ્યા હતા.

તપાસનીશ ટીમ દ્વારા સરકારી પંચોની હાજરીમાં નોટો ગણવામાં આવી હતી. અંદાજે ૩.૨૫ કરોડથી વધુની રોકડ રકમ મળી હતી. આ ઉપરાંત સોનાના ઘરેણા અને બિસ્કીટ મળી અંદાજે ૨૨ કિલો જેટલું સોનુ પણ તિજોરીમાંથી નીકળતા ૧૭ કરોડની વધારાની અસ્ક્યામત મિલકત એસીબીને હાથ લાગી છે. આ મિલકત બાબતે સાગઠીયા હજુ મગનું નામ મરી પાડતો ન હોવાનું જાણવા મળે છે. એસીબી દ્વારા સાગઠીયાની રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવશે. ઉપરોક્ત વિગતો હજુ સત્તાવાર રીતે જાહેર થઈ નથી. કદાચીત રોકડ અને સોનામાં થોડો વધારો પણ નીકળી શકે. હજુ ઓફિસમાં ગણતરીની કાર્યવાહી ચાલુ હોવાનું જાણવા મળે છે. સત્તાવાર રીતે આંક મેળવવા એસીબીના અધિકારીઓનો સંપર્ક કરવાનો પ્રયાસ કરતા કોઈએ ફોન ઉઠાવવાની તસ્દી પણ લીધી ન હતી.

# બાર્બાડોસમાં ફસાઈ

(પહેલા પાનાનું ચાલુ)

છે. તોફાન નબળું પડ્યા બાદ બીસીસીઆઈએ ભારતીય ટીમને બાર્બાડોસથી પરત લાવવા માટે ખાસ ફ્લાઈટની વ્યવસ્થા કરી છે. વાવાઝોડાની અસર થોડાક કલાકોમાં પૂર્ણપણે ખતમ થઈ જવાની ધારણા છે, ત્યારબાદ બાર્બાડોસ એરપોર્ટ આજે સાંજ સુધીમાં કાર્યરત થઈ શકે છે. બાર્બાડોસના સ્થાનિક સમય અનુસાર, આખી ટીમ સાંજે ૬.૩૦ વાગ્યે ભારત આવવા રવાના થશે અને આવતીકાલે સાંજે ૭.૪૫ વાગ્યે દિલ્હીમાં ઉતરશે.

જય શાહ ખેલાડીઓ અને ભારતીય મીડિયાકર્મીઓને સુરક્ષિત બહાર કાઢવા માટે સતત પ્રયાસ કરી રહ્યા હતા. તેણે સોમવારે જ ચાર્ટર્ડ પ્લેન દ્વારા રવાના થવાનું આયોજન કર્યું હતું, પરંતુ વાવાઝોડાની તીવ્રતા અને એરપોર્ટ બંધ થવાને કારણે કોઈ જોખમ ઉઠાવ્યું ન હતું.

બાર્બાડોસમાં હરિકેન બેરીલ તોફાનના કારણે ટીમ ઈન્ડિયાને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. વીજળી અને પાણી પુરવઠો બંધ થઈ ગયો હતો અને એરપોર્ટ પણ બંધ થઈ ગયા હતા. કોઈ પણ ખેલાડીને હોટલની બહાર જવાની પરવાનગી આપવામાં આવી ન હતી. આ ઉપરાંત હોટલમાં મળતી સુવિધાઓમાં પણ ઘટાડો કરવામાં આવ્યો હતો. જેના કારણે ટીમ ઈન્ડિયાએ લાઈનમાં ઉભા રહીને પેપર પ્લેટમાં ડિનર લેવું પડ્યું હતું.

## અવસાન નોંધ

### ચક્ષુદાન એજ મહાદાન

રાજકોટઃ દિલીપસિંહ જીવણસિંહ વાળા તે ઓમકારસિંહ, અશોકસિંહ અને પ્રદ્યુમનસિંહના પિતાશ્રીનું તા.૨૭/૬ના રોજ અવસાન થયું છે.

કાંદીવલી-મુંબઈઃ ઉપલેટા નિવાસી હાલ કાંદીવલી શારદાબેન શેઠ (ઉ.વ.૮૪) તે સ્વ.પ્રતાપરાય મણીલાલ શેઠના પત્ની તે મયુરભાઈ, રોહિતભાઈ, રૂપાબેન પારેખ, સ્વ.જાગૃતિબેન કપુપરા તથા સોનલબેન શાહના માતુશ્રી તેમજ વાંકીયા નિવાસી (હાલ કાંદીવલી) સ્વ.સમજુબેન ફુલચંદ ઘેલાણીના દીકરીનું તા.૨૯-૬ના રોજ અવસાન થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

રાજકોટઃ ગુજરાતી શ્રીગૌડ માળવિયા બ્રહ્મ પરિવાર મુળ ગોંડલ હાલ રાજકોટ મૌનશ ગૌત્ર અજરામર દાદા પરિવારના અનીલભાઈ લાભશંકર જોષીના પુત્ર જીજ્ઞેશભાઈ (ઉ.વ.૪૪) તે વિશાલભાઈના મોટાભાઈ તેમજ મીતના પિતાશ્રી તે સ્વ.હસમુખરાય મગનલાલ જાનીના જમાઈ તેમજ વિજયભાઈ વસંતરાય પાઠકના ભાણેજનું તા.૧ને સોમવારે અવસાન થયેલ છે. સદ્ગતનું બન્ને પક્ષનું બેસણું-ઉઠમણું તા.૪ને ગુરૂવારે સાંજે ૪થી ૬, વરિયા પ્રજાપતિ સમાજની વાડી, બજરંગવાડી ૧૨, બજરંગવાડી સર્કલ પાસે, જામનગર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.



# સરફિરાએ રિલીઝ પહેલાં જ રચ્યો ઈતિહાસ

## અક્ષય કુમારની અપકમિંગ ફિલ્મના ટ્રેલરને ૬ કરોડ ૭૦ લાખ વ્યૂઝ મળ્યાં

અક્ષય કુમારની અપકમિંગ ફિલ્મ સરફિરા મુવીનાં ટ્રેલરે ઈન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી છે. રિલીઝ થતાં પહેલાં અક્ષય કુમારની મુવી છવાઈ ગઈ છે. સરફિરા મુવીને લઈને ફેન્સ સુપર એક્સાઈટેડ થઈ ગયાં છે.અત્યાર સુધીમ તેને ૬ કરોડ ૭૦ લાખ વ્યૂઝ મળ્યાં છે .

અક્ષય કુમારની ફિલ્મ સરફિરા નું ટ્રેલર ઈન્ટરનેટ પર છવાઈ ગયું છે. ફિલ્મ સરફિરા નું ટ્રેલર ૨૦૨૪ માં સૌથી વધારે જોવામાં આવતું હિન્દી ફિલ્મ ટ્રેલર બની ગયું છે. દર્શકોને આ મુવીનું કન્ટેન્ટ જબરજસ્ત પસંદ આવી રહ્યું છે. અનેક લોકો વારંવાર જોઈ રહ્યાં છે. આટલું જ નહીં સોશિયલ મિડીયામાં લોકો આ ફિલ્મનાં રિલીઝ પહેલાં અક્ષય કુમારના વખાણ કરી રહ્યાં છે. લોકોની વચ્ચે આ મુવીને લઈને જબરજસ્ત ક્રેઝ જોવા મળી રહ્યો છે. બોલિવૂડના એક્શન હીરો ખિલાડી કુમાર એની મોસ્ટ અવેટેડ ફિલ્મ સરફિરાને લઈને ફરી એકવાર ધૂમ મચાવવા માટે તૈયાર છે.

**સરફિરાનાં ટ્રેલરે તોડ્યા અનેક રેકોર્ડ**

ફિલ્મ સરફિરા નું સોન્ગ માર ઉડી અને ખુદાયાએ સોશિયલ મિડીયામાં ધૂમ મચાવી દીધી છે. ટ્રેલરે ૨૦૨૪ માં યૂટ્યુબ રેકોર્ડ તોડી દીધો છે. સરફિરા એ દર્શકોનું દિલ જીતવામાં કોઈ કસર છોડી નથી. ફિલ્મ સરફિરામાં અક્ષય કુમાર એક એવાં વ્યક્તિની ભૂમિકા નિભાવી છે જે ક્યારેય પોતાની હાર માનતાં નથી અને પોતાનાં સપનાં પૂરાં કરવાં માટે હંમેશા તાકાત બનાવી રાખે છે. સપનાંને સાકાર કરવા માટે દુનિયા સામે લડવા માટે હંમેશા તૈયાર રહે છે. સરફિરા નું બીજું ટ્રેલર જોયા પછી લોકોની વચ્ચે આ ફિલ્મને લઈને જોરદાર ક્રેઝ જોવા મળી રહ્યો છે.

**સરફિરા ટ્રેલરને મળ્યાં આટલાં વ્યૂઝ**

ફિલ્મના બીજા ટ્રેલરની કહાનીએ લોકો ફિદા કરી દીધાં છે. આ મુવીને લઈને ફેન્સ સુપર એક્સાઈટેડ છે. આમ, તમને જણાવી દઈએ કે ૧૩ દિવસ પહેલાં રિલીઝ થયેલાં આ ટ્રેલરને અત્યાર સુધીમાં ૬૭ મિલિયન એટલે કે ૬ કરોડ ૭૦ લાખ લોકો જોઈ ચુક્યા છે.

ફિલ્મ સરફિરામાં પરેશ રાવલ, રાધિકા મદન અને સીમ બિસવાસ જેવા શાનદાર કલાકાર જોવા મળશે. આ એક ઈનક્રેડિબલ સ્ટોરી લોકોને ઈન્સ્પાયર કરવા માટે મજબૂર કરશે. સુધા અને શાલિની ઉષાદેવી દ્વારા લિખિત, પૂજા તોલાનીના ડાયલોગ અને જી.વી. પ્રકાશ કુમાર મ્યુઝિકની સાથે સરફિરાનું નિર્માણ અરુણા ભાટિયા, ઉથ સુપરસ્ટાર સૂર્યા, જ્યોતિકા અને વિક્રમ મલ્હોત્રા દ્વારા કરવામાં આવ્યુ છે. વર્કફ્રન્ટની વાત કરીએ તો અક્ષય કુમાર વેલકમ ટૂ જંગલ, હેરા ફેરી ૩, સિંઘમ અગેન સિવાય અક્ષય કુમાર વીર પહાડિયાની ફિલ્મ સ્કાઈ ફોર્સમાં પણ જોવા મળશે.

# આ સ્ટાર્સે કરાવ્યા છે અનોખા વીમા

## કોઈએ પ્રાઈવેટ પાર્ટનો વીમો ઉતરાવ્યો છે તો કોઈએ ડાયલોગ ડિલિવરીની શૈલીનો વીમો ઉતરાવ્યો

ભારતીય સેલેબ્સ હોય કે વિદેશી સેલેબ્સ હોય, તે હંમેશા લોકપ્રિય હોય છે. તેથી આપણે તેમને ખુબ જ પ્રેમ કરીએ છીએ. આપણે તેના આકર્ષક પર્સનાલિટી પર પણ ફિદા થઈ જઈએ છે. આપણને કોઈનો અવાજ, કોઈનો દેખાવ, કોઈના વાળ અને ઘણું બધું ગમે છે. હવે સેલેબ્સ પાસે પણ કેટલીક અનોખી વસ્તુઓ હોય છે, જેમ કે કેટલાક પાસે અવાજ હોય છે અને કેટલાક પાસે શરીરનો ભાગ હોય છે. આજે અમે તમને એવા સેલેબ્સ વિશે જણાવવા જઈ રહ્યા છીએ જેમણે પોતાના શરીરના અંગોનો વીમો કરાવ્યો છે.

ભારતીય સેલેબ્સ હોય કે વિદેશી સેલેબ્સ હોય, તે હંમેશા લોકપ્રિય હોય છે. તેથી આપણે તેમને ખુબ જ પ્રેમ કરીએ છીએ. આપણે તેના આકર્ષક પર્સનાલિટી પર પણ ફિદા થઈ જઈએ છે. આપણને કોઈનો અવાજ, કોઈનો દેખાવ, કોઈના વાળ અને ઘણું બધું ગમે છે. હવે સેલેબ્સ પાસે પણ કેટલીક અનોખી વસ્તુઓ હોય છે, જેમ કે કેટલાક પાસે અવાજ હોય છે અને કેટલાક પાસે શરીરનો ભાગ હોય છે. આજે અમે તમને એવા સેલેબ્સ વિશે જણાવવા જઈ રહ્યા છીએ જેમણે પોતાના શરીરના અંગોનો વીમો કરાવ્યો છે.



આ યાદીમાં પહેલું નામ સ્વર કોકિલા લતા મંગેશકરનું હતું. લતા મંગેશકર ભલે હવે આપણી વચ્ચે નથી, પરંતુ દુનિયા તેમના અવાજ માટે દીવાના છે. તેનો અવાજ ભગવાને ભેટમાં આપ્યો છે, તેથી જ તેણે તેના અવાજનો વીમો કરાવ્યો હતો.

અમિતાભ બચ્ચનના દમદાર અવાજ અને સ્ટાઈલ માટે લોકો મરી જાય છે. આ જ કારણ છે કે તેણે તેના ભારે અવાજનો વીમો અને કોપીરાઈટ કર્યો છે.

મલ્લિકા શેરાવત તેના સેક્સી ફિગર માટે ફેમસ છે. આ જ કારણ છે કે તેણે સંપૂર્ણ શરીરનો વીમો લીધો છે.આ યાદીમાં રાખી સાવંત પણ સામેલ છે. રાખીએ તેના બટનો વીમો કરાવ્યો છે.નેહા ધૂપિયાએ એક ઈન્ટરવ્યુમાં



સ્વીકાર્યું હતું કે તેણે તેના બટનો વીમો કરાવ્યો છેઅમેરિકન ટીવી સેલિબ્રિટી હોલી મેડિસને તેના સ્તનોનો વીમો કરાવવા માટે ૧ મિલિયન ડોલરનો ખર્ચ કર્યો છે.



રજનીકાંતના અવાજ અને તેમની સ્ટાઈલથી દરેક લોકો પ્રભાવિત છે. આ જ કારણ છે કે રજનીકાંતે તેમના આઈકોનિક આવાના કોપીરાઈટ અને વીમો બંને કરાવ્યા છે.સની દેઓલ બોર્ડર ૨ માટે ચર્ચામાં છે. તેણે પોતાના અવાજ અને ડાયલોગ ડિલિવરીની શૈલીનો વીમો ઉતરાવ્યો છે.વિશ્વ મિસ વર્લ્ડ ૨૦૦૦ પ્રિયંકા ચોપડાની સ્માઈલ માટે દીવાના છે. આ જ કારણ છે કે તેણે પોતાની સ્મિતનો વીમો કરાવ્યો છે.

# શ્વેતા તિવારી દિવસેને દિવસે યુવા બની રહી છે



અભિનેત્રીની સાદગીએ ચાહકોના દિલ જીતી લીધા. શ્વેતા તિવારી હંમેશા પોતાની ફેશન સેન્સ અને ગ્લેમરસ લુકના કારણે ચર્ચામાં રહે છે. ૪૩ની ઉંમરમાં પણ શ્વેતા પોતાની ફિટનેસ અને લુકસથી યંગ એક્ટ્રેસને જબરદસ્ત ટક્કર આપે છે. હાલમાં જ શ્વેતા તિવારીએ લાઈટ બ્રાઉન કોર્ડ સેટમાં પોતાનો ફોટો શેર કર્યો છે, જેને સોશિયલ મીડિયા પર ખૂબ જ પસંદ કરવામાં આવી રહ્યા છે. શ્વેતા તિવારીએ હાલમાં જ સોશિયલ મીડિયા પર લાઈટ બ્રાઉન કોર્ડ સેટમાં પોતાનો ફોટો શેર કર્યો. એક્ટ્રેસના આ ફોટોઝ પર તેના ફેન્સ દિલ ખોલીને પ્રેમ લુંટાવી રહ્યા છે. આ ફોટોને જોઈ આપ એક્ટ્રેસની ઉંમરનો જરાં પણ અંદાજ લગાવી શકશો નહીં. શ્વેતાએ પોતાના બોસી લુકને સિંપલ મેકઅપ અને વેવી હેયરની સાથે પુરો કર્યો છે. તેણે ગોલ્ડન બ્રેસલેટ અને ઈયરિંગ સાથે પોતાના આઉટફિટને પેયર કર્યું છે. આ ફોટોઝ શેર કરતા શ્વેતા તિવારીએ ચિયર્સને ઈમોજી સાથે શેર કર્યું છે. તેનો આ ફોટો પર એક્ટ્રેસના ફેન્સે દિલ ખોલીને પ્રેમ લુંટાવ્યો છે. એક સોશિયલ મીડિયા યૂઝર તેના ફોટો પર કમેન્ટ કરતા લખ્યું છે. આ દરરોજ યુવાન થતી જાય છે.શ્વેતા તિવારીએ આ સિંપલ ડ્રેસમાં સૌનું દિલ જીતી લીધું છે. ફેન્સ તેના ગ્લેમરની સાથે તેની સાદગીના પણ ખૂબ જ વખાણ કરી રહ્યા છે.તો વળી એક યુઝર્સે એક્ટ્રેસના વખાણ કરતા લખ્યું કે, આને જ્યારે પણ જુઓ, તે ઉંમર સાથે વધુને વધું યુવાન થતી જાય છે.



# EMI ન ભરવાના કારણે જપ્ત થઈ હતી શાહરૂખની જિપ્સી કાર

## જૂહીએ ૯૦ના દાયકાનો રસપ્રદ કિસ્સો વર્ણવ્યો

જૂહી ચાવલા અને શાહરુખ ખાન બન્ને સારા ફ્રેન્ડ છે. જૂહી ચાવલા અને શાહરુખ ખાને અનેક ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. આટલું જ નહીં બન્ને બિઝનેસ પાર્ટનર પણ છે. જૂહીએ ૯૦ નાં દશકમાં શાહરુખ ખાનની કેવી પરિસ્થિતિ હતી એ વિશે વાત કરી છે.

શાહરુખ ખાનની સાથે અનેક ફિલ્મોમાં કામ કરી ચુકેલી જૂહી ચાવલા કહ્યું કે, એક એવો સમય હતો જ્યારે એક્ટરની પાસે ઈએમઆઈ માટે ભરવાનાં પૈસા પણ નહોતાં. આ સાથે એક્ટ્રેસે વધુમાં જણાવ્યું કે, ઈએમઆઈ ન ભરી શકવાને કારણે શાહરુખ ખાનની જિપ્સી કાર લઈ ગયા હતા. આ દરમિયાન જૂહી ચાવલાએ શાહરુખ ખાનનાં સ્ટ્રગલ લાઈફના દિવસો યાદ કર્યાં અને જણાવ્યું કે કેવી રીતે મુંબઈમાં ઘર ના હોવા છતાં દરરોજ ૨ થી ૩ શિફ્ટમાં કામ કરતો હતો. જૂહી ચાવલા શાહરુખ છેલ્લાં ઘણાં સમયથી ઓળખે છે. માત્ર ફિલ્મોથી જ નહીં, પરંતુ આજની તારીખમાં બન્ને બિઝનેસ પાર્ટનર પણ છે.

શાહરુખ ખાનની આઈપીએલ ટીમ કેકેઆરમાં જૂહી ચાવલા પણ એક હિસ્સો છે. અનેક વાર શાહરુખ અને જૂહી ચાવલાને સાથે જોવા મળતા હોય છે.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની એક ઈવેન્ટ દરમિયાન જૂહી ચાવલાએ શાહરુખ ખાન વિશે વાત કરી હતી. આ સમયે એક્ટ્રેસ જણાવ્યું કે, મને યાદ છે કે મુંબઈમાં એ દિવસોમાં શાહરુખ ખાનની પાસે ઘર હતું નહીં. દિલ્હીથી આવ્યા પછી મને એ વાતનો ખ્યાલ નથી કિંગ ખાન ક્યાં રહેતો હતો. આ સમયે ચા પણ ફિલ્મનાં યુનિટની સાથે પીતો હતો. આટલું જ નહીં જમવાનું પણ ફિલ્મના ક્રૂની સાથે ખાતો હતો. આમ દરેક વ્યક્તિની સાથે શાહરુખ ખાન ખૂબ જલદી ભળી જતાં હતાં.

આમ, આગળ જૂહીએ શાહરુખ વિશે વાત કરતાં જણાવ્યું કે, એ સમયે શાહરુખ ખાન ૨થી ૩ શિફ્ટમાં કામ કરતાં હતાં.

એક સમયે જ્યારે શાહરુખ ખાન મારી સાથે ૧૯૯૨માં રાજુ બન ગયા જેન્ટલમેન કરી રહ્યો હતો ત્યારે બીજી બાજુ એ સમયે દિલ આશના હૈ પણ કરી રહ્યાં હતા.

આટલું જ નહીં આ સમયે દિવ્યા ભારતી સાથે દિવાના ફિલ્મનું શૂટિંગ પણ કરી રહ્યો હતો.

આ દરમિયાન જૂહી ચાવલાએ શાહરુખ ખાનની કાર લઈ જવાનો કિસ્સો કહ્યો હતો. જૂહીએ કહ્યું કે,એ સમયે શાહરુખ ખાનની પાસે એક બ્લેક જિપ્સી હતી, પરંતુ એક દિવસ ઈએમઆઈ ના ભરી શકવાને કારણે બેન્ક વાળા જિપ્સી લઈ ગયા તેમજ કંઈક આવું જ થયું હતું, આ સમયે શાહરુખ ખાન નિરાશ થઈને સેટ પર આવ્યા અને એ દરમિયાન જૂહી ચાવલાએ કહ્યું કે ચિંતા ના કરો, તારી પાસે એક દિવસે આવી કાર હશે. શાહરુખને આ વાત આજે પણ યાદ છે કારણકે આ વાત સાચી પડી. આમ, તમે જોઈ શકો છો કે શાહરુખ આજે ટોપ પર છે.

# પંજાબી ફિલ્મ જટ્ટ એન્ડ જુલિયટ કલ્કીને ભારે પડી શકે

## માત્ર ૪ દિવસમાં બિગ બજેટ ફિલ્મને કમાણીની બાબતમાં પાછળ છોડી દીધી



કલ્કિ ૨૮૯૮એડીએ કલેક્શનના મામલામાં ઘણી ફિલ્મોને પાછળ છોડી દીધી છે. પરંતુ ૨૭ જૂને એક સાથે રિલીઝ થયેલી જટ્ટ એન્ડ જુલિયટે ચાર દિવસમાં બજેટની બાબતમાં મોટા બજેટની ફિલ્મને પાછળ છોડી દીધી છે.પ્રભાસ, દીપિકા પાદુકોણ અને અમિતાભ બચ્ચનની કલ્કી ૨૮૯૮ ૨૭ જૂને રિલીઝ થઈ છે, જેનો આંકડો ચાર દિવસમાં રૂ. ૪૦૦ કરોડને પાર કરી ગયો છે. જો કે, ફિલ્મ હજુ પણ તેનું બજેટ કમાવવામાં નિષ્ફળ રહી છે. પરંતુ આ બધાની વચ્ચે દિલજીત દોસાંઝ અને નીરુ બાજવાની જટ્ટ એન્ડ જુલિયટ ૩ એ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી દીધી છે. ફિલ્મે માત્ર બજેટ જ હાંસલ કર્યું નથી. હકીકતમાં, માત્ર ચાર દિવસમાં ત્રણ ગણું બજેટ કલેક્શન થયું છે, જેને સાંભળીને કલ્કીના ચાહકો નિરાશ થઈ શકે છે.

બોક્સ ઓફિસ ટ્રેકરના પ્રારંભિક ડેટા અનુસાર, જટ્ટ એન્ડ જુલિયટ ૩ એ પહેલા દિવસે ૩.૫ કરોડની કમાણી કરી હતી. બીજા દિવસે આ આંકડો ૩.૬ કરોડ પર પહોંચી ગયો. ત્રીજા દિવસે કમાણી ૪.૧૫ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પછી રવિવારે એટલે કે ચોથા દિવસે આંકડો ૫.૫૦ કરોડ સુધી રહ્યો. જેના કારણે ભારતમાં કમાણી ૧૬.૭૫ કરોડ સુધી પહોંચી ગઈ છે. જ્યારે વિશ્વભરમાં આંકડો ૩૪.૨૫ કરોડથી વધુ હતો, જે ૧૦ કરોડના બજેટ કરતાં ત્રણ ગણો વધુ છે.કલ્કી વિશે વાત કરીએ તો, ફિલ્મે ભારતમાં તેના પ્રથમ સપ્તાહના અંતે ૩૦૨.૪ કરોડ રૂપિયાની કમાણી કરી છે. જ્યારે વિશ્વભરમાં કલેક્શન ૪૦૦ કરોડને પાર કરી ગયું છે, પ્રભાસની ફિલ્મ ૬૦૦ કરોડ રૂપિયાના મોટા બજેટને હાંસલ કરવાથી હજુ ઘણી દૂર છે.જટ્ટ એન્ડ જુલિયટ ૩ વિશે વાત કરીએ તો, તે પંજાબી સુપરસ્ટાર દિલજીત દોસાંઝ અને નીરુ બાજવાની ફિલ્મ છે, જેના લેખક–દિગ્દર્શક જગદીપ સિદ્ધુ છે. ફિલ્મના નિર્માતાઓમાં બલવિંદર સિંહ, દિનેશ ઓલક, ગુનબીર સિંહ સિદ્ધુ, મનમોર્દ સિંહ સિદ્ધુ અને દિલજીત દોસાંઝ પોતે પણ સામેલ છે. આ પંજાબી ફિલ્મમાં દિલજીત દોસાંઝ, નીરુ બાજવા, જાસ્મીન બાજવા, રાણા રણબીર, બીએન શર્મા, નસીન ચિન્યોતી, અકરમ ઉદાસ અને હરદીપ ગિલ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મના ગીતકાર જાની અને સાગર છે જ્યારે તેનું સંગીત બન્નીએ આપ્યું છે.

# કલ્કીના તોફાનથી અજય દેવગન ડરી ગયો

## પોતાની ફિલ્મ ’ઓરોં મેં કહાં દમ થા’ની રિલીઝ ડેટ મોકૂફ રાખી

અજય દેવગનની આગામી ફિલ્મ ’ઓરોં મેં કહાં દમ થા’ની રિલીઝ ડેટ પોસ્ટપોન્ડ કરી દેવામાં આવી છે.બોલિવૂડ સુપરસ્ટાર અજય દેવગનની આગામી ફિલ્મ ’ઓરોં મેં કહાં દમ થા’ની રિલીઝ ડેટ મોકૂફ રાખવામાં આવી છે. મેકર્સે સોમવારે આ નિર્ણય લીધો છે. એક અહેવાલ મુજબ, હવે અજય દેવગન અને તબ્બુની નવી ફિલ્મ નવી તારીખે રિલીઝ થશે.

અજય-તબુની આ ફિલ્મ ૫ જુલાઈએ રિલીઝ થવાની હતી.

અજય દેવગન અને તબ્બુના લવ એન્ગલ પર આધારિત આ ફિલ્મ ૫ જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી. પરંતુ નિર્માતાઓએ તેમના પગલા પાછા ખેંચી લીધા છે. બોલિવૂડ હંગામા અનુસાર, તેનું સૌથી મોટું કારણ ફિલ્મ ’કલ્કી ૨૮૯૮ એડી’ છે. ફિલ્મ કલ્કી સિનેમાઘરોમાં અત્યારે જબદસ્ત ધૂમ મચાવી રહી છે.કલ્કિનું જબરદસ્ત કમાણી કરવાનું



ચાલુ છે. આ ફિલ્મે ચાર દિવસમાં વિશ્વભરમાં ૫૦૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી લીધી છે. કલ્કી તેના બીજા અઠવાડિયામાં પહોંચી ગઈ છે. ઓરોં મેં કહા દમ થા પણ આ જ અઠવાડિયે રિલીઝ થવાની હતી.

કહેવામાં આવી રહ્યું છે કે મેકર્સ પરંતુ મેકર્સે તેમની ફિલ્મની રિલીઝ ડેટ મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે.

’ઓરોં મેં કહાં દમ થા’ની નવી રિલીઝ ડેટ અંગે મેકર્સ ટૂંક સમયમાં નિર્ણય લેશે.

તેમની ફિલ્મ જુલાઈના બીજા સપ્તાહમાં રિલીઝ કરી શકે છે. જો આમ ન થાય તો અજય દેવગન અને તબ્બુની આ ફિલ્મ ૨ ઓગસ્ટ, ૨૦૨૪ શુક્રવારના રોજ સિનેમાઘરોમાં આવી શકે છે.




# દિશા પટણી તેનાથી ૧૨ વર્ષ મોટા પ્રભાસને ડેટ કરતી હોવાની ચર્ચા

દિશા પટણી આજના સમયની સૌથી સુંદર અભિનેત્રીઓમાંની એક છે અને તેના આકર્ષક દેખાવ અને તેજસ્વી અભિનયને કોઈ પરિચયની જરૂર નથી. ૨૦૧૫માં તેને જ્યારે તેણે તમિલ ફિલ્મ ’લોફર’ સાથે તેની શરૂઆત કરી હતી. આ પછી, તે હિન્દી ફિલ્મ ’એમએસ ધોની: ધ અનટોલ્ડ સ્ટોરી’માં જોવા મળી, જેણે તેને ખૂબ જ ઓળખ આપી. તેની સિદ્ધિઓ હોવા છતાં, દિશા ઘણીવાર તેના અંગત જીવન માટે હેડલાઈન્સમાં રહે છે. અભિનેત્રી પહેલા ટાઈગર શ્રોફ સાથે કથિત સંબંધોમાં હતી અને થોડા સમય પહેલા બંનેનું બ્રેકઅપ થઈ ગયું હતું.તાજેતરની પોસ્ટમાં, દિશા પટણી ઓછી કમર, સફેદ જોગર્સ અને પાવડર ગ્રે ટેન્ક ટોપમાં અત્યંત હોટ લાગી રહી છે. તેના વાળ ખુલ્લા છોડીને, દિશાએ ઝાકળ-બેઝ મેકઅપ અને સફેદ આર્મ કેન્ડી સાથે તેનો દેખાવ પૂર્ણ કર્યો. જો કે, અભિનેત્રીના હાથ પર જોવા મળેલું નવું ટેટૂ જે દરેકનું ધ્યાન ખેંચે છે, તેના પર ’પીડી’ લખેલું હતું.

# પુણેમાં ઝીકા વાયરસના એક સાથે ૬ કેસ મળી આવતા ફફડાટ

## બે પ્રેગ્નન્ટ મહિલા પણ ઝપેટમાં હોવાનું જાહેર થતાં આરોગ્ય વિભાગ પણ સતર્ક

**આજકાલ પ્રતિનિધિ**
**પુણે**

ઝિકા વાયરસના કેસ ફરી એક વખત સામે આવ્યા લાગ્યા છે. મહારાષ્ટ્રના પુણેમાં અત્યાર સુધીમાં ઝીકા વાયરસના ૬ કેસ સામે આવી ચુક્યા છે. બે સગર્ભા સ્ત્રીઓ પણ સંક્રમણની ચપેટમાં છે.જેના પગલે આરોગ્ય વિભાગ સતર્ક બની ગયો છે અને અધિકારીઓ હાલમાં દર્દીઓ પર નજર રાખી રહ્યા છે. મહારાષ્ટ્રના પુણેમાં ઝિકા વાયરસ ફેલાઈ રહ્યો છે. શહેરમાં સંક્રમણના ૬ કેસ સામે આવ્યા છે. ખાસ વાત એ છે કે આમાં બે ગર્ભવતી મહિલાઓ પણ સામેલ છે. આરોગ્ય વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, પુણેના એરંડવાને વિસ્તારની ૨૮ વર્ષની ગર્ભવતી મહિલામાં ઝીકા વાયરસનું સંક્રમણ જોવા મળ્યું છે. મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ સિવાય વધુ એક ૧૨ સપ્તાહની ગર્ભવતી મહિલા ઝિકા વાયરસથી સંક્રમિત હોવાનું જાણવા મળ્યું છે. હાલ બંને મહિલાઓની હાલત સ્થિર છે.



### ઝીકા વાયરસના લક્ષણો શું હોય

ઝિકા વાયરસથી સંક્રમિત ઘણા લોકોમાં શરૂઆતમાં લક્ષણો જોવા મળતા નથી અથવા માત્ર હળવા લક્ષણો જોવા મળે છે. ઝિકા વાયરસ રોગના સૌથી સામાન્ય લક્ષણો છે. તાવ, ફોલ્લીઓ પડવી, માથાનો દુખાવો, સાંધાનો દુખાવો, નેત્રસ્તર દાહ (લાલ આંખો), સ્નાયુમાં દુખાવો. આટલા લક્ષણો જોવા મળે તો રિપોર્ટ કરવી લેવો હિતાવહ છે. ઝિકા વાયરસ સામાન્ય રીતે આફ્રિકા, અમેરિકા, દક્ષિણ એશિયા અને પશ્ચિમ પેસિફિકના ઉષ્ણકટિબંધીય અને ઉષ્ણકટિબંધીય વિસ્તારોમાં જોવા મળે છે.

### પુત્રી, તબીબ પણ સંક્રમિત

પુણેમાં ઝીકા વાયરસના સંક્રમણનો પહેલો કેસ એરંડવાને વિસ્તારમાંથી જ સામે આવ્યો હતો, જ્યારે ૪૬ વર્ષીય ડોક્ટરનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. ડોક્ટર પછી તેમની દીકરીનો રિપોર્ટ પણ પોઝિટીવ આવ્યો હતો. આ સિવાય બે સંક્રમિત મુંધવા વિસ્તારમાં મળ્યા છે.

### સગર્ભાઓ માટે વધુ જોખમી

હકીકતમાં, જો સગર્ભા સ્ત્રીઓ ઝિકા વાયરસનો શિકાર બને છે, તો ગર્ભમાં માઈક્રોસેફલી થઈ શકે છે. આ એવી સ્થિતિ છે જેમાં મગજના અસામાન્ય વિકાસને કારણે માથું ખૂબ નાનું થઈ જાય છે.

# ભાગેડુ વિજય માલ્યાની સામે બિનજામીનપાત્ર વોરંટ જારી

## સીબીઆઈની વિશેષ અદાલત રૂા. ૧૮૦ કરોડના લોન ડિફોલ્ટ કેસમાં આકરાં પાણીએ

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યા હવે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દ્વારા નવી કાનૂની કાર્યવાહીનો સામનો કરી રહ્યા છે કારણ કે ખાસ સીસીઆઈ કોર્ટે ઈન્ડિયન ઓવરસીઝ બેંક સાથે જોડાયેલા છ૧૮૦ કરોડના લોન ડિફોલ્ટ કેસમાં તેમની સામે બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. સ્પેશિયલ સીબીઆઈ કોર્ટના જજ એસપી નાઈક નિમ્બાલકર દ્વારા માલ્યા સામે એનબીડબ્લ્યુ જારી કરવામાં આવ્યુ હતું અને સોમવારે વિગતવાર આદેશ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો.સીબીઆઈએ તેના વોરંટમાં જણાવ્યું હતું કે હવે બંધ થઈ ગયેલી કિંગફિશર એરલાઈન્સના પ્રમોટરે લોનની ઈરાદાપૂર્વક ચુકવણી ન કરવાથી સરકાર સંચાલિત ઈન્ડિયન ઓવરસીઝ બેંકને છ૧૮૦ કરોડનું ખોટું નુકસાન પહોંચાડ્યું છે.માલ્યા હાલમાં લંડનમાં રહે છે અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા મની લોન્ડરિંગના કેસમાં તેને ભાગેડુ આર્થિક અપરાધી જાહેર કરવામાં આવ્યો છે. ભારત સરકાર હાલમાં તેના પ્રત્યાર્પણની



માંગ કરી રહી છે.સીબીઆઈની રજૂઆતને ધ્યાનમાં લીધા પછી ૬૮ વર્ષીય વેપારી સામે જારી કરાયેલા અન્ય બિનજામીનપાત્ર વોરંટ અને ભાગેડું તરીકેની તેમની સ્થિતિને ટાંકીને કોર્ટે નોંધ્યું હતું કે, તેમને હાજર કરવા માટે આમ કરવું પડી રહ્યું છે.

સીબીઆઈ કોર્ટ દ્વારા જારી કરાયેલુ વોરંટ ૨૦૦૭ અને ૨૦૧૨ વચ્ચે કિંગફિશર એરલાઈન્સ દ્વારા લેવામાં આવેલી લોનના કથિત વિભાજન અંગે કેન્દ્રીય એજન્સી દ્વારા નોંધાયેલા છેતરપિંડીના કેસ સાથે જોડાયેલું છે. ચાર્જશીટમાં કહેવામાં આવ્યું છે કે કરારના આધારે ખાનગી કેરિયરને લોન આપવામાં આવી હતી.ચાર્જશીટમાં દાવો કરવામાં આવ્યો છે કે માલ્યા અપ્રમાણિક હતા અને છેતરપિંડી કરવાનો જ ઈરાદો ધરાવતા હતા, તેથી જ તેણે ઉપરોક્ત લોન હેઠળ ચૂકવણીની જવાબદારીઓમાં ઈરાદાપૂર્વક ડિફોલ્ટ કર્યું હતું અને લોન પર ડિફોલ્ટના કારણે છ૧૪૧.૯૧ કરોડનું ખોટું નુકસાન થયું હતું. લોનને શેરમાં રૂપાંતરિત કરવાને કારણે છ૩૮.૩૦ કરોડનું વધારાનું નુકસાન થયું હતું.સીબીઆઈની અરજીમાં કહેવામાં આવ્યું છે કે વિજય માલ્યા એક ભાગેડુ અને ફરાર છે જે ઈંગ્લેન્ડમાં રહે છે અને ભારતમાં કાયદાની પ્રક્રિયાને તોડી નાખે છે.

સીબીઆઈની રજૂઆતને ધ્યાનમાં લેતા કોર્ટે કહ્યું કે માલ્યા ફરાર છે, ભાગેડુ જાહેર થયો છે અને અન્ય કેસોમાં તેની સામે ફાંસી માટે એનબીડબ્લ્યુ પેન્ડિંગ છે.

# સલમાનને મારી નાખવાની સોપારી બિશ્નોઈ ગેંગે ૨૫ લાખમાં લીધી હતી

## સુપરસ્ટારની હત્યા માટે લોરેન્સ મંડળીએ ૫ છોકરા તૈયાર કર્યા હતા, મુંબઈ પોલીસે તૈયાર કરેલી ચાર્જશીટમાં સ્ફોટક ખુલાસા

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

અભિનેતા સલમાન ખાનના ઘર ગેલેક્સીની બહાર ફાયરિંગ કેસમાં મોટો ખુલાસો થયો છે. સૂત્રોને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે લોરેન્સ બિશ્નોઈ ગેંગે ૨૫ લાખ રૂપિયામાં સલમાન ખાનની સોપારી લીધી હતી. લોરેન્સ બિશ્નોઈ ગેંગે સુપરસ્ટારની હત્યા માટે ૧૮ વર્ષથી નીચેના છોકરાઓને તૈયાર કર્યા હતા. આ શૂટર્સ આગળના પગલા માટે ગોલ્ડી બ્રાર અને અમનોલ બિશ્નોઈના આદેશની રાહ જોઈ રહ્યા હતા, આ વાતનો ખુલાસો પોલીસે તેમની ચાર્જશીટમાં કર્યો છે.નવી મુંબઈ પોલીસે લોરેન્સ બિશ્નોઈ ગેંગના પાંચ ધરપકડ કરાયેલા આરોપીઓ વિરૂદ્ધ ૩૫૦



પાનાની ચાર્જશીટ દાખલ કરી છે. આ તમામ ખુલાસાઓ આ ચાર્જશીટમાં કરવામાં આવ્યા છે.

પાકિસ્તાન પાસેથી હથિયાર ખરીદવાની તૈયારીઓ હતી. પોલીસે ચાર્જશીટમાં કહ્યું છે કે સલમાનની હત્યાના આરોપીઓ પાકિસ્તાનથી આધુનિક હથિયાર એકે ૪૭, એકે ૯૨ અને એમ૧૬ ખરીદવાની યોજના બનાવી રહ્યા હતા અને તુર્કી બનાવટના ઝિગાના હથિયારો કે જેનાથી પંજાબી ગાયક સિદ્ધુ મૂઝવાલાની હત્યા કરવામાં આવી હતી, તેવા જ હથિયારોનો ઉપયોગ કરીને આરોપીઓ બોલિવૂડ એક્ટરને મારવાની યોજના બનાવી રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, પોલીસે ચાર્જશીટમાં કહ્યું છે કે સલમાનની હત્યાનું કાવતરું ઓગસ્ટ ૨૦૨૩ થી એપ્રિલ ૨૦૨૪ વચ્ચે રચવામાં આવ્યું હતું.સલમાનની દરેક હરકતો પર દુશ્મનોની નજર

લગભગ ૬૦ થી ૭૦ લોકો સલમાન ખાનની દરેક હરકતો પર નજર રાખી રહ્યા હતા. પોલીસની વધુ તપાસમાં જાણવા મળ્યું કે તે બધા સલમાન ખાનના મુંબઈના ઘર, પનવેલ ફાર્મ હાઉસ અને ગોરેગાંવ ફિલ્મ સિટીમાં તેની દરેક ગતિવિધિ પર નજર રાખતા હતા. પોલીસનું કહેવું છે કે તમામ શૂટર્સ ગોલ્ડી બ્રાર અને અનમોલ બિશ્નોઈના આદેશની રાહ જોઈ રહ્યા હતા કે તેઓને આદેશ મળતા જ તેઓ પાકિસ્તાની હથિયારોથી સલમાન ખાન પર હુમલો કરશે. તમામ શૂટર્સ પુણે, રાયગઢ, નવી મુંબઈ, થાણે અને ગુજરાતમાં છુપાયેલા હોવાની માહિતી સામે આવી છે મુંબઈમાં અંડરવર્લ્ડનો અંત આવ્યા બાદ બોલિવૂડએ રાહતનો શ્વાસ લીધો હતો ત્યારે હવે લોરેન્સ બિશ્નોઈ ગેંગનો આતંક વધી ગયો છે. હરણનો શિકાર કરવા બદલ બિશ્નોઈ ગેંગ સલમાન ખાનથી નારાજ છે અને તેને પાઠ ભણાવવા માંગે છે.

# ભારતનો મોસ્ટ વોન્ટેડ આરોપી પીઓકેની જેલ તોડી ફરાર થયો

## ભારતના દુશ્મનને પોષવું પાક.ને મોંઘું પડ્યું, સાથે અન્ય ૧૮ કેદીને પણ લઈ ગયો

**આજકાલ પ્રતિનિધિ**
**ઈસ્લામાબાદ**

ભારતના દુશ્મનને પોષવું પાકિસ્તાનને મોંઘુ પડી ગયું છે.પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આવેલી જેલ તોડીને ભારતનો મોસ્ટ વોન્ટેડ આરોપી ફરાર થઈ ગયો છે અને પોતાનીઓ સાથે અન્ય ૧૮ કેદીને પણ ભગાડી ગયો હોવાનું સામે આવ્યું છે. કેદીઓએ પહેલા બંદૂકની અણી પર ગાર્ડને પકડી લીધો. આ પછી તેમણે ચાવી છીનવી લીધી અને મુખ્ય ગેટ પરથી ભાગી ગયા.કેદીઓમાં ભારતનો વોન્ટેડ આતંકવાદી ગાઝી શાહબાદ પણ હતો. રિપોર્ટ અનુસાર, તેણે જ જેલ તોડવાની યોજના બનાવી હતી.પાકિસ્તાને ભારતના એક મોસ્ટ વોન્ટેડને પોતાના ઘરમાં ઉછેર્યો હતો. ભારતનો આ મોસ્ટ વોન્ટેડ આરોપી પાકિસ્તાન અધિકૃત કાશ્મીરની જેલમાં બંધ હતો. હવે તે જેલ તોડીને ભાગી ગયો હોવાનું સામે આવ્યું છે. 'જેલ બ્રેક'ની આ ઘટના પીઓકેના પુંછની જિલ્લા જેલ રાવલકોટમાં બની હતી. આ ઘટનામાં ૧૯ કેદીઓ નાસી છૂટ્યા હતા, જેમાંથી કેટલાક ગંભીર ગુનાઓમાં સજા કાપી રહ્યા હતા. એક ગાર્ડને કાબૂમાં લીધા બાદ અને મુખ્ય દરવાજો તોડીને તેઓ નાસી છૂટ્યા હતા. તેમાંથી કેટલાક મૃત્યુદંડ પર હતા.કેદીઓએ બંદૂકની અણી પર જેલ ગાર્ડને પકડી લીધો હતો. આ ઘટના બપોરે ૨.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. જે કેદીઓએ ભાગી જવાની યોજના બનાવી હતી તેઓએ મુખ્ય દ્વાર પર રક્ષકોને દબાવી દીધા. પોલીસે નિવેદનમાં જણાવ્યું હતું કે જેલ પ્રશાશનને જાણ થતા સામસામો ગોળીબાર થયો હતો. આમાં ખય્યામ સઈદ તરીકે ઓળખાતા એક કેદીનું મોત થયું હતું. સઈદ પાંચ વર્ષની સજા ભોગવી રહ્યો હતો. જેઓ ભાગી ગયા હતા તેમાં મૃત્યુદંડના છ કેદીઓ પણ સામેલ હતા. તેમના નામ સાકિબ મજીદ, ઉસ્માન ઈકરાર, શમીર આઝમ, અમીર અબ્દુલ્લા, ફૈઝલ હમીદ અને નઝીર યાસીન છે.

### ભારતનો વોન્ટેડ જેલબ્રેક માસ્ટરમાઈન્ડ

ભાગી ગયેલા અન્ય કેદીઓમાં નૌમાન આસિફ, આસિફ દિલબર અને સકલેન સરફરાઝ હતા, જેમને ૨૦-૨૦ વર્ષની સજા અને મુકરમ ફૈઝલ, સાજિદ નઝીર અને સોહેલ રશીદ, જેમને ૧૦-૧૦ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. ગાઝી શહજાદ, ફૈઝાન અઝીઝ, ઓસામા મુર્તઝા, ઉમામ મુસ્તફા અને મુહમ્મદ શબ્બીર ટ્રાયલ પર હતા. અન્ય એક કેદી હૈબતુલ્લા લોકઅપમાં હતો. સુત્રોમાંથી જાણવા મળ્યું હતું કે ગાઝી શહજાદ પ્રતિબંધિત સંગઠનનો સભ્ય છે અને તેને ભારત દ્વારા વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. માનવામાં આવે છે કે તે જેલ બ્રેકનો માસ્ટર માઈન્ડ છે.

# રશિયા યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવાના ટ્રમ્પ દાવાને રશિયાએ ફગાવ્યો

## જો તેઓ રાષ્ટ્રપતિ બને તો ૨૪ કલાકમાં આ યુદ્ધનો અંત આવે તેવો ટ્રમ્પનો વિશ્વાસ, રશિયાની અસહમતી

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર કહી ચૂક્યા છે કે જો તેઓ ફરીથી રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાય છે તો તેઓ રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને એક દિવસમાં ખતમ કરી શકે છે. રશિયાના યુએન એમ્બેસેડરનું કહેવું છે કે તેઓ આ ન કરી શકે, સંભવિત રિપબ્લિકન નોમિનીના દાવાનો જવાબ આપવા માટે પૂછવામાં આવતા, વેસિલી નેબેન્ઝિયાએ સોમવારે પત્રકારોને જણાવ્યું હતું કે યુક્રેનિયન કટોકટી એક દિવસમાં ઉકેલી શકાતી નથી.

મે ૨૦૨૩ સીએનએન ટાઉન હોલમાં, ટ્રમ્પે કહ્યું: રશિયનો અને યુક્રેનિયનો મરી રહ્યા છે, હું ઈચ્છું છું કે આ બંધ થાય અને હું આ યુદ્ધને માત્ર ૨૪ કલાકમાં પૂરું કરવી શકું છું. તેમણે કહ્યું કે આ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કર્યા પછી થશે. ચુંટણી પ્રચાર દરમિયાન ટ્રમ્પે વારંવાર આ દાવો કર્યો છે. ગયા અઠવાડિયે રાષ્ટ્રપતિ જો બાઈડન સાથેની ચર્ચા દરમિયાન, ટ્રમ્પે દાવો કર્યો હતો કે, જો અમારી પાસે વાસ્તવિક રાષ્ટ્રપતિ હોત, એક એવા રાષ્ટ્રપતિ જેનો પુતિન પણ આદર કરે, તો તેમણે ક્યારેય યુક્રેન પર આક્રમણ કર્યું ન હોત. ગયા મહિને સ્વિટ્ઝર્લેન્ડમાં મળેલી બેઠકમાં, લગભગ ૮૦ દેશોએ યુક્રેનની પ્રાદેશિક અખંડિતતાને યુદ્ધને સમાપ્ત કરવા માટે હાકલ કરી હતી. પરંતુ કેટલાક મોટા વિકાસશીલ દેશોએ ભાગ લીધો ન હતો અને રશિયા આ પરિષદમાં જોડાયું ન હતું. નેબેન્ઝિયાએ ૧૪ જૂનના રોજ પુતિનની ઓફર તરફ ધ્યાન દોર્યું કે યુક્રેનમાં તરત જ યુદ્ધવિરામનો આદેશ આપો અને જો કિવ ૨૦૨૨ માં મોસ્કો દ્વારા કબજે કરાયેલા ચાર પ્રદેશોમાંથી સૈનિકો પાછા ખેંચવાનું શરૂ કરે તો તેઓ વાટાઘાટો શરૂ કરે અને નાટોમાં જોડાવાની યોજના છોડી દે છે. ઝેલેન્સકી, જેમણે કોઈ પણ પ્રદેશ ન છોડવાની પ્રતિજ્ઞા લીધી છે, તેણે પુતિનના અલ્ટીમેટમને નકારી કાઢ્યું છે. ટ્રમ્પ ઝુંબેશએ નેબેન્ઝિયાની ટિપ્પણીઓ વિશે ટિપ્પણી કરવા માંગતા ઈમેઈલનો તરત જ જવાબ આપ્યો ન હતો.

# થાળીમાંથી અનાજ ઘટ્યું, પ્રોસેસ્ડ ફૂડ, ફળો અને ડ્રાયફ્રૂટ્સ પર વધ્યો ખર્ચ

## નેશનલ સેમ્પલ સર્વે ડેટા મુજબ છેલ્લા બે દાયકામાં માથાદીઠ અનાજના માસિક વપરાશમાં ગ્રામીણ વિસ્તારોમાં ત્રણ કિલો અને શહેરી વિસ્તારોમાં બે કિલોનો ઘટાડો થયો

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

લોકોની ખાવાની આદતો બદલાઈ રહી છે. પરંપરાગત ખોરાકની આદતો બદલાતી જણાય છે. આ જ કારણ છે કે લોકોની પ્લેટમાંથી અનાજ ઘટી રહ્યું છે અને તેની જગ્યાએ પ્રોસેસ્ડ ફૂડ, ફળો અને બદામનો વપરાશ વધી રહ્યો છે. આ સાથે લોકો સ્વાસ્થ્યને લઈને ચિંતિત છે, જેના કારણે થાળીમાંથી ખાંડ, મીઠું અને તેલ પણ ઘટી રહ્યું છે.

નેશનલ સેમ્પલ સર્વે ડેટાનું વિશ્લેષણ દર્શાવે છે કે લોકો પરંપરાગત ખોરાક કરતાં વધુ પૌષ્ટિક અને ખાવા માટે તૈયાર ખોરાકને વધુ પ્રાધાન્ય આપી રહ્યા છે. રિપોર્ટ અનુસાર છેલ્લા બે દાયકામાં માથાદીઠ



અનાજના માસિક વપરાશમાં ગ્રામીણ વિસ્તારોમાં ત્રણ કિલો અને શહેરી વિસ્તારોમાં બે કિલોનો ઘટાડો થયો છે. વર્ષ ૧૯૯૯-૨૦૦૦ની સરખામણીમાં વર્ષ ૨૦૨૨-૨૩માં અનાજનો વપરાશ ગ્રામીણ વિસ્તારોમાં ૨૫ ટકા અને શહેરી વિસ્તારોમાં ૨૦ ટકા ઘટ્યો છે. લોકો અનાજને બદલે અન્ય ખાદ્યપદાર્થોને પ્રાધાન્ય આપી રહ્યા છે. આમાં ઈંડા, માછલી, માંસ, ફળો, બદામ અને પ્રોસેસ્ડ ફૂડનો વપરાશ વધ્યો છે. રિપોર્ટ અનુસાર, ગ્રામીણ વિસ્તારોમાં ફળો અને બદામ પરનો ખર્ચ ૧.૭૨ ટકાથી વધીને ૩.૭૩ ટકા, પ્રોસેસ્ડ ફૂડ પર ૪.૯૧ ટકાથી વધીને ૯.૬૨ ટકા, ઈંડા, માછલી અને માંસ પરનો ખર્ચ ૩.૩૨ ટકાથી વધીને ૪.૯૧ ટકા થયો છે. તે જ સમયે, શહેરી વિસ્તારોમાં પ્રોસેસ્ડ ફૂડ પરનો ખર્ચ ૬.૩૫ ટકાથી વધીને ૧૦.૬૪ ટકા, ફળો અને બદામ પર ૨.૪૨ ટકાથી વધીને ૩.૮૧ ટકા, ઈંડા, માછલી અને માંસ પરનો ખર્ચ ૩.૧૩થી વધીને ૩.૫૭ ટકા થયો છે. રિપોર્ટ અનુસાર, ૨૦૨૨-૨૩માં ગ્રામીણ વિસ્તારોમાં અનાજ પર માથાદીઠ માસિક ખર્ચ માત્ર ૧૮૫ રૂપિયા અને શહેરોમાં ૨૩૫ રૂપિયા છે, જે વર્તમાન કુલ ખર્ચના અનુક્રમે ૪.૯૧ અને ૩.૬૪ ટકા છે. જ્યારે ૧૯૯૯-૨૦૦૦ના આંકડાઓ પર નજર કરીએ તો તે સમયે ગ્રામીણ વિસ્તારોમાં ગ્રાહકોનો ખર્ચ ૨૨.૧૬ ટકા અને શહેરી વિસ્તારોમાં ૧૨.૩૫ ટકા અનાજ પર હતો. તેવી જ રીતે, ૨૦૨૨-૨૩ દરમિયાન, માથાદીઠ માસિક ઉપભોક્તા ખર્ચ ગ્રામીણ વિસ્તારોમાં ૨૦૦૮ રૂપિયા અને શહેરી વિસ્તારોમાં ૩૫૧૦ રૂપિયા નોંધવામાં આવ્યો છે. જ્યારે ૧૯૯૯-૨૦૦૦માં તે અનુક્રમે રૂ. ૯૭૮ અને રૂ. ૧૮૨૩ હતો.

# કેન્દ્રીય કર્મચારીઓને જુલાઈમાં મળી શકે ૧૮ મહિનાનું એરિયર્સ

## સચિવ શિવ ગોપાલ મિશ્રાએ મોદીને પત્ર લખી કરી અપીલઃ ડીએ અને પગારમાં વધારો થાય તેવી શક્યતા

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સંપૂર્ણ બજેટની રજૂઆત સાથે કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોને જુલાઈ મહિનામાં સારા સમાચાર મળી શકે છે. જુલાઈમાં કેન્દ્ર સરકાર હેઠળ કામ કરતા સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને પગારમાં વધારો કરવામાં આવશે. આ બંને લાભ નાના કર્મચારીઓથી લઈને વરિષ્ઠ અધિકારીઓને મળે તેવી ધારણા છે. આ ઉપરાંત ૧૮ મહિનાનું એરિયર્સ પણ મળવાની અપેક્ષા છે.

કેન્દ્રીય કર્મચારીઓ માટે સંયુક્ત સલાહકાર મિકેનિઝમ નેશનલ કાઉન્સિલ (કર્મચારી પક્ષ)ના સચિવ શિવ ગોપાલ મિશ્રાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને કોરોના મહામારી પહેલા સ્થગિત ૧૮ મહિનાના મોંઘવારી ભથ્થાનું એરિયર્સ રિલીઝ કરવાની અપીલ કરી છે. પીએમ મોદીને લખવામાં આવેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે નેશનલ કાઉન્સિલ (જેસીએમ)ના સેક્રેટરી (સ્ટાફ સાઈડ) તરીકે મારી ફરજ છે કે કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના મનને પરેશાન કરી રહેલા કેટલાક મુખ્ય મુદ્દાઓ તરફ તમારું ધ્યાન દોરું. ૭મા પગાર પંચ હેઠળ કેન્દ્ર સરકાર પોતાના કર્મચારીઓના પગાર અને મોંઘવારી ભથ્થામાં વર્ષમાં બે વાર વધારો કરે છે. પરંતુ કોરોના રોગચાળા દરમિયાન નાણાકીય અસ્થિરતાને ટાંકીને કેન્દ્ર સરકારે જાન્યુઆરી ૨૦૨૦ થી જૂન ૨૦૨૧ સુધી મોંઘવારી ભથ્થું બંધ કરી દીધું હતું, જેના માટે કર્મચારીઓ તેને રિલીઝ કરવાની સતત માંગ કરી રહ્યા છે. મોટાભાગે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ સાથે સંબંધિત છે, ૨૦૨૦માં રોગચાળાની નાણાકીય અસર અને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ પછીના નાણાકીય સ્પીલોવર્સને કારણે સરકાર દ્વારા અમલમાં મૂકાયેલા ભંડોળમાં શક્ય માનવામાં આવતું નથી.

# સામાન્ય ભારતીયો પણ માત્ર ૨૦૯ રૂપિયામાં કરી શકશે અંતરિક્ષની સફર

## અમેરિકાની સ્પેસ એક્સપ્લોરેશન એન્ડ રિસર્ચ એજન્સીએ તેના સ્પેસ મિશનમાં ભારતનો સમાવેશ કર્યોઃ કંપની દુનિયાભરના લોકોને અંતરિક્ષમાં મોકલવાનું કામ કરી રહી છે

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

જો બધું બરાબર રહેશે તો સામાન્ય ભારતીયો પણ ટૂંક સમયમાં અવકાશમાં મુસાફરી કરી શકશે. આ માટે તેઓએ માત્ર ૨.૫ ડોલર (લગભગ ૨૦૯ રૂપિયા) ચૂકવવા પડશે. અમેરિકાની સ્પેસ એક્સપ્લોરેશન એન્ડ રિસર્ચ એજન્સી (સેરા) એ તેના સ્પેસ મિશનમાં ભારતનો સમાવેશ કર્યો છે. પીઢ ઉદ્યોગપતિ જેફ બેઝોસની કંપની બ્લુ ઓરિજિનના ન્યૂ શેફર્ડ રોકેટ દ્વારા આ મિશન પૂર્ણ થશે. સેરા દુનિયાભરના લોકોને અંતરિક્ષમાં મોકલવાનું કામ કરી રહી છે. બ્લુ ઓરિજિન સાથે મળીને તે એવા દેશોને તક આપી રહી છે જેમની પાસે અવકાશમાં જવા માટે વધારે સંસાધનો નથી.



ન્યૂ શેપર્ડ રોકેટ ફરીથી વાપરી શકાય તેવું છે. મિશન હેઠળ તે લોકોને અંતરિક્ષની સરહદ પાર લઈ જશે, જ્યાંથી પૃથ્વીનો નજારો જોવાલાયક હશે. સેરાના સ્થાપકો જોશુઆ સ્કુર્લા અને સેમ હચિસન માને છે કે અવકાશમાં ભારતની રુચિ મિશનને સફળ બનાવવામાં ઘણી મદદરૂપ સાબિત થશે. સ્કુરલાએ કહ્યું, અમે ભારત સાથે કામ કરીને ખુશ છીએ, કારણ કે ભારત પાસે અવકાશ ક્ષેત્રે ઘણો અનુભવ છે. ભારત અન્ય દેશો માટે ઉદાહરણ બની શકે છે. પોતાની તાકાત બતાવી શકે છે.

કોઈપણ ભારતીય મિશન માટે અરજી કરી શકે છે. તમારે અરજી માટે ૨.૫ ડોલર ચૂકવવા પડશે. વોટિંગ દ્વારા લોકોને પસંદ કરવામાં આવશે. ત્રણ તબક્કામાં મતદાન થશે. દરેક તબક્કે કેટલાક લોકો બાકાત રહેશે. આખરે છ લોકોની પસંદગી કરવામાં આવશે. સેરાના જણાવ્યા અનુસાર પાંચ સીટ માટે દેશ અને પ્રદેશના આધારે વોટિંગ કરવામાં આવશે, જ્યારે છઠ્ઠી સીટ માટે દુનિયાભરના લોકો વોટિંગ કરી શકશે.

સેરાનો ઉદ્દેશ્ય ૧૫૦ થી વધુ દેશોના લોકોને અંતરિક્ષ પ્રવાસ પર લઈ જવાનો છે. મિશન પર જવા માટે, લોકોએ અમુક શારીરિક ધોરણોને પૂર્ણ કરવા પડશે. જેઓને પસંદ કરવામાં આવશે તેમને બ્લુ ઓરિજિનની સાઈટ પર ત્રણ દિવસની તાલીમ આપવામાં આવશે.

# ભારત તમામ જીવોની યાદી તૈયાર કરનાર જગતનો પ્રથમ દેશ બન્યો

## કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભુપેન્દ્ર યાદવે કોલકાતામાં ઝૂલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત એનિમલ ટેક્સોનોમી સમિટમાં આપી માહિતી : યાદીમાં ૧,૦૪,૫૬૧ પ્રજાતિઓનો સમાવેશ

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

ભારતે આપણા દેશના પ્રાણીઓની યાદી તૈયાર કરી છે. તેમાં ૧,૦૪,૫૬૧ પ્રજાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે જ ભારત પોતાના તમામ જીવોની યાદી તૈયાર કરનાર વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે. કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે કોલકાતામાં ઝૂલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત એનિમલ ટેક્સોનોમી સમિટ-૨૦૨૪માં આ માહિતી આપી હતી. આ સાથે તેમણે ભારતના પ્રાણીઓની ચેકલિસ્ટ ધરાવતું પોર્ટલ પણ લોન્ચ કર્યું.

ભારત જૈવવિવિધતા ધરાવતો દેશ છે અને સરકાર દાવો કરે છે કે તેનો દેશ તેના સંરક્ષણમાં વૈશ્વિક ચેમ્પિયન છે. ભારત હવે ૧૦૪,૫૬૧ પ્રજાતિઓની સંપૂર્ણ ચેકલિસ્ટ તૈયાર કરનાર વિશ્વનો પહેલો દેશ બની ગયો છે, જેનાથી જૈવવિવિધતા દસ્તાવેજીકરણમાં વૈશ્વિક નેતા તરીકે પોતાને સ્થાપિત કરી શકાય છે. આનાથી સમગ્ર વિશ્વમાં ભારતની પ્રકૃતિ પ્રત્યે ચિંતાનો સંદેશ જશે.

આ યાદીની સૌથી મોટી વિશેષતા એ છે કે આ ચેકલિસ્ટ પોર્ટલ ભારતમાંથી નોંધાયેલી પ્રજાતિઓ પરનો પ્રથમ વ્યાપક દસ્તાવેજ છે. આના દ્વારા તમામ જીવોની યાદીનું વર્ગીકરણ કરવામાં વૈજ્ઞાનિકો, શિક્ષણવિદો, સંશોધકો, સંરક્ષણ પ્રબંધકો અને નીતિ ઘડવૈયાઓને નોંધપાત્ર મદદ મળશે.

આનો સંદર્ભ લઈને, પ્રકૃતિ સંરક્ષણ તરફ નોંધપાત્ર પ્રયાસો કરી શકાય છે. આ પોર્ટલ ૩૬ પ્રકારના ફાયલાને આવરી લે છે અને તેમાં તમામ જાણીતા ટેકસા વર્ગીકરણની ૧૨૧ ચેકલિસ્ટનો સમાવેશ થાય છે. આ યાદીમાં સ્થાનિક અને લુપ્તપ્રાય પ્રજાતિઓ તેમજ સૂચિબદ્ધ પ્રજાતિઓનો સમાવેશ થાય છે.

નિવૃત્ત પ્રાણી સંગ્રહાલયના નિર્દેશક ડો. એસ પ્રસાદ કહે છે કે આવા ચેકલિસ્ટનો ઉપયોગ મોટાભાગે પ્રાણીઓના ક્ષેત્ર નિરીક્ષણ માટે થાય છે. છેલ્લા ૨૫ વર્ષથી, પક્ષીઓ વિશે વિશ્વસનીય સંરક્ષણ, વ્યવસ્થાપન અને ઈકોલોજીકલ માહિતી ઉત્પન્ન કરવા માટે બર્ડ ચેકલિસ્ટનો ઉપયોગ કરવામાં આવે છે. આ ચેકલિસ્ટમાંથી આપણને પક્ષીઓની સંખ્યામાં કેવા ફેરફારો થઈ રહ્યા છે તેની માહિતી મળે છે. આ ઉપરાંત, સ્થાનિક, પ્રાદેશિક અને ખંડીય સ્તરે હવામાન અને ભૂ-ઈકોલોજીની તેમના પર શું અસર થઈ રહી છે તે જાણવામાં ચેકલિસ્ટ મદદરૂપ સાબિત થાય છે.

તેવી જ રીતે, પ્રાણીઓની સૂચિનો ઉપયોગ તેમની વધતી અને ઘટતી સંખ્યા જાણવા માટે પણ કરી શકાય છે. આ ઉપરાંત હવામાન અને પર્યાવરણની તેમના પર શું અસર થશે તેનો અંદાજ પણ આના પરથી લગાવી શકાય છે. પર્યાવરણ માટે ખૂબ જ મહત્વપૂર્ણ એવા આ પ્રાણીઓના સંરક્ષણ માટે પણ પગલાં લઈ શકાય. જે હવે લુપ્ત થઈ રહી છે પરંતુ પર્યાવરણમાં ખૂબ જ વિશેષ ભૂમિકા ભજવે છે તેવી પ્રજાતિઓના સંરક્ષણ માટે વિશેષ પ્રયાસો કરી શકાય.

ડો.પ્રસાદ કહે છે કે પ્રાણીઓ બાયો-ઈકોલોજીમાં મહત્વની ભૂમિકા ભજવે છે અને ખોરાક ચક્રમાં સંતુલન જાળવવા માટે દરેક વ્યક્તિએ તેમાં ભાગ લેવો જરૂરી છે. જો કોઈ એક પ્રજાતિ લુપ્ત થઈ જાય તો સમગ્ર ખોરાક ચક્ર પ્રભાવિત થાય છે અને અન્ય પ્રજાતિઓ લુપ્ત થવાની સંભાવના રહે છે. આ ચેકલિસ્ટ એ સમજવામાં મદદ કરશે કે કઈ પ્રજાતિઓ જોખમમાં છે. આનાથી તેમના સંરક્ષણ માટે વધુ સારા પગલાં લઈ શકાય છે.

પ્રાણીઓના સંરક્ષણમાં પર્યાવરણીય સંરક્ષણ પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમના રહેઠાણને વધુ સારું રાખવા માટે, તેઓ જે વાતાવરણમાં રહેતા હતા તે જ પ્રકારનું વાતાવરણ પૂરું પાડવું પડશે. તેથી, જે પણ પ્રયત્નો કરવામાં આવશે તે પ્રકૃતિનું પણ સંરક્ષણ કરશે.

# ૨૪ વર્ષ પહેલાંના ખંડણી, અપહરણ કેસમાં ભાસ્કર-પરેશ આરોપીને ઓળખી શક્યા નહીં

## ભાસ્કર-પરેશની જુબાની લેવાઈઃ હવે ઉલટ તપાસઃ ચકચારી કેસમાં ૪૭ આરોપી સામે ગુનો નોંધાયો હતો, બેના એન્કાઉન્ટર થયા, ૧૧ના કુદરતી મૃત્યુ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ સહિત રાજ્યભરમાં ચકચાર મચાવનાર ભાસ્કર-પરેશ અપહરણ અને ખંડણી કેસમાં ૨૪ વર્ષ બાદ ચાર્જફ્રેમ થતા આજરોજ રાજકોટની કોર્ટમાં કેસ ચાલવા પર આવ્યો હતો. આ કેસમાં બંને અપહૃત ભાસ્કર અને પરેશની આજરોજ ઉઘડતી કોર્ટે જુબાની લેવામાં આવી હતી.લાંબા સમય બાદ ચાલવા પર આવેલા આ કેસમાં બંને અપહૃત આરોપીઓને ઓળખી શક્યા ન હોવાનું જાણવા મળ્યું છે. આ કેસમાં હવે કાનુની જંગ શરૂ થતા ફરિયાદપક્ષે સરતપાસ અને બચાવપક્ષે ઉલટતપાસનો દોર ચાલશે.

આ કેસની હકીકત મુજબ રાજકોટ શહેરના યાજ્ઞિક રોડ પર ગત તા.૧૨/૧૧/૨૦૦૦ ના રોજ મોડી રાત્રે નામાંકિત વેપારી પરિવારના ભાસ્કર શાહ અને પરેશ પારેખ નામના બંને યુવકોની રૂ.૨૦ કરોડની ખંડણી વસૂલવાના મામલે અપહરણની ઘટના પ્રકાશમાં આવી હતી. તત્કાલીન પોલીસ કમિશનર સુધીરકુમાર સિંહા અને ડીસીપી અરૂણકુમાર શર્માની કાબીલેદાદ કામગીરીથી દુબઈ અને લંડન પોલીસ અને એનઆરઆઈની મદદથી તેમજ રાજ્યના ચુનંદા પોલીસ અધિકારીઓએ ભરૂચ ગ્રામ્ય વિસ્તારના વાલીયા પાસે તત્કાલીન ડીસીપી અરુણકુમાર શર્મા અને સુભાષ ત્રિવેદીની ટીમ દ્વારા રાજશી હાથિયા મેરનું એન્કાઉન્ટર કરી પરેશ લીલાધર શાહને હેમખેમ બચાવી લેવામાં આવ્યો હતો. જ્યારે ભાસ્કર પ્રભુદાસ

(અનુ. ૧૧મા પાને)

### સાગઠિયાની સાથે વહીવટ કરનારાઓ ઉપર પણ ગાળિયો કસાશે

# સાગઠિયાના દલ્લાનો હિસાબ હવે ઈન્કમટેક્સ ખાતું માગશે

## ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટની જ્યુડિશિયલ ટીમ ૧૦ વર્ષ જૂના રિટર્ન અને હિસાબો ચકાસશે

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના આરોપી સાગઠીયા ની ઓફિસ માંથી આજે ત્રણ કરોડ રોકડ અને ૨૨ કિલો સોનું મળી આવ્યા બાદ હવે આ પ્રકરણમાં ઈન્કમટેક્સ પણ ઝંપલાવશે. એસીબીએ મહાનગરપાલિકાના સસ્પેન્ડડ સાગઠીયા પાસેથી અપ્રમાણસર મિલકતનો ચિઠ્ઠો ખોલ્યા બાદ હવે આ દલ્લો ક્યાંથી આવ્યો તેનો હિસાબ ઈન્કમટેક્સ વિભાગ માંગશે.

રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બાલાજી હોલ સામે આવેલ ટ્વિન ટાવર નામની બિલ્ડીંગમાં સાગઠીયાની ઓફિસમાંથી સોનાની જ્વેલરી ઉપરાંત બિસ્કીટ અને ચાંદીના ઘરેણા તેમજ અન્ય વસ્તુઓ મળી આવી હતી જેનો હિસાબ હવે રાજકોટ ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટની જ્યુડિશિયલ ટીમ દ્વારા માગવામાં આવશે.સીઝ કરાયેલી સંપત્તિ ખોલ્યા બાદ એસ સી બી આ અંગેનો વિસ્તૃત રિપોર્ટ આવકવેરા વિભાગને કરશે. ત્યારબાદ ઈન્કમટેક્સ ના જ્યુડિશિયલ વિભાગ દ્વારા આ અંગેની નોટીસ ફટકારવામાં આવશે. ઈન્કમટેક્સનું જ્યુડિશિયલ ડિપાર્ટમેન્ટ સાગઠીયાને ૧૩૩(૬),૧૪૭ અને ૧૪૨(૧) નોટિસ ફટકારી આ નાણાં અને દાગીનાની ખરીદી કેવી રીતે કરી તેનો હિસાબ માગશે. જેમાં ૧૪૭ હેઠળ સાગઠીયાના દસ વરસના રિટર્ન પણ ચકાસવામાં આવશે. અત્યાર સુધી આવકવેરાના ભરેલા રિટર્ન માં તેને આ આવક દેખાડી છે કે કેમ તે અંગેની

(અનુ. ૧૧મા પાને)

# ગેરકાયદે ધાર્મિક બાંધકામોને નોટિસ બજવણી, ટૂંક સમયમાં ડિમોલિશન

## સેન્ટ્રલ ઝોનમાં ૬૩૨, વેસ્ટમાં ૪૫૬ અને ઈસ્ટઝોનમાં સૌથી વધુ ૧૦૨૦ બાંધકામો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ શહેરમાં શેરીઓ, ચોક, જાહેર માર્ગો, પબ્લિક પર્પઝના પ્લોટ વિગેરેમાં દબાણ કરીને ગેરકાયદેસર રીતે બનાવેલા ધાર્મિક બાંધકામોનો મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ બ્રાન્ચ દ્વારા અગાઉ સર્વે કરાયો હતો, દરમિયાન કોર્ટના આદેશ તેમજ ઉચ્ચ કક્ષાએથી મળેલી સુચના અન્વયે હવે પુનઃ આ કામગીરી હાથ ધરીને તત્કાલિન સમયે સર્વેમાં ધ્યાને આવેલા ગેરકાયદે બંધકામોને નોટિસની બજવણી શરૂ કરાઈ છે અને ટૂંક સમયમાં ડિમોલિશન કરાશે.

ટીપી બ્રાન્ચના સૂત્રોએ જણાવ્યું હતું કે સેન્ટ્રલ ઝોનમાં ૬૩૨, ઈસ્ટ ઝોનમાં ૧૦૨૦ અને વેસ્ટ ઝોનમાં કુલ ૪૫૬ જેટલા ગેરકાયદે ધાર્મિક બાંધકામો

(અનુ. ૧૧મા પાને)

### ભલામણ તો દૂર, કોઈ ફોન પણ રિસીવ કરતું નથી

રાજકોટમાં અગ્નિકાંડ અને ત્યારબાદ ટીપી બ્રાન્ચ અને ફાયર બ્રિગેડ બ્રાન્ચના અધિકારીઓ- ઈજનેરો સામે એસીબીની તપાસમાં મોટા ધડાકા ભડાકા થયા બાદ હવે કાર્યકરો, આગેવાનો, કોર્પોરેટરો અને પદાધિકારીઓ સહિતનાઓ ટીપી બ્રાન્ચનું નામ પડતાની સાથે જ ફફડાટ અનુભવવા લાગ્યા છે. હવે ભલામણ કરવી તો દૂર કોઈ ફોન પણ રિસીવ કરતા ન હોય હાલમાં જેમને નોટિસો મળી છે તેમની હાલત જાયે તો જાયે કહાં ? જેવી થઈ ગઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ગેરકાયદે ધાર્મિક બંધકામોને નોટીસની કામગીરી કોર્ટના આદેશથી થઈ રહી હોય ભલ ભલા નેતાઓ ભલામણ કરવાથી ભાગવા લાગ્યા છે.

### અધિકારીઓ કોલ રેકોર્ડિંગ કરવા લાગ્યા

રાજકોટમાં અગ્નિકાંડ બાદ મહાનગરપાલિકાના આઠ અધિકારીઓ અને ઈજનેરો સસ્પેન્ડ થતા સમગ્ર સ્ટાફમાં ખળભળાટ મચી ગયો છે, દરમિયાન હવે અધિકારીઓ અને ઈજનેરોએ પોતાની સલામતી માટે કોઈ પણ નેતાઓ કે ભલામણ કરનારા અન્ય કોઈ પણનો ફોન આવે તો અચૂક પણે કોલ રેકોર્ડિંગ કરવાનું શરૂ કર્યું હોવાની સ્ટાફના વર્તુળોમાં ચર્ચા છે, અમુક ગ્રાઉન્ડ લેવલના સ્ટાફએ તો ઈન બીલ્ટ કોલ રેકોર્ડ સિસ્ટમનો ઉપયોગ કરવાને બદલે એવા સોફ્ટવેર ઈન્સ્ટોલ કરાવ્યા છે જેમાં કોલ રિસીવ થાય કે તુરંત એવી સૂચના આવે છે આ કોલ રેકોર્ડ થઈ રહ્યો છે ત્યારબાદ જ વાત શરૂ થાય છે !!

### ગુજરાતના મંત્રીમંડળમાં ફેરબદલ અને વિસ્તરણની શકયતા

# કનુ દેસાઈ, બળવંતસિંહ, રાઘવજી, બાવળિયા, ડીંડોરના પત્તા કપાશે?

## રાદડિયા, રમણ વોરા, મોઢવાડિયા, જીતુ ચૌધરી, સીજે ચાવડા, નિમિશા સુથારના બોલાતા નામોઃ કોઈ મંત્રીને નવા કામ હાથ પર ન લેવાના સૂચના

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ગત સપ્તાહે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરીને ગુજરાત પરત આવ્યા ત્યારે થી ગુજરાત રાજ્યના મંત્રીમંડળની વિસ્તરણની સંભાવનાઓ પાકી થઈ ગઈ છે આગામી તારીખ ૪ અને ૫ એમ બે દિવસ ગુજરાત પ્રદેશ કારોબારીની બેઠક બાદ આગામી ૧૦ જુલાઈ થી ૨૦ જુલાઈ વચ્ચે ગુજરાત રાજ્યના મંત્રીમંડળના વિસ્તરણની જાહેરાત થઈ શકે છે હાલ મંત્રીમંડળમાં રહેલા કેટલાક મંત્રીઓને પડતા મૂકવામાં આવશે તો નવા ૧૦ થી ૧૨ ચહેરાઓને સ્થાન આપવામાં આવશે હાલ ચાલતી ચર્ચા મુજબ પડતા મુકાનારા મંત્રીઓમાં છ કેબિનેટ કક્ષાના મંત્રી હોઈ શકે છે કે રાજય કક્ષાના બે મંત્રીઓને પ્રમોશન મળે તેવી શક્યતા જોવાય રહે છે રાજ્ય કક્ષાના વર્તમાન ચાર મંત્રીઓ કપાતા તેમાંથી છથી સાત નવા ચહેરાનો ઉમેરો થઈ શકે છે.

આગામી તારીખ ૫ જુલાઈના દિવસે ગુજરાત ભાજપની પ્રદેશ કારોબારી ના સમાપન સમયે નવા પ્રદેશ પ્રમુખના નામની જાહેરાત થઈ શકે છે આ બેઠકમાં માત્ર કારોબારીના સામાન્ય અપેક્ષિત લોકો સિવાય તાલુકા વોર્ડ લેવલના કાર્યકરોને પણ બોલાવવામાં આવ્યા છે આ બેઠકમાં ભાજપના નવા પ્રમુખના નામની જાહેરાત થઈ શકે એવું ભાજપના સૂત્રોમાંથી જાણવા મળી રહ્યુ છે. આ માટે પાર્ટી એ બેઠકમાં વધુ નેતાઓને પણ આમંત્રિત કર્યા છે. ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના વર્તમાન મંત્રીઓ માં પરસોતમ સોલંકી મુકેશ પટેલ ભીખુસિંહ પરમાર કુવરજી હળપતિ ને મંત્રીમંડળમાંથી રુખસદ આપવામાં આવે તેવી વાત ચાલી રહી છે તેમની જગ્યાએ ઈશ્વરસિંહ પટેલ માનસિંહ ચૌહાણ પીસી બરડા અમિત ઠાકર રીવાબા જાડેજા અને ભગવાન કરગટીયા ના નામો ચર્ચામાં છે.

તો બીજી બાજુ કેબિનેટ કક્ષાના મંત્રીઓમાં કનુભાઈ દેસાઈ રાઘવજીભાઈ પટેલ કુંવરજીભાઈ બાવળીયા બળવંતસિંહ રાજપૂત ભાનુબેન બાબરીયા કુબેર ડીંડોર મુકેશ પટેલ ના પત્તા કપાય તેવી ચર્ચા સચિવાલયમાં જોરશોર થી ચાલી રહી છે તો તેમની જગ્યા પર જયેશ રાદડિયા રમણલાલ વોરા અર્જુન મોઢવાડિયા જીતુ ચૌધરી

(અનુ. ૧૧મા પાને)

# ૨૦૨૫માં ગુજરાતની સિનિયર ઓફિસરોની બેચ નિવૃત્ત થઈ જશે

## રાજ્યમાં ૩૧૩ના મહેકમ સામે ૨૫૩ આઈએએસ ફરજ બજાવે છે, ૭૦ ટકા અધિકારીઓ યુવાન

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

ગુજરાતની બ્યુરોક્રેસી યુવાન થઈ રહી છે. મોટાભાગના સિનિયર




આઈએએસ અધિકારીઓ વયનિવૃત્ત થતાં નવા યુવાન આઈએએસની સંખ્યામાં વધારો થયો છે. રાજ્યમાં હાલ ૭૦ ટકા અધિકારીઓ યુવાન છે. સિનિયર આઈએએસની છેલ્લી બેચ ૨૦૨૫માં નિવૃત્ત થઈ જશે.

રાજ્યમાં ૧૩૧ આઈએએસનું મહેકમ છે જેની સામે ૨૫૩ અધિકારીઓ ફરજ બજાવે છે એટલે કે હજી ૬૦ આઈએએસની ઘટ છે. આ ઘટ પુરવા માટે નવા આઈએએસ અધિકારીઓ ધીમે ધીમે આવી રહ્યાં છે. હાલ રાજ્યના ૧૪ અધિકારીઓ ડેપ્યુટેશન પર ગુજરાત બહાર ફરજ બજાવી રહ્યાં છે.

ગુજરાતના મુખ્યસચિવ જાન્યુઆરી ૨૦૨૫માં નિવૃત્ત થશે. આવતા વર્ષે એસ મુરલી ક્રિશ્ના, કમલ દાયાણી, જેપી ગુપ્તા, પંકજ જોષી, સુનયના તોમર અને એસજે હૈદર નિવૃત્ત

(અનુ. ૧૧મા પાને)

કાર-બાઈક-સ્કુટર
એકસ્ટ્રા ચાવી
માત્ર ૫ મિનિટમાં
(ઈટાલીયન ટેકનોલોજી દ્વારા)
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.

હરસ-મસા ફીશર-ભગંદર ગેરેંટીથી સારવાર
ડો. એમ.એસ. મુર્તિ
M.S. (Ayu.) પ્રોક્ટોલોજીસ્ટ સર્જન
+ત્રિમુર્તિ દવાખાનું
એસ.ટી.બસ સ્ટેશન પાસે જ, ડો. ચાંગેલા સાહેબની બાજુમાં, મયુર મેડીકલની ઉપર, જામનગર.
: 9898 565 969

